મારા દેશને વફાદાર
રહેવામાં, તેના શ્રેય
કાજે સજાગ રહેવામાં,
તેના રક્ષણ માટે સદા
તૈયાર રહેવામાં, તેના
કાયદાને અધીન રહેવામાં
પ્રભુ મને સહાય હો

બેન્જામિન ફ્રાંકલિન

કુમાર

સંસ્થાપક • રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક
વર્ષ ૩૮ મું • અંક ૮ મો • ઑગસ્ટ ૧૯૬૧
સળંગ અંક ૪૫૨

તંત્રી: બચુભાઇ રાવત

બાળકને પથારીમાં પેશાબ

સામાન્યરીતે, બાળકોએ રથી ૨½ વર્ષની ઉમરમાં પેશાબ કરવા ઉપર પૂરતો અંકુશ મેળવી લીધો હોય છે. આમ છતાં, આ ઉમર પછી પણ, કેટલાંક બાળકોને પથારીમાં પેશાબ થઈ જવાનો (Enuresis) સંભવ રહે છે. આપના બાળકને જો આમ થઈ જાય તો તે બદલ તેને ધમકાવશો નહિ, કારણ કે મોટા ભાગે પથારીમાં પેશાબ થઈ જવો, તે તેના અંકુશની બહાર છે, અને તેના આ નબળાઈના રોગને નાબૂદ કરવા માટે, તેની યોગ્ય સારવાર કરવાની જરૂર છે. આ રોગ માટે પંદર દિવસનો (ગોળીઓનો) સંપૂર્ણ કોર્સ આપને રૂ. ૧૪.૯૦ ન. પૈ. માં (વિદેશોમાં ૩૦ શીલીંગ) રજીસ્ટર્ડ પોસ્ટથી ઘરેબેઠા મળી શકે છે. આ કોર્સ સર્વે આગેવાન દવાવાળાઓને ત્યાં મળી શકે છે. અથવા લખો :—

ચરક ભંડાર, હ્યુજીસ રોડ, મુંબઈ-૭

નેવા પીલ્સ

નં. ૧ સીક્વર કોટેડ નં. ૨ બ્લેક કોટેડ

સુલેખા પેન

સંતોષ જનક કાર્ય માટે

બધે વેચાય છે

સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ :—

પેનમેન્સ ઈંડસ્ટ્રીયલ સર્વીસીઝ

કાંદીવલી (મુંબઈ એસ્. ડી.)

લોકલ સેલ : ૧૨, શામસેટ સ્ટ્રીટ • મુંબઇ-૨

પચાસ ટકા કન્સેશનમાં મેળવો

[ઈન્ટરનેશનલ-અમેરિકન લોકપ્રિય મેગેઝીનો]

લાઈફ : રૂા. ૨૪-૫૦માં ૩૯ અંક મેળવો

ટાઈમ : રૂા. ૫૫-૦૦માં ૭૮ અંક મેળવો

ન્યૂઝવીક : રૂા. ૫૮-૫૦માં ૭૮ અંક મેળવો

સત્તાવાર એજન્ટ :

સૌરભ પુસ્તક ભંડાર

૬૧૫, રિલીફ રોડ, અમદાવાદ

*અન્ય મેગેઝીનોનું વિસ્તૃત લિસ્ટ મેળવવા લખો|યા મળો :

સાંકળિયું

આગસ્ટ ૧૯૬૧ • અંક ૪૫૨

ચિત્રો

ગ્રામગૌરી	ફોટો / આબીદમિયાં સૈયદ	પૃ. ૨૬૩ સામે
ઝૂલો—રાજસ્થાની ચિત્ર		રંગીન મુખચિત્ર

કાવ્યો

સાંજ	વિનોદ અધ્વર્યુ	૨૬૪
ઉદાસી	જશવંત લ. દેસાઈ	૨૬૪
સાંજ	નલિન રાવળ	૨૬૪
આષાઢ	'તુષાર'	૨૬૪
કાશ્મીરસુંદરી	ચંદ્રકાન્ત શેઠ	૨૬૪
નકશાઓ ખ્વાબના	'સાકિન' કેશવાણી	૨૬૪

ચરિત્ર

માદામ ભીખાઈજી કામા	વલ્લભદાસ અક્કડ	૨૬૭
બાલ્યાવસ્થામાં રવીન્દ્રનાથનું ઘડતર	અંબાલાલ પુરાણી	૨૮૪

વાર્તા

ઍલિબાઈ	પુષ્કરભાઈ ગોકાણી	૨૭૨

લેખો

રાષ્ટ્ર-સંમાનિત કલાકારો		૨૭૧/બ
હાઈલબ્રૉનનો હૉલ (રંગગઠરિયાં-૮)	ચંદ્રવદન મહેતા	૨૭૬
ભોજનવિધિ (હિતચર્યા-૯)	લાભશંકર ઠાકર	૨૭૯
શતરંજ-૧	સુરેશ મોદી	૨૮૦
કેળાં (આહાર-આરોગ્ય-૨૦)	ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી	૨૮૮

વિભાગો

વાચકો લખે છે		૨૬૩
સાગરજીવનનું સિંહાવલોકન (વિષયવિશેષ)	પ્રેમજીભાઇ ઠક્કર	૨૬૫
કલાવાર્તા (વિલિયમ રિકેટ, રેખાંજલિ)		૨૭૦
કંકાવટી (સરોજિની નાયડુ, ભરતકામના બુટ્ટા)		૨૭૧/ડ
પચ્ચીસ વર્ષ પહેલાં		૨૯૦
માધુકરી (હેમિંગ્વે, ગેરીકૂપર, લૂણીની ભાજી, વનમહોત્સવ)		૨૯૬
વનવાગોળ (આપણાં પ્રાણીઓ-૪૨)		૨૯૬
આ માસ ઇતિહાસમાં (વ્યક્તિવિશેષ : ઍડવર્ડ કાર્પેન્ટર)		૩૦૦
અથાણું		૩૦૦
સાહિત્યસંપર્ક		૩૦૧
છેલ્લું પાનું		૩૦૩
પત્રમિત્ર વિભાગ		૩૦૪

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

કુમારમાંનાં સર્વ લખાણો ચિત્રો ને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે.

વાચકો લખે છે...

રાંચીમાં એક ફકીર રહે છે તે કયારેક અસાધારણ રોગોની દવા આપે છે. ધરતીકંપ પહેલાંના અરસામાં કચેટા તરફ હતા. મેં ગયે વર્ષે એક જમીન ખરીદી હતી. વૃદ્ધ ગામલોકો તે જમીન ખરીદવાની ના પાડતા હતા. મેં તે જમીન ફકીરસાહેબને દેખાડી ત્યારે તેમણે કહ્યું હતું કે મકાન બાંધવું શરૂ કરો ત્યારે કહેજો, ખીલા ખોડી જઈશ. ત્યારે મને આશ્ચર્ય થએલું.

જૂન-જુલાઇ બંને અંકમાં ધરતીકંપ વખતના ચમત્કારની વાત વાંચ્યા પછી મેં ફકીરસાહેબને સંભળાવી ત્યારે ખાલી હસ્યા. શ્રી મોહન ખોકરનું નામ તેમનાથી અજાણ્યું નહોતું લાગ્યું. કોઈ પણ જાતની જાહેરાતથી દૂર રહે છે. થોડા દિવસથી કહે છે કે રાંચી છોડી કયાંક ચાલ્યા જશે.

મેં બહુ પૂછપરછ કરી ત્યારે કહ્યું કે ધરતીકંપ થશે અને મોટી સંખ્યામાં માણસો હણાશે તેની ખબર તેમને અને તેમના બાબા તથા સાથીઓને પહેલેથી જ હતી. ધરતીકંપ થતાં અગાઉ તે સૌ કચેટા છોડી ચાલ્યા ગયા હતા.

એક અંધારી કોટડીમાં રહે છે. ૨૪ કલાક ધૂણી પ્રજ્વલી હોય છે. આમ લોકો તેમને મૌલવીસાહેબ તરીકે ઓળખે છે. કોઈ વાર ૧૮૫૭ના બળવાની વાતો કરે છે,–અંગ્રેજોની ગોળી સાથળમાં વાગી હતી તેનું ચિહ્ન પણ બતાવે છે. પણ તેમની ઉમ્ર વિષે પૂછવાથી કહે છે કે 'યહી ૪૦-૫૦ કે આસપાસ હોગી–કથા જાને!'

(રાંચી) —મૂળરાજ પુરોહિત

ᔓ

રાત્રે પથારીમાં પેશાબ કરતાં બાળકો માટે નીચે મુજબ ઘરગથ્થુ ઉપાયો કરવાથી અને કાળજી રાખવાથી અવશ્ય ફાયદો થશે.

(૧) રાત્રે એક વાટકીમાં એક મૂઠી બાજરી અને એક તોલો ખસખસ પાણીમાં પલાળી રાખવાં. સવારે તેમાંથી પાણી નિતારી, તેમાં થોડી સાકર નાખી બાળકને ખાવા આપવાં. ખસખસ અને બાજરી બંનેનું પ્રમાણ બાળક ખાઈ શકે એ પ્રમાણે વધારેઓછું કરી શકાય.

(૨) રાત્રે કાળા તલ ખાંડી રાખી, સવારે તેમાં સાકર નાખી બાળકને ખાવા આપવા.

(૩) રાતે સૂતાં પહેલાં બાળકને ત્રણથી ચાર બદામ ખાવા આપવી.

(૪) અજમાનો ઉલ્લેખ ગયા અંકમાં આવી ગયો છે. પરંતુ તલ અને અજમો સરખે ભાગે લીંબુ અને મીઠાના પાણીવાળા કરી, સૂકવી અને શેકીને મુખવાસ તરીકે બાળકને દિવસમાં ચારપાંચ વખત ચપટી ચપટી આપવાથી તેને ભાવશે, અને લાભ થશે.

(૫) રાત્રે સૂતી વખતે પેશાબ કરીને બાળક સૂઇ જાય એની ખાસ કાળજી રાખવી અને ચીવટપૂર્વક ટેવ પાડવી.

(૬) સૂતાં પહેલાંના ઓછામાં ઓછા કલાકમાં બાળકને ભૂખ લાગે તો ખાવામાં કોઈ ઘન વસ્તુ આપવી; દૂધ, ચા કે એવું પ્રવાહી ન આપવું.

(૭) સૂતાં પછી કેટલા કલાકે બાળક પથારીમાં પેશાબ કરે છે એનો અંદાજ મેળવી રાખી, તે સમય પહેલાં બાળકને ઉઠાડી પેશાબ કરાવી લેવો. શરૂઆતમાં થોડા દિવસ થોડો ઉજાગરો કરીને પણ આ બાબત ચીવટપૂર્વક લક્ષમાં રાખવાથી એકંદરે લાભ થશે.

(મુંબઈ) —ડૉ. રમણલાલ ચી. શાહ

ᔓ

રાત્રે પથારી પલાળવા બાબત બે ઉપાય.

(૧) દળેલી હળદર એક ચમચી લઈ, વાટકીમાં સગડી પર તેનો રંગ ફરી જાય ત્યાં સુધી ગરમ કરવી. ત્યાર બાદ સગડી પરથી ઉતારી તેમાં એક ચમચો ચોખ્ખું મધ ભેળવી શીરા જેવું બનાવી રોજ સવારમાં બાળકને ચટાડી દેવું. એકાદ અઠવાડિયું આ પ્રયોગ અજમાવશો એટલે કાયમી રાહત રહેશે.

(૨) જો હોમિયોપથીમાં રસ ધરાવતા હો તો 'Acid Phos 30' રાત્રે સૂતી વખતે એક ટીપું એક ચમચી જેટલા પાણીમાં ભેળવી પિવડાવી દેવું. આ પણ સચોટ ઉપાય છે. ફક્ત ચાર-પાંચ વખત જ દેવી પડશે.

(વાંકાનેર) —એલ. ટી. કકડ

ᔓ

પથારીમાં પેશાબ કરતી વ્યક્તિને જરા પણ નહિ ગભરાવવી, અથવા તે પથારીમાં પેશાબ કરે છે તે માટે કાંઇ કહેવું નહિ. દવામાં કાળા તલ તથા મૂળાના સફેદ કાંદા આપવા. થોડા દિવસ પ્રયોગ કરવાથી રોગ નાબૂદ થશે. તે પછી પણ થોડા સમય સુધી ચાલુ રાખવું જોઇએ. મારા ભાણેજને આ રોગ હતો તે આ પ્રયોગથી નાબૂદ થયો છે.

(પોરબંદર) —જગદીશકુમાર પી. મજીઠિયા

ᔓ

જુલાઈ અંકમાં 'ગુર્જર સભા ઈ. ૧૯૧૧'નો ગ્રૂપ ફોટો છે તેમાં ક્રમાંક ૩૧ શ્રી 'વિશ્વનાથ પ્રાણજીવન વૈદ્ય' છપાયું છે તે 'વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય' જોઇએ. સ્વ. વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય બાર-ઍટ-લૉ, જે.પી., સ્વ. શ્રી કાન્તિલાલ ભગનલાલ પંડ્યાના સ્નેહી હતા, અને જ્યારે શ્રી કાન્તિલાલ પંડ્યા વિલાયત ગયા ત્યારે તેમની સાથે શ્રી વિશ્વનાથભાઇએ પોતાના પુત્ર શ્રી લક્ષ્મીનારાયણ વિશ્વનાથને વિલાયત ભણવા મોકલેલા. સ્વ. શ્રી વિશ્વનાથ પ્ર. વૈદ્ય રૉયલ એશિયાટિક સોસાએટીના આશ્રયે જીનીવામાં ભરાએલી ઇન્ડિયન હિસ્ટૉરિક કૉન્ફરન્સમાં પ્રતિનિધિ તરીકે પણ ગએલા.

(કલકત્તા) —અરુણકુમાર ભટ્ટ

ᔓ

જુલાઈ અંકમાં સસલા વિષે માહિતી આપી છે તે બરોબર નથી. તેનો પ્રજનનકાળ કશો નિયમિત નથી. એક વર્ષમાં તે ૪ થી ૬ વખત બચ્ચાંને જન્મ આપે છે અને દર વખતે ૫ થી ૮ બચ્ચાં આપે છે. સસલી જન્મ પછી ૪ થી ૬ માસમાં માતા બનવા લાયક બને.

'બચ્ચું ૧૨ કલાકમાં માથી છૂટું થઈ જાય છે' એમ લખ્યું છે તે યે બરોબર નથી.* બચ્ચા જન્મે ત્યારે ત્રણથી ચાર ઇંચનાં હોય છે અને તેને રુવાંટી પણ નથી હોતી, ફક્ત ગુલાબી ચામડી હોય છે. ત્રણચાર દિવસ બાદ રુવાંટી દેખાઇ ૧૨ દિવસે સંપૂર્ણ રુવાંટી આવી આંખો પણ ખૂલવા લાગે છે. ૧૦-૧૨ દિવસ તો માતાની ખૂબ જ જરૂર હોય છે અને આમ તો ૬ થી ૮ અઠવાડિયાં સુધી માતાનું દૂધ પીએ છે.

સસલીનો ગર્ભ લગભગ ૩૦-૩૧ દિવસ સુધી માતાના પેટમાં રહે છે. જન્મ આપતાં પહેલાં થોડા કલાકે માદા પોતાના વાળ તોડી બચ્ચાં માટે રૂ જેવી પોલ કરે છે.

સસલાંનો મુખ્ય ખોરાક લીલોતરી જ હોય છે અને ખેતરોને ખૂબ નુકસાન કરે છે. જો આખો વખત લીલોતરી જ મળ્યા કરે તો એને પાણીની પણ જરૂર રહેતી નથી. ખાવાનું સાધારણ રીતે ખૂબ જ જોઇએ છે.

(પૂના) —રેવા જે. અઢીઆ

[* શ્રી એસ. એચ. પ્રેટર તેમના આધારભૂત પુસ્તકમાં (પૃ. ૧૮૨) લખે છે કે The common Indian hare is said to have one to two young at a birth. Its particular breeding season is not recorded. The black-naped hare breeds chiefly between October and February. Two young, born in captivity (Kanara), were produced early in November. Their eyes were open at birth and they were able to move about within twelve hours.]

(અનુસંધાન પૃષ્ઠ ૩૦૫)

ગ્રામ-ગૌરી · ફોટો : આબીદમિયાં સૈયદ

જીવન અને વાતાવરણની સાહજિકતાને ઝડપીને ઉતારેલા આ ચિત્રમાં...પ્રસન્ન પ્રભાત છે, નમણું પાત્ર છે, ગ્રામ્યતાનું સૌન્દર્ય છે, ક્ષમાન્વિત ચિત્રસંયોજન છે, ફોટોકલાની ટેકનિક છે. આ બધાં તત્ત્વો તેને એક સારી કલાકૃતિની કક્ષામાં મૂકી દે છે.

ઝૂલો.
(આંગણીસગી સદીના શરૂના ભાગનું રાજસ્થાની ચિત્ર : 'અંગના'ના સૌજન્યથી)

સાંજ

· વિષમ મનહર ·

અહો! આજ
લાગે કેવી સુવાળી આ સાંજ!
બપોરના નહોર થકી ઝરડાયું તન,
તે પરે શો રેશમનો સ્પર્શ!
વૃક્ષ તણાં થડને ય થતો હશે હર્ષ;
પાંદડે પાંદડે કેવું મલકે છે મન!

ઉન્હા ઉન્હા આભ પરે
દાઝતી પૂનમ હજી ડરતાં ભરે બે ડગ,
ત્યાં તો પેલી પોયણીને
વ્યાપી ગઇ રગે રગ!

ધરતીએ દીક્ષા કર્યા કંચુકીના બંધ,
પવનને પાથરણે આળોટતી ગંધ;
હાંફતી હવાએ કેવો હેઠો મૂક્યો શ્વાસ!
અનાયાસ જાણે એક જડી ગયો પ્રાસ,
હા...શ!

લાગે કેવી રૂપાળી આ સાંજ!
એક ડાળે બેસી એને જોયા કરે
કપોત ને બાજ!

વિનોદ અધ્વર્યુ

ઉદાસીનતા

· ગંધ હરિગીત ·

ગાડામહીં હો ખાંડી બાવળ ભાર
અથવા તૃણ પૂળા બે ચાર
હોય માલિક હસ્ત ઝાલી દોર,
વા ટૂંટિયું વળી ડૂબેલ નીંદે ઘોર;
ઉત્કંઠ બનવા કવલ સ્વાદુ સમીપ લીલી ચાર,
વા ઘેરાન કાંકરિયાળ;
ભીંસતો અંધારનો ચિંધ્યાચલ,
વા મલકતું પરભાત હો અરુણોજ્જ્વલ;
હો જવું અણુજાણ કો ભૂમિ પરાથી,
વા પુનઃ વળવું વતન
જ્યાં સ્વજનની સૌરભ વધાઇ;
હો ધરા સમથલ અગર
પત્થર ઈંટાળા હોય અડફટ,
—જેહને ખડા કાંધ એવા બળદને
એની હવે ના કાંઇ ખટપટ.

જશવંત લ. દેસાઈ

સાંજ સરતી

· શિખરિણી ·

અહીં જોજો ખાલી, નજર નભમાં ખાલી ફરતી
જતાં ટોળે લોકો પથ ઉપરથી સાંજ સરતી;
યુવા સ્ત્રીની છાતી, તગતગત બરડો વસી જતો,
રૂંવે રૂંવે અગ્નિ ઘડીક ધૂંધવીને શમી જતો.

છૂટ્યાં શાળાઓથી ગભરુ શિશુ કિલ્લોલ કરતાં,
હવામાં ફંગોળી દફ્તર, શિક્ષ્યા પંક્તિ નવલી
ભીડી અંગુલિઓ હસી ભમી ધીરે ઘેર ધપતા
મૂકી મારે હૈયે ગહન સુખની એક બદરી.

ભરી આંખોમાંહી વરસ શત (ઓછાં જરી નહીં)
જતા વૃદ્ધે કાઢી ભીડમહીં નીચી આંખ નમવી
જૂની એનાથી યે ઘડી, મહીં જુએ કાળ સરકયો
ગયા લોકો વાંસે જરઠ પગલે એ ભળી ગયો.

ગયો સૂર્યે સ્નેહે પથ ઉપરને છેક્યું અડકી
હું યે સંગે ચાલ્યો નજર મહીં આખું નભ લઇ.

નલિન રાવળ

આષાઢ

· મૃદંગ (વર્ધિત વસંતતિલકા) ·

આષાઢ સોહત કશો તવ કેશસંપુટે!
ને નેણની મૃદુલ કોરથી મુગ્ધ ફાગણ!
છે યાદ મંદ તવ પાલવ કેરું સ્પંદન
કે જ્યાં વસ્યો વણદીઠાં લખ સ્વપ્ન કેરો
ધબકાર. નર્તન કશું તવ ઊર્મિઓનું
રે, એક સ્પર્શમહીં સાવ જ લીન થાતું!

આષાઢ આજ, નવ પાસમહીં તું આંહી.
છે માત્ર ત્યાં સ્મરણ શો ઋજુ અંધકાર.
ને સિક્ત, મંદ, મૃદુ, મોહક વાયુ-સ્પર્શ.
એ આપણી મધુર મર્મરગોષ્ઠિ જેવી
ત્યાં ઝૂમરી રહી કરી જલધાર રમ્ય!

તું તો નથી જ મુજ પાસ અહીં પ્રિયે! છતાં
કેવી તું મ્હેકી રહી થૈ મુજ ઊર્મિઓનું
કોઈ સનાતન, સુકોમળ, મંજુ ગાન!

'તુષાર'

કાશ્મીર-સુંદરી

· પૃથ્વી ·

ગુલાબદલ વાનમાં ઊઘડતાં: રમે નેત્રના
ઝગંત પટ માંહી મીન સરખી મ્હદે કીકીઓ.
જરાક અધરો સુરક્ત ફરકે સ્મિતે હાર્દના
તદા સકળ રૂપમાં ટશર આવતી ઊપસી,
સરે વિમળ રૂપના ડૂબકી હોય દેતી ન શું
ઉષા! નયનની લહાય દરશ્યે જ એ ધન્યતા.

સુદૂર ગિરિશૃંગથી ઊતરતી: છટા શી ધરી!
ચીરી સઘન અભ્રનો પટલ વીજ શું ઊતરી
રહી? ઝરણને તટે ચરણ લીલયા મૂકતાં
તૃણે હરિત શું ગુલાબ ચૂંથતી જતી પાર્વતી?

સરે મલકતી તદા સુરખિથી હવાને ભરી
કરે મધુરતામયી: જ્યમ સરી છટાથી તરી
મૂકે તરલ તેજથી ચળકતો સિસોટો પૂંઠે,
ઉરે મુજ જતી મૂકી નિકષરેખ શું રૂપની!

યદા નયન ભોળકાં દ્વય હસ્યાં મને જોઇ એ
સમગ્ર મલકી ઊઠેલ નીરખ્યું તહીં કાશ્મીર.

ચંદ્રકાન્ત શેઠ

નકશાઓ ખ્વાબના

· ગઝલ ·

સ્વાતિ ગગનના હોય કે બિન્દુ શરાબના,
આલમની કોઇ ચીજ અમારે ખરાબ ના.

સાધે છે મારી સાધના છેડા નકાબના,
રજકણને પામવાં છે કિરણ આફતાબનાં.

આંખોમાં ઝીલવા દે મને આંખનાં અમી,
ધરતી ઉપર ન ઠોળ કટોરા શરાબના.

એંધાણ તારું છો મને આપે ન પ્રકૃતિ,
આંખોમાં સાચવ્યા છે મેં નકશાઓ ખ્વાબના.

મોતી ફળ્યાં છે જેમને હૈયાના હારનાં,
એને સિતારા ગોમતણા શા હિસાબના!

સરનામે જીવનમાં કો' ઘટમાળ ઓ વિધિ!
કોરાં રહી ન જાય આ પાનાં કિતાબનાં.

કોણે કહ્યું બહાર ત્યાં ખોંચી નથી હજી?
રણમાં ગયો છું ફૂલ હું લઇને ગુલાબનાં.

શોભી રહ્યાં છે ફૂલ તો 'સાકિન' કો' વેણીએ
કાંટા રહ્યા છે ભાગ્યમહીં ફૂલછાબના.

'સાકિન' કેશવાણી

કવિમિત્રોને: રોજની ટપાલમાં અમને (મોટા ભાગની કાચી, અધપાકી, પરાણે પકવેલી એવી) કવિતાઓની જે સંખ્યા મળે છે તે જોઇ અમારે ત્યાંના એક ભાઇએ કહેલું કે રોજ 'કુમાર'ના આટલા ગ્રાહક મળતા હોય તો તરી જઇએ! આ કવિતાશૉખ ખરેખર પ્રશસ્ય અને આનંદાયક છે; પણ તે સાથે મળતા 'છાપવાના આગ્રહ' અને 'માર્ગદર્શનની અપેક્ષા'ના પત્રો અમને મૂંઝવે છે. સૌને તો પોતાની કૃતિ છાપવાયોગ્ય જ લાગે; પરંતુ અમને જો ન લાગે તો એમણે અમને ક્ષમા કરવી રહી; અને બીજી ક્ષમા એ માગવાની, કે એકેએક કવિતા વિષે સૂચના કે માર્ગદર્શન લખવાનો સમય કે સ્થિતિ હવે નથી. માટે એ અપેક્ષા કોઈ ન રાખે. સ્વીકૃતિનો ઉત્તર, કે કૃતિ પાછી મોકલવા માટે જરૂરી પોસ્ટેજ મોકલવા વિનતિ છે. અને એક બીજી ખાસ વિનતિ: પોતાની માત્ર 'એક' જ, ચૂંટેલી—અને 'કુમાર'માં આવતાં કાવ્યોની કક્ષાની કૃતિ મોકલશો. પાંચદસ નહિ.

વિષય- # સાગરજીવનનું સિંહાવલોકન -વિશેષ

૨,૮૦૦ માઇલ લંબાઇ ધરાવતા ભારતના સાગરકાંઠામાં લગભગ ત્રીજા ભાગનો—૧,૦૦૦ માઈલનો સાગરકાંઠો તો ગુજરાત છે. પશ્ચિમે લખપત બંદરથી શરૂ કરી દક્ષિણે ઉંબરગાંવ બંદર સુધી તે પથરાએલો છે. કચ્છનો અખાત ને ખંભાતનો અખાત તેને વૈવિધ્ય ને વિશિષ્ટતા આપે છે. આ સાગરકાંઠા ઉપર મહાબંદર કંડલા સહિત ૫૦ બંદર આવેલાં છે.

વર્ષો પૂર્વે જ્યારે રેલવે ન હતી, વાહનવ્યવહારના રસ્તાઓ ન હતા, મોટી સ્ટીમરો ન હતી, ત્યારે આ બંદરોની જહોજલાલી ને અગત્ય ઘણી ભારે હતી. ખુશ્કીમાર્ગની વણઝારો પેઠે તરી માર્ગોમાં આ બંદરો દ્વારા જ તમામ વ્યાપાર ચાલતો. બંદરો વ્યાપારનાં અને સમૃદ્ધિનાં કેન્દ્રો હતાં, અને તે કારણે સંસ્કૃતિનાં પણ કેન્દ્રો હતાં. આ રીતે ગુજરાતનાં બંદરોએ પણ મધ્યકાલીન સમયમાં ઇતિહાસમાં અગત્યનો ભાગ ભજવ્યો છે. ગુજરાતની પ્રજા પહેલાં પણ વ્યાપાર અને વાણિજ્યમાં પાવરધી લેખાતી અને આજે પણ લેખાય છે. ગુજરાતની સમૃદ્ધિ એ વ્યાપાર અને વાણિજ્યની સમૃદ્ધિ હતી અને ગુજરાતની સંસ્કૃતિમાં પણ વ્યાપાર અને વાણિજ્યમાંથી નિષ્પન્ન થતા ઘડતરનો મોટો ફાળો છે.

ગુજરાતની પ્રજા સાહસિક ગણાતી. સાગરકાંઠે રહેવું, દરિયો ખેડવો, દૂરના દેશો સાથે સંબંધ રાખવો, પરદેશથી માલ લાવવો-લઇ જવો, પરદેશની સંસ્કૃતિ સમજવી અને તેનાં સારાં તત્ત્વો લઇ આવવાં અને અપનાવવાં, પરદેશની સમૃદ્ધિ ઘરઆંગણે ઠાલવવી, એ બધું ગુજરાત માટે હસ્તામલકવત્ હતું.

મધ્યકાલીન ઇતિહાસ એ વાતની અનેક સાબિતી આપે છે કે ગુજરાતની પ્રજા પશ્ચિમે આફ્રિકા અરબસ્તાન ને ઈરાન સાથે, દક્ષિણે મલબાર અને લંકા સાથે, અને પૂર્વમાં બ્રહ્મદેશ મલાયા, જવા, સુમાત્રા વગેરે દેશો સાથે સંબંધ રાખતી; એટલું જ નહિ પણ ઘણા ગુજરાતીઓ તો એ પ્રદેશમાં જઇને વસ્યા હતા અને પોતાની વ્યાપારી પેઢીઓ ખોલી હતી. ગુજરાતના નાવિકો દૂરદૂરના સાગર-મહાસાગરો ખેડતા અને બધા દરિયાઈ માર્ગોના ભોમિયા હતા. એક એવી હકીકત નોંધાએલી છે કે વાસ્કો-દ-ગામાને હિંદનો દરિયાઇ માર્ગ બતાવનાર અને તેને સહીસલામત હિંદને કાંઠે લાવનાર એક ગુજરાતી નાવિક હતો. એ ગુજરાતી નાવિકો તથા તેમનાં સાહસોને ગુજરાતના સમર્થ લેખકો શ્રી 'સુકાની', શ્રી ગુણવંતરાય આચાર્ય વગેરેએ ગૌરવપૂર્વક અંજલિઓ આપી છે.

દરેક ક્ષેત્રમાં ચડતીપડતી આવે છે. એ રીતે બંદરોની સમૃદ્ધિ અને વ્યાપાર વિસ્તારમાં પણ ચડતીપડતી આવી. એક વખતનાં ધીકતા બંદરો આજે નાનું ગોડકું પણ ધરાવતાં નથી.

ગુજરાતનું જૂનામાં જૂનું બંદર ભરૂચ આજે તેની સમૃદ્ધિના માત્ર અવશેષો બતાવી રહ્યું છે. ૮૪ બંદરોના વાવટા ફરકાવતું સૂરત બંદર જૂની જહોજલાલીની ઝાંખી જ બતાવે છે; એક વખતે ધમધમતું અને વ્યાપાર-વાણિજ્યની છોળો ઉડાડતું ખંભાત આજે નહિવત્ સ્થિતિમાં છે; કરોડો રૂપિયાની કિંમતના માલની અવરજવર કરતા ઘોઘેરા બંદર તરફ આજે કોઇની નજર નથી, અને 'લંકાની લાડી અને ઘોઘાનો વર'ની કહેવતથી પ્રસિદ્ધ ઘોઘા બંદર આજે મૃતઃપ્રાય સ્થિતિમાં છે.

એ સમયનાં ગુજરાતનાં અગત્યનાં બંદરો સૂરત, ભરૂચ, ખંભાત, ઘોઘેરા, ઘોઘા, દીવ, પોરબંદર, દ્વારકા, જોડિયા, ઓખા, માંડવી અને લખપત, એ દરેકનો ઇતિહાસ ઘણો રસિક છે. આ બધાં બંદરો કુદરતી બંદરો હતાં, દરિયાઈ દૃષ્ટિએ રક્ષિત બંદરો હતાં, અને વહાણોની અવરજવર માટે તથા માલની ચડઊતર માટે સુંદર સગવડો ધરાવતાં. એ દરેકને પોતપોતાનો વ્યાપારી પ્રદેશ (હિન્ટરલૅન્ડ) નિશ્ચિત થએલો હતો અને વ્યાપારનો ખુશ્કી કે વણઝાર-માર્ગ પણ સુપ્રસિદ્ધ રીતે ગોઠવાએલો હતો. આ દરેક બંદરે મોટી મોટી વ્યાપારી પેઢીઓ હતી. દેશપરદેશમાં તેના આડતિયાઓ રહેતા. દેશપરદેશની હૂંડીઓ ત્યાં સ્વીકારાતી અને દેશપરદેશની કીમતી ચીજો આવતી ને વેચાતી. ગુજરાત પ્રદેશનાં એ બંદરો ઉત્તર ભારત માટે અગત્યનાં દ્વાર લેખાતાં. ભારતના સમસ્ત સાગરકાંઠાઉપરનાં બંદરોમાં જૂનામાં જૂનું બંદર ભરૂચ. એના દ્વારા જે વ્યાપાર થતો તેનું વર્ણન આજે પણ આપણને હેરત પમાડે છે. સોનું, સોના અને રૂપાનાં વાસણો અને વસ્તુઓ, મોતી, ઈટલી અને ઈરાનના ઊંચી જાતના દારૂ, ખજૂર અને ખારેક, તેલ, ખાંડ, સુખડ, હાથીદાંત તથા ઊંચી જાતનું રેશમી તથા મસ્લિન કાપડ—એ તેના મુખ્ય વ્યાપારની વસ્તુઓ હતી. એનાં વહાણો પૂર્વે જવા-સુમાત્રા સુધી અને પશ્ચિમે આફ્રિકા, એડન ને રાતા સમુદ્રના તથા ઈરાનના અખાતના કિનારા સુધી જતાં. સત્તરમી સદી બાદ સૂરત ને ખંભાત વિશિષ્ટ પ્રમાણમાં ખીલતાં ભરૂચ સરખામણીમાં પાછળ પડવા માંડ્યું.

સૂરતની જહોજહાલી પણ ઇતિહાસ-પ્રસિદ્ધ છે. સૂરતના વહાણોનું બાંધકામ તેની પ્રસિદ્ધિની શાખ પૂરતું. એ બંદરે છેક યુરોપનાં વહાણો લાંગરતાં, ને આપણે સૌ જાણીએ છીએ કે ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ આ જ બંદરને નજરમાં રાખી પોતાની વ્યાપારી કોઠી ત્યાં શરૂ કરી હતી. અનાજ, ઇમારતી લાકડું, કપાસ, મહુડાં અને બાજુ એ અહીંની મુખ્ય નિકાસ રહેતી અને તમાકુ, કપાસ, લોઢું, નાળિયેર તથા યુરોપની ઘણી ચીજો આયાત થતી.

ખંભાત વિષે સત્તરમી સદીમાં એક વિદેશી લેખકે વર્ણન કર્યું છે કે 'ગોવાને બાદ કરતાં સારાય હિંદુસ્તાનમાં વ્યાપાર અને વાણિજ્યમાં ખંભાતનો નંબર બીજો આવે છે. દર વર્ષે ૨૦૦થી ૩૦૦ વહાણો ખંભાતથી ગોવા જતાં અને આ દરેક વહાણ બેથી ત્રણ વખત ગોવાની સફર કરતું, ખંભાતથી ગળી, અફીણ, પોખરાજ વગેરે કિંમતી પથ્થરો, લોઢું, ત્રાંબું, કટકડી, ઘઉં, ચોખા, ઔષધિઓ, ઘી, તેલ, સુગંધી ચીજો, જાતજાતના સાબુ, ખાંડ, મરી, લાખ, મધ ને વિવિધ છાપકામવાળું કાપડ આવતું. મધ્ય હિંદ સાથેનો તમામ વ્યાપાર ત્યાંથી થતો.'

ઘોઘેરા બંદર વિષે પણ વર્ણન મળે છે કે રાજસ્થાન અને મધ્ય હિંદુસ્તાનનો વ્યાપાર તેની દ્વારા થતો અને વર્ષે પાંચ કરોડ રૂપિયાની કિંમતનો ત્યાંનો વ્યાપાર હતો.

માંડવી ઉર્ફે રાયણ બંદર એ કચ્છના અખાતનું જૂનું ને જહોજલાલીવાળું બંદર હતું. મારવાડ, રાજસ્થાન તથા ઉત્તર હિંદના પ્રદેશોનો વ્યાપાર આ બંદર પર જ થતો. મુસ્લિમ ભાઇઓની હજની યાત્રા માટે પણ માંડવી અગત્યનું બંદર લેખાતું. વળી એ નાનામોટાં વહાણો બાંધવાનું અગત્યનું કેન્દ્ર હતું અને ૧૮૦ ટન સુધીનાં મોટાં વહાણો પણ ત્યાં બંધાતાં. માંડવી બંદરની વ્યાપારી પેઢીઓની હૂંડીઓ આફ્રિકા, અરબસ્તાન, ઈરાન વગેરે જગ્યાએ સ્વીકારાતી.

સત્તરમી સદીના પરદેશી પ્રવાસીઓનાં વર્ણનો મુજબ દીવ બંદર તો તમામ વ્યાપારનું સંગ્રહસ્થાન હતું. એવું વર્ણન મળે છે કે ઔરંગઝેબના સમયમાં ઘોઘા, માંગરોળ અને પોરબંદર એ ધીકતાં બંદરો હતાં. અને એવી હકીકત નોંધાઈ છે કે સલાયા બંદર તો દરિયાઈ તોફા-

વહાણવટાનો ઉદ્યોગ અને વહાણો બાંધવાની કળા આ દેશમાં સારી પેઠે ખીલ્યાં હતાં. હિંદી કારીગરો ૨૭ જાતનાં વહાણો બનાવતા. હજુ ૩૦૦ વર્ષ અગાઉ ૮૪ બંદરનો વાવટો સૂરત પર ફરકતો. ગુજરાત, મલબાર તેમજ બંગાળના કાંઠાની કોમો ચુનંદાં સ્થાનિક લાકડાંમાંથી પેઢીઓ લગી ચાલે એવાં મજબૂત વહાણો બનાવતી ગુજરાતના પારસીઓ આમાં એક્કા ગણાતા. તેમાં સૌથી પ્રખ્યાત વાડિયા કુટુંબ હતું.

ઈ. સ ૧૭૩૬થી ૧૮૬૩ સુધીમાં એકલા મુંબાઇ ખાતે જ નાનાંમોટાં મળીને ૩૦૦ વહાણો ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ બંધાવેલાં. ૧૭૮૧થી ૧૮૨૧નાં ૪૦ વરસમાં જ ૨૭૨ વહાણ એણે બંગાળામાં બંધાવ્યાં. હુગલી, સિલહટ, ઢાકા અને ચટગામ આ ઉદ્યોગ માટે ત્યાં પંકાતાં.

આ હિંદી બનાવટનાં વહાણો એવાં મજબૂત બનતાં કે જ્યારે અંગ્રેજ બનાવટનાં વહાણોને દર બાર વરસે મરામત કરવી પડતી ત્યારે સને ૧૭૫૦માં ભાવનગરમાં બંધાએલું 'દરિયા દોલત' વહાણ ૮૭ વરસ દરિયા ખેડ્યા પછી સને ૧૮૩૭માં પણ પુરલેસમાં એવું ને એવું ચાલુ હતું! લોબંડ ને પોલાદી પતરાનાં વહાણ પણ છેક સને ૧૮૫૭ સુધી સંપૂર્ણપણે હિંદી કારીગરોને હાથે અહીં બંધાતાં. ખરાબતમાં પણ સસ્તા પડતાં.

પણ બ્રિટિશ હકૂમત આ દેશ પર ચાલુ થતાં જ ત્યાંની પાર્લમેન્ટે ઈસ્ટ ઇન્ડિયા કંપનીને આ દેશમાં વહાણો બંધાવતી અટકાવી. એટલું જ નહિ પણ આ દેશના વહાણ-ઉદ્યોગનો તેમ જ વહાણવટાનો સંપૂર્ણ નાશ કરવાની સ્પષ્ટ નેમ રાખીને તેવા કાયદા પણ તાબડતોબ પસાર કર્યા! જેનો કપ્તાન અંગ્રેજ ન હોય તેવું કોઈ પણ બ્રિટિશ જહાજ લંડન બંદરમાં દાખલ ન થઈ શકે; જેના નાવિકોમાં ૩/૪ સંખ્યાથી ઓછા અંગ્રેજ હોય એવું બ્રિટિશ વહાણ બંદરમાં દાખલ થાય તો જપ્ત થાય; તેવાં જહાજોને કેપ ઑફ ગુડહોપ જ વટાવી ન શકે; કોઈ જહાજ પર હિંદી નાવિકને રાખી જ ન શકાય; બ્રિટિશ માલેકી સિવાયનાં જહાજો બમણી જકાત ભરે;—એવાએવા પ્રતિબંધો કાયદાથી મૂકવામાં આવ્યા. પરિણામે સને ૧૮૬૩ સુધીમાં હિંદી વહાણવટાનો ઉદ્યોગ આ દેશમાં સંપૂર્ણપણે નાશ પામ્યો!

આટલી કાર્યસિદ્ધિ પછી બ્રિટિશ સલ્તનતની છત્રછાયા હેઠળ હિંદના તમામ આયાત-નિકાશ વેપાર તેમજ ઉતારુઓની લાવલઇજાના ક્ષેત્રમાં લાંબા કાળ સુધી બ્રિટિશ વેપારીઓએ એકચકે રાજ કર્યું. એ પછી પહેલું વિશ્વયુદ્ધ પૂરું થયા બાદ સને ૧૯૧૯માં મરહૂમ શેઠ નરોત્તમ મોરારજી તથા તેમના સાથી મરહૂમ શેઠ વાલચંદ હીરાચંદે મહારાજા સિંધિયાએ યુદ્ધ દરમ્યાન આપેલી હૉસ્પિટલ આગબોટ 'લૉયલ્ટી' ૨૫ લાખની કિંમતે ખરીદી અને 'સિંધિયા સ્ટીમ નૅવિગેશન કં.' એવે નામે સાડા ચાર કરોડની થાપણવાળી લિમિટેડ કંપની સ્થાપીને હિંદી વહાણવટાનો નવો યુગ શરૂ કર્યો.

એમ તો હિંદી વહાણવટું નાશ પામ્યા પછીનો આ કંઈ પહેલો જ પ્રયત્ન નહોતો. આ અગાઉ ૧૮૬૯માં હાજી કાસમ, ૧૮૯૪માં ટાટા, તે પછી માઝી આગબોટ, પછી ૧૯૦૫માં બંગાલ સ્ટીમ, અને ૧૯૦૬માં ટચુટીકોરીન-કોલંબો વચ્ચે ચાલનારી સ્ટીમર કંપની એમ કેટલીક હિંદી કંપનીઓ તરફથી હિંદી વહાણવટાના ક્ષેત્રમાં પ્રયાસો થયા. પણ તેમાંના ઘણાખરા મહિષાસુર આગળ મગતરા સમાન હતા. બ્રિટિશ જહાજ કંપનીઓ તેમ જ હિંદી સરકારે મળી તે બધા તોડી પાડ્યા. ધાકધમકી, ધમપછાડા, ખરીદી લેવાના પ્રયત્નો, કાતિલ હરીફાઈ, બૉયકૉટ,—તમામ શસ્ત્રો પેરેપેરે એણે અજમાવ્યાં. આ બધાં જીવલેણ વિઘ્નો સામે સિંધિયા કંપનીએ ઉઠાવેલી જહેમતનો ઇતિહાસ એક સ્વતંત્ર પુસ્તક માગી લે એમ છે. ...

(શ્રી શાંતિકુમાર ન. મોરારજીનાં સંસ્મરણોની હાથપ્રતને આધારે સ્વામી આનંદે સંકલિત કરેલા 'સંસ્કૃતિ'માંના લેખ પરથી તારવીને)

નોથી બચવા દરેક જાતનાં વહાણોને રક્ષણ આપવા માટે સારામાં સારું કુદરતી રક્ષિત બંદર હતું. મુંદ્રા હતું તો નાનુંસરખું બંદર, પણ એના વ્યાપારીઓ ઇતિહાસપ્રસિદ્ધ થઈ ગયા છે. મુંદ્રાની ઈમજી શિવજીની પેઢીએ પૂર્વ આફ્રિકામાં તો વર્ચસ્વ જમાવ્યું હતું. આવી જ પ્રશસ્તિઓ માંગરોળ, પાટણ, નવી બંદર, જાફરાબાદ, વવાણિયા, જખાઉ વગેરે બંદરો વિષે પણ જાણવા મળે છે.

આ દરેક બંદરે વર્ષો સુધી પોતાની જાહોજલાલી જાળવી રાખી હતી. ગુજરાતની સમૃદ્ધિની છોળો એ બંદરો દ્વારા જ આવતી અને દુનિયામાં ગુજરાત અને ગુજરાતીઓનું નામ આ બંદરો દ્વારા જ પંકાયું હતું. પણ અંગ્રેજોના આગમન પછી બંદરો તરફ ગુનાહિત ઉપેક્ષા બતાવવામાં આવી. અંગ્રેજોના સમયમાં રેલવે વધી, સડકો વધી, દરિયાઈ માર્ગે મોટી સ્ટીમરોની અવરજવર થઈ, મુંબાઈનું મહાન બંદર જન્મ્યું, ને પશ્ચિમ બાજુ કરાંચીનું મોટું બંદર થયું, જ્યાં સ્ટીમરો સીધી આવવા લાગી. આ બધાં કારણોથી ગુજરાતનાં બંદરો ધસાવાં લાગ્યાં. કરાંચી અને મુંબાઈનો વિકાસકાળ અથવા તો તેની વિકાસકથા એ ગુજરાતનાં બંદરોની અવનતિની કથા છે. તે વખતના રાજ્યકર્તાઓ મુંબઈ અને કરાંચી સિવાયનાં બંદરો તરફ બેધ્યાન રહ્યા. પરિણામે ઘણાંબંદરો બેવ્યાપાર, બેરોજગાર બન્યાં. બારાના માર્ગ કીચડથી પુરાયા, બંદરોના ધક્કા બેમરામત રહ્યા અને ધીરેધીરે ગુજરાતના વ્યાપારની મહત્તામાં ફેર પડવા લાગ્યો. મુંબઈ શહેર જન્મ્યું, કરાંચી શહેર વધ્યું એટલે ગુજરાતના ગુજરાતીઓ તે બંદરોને વિકસાવવામાં પોતાની તમામ શક્તિઓ વાપરવા લાગ્યા. પરિણામે ગુજરાતનાં બંદરોની સ્થિતિ દુર્લક્ષિત રહી.

આ દુર્દશા બીજા વિશ્વ-મહાયુદ્ધ સુધી રહી. પણ ત્યાર પછી ધીરેધીરે આ બંદરોમાં નવો પ્રાણસંચાર થયો અને ભારતની આઝાદી પછી બંદરો તરફ પાછું લક્ષ આપવાની શરૂઆત થઈ. આજે ગુજરાતનાં બંદરો ફરી પાછાં વિકસિત થતાં જાય છે. મહાબંદર તરીકે કંડલા, મધ્યમ બંદરોમાં ઓખા, બેડી, સિક્કા, પોરબંદર, વેરાવળ ને ભાવનગર વધવા માંડ્યાં છે. સૂરત પણ વિકસે એવા સંજોગોમાં મા થયા છે. તેલક્ષેત્ર નિર્માણ થયું હોવાને કારણે ભંભાત અને હજીરા માટે પણ આશા જાગી થઈ છે અને ભારત તથા ગુજરાતના વ્યાપાર, ઉદ્યોગ અને વાણિજ્યના વિકાસ સાથે આ બંદરોનો પણ વિકાસ સધાવાનો છે. મધ્યકાલીન સમયમાં જે સ્થિતિ અને સમૃદ્ધિ હતી તેવી, બલકે તેથી પણ વધારે સારી સ્થિતિ વિકસશે એવી આપણે સૌ આશા રાખીએ.

[ગુજરાત રાજ્યના માર્ગો મકાનો અને બંદરોના ખાતાના ઉપમંત્રી શ્રી પ્રેમજીભાઈ ઠક્કરના વાયુપ્રવચનમાંથી તારવીને]

પાંત્રીસ વર્ષ સુધી પરદેશમાં ભારતીય સ્વાતંત્ર્યયજ્ઞની જ્વાલ પ્રજ્વલિત રાખનાર

જેમની જન્મશતાબ્દી આ વર્ષે ઊજવાય છે તે

અનન્ય ગુજરાતી વીરાંગના

માદામ ભીખાઈજી કામા

લેખક · વલ્લભદાસ અક્કડ

ગુજરાતને 'પ્રેમશૌર્ય'નો મંત્ર આપનાર ગુજરાતના વીર કવિ-વર નર્મદે ૧૮૬૭ના નવેંબરની દસમી તારીખે 'પ્રેમશૌર્ય'ના ધ્વજની પહેલવહેલી કલ્પના કરી તે પછી ચાળીસ વર્ષે, ઈ. ૧૯૦૭ના ઑગસ્ટ માસની અઢારમી તારીખે, ભારત બહાર પરદેશમાં, જર્મનીની સમાજવાદી પરિષદમાં ભારતનો રાષ્ટ્રધ્વજ પહેલવહેલો ફરકયો. એ પછી બીજાં ચાળીસ વર્ષે ભારતને સ્વાધીનતા મળી ને પંદરમી ઑગસ્ટ ૧૯૪૭ને દિને ભારતને દ્વારેદ્વારે સ્વતંત્ર ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકયો. આમ, કવિ નર્મદની કલ્પના પછી અૈશી વર્ષે— ચાળીસ-ચાળીસ વર્ષને બે ગાળે–એ દેશભક્તનું સ્વપ્ન મૂર્તિમંત થયું.

નર્મદ ગુજરાતી, તો જર્મનીની ધરતી પર રાષ્ટ્રધ્વજ ફરકાવનારાં પણ ગુજરાતી; જેને પ્રતાપે ભારતીય સ્વરાજ સિદ્ધ થયું તે મહાત્મા ગાંધીજી પણ ગુજરાતી. રાષ્ટ્રધ્વજની આ ત્રણે ઘટનાઓથી ગુજરાતની તવારીખ ગૌરવાંકિત થએલી છે.

જર્મનીમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવાની હિંમત અને કલ્પના દાખવનાર હતાં એક ગુજરાતી બહેન: માદામ ભીખાઈજી કામા.

એમનો જન્મ ઈ.સ. ૧૮૬૧ની ૨૪મી સપ્ટેમ્બરે મુંબાઈમાં શ્રી સોરાબજી ફરામજી પટેલને ત્યાં માતા જઈજીબાઈ પટેલની કૂખે થયો હતો. એ બધાં મળીને આઠ ભાઈબહેન હતાં. એમના પૂર્વજો અને પિતા મોટા વ્યાપારીઓ હતા.

ભીખાઈજી પટેલ મુંબઇની ઍલેક્ઝાન્ડ્રા ગર્લ્સ સ્કૂલમાં ભણ્યાં, ૧૮૮૫માં ત્રીજી ઑગસ્ટે શ્રી રુસ્તમજી કામા સાથે પરણ્યાં, અને ઈ. ૧૯૦૧માં હમેશ માટે ઇંગ્લંડ ચાલ્યાં ગયાં. એમના પતિ શ્રી રુસ્તમજી કામા તે આપણા નામાંકિત પ્રાચ્યવિદ્યાવિશારદ ને પંડિત ડૉ. કે. આર. કામાના પુત્ર. તેઓ સુવિખ્યાત પારસી સમાજસુધારક ને સૉલિસિટર હતા; અને ૧૯૧૫થી ૧૯૧૮ સુધી મુંબાઈના અંગ્રેજી દૈનિક 'બૉમ્બે ક્રૉનિકલ'ના મૅનેજિંગ ડિરેક્ટર પણ હતા.

ભીખાઇજીનું દેશકાર્ય તો ઈ. ૧૮૯૬થી આરંભાએલું. ત્યારે એમણે જનને જોખમે પ્લેગગ્રસ્ત મુંબાઈના લોકોની સેવા કરી હતી. એમ કરવા જતાં એ પોતે પણ પ્લેગમાં ઝડપાયાં ને તબિયતે ગંભીર સ્વરૂપ પકડ્યું, પણ દૈવયોગે તે ઊગરી ગયાં. પરંતુ સાજાં થયા પછી ફરી પારસી પંચાયત ઑસ્પિટલમાં એ જ સેવામાં રત થઇ ગયાં.

ભીખાઈજી કામાનું લગ્ન અને સાંસારિક જીવન બહુ સુખદ ન નીવડ્યું. કૌટુંબિક મતમતાંતરે બંનેનું અભિન્નત્વ નિર્મૂળ કર્યું અને બંને જુદાં પડ્યાં, કેમકે ભીખાઈજી જહાલ દેશભક્ત હતાં. એમ તો શ્રી રુસ્તમજી પણ રાષ્ટ્રવાદી જ હતા, પણ જરા મોળી વિચારસરણીવાળા હતા; જ્યારે ભીખાઇજી ઉગ્ર દેદામવાદી હતાં. એવામાં ભીખાઇજીની તબિયત બગડી. એ સુધારવા માટે ઈ.સ. ૧૯૦૧માં એઓ ઇંગ્લંડ ગયાં.

ક્રાંતિકારોનો સંપર્ક

આ સદીની શરૂઆતમાં યુરોપમાં ભારતના ક્રાંતિવીરોનું એક જૂથ હતું, જેમાં વિનાયક દામોદર (વીર) સાવરકર, બૅરિસ્ટર શ્યામજી કૃષ્ણજી વર્મા વગેરે મુખ્ય હતા. ઈ. ૧૯૦૫માં શ્યામજી કૃષ્ણ વર્માએ 'હોમરૂલ લીગ'ની સ્થાપના કરીને 'ઇન્ડિયન સોશ્યોલૉજિસ્ટ' નામનું પત્ર શરૂ કર્યું. લંડનમાં તે કાળે એક બીજી ક્રાંતિકારી મંડળી પણ હતી, જે 'અભિનવ ભારત'ને નામે ઓળખાતી. કહેવાય છે કે એમાં સર દોરાબ તાતા અને રતન જમશેદજી તાતા જેવા શ્રીમંતો પણ ભીતરથી સંકળાએલા હતા. માદામ કામા એ મંડળીમાં જોડાયાં.

ઈ. ૧૯૦૭ના ઑગસ્ટની ૧૮મીએ જર્મનીમાં સમાજવાદીઓની એક મોટી પરિષદ ભરાઇ. હેર સિંગર એના પ્રમુખ હતા અને એક હજાર પ્રતિનિધિઓ તેમાં આવ્યા હતા, જેમાં ઘણાખરા યુરોપના હતા. ઉક્ત પરિષદમાં માદામ કામાએ આગળપડતો ભાગ લીધેલો. ભારતને માટે સંપૂર્ણ સ્વાતંત્ર્ય માગતો ઠરાવ એમણે ત્યાં મૂક્યો. અંગ્રેજ સમાજવાદી શ્રી હિન્ડમૅને એને ટેકો આપેલો ને રામ્સે મૅકડોનાલ્ડે (પાછળથી બ્રિટનના વડા પ્રધાન) વિરોધ કરેલો. આ ઠરાવ મુકાયા પછી બાવીસ વર્ષે, ૧૯૨૯માં હિન્દી રાષ્ટ્રીય મહાસભાએ સંપૂર્ણ સ્વાતંત્ર્યની નેમ જાહેર કરતો ઠરાવ લાહોરની કૉંગ્રેસમાં કર્યો. ઠરાવ પ્રસ્તુત કરતાં માદામ કામાએ કહ્યું હતું:

"ભારતમાં અંગ્રેજ રાજશાસનનું ચાલુ રહેવું એ વિનાશક ને ભારતના ઉત્તમોત્તમ હિત માટે ખૂબ જ હાનિકર છે. એ ત્રસ્ત દેશમાં વસતી, સમગ્ર માનવજાતિની એક પંચમાંશ જેટલી પ્રજાને ગુલામીમાંથી મુક્ત કરવાના કાર્યમાં, દુનિયાના તમામ ભાગના સ્વાતંત્ર્યપ્રેમીઓએ સહકાર આપવો જોઇએ." ઉપલો ઠરાવ મૂકતી વેળાએ તેમણે ભારતનો પ્રથમ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને બધા એ ઊભા થઈ, 'ભારત અમર રહો!'ના પોકારોથી તેમને વધાવી લીધાં.

'વન્દેમાતરમ્' પત્ર

આજથી લગભગ પચાસ વર્ષ પૂર્વે માદામ કામાએ 'વન્દેમાતરમ્' નામનું પત્ર શરૂ કરેલું. એમના ગૃહદ્વાર પર, એમની સાડીઓ પર, અરે

માદામ કામા, જર્મનીમાં ફરકાવેલા રાષ્ટ્રધ્વજ સાથે (નવચેતનના સૌજન્યથી)

એમનાં હૅટ તથા ફ્રૉક પર સુદ્ધાં, નાગરી લિપિમાં 'વન્દેમાતરમ્' છપાએલું રહેતું. એ પત્ર નવ વર્ષ ચાલ્યું અને એ દ્વારા એણે અંગ્રેજોને ન્યારો દેવાનું મુખ્ય કાર્ય કર્યું. સાવરકરે સ્થાપેલા 'અભિનવ ભારત' મંડળના મુખપત્ર 'તલવાર' સાથે પણ ભીખાઇજી કામાનો સંબંધ હતો.

ઈ. સ. ૧૯૦૯માં એક અનન્ય ઘટના બની. એક અંગ્રેજ સર વિલિયમ કર્ઝન વાઈલીનું ઇંગ્લંડમાં ખૂન થયું. એ ખૂન કરનાર હતા એક ભારતીય વિદ્યાર્થી મદનલાલ ધીંગરા. 'આ કેવો જુવાન કે સિંહની ભોડમાં હાથ નાખીને એ સિંહને પૂરો કરે!' એવું આશ્ચર્ય હરેક બ્રિટનવાસીને ત્યારે થયું. એ ખૂન અંગે પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા, સાવરકર, ભીખાઈજી કામા વગેરેની તપાસ શરૂ થઈ. એને કારણે શ્યામજી કૃષ્ણ વર્મા અને વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય (સરોજિની નાયડુના ભાઇ)ની વિદ્યાપીઠની ઉપાધિઓ પણ રદ કરવામાં આવી અને સાવરકરે બૅરિસ્ટરની પરીક્ષા પસાર કરી હોવા છતાં તેમને તેની ઉપાધિ આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો.

૧૯૧૦માં માદામ કામા લંડનથી પારી(સ) ગયાં. ત્યાં તેમને શ્યામજી કૃષ્ણ વર્મા અને સરદારસિંહજી રાણા સાથે સંબંધ બંધાયો. એમને રાજદ્રોહી સાહિત્ય ભારત પાઠવવાનું ખાસ ગમતું. એ માટે એ પરિશ્રમ કરતાં અને નાણાં પણ આપતાં. એક કાળે પારી(સ)ની ક્રાંતિકારી પ્રવૃત્તિનાં એ નેત્રી હતાં. લંડન અને પારી(સ)ની ઘણી સભાઓમાં એ વ્યાખ્યાનો આપતાં ને દેશભક્તિ પ્રેરતાં. સાવરકરની મંડળીના એક ગુજરાતી સભ્ય ગોવિંદ અમીનને પણ એમણે સારી મદદ કરી હતી. આ ગોવિંદ અમીને બૉંબ બનાવવાની કળા હાથ કરી હતી અને એ રિવૉલ્વર-નિષ્ણાત પણ હતા. એ જ ગોવિંદ અમીન ભારતમાં છૂપી રીતે રાઈફલો મોકલતા. એણે ૧૯૧૨ના ઑગસ્ટમાં આત્મહત્યા કરેલી.

સાવરકરની વહારે

ઈ. ૧૯૧૦માં સાવરકર પારી(સ)માં હતા, ત્યારે અનેક મુકદ્દમા માટે એમની તપાસ ચાલતી હતી અને મુંબાઈ સરકારનું એમના પર વૉરન્ટ હતું, એટલે શ્રીમતી કામાએ તેમને સલાહ આપી કે તેમણે લંડન જવું નહિ. એમ છતાં સાવરકર લંડન જવા ઊપડ્યા. ત્યારે એમની સાથે પ્રવાસમાં દાદાભાઇ નવરોજીનાં પૌત્રી પેરીનબહેન કૅપ્ટન પણ હતાં. ૧૯૧૦ની ૧૩મી માર્ચે તે લંડન પહોંચ્યા, પણ બંદરે ઊતરતાંવેંત જ પરહેજ થયા, અને મૅજિસ્ટ્રેટે તેમને ભારત મોકલવાનો હુકમ કર્યો. આથી ૧૯૧૦ના જુલાઈમાં તેમને આગબોટ 'મારૂઆ'માં ચડાવી દેવામાં આવ્યા. પણ આગબોટે યંત્ર બગડતાં માર્સેલ્સ બંદરે લંગર નાંખ્યું. સાવરકરે માદામ કામાને ગુપ્ત રીતે સંદેશો મોકલ્યો હતો, કે હું ગમે તેમ કરીને પણ ફ્રાન્સની ધરતી પર આવી પહોંચીશ. અંગ્રેજ સરકારે પણ આ વિષે ફ્રેન્ચ સરકારને ખબર આપી હતી.

અને ખરેખર, બહાદુર, મરણિયા સાવરકર આગબોટમાંથી પડતું મૂકીને માર્સેલ્સથી નાઠા પણ ખરા, અને સાગરમાં દસેક માઈલ તરીને કિનારે પણ પહોંચ્યા, પણ ત્યાં પકડાઈ ગયા; કેમકે માદામ કામાના સાથીઓ એમને બચાવવામાં બે કલાક મોડા પડ્યા!

ફ્રેન્ચ સરકારે સાવરકરને પકડી અંગ્રેજને સોંપ્યા. આ પગલું આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરનાર હતું. તેથી માદામ કામાએ સાવરકરના બચાવ માટે બૅરિસ્ટર ન્યૂસેફ બૅપ્ટિસ્ટાને તાર કર્યો. પણ આ ખટલો અને એની અદાલત તપાસ તો કેવળ ફારસ માત્ર હતાં. સાવરકરને બધા આરોપોની મળીને કુલ પચાસ વર્ષની સજા થઈ!

સજા ભોગવવા સાવરકરને અંદામાન (કાળા પાણી) મોકલવામાં આવ્યા. તે પછી પણ માદામ કામા, શ્યામજી કૃષ્ણ વર્મા ને સરદારસિંહજી રાણાએ સાવરકરને ફ્રાન્સ પાછા મોકલી દેવાનો ઉહાપોહ ચાલુ રાખ્યો. એવામાં ઈ.સ. ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. તે કાળે આ બહાદુર વીરાંગનાએ એક ભારે હિંમતભર્યું પગલું ભર્યું. એણે પોતાના પત્રમાં અનેક લેખો લખીલખીને હિન્દી સૈનિકોને શસ્ત્ર મૂકી દેવા અનુરોધ કરવા માંડ્યો. એમણે એમાં સ્પષ્ટ કહ્યું કે ભારતને આ યુદ્ધ સાથે કોઈ સ્નાન-સૂતક નથી. આ કાર્યાર્થે તે પારી(સ)થી માર્સેલ્સ ગયાં, જ્યાં ભારતીય લશ્કર ઊતરવાનું હતું. આ ભયંકર ગુના માટે એમને અટકમાં લેવામાં આવ્યાં. અંગ્રેજ સરકારે તેને પોતાને સોંપી દેવા માટે ફ્રેન્ચ સરકારને લખ્યું તો બહુયે, પણ ફ્રેન્ચ સરકારે મચક ન આપી. જો એ અંગ્રેજોના હાથમાં ગયાં હોત, તો એમને સંભવતઃ ગોળીએ જ દેત. યુદ્ધ પૂરું થયા પછી જ એમને મુક્ત કરવામાં આવ્યાં.

શ્યામજી કૃષ્ણ વર્મા



ફ્રાન્સમાં બેઠેલા : વિનાયક સાવરકર ૧૯૦૯ના ફેબ્રુઆરીમાં લંડનમાં બૅરિસ્ટર થયા ત્યારે; બાજુમાં ઊભેલા : 'લાલ-બાલ-પાલ'ની ત્રિપુટી-વાળા બંગાળના દેશભક્ત બિપિનચન્દ્ર પાલના પુત્ર નિરંજન પાલ.

ત્યારે પરદેશમાંથી પોતાના દેશવાસીઓને એક પ્રેરક સંદેશો પાઠવતી પત્રિકા એમણે પ્રકટ કરી હતી. તે હવે સરકારી દફ્તરમાંથી નીકળી છે. એનો મુખ્ય ભાગ નીચે પ્રમાણે છે:

હિંદની પ્રજાને સંદેશો

"આપણા દેશભક્ત લોકોને આ કે તે માર્ગની ભલામણ કરવાની મારી પાસે નથી તો સત્તા કે નથી તો અધિકાર. એ ભૂમિમાં જે લોકો સહન કરે છે તેઓ જ જે રીત અખ્તયાર કરવાની હોય તેના શ્રેષ્ઠ નિર્ણાયકો છે. એમ છતાં, હું જે એમ કહું છું કે ભારતની તાજેતરની ઘટનાઓ પ્રગતિશીલ આંદોલનને જરાયે આંચ પહોંચાડે એમ નથી, તે સત્ય કહું છું. શું આપણા લોકો બીએ છે? ના!

તમારામાંથી કેટલાક કહેશે કે એક સ્ત્રી તરીકે મારે હિંસા સામે વાંધો લેવો જોઈએ. ઠીક; સાહેબો, એક કાળે મારામાં એવી લાગણી હતી. ત્રણ વર્ષ પૂર્વે, એક વિષય રૂપે પણ હિંસાની ચર્ચા કરતાં મને વાંધો લાગતો; પરંતુ મવાલોની નિર્દયતા, દંભ અને મૂર્ખતાને કારણે એ લાગણી આજે ચાલી ગઈ છે. જ્યારે આપણા શત્રુઓ આપણને હિંસા પ્રતિ ધસડે ત્યારે શા સારુ હિંસાનો ઉપયોગ કરવાનું આપણે નિંદ્ય ગણવું જોઈએ? એમ કેમ છે, કે રશિયાનાં સોફી પેરોવોસ્કોઈ અને તેના મિત્રો અંગ્રેજ પ્રજાની નજરમાં વીરો અને વીરાંગનાઓ છે, જ્યારે એ જ હેતુ માટે, એ જ કાર્ય કરવા માટે, આપણા દેશબાંધવોને ફોજદારી ગુનેગાર ગણવામાં આવે છે! જો રશિયામાં હિંસાને વધામણાં મળતાં હોય, તો હિન્દમાં કેમ નહિ? જુલમ એ જુલમ છે, સતામણી એ સતામણી છે, પછી જ્યાં પણ એ આચરાય ત્યાં.

હિંદીઓ! સ્વમાન બતાવો અને કામ કરવા મંડી પડો. સભાઓ બોલાવવાના અને ઠરાવો પસાર કરવાના દિવસો હવે વહી ગયા છે. મૂંગું છતાં સંગીન કાર્ય કરો. એક મૂઠીભર પરદેશીઓએ, થોડા અંગ્રેજોએ, આપણી સામે યુદ્ધ જાહેર કર્યું છે. જો આપણે કરોડો એ આવાહન ઝીલી લઈએ, અને તેમની સામે યુદ્ધ જાહેર કરીએ, તો તેમાં કોને આશ્ચર્ય થાય એમ છે? સ્વાતંત્ર્યની કિંમત તો ચૂકવવી જ પડશે. કયા દેશે એ કિંમત ચૂકવ્યા વિના સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે?

જુલમ-જહાંગીરી બરદાસ્ત કરી લેવી એ પાપ છે એવું આપણા લોકો સમજતા થયા છે, એ માટે ઈશ્વરનો ઉપકાર માનીએ. એ લોકો થંભ્યા વિના ટક્કર ઝીલવાનું શીખ્યા છે; એ લોકો જંતુ જેમ મરી જવા કરતાં નિર્ભયતાથી ખપી જવાનું શીખ્યા છે. આપણે આપણી શક્તિ વિષે સજ્ઞાન થયા છીએ અને આપણા પૂર્વજોને તેમજ આપણા યશસ્વી દેશને નામે, આપણે આપણા શાસકોની સત્તાની સામે થઈએ છીએ.

જે ચાર જણને મારી નાખવામાં આવ્યા છે તે ચાર યુવાનોનાં જીવન માભોમના મુક્તિયજ્ઞમાં હોમાયાં છે. વંદે માતરમ્! સત્ય, ન્યાય અને સ્વાતંત્ર્યના યજ્ઞમાં આ કદાત્ત જવાનો સમર્પણ થયા છે. 'વંદે માતરમ્'નો આ જે ધ્વજ હું તમારી સામે ફરકાવી રહી છું, તે મારે માટે એક ઉદારચિત્ત, નિઃસ્વાર્થી જુવાન રાષ્ટ્રભક્તે તૈયાર કર્યો છે. એ જુવાન આપણા દેશના કહેવાતા ન્યાયાલયમાં ન્યાય માટે ખડો છે. ન્યાય અને જ્યૂરીની વાતો કરવી એ કેવું ઓહૂદું છે! ટિળક અને પિલ્લાઇના કેસોમાં ન્યાયની એ હાંસી આપણે જોઈ છે! શા માટે એમને કેદ ને દેશનિકાલ કરવામાં આવ્યા હતા? કયા કારણસર? સત્ય બોલવા માટે?

પેલું ખુશામતખોર પ્રાણી, જૉહ્ન મોર્લે, શા સારુ રોજ પોતાની પશ્ચિમની સંસ્થાઓ અને મજબૂત અંગ્રેજ સાગ (લાકડા)ની વાતો કર્યા કરે છે? આપણને એવી અંગ્રેજ સંસ્થાઓ ભારતમાં નથી જોઈતી. આપણે ત્યાં આપણું ખાનદાન વટવૃક્ષ અને આપણાં સુંદર કમલપુષ્પો છે. આપણે આંગ્લ સંસ્કૃતિનું અનુકરણ કરવા નથી માગતા. ના જી; અમને અમારી જ સંસ્કૃતિ મુબારક છે, જે ઉચ્ચતર અને ઉદારતર છે. મોર્લેની સંસ્કૃતિ શું છે? સ્ત્રીઓની પરેશાની? શા અર્થે? એઓ એમના માનવ-અધિકાર માગે છે તે માટે. આ દેશમાં ચોમેર હું શું જોઈ રહી છું? દરિદ્રતા, દુઃખ, લૂંટ અને જુલમ-જહાંગીરી.

હિન્દુસ્તાનીઓ! આપણી ક્રાંતિ પવિત્ર છે. જે લોકો બ્રિટિશ જુલમ સામે પોતાની સ્વતંત્રતા અર્થે ઝૂઝે છે, તે આપણા દેશબાંધવો અને બહેનોને આપણે મુબારકબાદી પાઠવીએ. તેમની સંખ્યા રોજ ને રોજ વધતી રહો! તેમની સંસ્થાઓ સદા યે ફૂલતી-ફાલતી રહો! આપણો દેશ ત્વરિત મુક્તિ પ્રાપ્ત કરો! મારા જીવનમાં આપણા રાષ્ટ્રને મુક્ત અને એકતાવાળું જોવાની જ એકમાત્ર આકાંક્ષા છે. હું તમારી પાસે, જુવાનો પાસે, માગું છું કે તમે કૂચ કરતા રહો. મિત્રો! આગળ કૂચ કર્યે જાઓ અને આપણા દેશનાં નિસ્સહાય, મરતાં, ને પડેલાં બાળકોને, સાચા અર્થમાં સ્વરાજના ધ્યેય પ્રતિ દોરી જાઓ!

ભારત ભારતીજનો માટે છે એવો આપણો સૌનો ધ્યાનમંત્ર હો!"

તબિયત બગડી

પહેલું મહાયુદ્ધ પૂરું થયું. રશિયાથી લેનિન વારંવાર મોદામ કામાને રશિયા આવવાનું આમંત્રણ મોકલતા, પણ એમણે એ સ્વીકાર્યું નહોતું. બીજી બાજુ દેશ આવવા માટે અનેક વાર માગણી કરવા છતાં પોતાના ઉદ્દામવાદી વિચારો ને ક્રાંતિકારી પ્રવૃત્તિને કારણે એમને ભારત આવવાની પણ સરકારી પરવાનગી ન મળી. છેવટે ૧૯૩૫માં ૭૪ વર્ષની વૃદ્ધાવસ્થામાં જ્યારે એમની તબિયત લથડી ત્યારે માત્ર એક અપવાદ રૂપે એમને ભારત આવવા દેવાયાં.

૧૯૩૫ના નવેમ્બરમાં—લગભગ પાંત્રીસ વર્ષે એમણે મુંબાઈને કિનારે પગ મૂક્યો. એમને બંદરથી સીધા જ પારસી જનરલ હૉસ્પિતાલ ખાતે લઈ જવામાં આવ્યાં. હૉસ્પિતાલમાં એમના સરસામાનમાંથી જપ્ત થયેલું સાહિત્ય અને એમના પ્યારા રાષ્ટ્રધ્વજો નીકળ્યા. એ બધું બાળી મૂકવામાં આવ્યું!

૧૯૩૬ની તેરમી ઑગસ્ટે, ૭૫ વર્ષની જૈફ વયે, ભારતીય સ્વતંત્રતાની ઝંખના કરતાં કરતાં ભીખાઈજી કામાએ દેહ છોડ્યો. તે પછી અગિયાર વર્ષે ભારતમાં સ્વાતંત્ર્ય-સૂર્ય ઊગ્યો.

કળાવૈભવ

આદિમાનવની પ્રતિમાઓનો ઑસ્ટ્રેલિયાનો અનોખો શિલ્પી અને સાધક
વિલિયમ રિકેટ

ધરતીનાં નૈસર્ગિક અરણ્યોમાં ગુંજતું ચૈતન્ય જાણે રૂપ લઈને કોઈ ભાવો વ્યક્ત કરતું હોય એવી શિલ્પકૃતિઓના સર્જક, ઑસ્ટ્રેલિયન કલાકાર વિલિયમ રિકેટની આ સાથેની કૃતિઓ જોતાં જ મારી પેઠે વાચકો પણ પોતાના ભાવોદ્‌ગાર રોકી શકશે નહિ. તેના હાથમાં જાણે ઈશ્વરી વિધાનશક્તિનો ચમત્કાર હોય તેમ કોઈ કૃતિ જંગલના ખડકના ઓસારમાંથી નીકળી આવતી દેખાય છે, તો કોઈ વૃક્ષના મોટા થડિયા આગળ ઘૂમતાં નાનાં જનવરોનાં જૂથમાંથી કોઈ પુરાતન પુરુષ—આદિમાનવનું ધડ ફૂટી નીકળતું નજરે પડે છે. એક ઝાડના થડમાંથી રિકેટ જાણે પાંખોવાળો દેવદૂત બની પોતાનાં પ્યારાં વનબાળોને પ્યાર કરી રહ્યો છે. વૃક્ષ જે રીતે ઊંચે વધીને ફૂલો ધારણ કરે છે, તેમ આ કલાકારના હાથ એ જ થડની રેખાઓને ઊર્ધ્વ ગતિ આપી આ નાનું સ્વર્ગીય જૂથ ઉપજાવે છે. વન્ય માનવીના ચહેરાની વિચિત્રતા ભુલાવી સમસ્ત ચૈતન્યનો સહજ વિલાસ તેમાં એ પ્રકટાવે છે.

અને પછી કલાકારની પોતાની છબી જુઓ. કોઈ સંત જેવા પ્રસન્ન ચહેરાવાળો, વિશ્વના ભેદ ઉકેલી સ્વસ્થ બનેલો અને જીવનની તૃપ્તિ અનુભવતો આ કલાકાર, ખરેખર, દ્રવ્યની કોઈ પણ લાલસાથી અસ્પૃષ્ટ રહ્યો છે. પ્રસિદ્ધિ કે પ્રચારની ઝંખનાથી એ રહિત છે. એ તો છે એકાંતિક સિદ્ધસાધક. એની તપોભૂમિ નિસર્ગના સંપૂર્ણ શાન્તિમય સ્થાનમાં આવેલી છે.

આદિવાસીઓની પુરાણ (દંત) કથાઓને નિરૂપતાં બે શિલ્પો : મથાળે–પૂર્વજ દેવતા; નીચે–આદિવાસીઓનો આદ્ય સ્રષ્ટા (બ્રહ્મા જેવો) અને ભાવિ પેઢીઓ.

ઑસ્ટ્રેલિયાના વિક્ટોરિયા પ્રદેશના પાટનગર મેલબૉર્નથી પચીસ માઇલ દૂર આવેલી પહાડીઓની ઊંચી ધાર પર, ૨૦૦ ફૂટ ઊંચાં યુકેલિપ્ટસ વૃક્ષોની છાયા તળે એની કૃતિઓને એક રાષ્ટ્રીય સંગ્રહસ્થાન તરીકે સાચવવામાં આવેલી છે. જેમને તે જોવી હોય તેમને ઑસ્ટ્રેલિયાની એ ખુશબોદાર ઝાડીમાંથી અજાણી પગદંડીના ચઢાણ ચડીને જવું પડે છે. અજબ અવાજો કે અજબ આકારોનો ખયાલ ત્યાં સહજમાં આવે છે; અને રિકેટનાં સ્વરૂપો જુઓ તો લાગે કે તેણે કોઈ પરલોકનાં પાત્રોને આ યુગની કળામાં અવતાર આપ્યો છે.

વન્ય જાતિનો પ્રાચીન દેવ 'નંબાકુલ્લા' અને બીજા દેવદેવતાઓ તથા તેમનાં પ્રિય માનવસ્વરૂપો ત્યાં સર્પો, જનવરો કે મત્સ્યના આકારમાં પ્રકટ થયાં છે. આદિવાસીઓની માન્યતાઓના અર્થબોધ શોધ્યા વિના જેમ તેમ તેનું સ્વરૂપ રિકેટ રજૂ કરે છે. દાખલા તરીકે એ લોકો કાંગારુને આદિ વડવો (Big brother) માને છે, તે જ રૂપમાં અર્ધકાંગારુ-અર્ધમાનવ દેહનો જે વડવો રિકેટે ઉપજાવ્યો છે તેમાં આપણે શંકા ન કરીએ એવું સત્ય આરોપાએલું છે. એ કૃતિઓ સામે બહુ વાર નિરખીને જ્યારે એક જીવંત આદિ ધરડિયાએ ઉચ્ચાર્યું : 'ખરેખર, આ બધું સાચું લાગે છે' ત્યારે રિકેટને પૂર્ણ કૃતાર્થતા પ્રાપ્ત થઈ.

જ્યારે પશ્ચિમવાસીઓએ ઑસ્ટ્રેલિયા વસાવ્યું ત્યારે તેમની અને આદિવાસીઓની વચ્ચે સંસ્કૃતિનો જે સંઘર્ષ થયો તેનું બયાન વાંચીને રિકેટને તેમાં રસ પડ્યો અને મધ્ય ઑસ્ટ્રેલિયામાં છ વખત લાંબા પ્રવાસો કરી

અરણ્ય અને તેનાં આદિવાસીઓ સાથે આત્મસાત્ થઈ રહેલી પોતાની જાતને નિરૂપતું રિકેટે કરેલું શિલ્પ–જેમાં ઝાડના થડમાંથી પાંખોવાળો દેવદૂત બની પોતે વન્ય બાળોને પ્યાર કરી રહ્યો છે. સામે મથાળે : ખખડધજ વૃક્ષના થડિયે જંગલઝાડીનાં જાનવરોનાં જૂથ વચ્ચેથી ફૂટી નીકળતો ખખડધજ આદિવાસી : 'સર્વત્ર એક જ ચૈતન્ય વ્યાપી રહ્યું છે.'
વચ્ચે તથા નીચે : પિન્ટુબી નામક વન્ય જાતિનો મુખી તથા એક પિન્ટુબી બાળકી.

આવીને પછી તેણે પશ્ચિમ ઑસ્ટ્રેલિયાની સરહદ પર સ્થાન જમાવી ભટકતી જાતિઓ સાથે સંસર્ગ વધાર્યો અને મહિનાઓ સુધી તેમની વચ્ચે રહી કામ કર્યું. તેને એ લોકો પ્રતિ પૂર્ણ અનુકંપા જાગી હતી. જોકે કઠોર વન્ય જીવનની એમની વ્યવસ્થામાં તેને થોડી તકલીફ વેઠી લેવી પડતી હતી, છતાં તેણે પોતાનું જીવન ખૂબ સાદું કરી નાખ્યું હતું, તે પર્વતની એક શિલાકુટિરમાં સૂઇ રહે છે, પૂર્ણ શાકાહારી છે, ઘણું જ થોડું ખાય છે, ક્વચિત્ નરમ ચીની ચ્હા પીએ છે, માલ-અસ્કયામત કંઇ રાખતો નથી અને પૈસાનો તો તેને વિચાર જ આવતો નથી. બહારની દુનિયા સાથે તેનો એકમાત્ર સંબંધ રેડિયોમાં આવતું સંગીત સાંભળવાનો શૉખ છે. જે કોઈ કષ્ટ વેઠી તેને મળવા ત્યાં પહોંચે છે તેની સાથે તે ઘણી લાગણીથી વાત કરે છે. રીતસરનું કલાશિક્ષણ તેને મળ્યું નથી, તેમ બહારનાં કોઈ કલાસ્વરૂપોની તેના પર અસર પણ નથી.

આજથી પંચાવન વર્ષ પહેલાં મેલબૉર્નના એક લત્તામાં તેનો જન્મ થયો હતો. રાન્યની શાળામાં ભણતાં ભણતાં તેણે વાયોલીન પર હાથ જમાવ્યો ને પછી સંઘસંગીતમાં જોડાયો. ઑસ્ટ્રેલિયાનાં અરણ્યોનાં પશુપક્ષીઓ અને પુષ્પો પ્રતિ તેને પ્રેમ જાગ્યો હતો અને મોટો થયો તેમ તે વધ્યો હતો.

એકત્રીસમા વર્ષે તેની પાસે કુલ પચાસ પૌંડની મૂડી એકઠી થઈ તે બધી તેણે પહાડ ઉપર સાડા ચાર એકર જમીનના પહેલા હપ્તા તરીકે ભરી દીધી, જે તેની ભવિષ્યની કલાધારિણી બની. ત્યાં પથ્થરની શિલાઓની ઝૂંપડી બનાવી તે રહેતો ને એક ધાબળામાં લોટપોટ થઇ રાત વિતાવતો.

એની કૃતિઓ જોવા આવનારને તે કહી દે છે: 'જે છે તે જુઓ; કંઈ કહેવાની જરૂર નથી' પરંતુ એ બધી કૃતિઓ પાછળ વન્ય જાતિઓની માન્યતાઓ અને કલ્પનાઓની જે ગાથાઓ છે તે જાણનારને તરત તેનું મૂલ્ય સમજાય છે. રિકેટ કહે છે કે 'મેં જીવનના ભીતરનું રહસ્ય શોધવા મથામણ કરી છે, અને તેમાંથી મને અરણ્ય માટે ગાઢ પ્રેમ થયો છે. હું પોતે મારા વાતાવરણનો અંશ બની ગયો છું. અહીંની વૃક્ષઘટાઓ, ખડકો, પુષ્પો, પ્રાણીઓ ને પક્ષીઓના જીવનમાં વ્યાપ્ત ચેતનાનાં સ્પંદન ને લયમાં હું ભાગીદાર બન્યો છું. હું અખંડિત રીતે તેમની સાથે એકસાત બન્યો છું. તેથી સમગ્ર જીવનનું જ્ઞાન મારા સાન્નિધ્યમાં આવ્યું છે અને એ પ્રકારની સ્થળની તદ્રૂપતામાંથી મારી કૃતિઓ ફૂટી નીકળે છે.'

આવા જીવનપરિચયમાંથી પ્રેરણા લઇ ભારતના તરુણ શિલ્પીઓ રાષ્ટ્રની માનવ ગાથાઓને અમર કરવા તત્પર થશે? ૨. મ. ૨.

રેખાંજલિ

૧૧×૧૫ ઇંચના માપના મોટા સ્વચ્છ ધવલ ઘટ્ટ કાગળો પર, ભાવન પાનાં ભરીને ઑફસેટની મુલાયમ છપાઇમાં, પાકા પૂઠામાં લલિત રેખાવલિઓવાળો આ ચિત્રસંપુટ પાનાં ફેરવતાં જ મનને પ્રસન્નતાથી ભરી દે છે. આ સંગ્રહના પ્રકાશનમાં દેવપૂજા માટે ભક્તની લાગણી હોય એવી ફોરમ અનુભવાય છે.

વિશેષ સૌભાગ્યની વાત તો એ છે કે આજના ભૌતિકવાદી યુગમાં જીવનભર દૃષ્ટાંતરૂપ કલાસાધના કરનાર કલાકારની એક ચિરંજીવ સ્મૃતિરૂપ પ્રસાદી પ્રજાને આ સંપુટથી પ્રાપ્ત થાય છે. ભાઇશ્રી અહિવાસીએ ભાવનાપૂર્વક આપણાં પ્રાચીન શિલ્પો તથા ભીંતચિત્રોનું અધ્યયન કરતાં કરતાં પોતાને જે કંઈ આનંદપ્રદ આસ્વાદ મળ્યો તેમાં તેમણે સમાજને પણ પોતાની સાથે સમભાગી રસભોક્તા કરવાને આ રેખાંકનોમાં પ્રયત્ન કર્યો છે. તેમાં તેમણે જે નિષ્ઠા ને કાર્યપરાયણતા બતાવ્યાં છે તે અનન્ય છે. આ ગ્રંથ એ રીતે ચિત્રસાધકો, કલારસિકો ને કુટુંબનાં માણસો કે ઘેર આવેલા મહેમાનો–મુલાકાતીઓ માટે નિરપેક્ષ આનંદ આપવાનું સાધન બનશે.

'રેખાંજલિ'માં રેખાનો પ્રભાવ ને વૈભવ બતાવનારાં અનેક તત્ત્વો છે. એની રેખા કોઈવાર મૃદુ લાવણ્યવતી બને છે, કોઈવાર શસ્ત્રની ધાર જેવી તીખી બને છે, કોઇવાર કાળમીંઢ પાષાણની કઠણ સ્થિતિ પ્રાપ્ત કરે છે, કોઇવાર વસ્ત્રની ઢીલી પડતી ઘડીઓ બતાવે છે, તો

શિવનું નૃત્ય (ઇલોરા શિલ્પ)

કોઈવાર પવનના ઝપાટામાં ખેંચાતી બને છે. માત્ર રેખામાં જ આવાં વિવિધ આંદોલનો આપી ભાઇશ્રી અહિવાસી આકૃતિઓને સુગોળ અથવા ઉપસેલી કે ઊંડેલી બતાવી શક્યા છે. કોઇ વાર નૃત્યનું ડોલન બતાવે છે તો કોઇ વાર આક્રમણની તાણ લાવે છે. એમ સ્થિતિ, ગતિ, વિહાર, વિલાસ, આઘાત કે ઉત્પાત બતાવવામાં ભારતના કલાકારોએ જે કુશળતા બતાવી છે તેનો પ્રભાવ શ્રી અહિવાસીની કલમે આ 'રેખાંજલિ'માં સમાવ્યો છે. એના ૩ નમૂના આ સાથે પ્રકટ કરીએ છીએ.

દરેક શાળા લાયબ્રેરી ને સાધનસંપન્ન ગૃહમાં આ સંપુટ હોવો જોઈએ. કિં. રૂ. ૧૪; પ્રકાશક જે. વી. નવલખીની કંપની, ૫૩૩, કાલબાદેવી રોડ, મુંબઈ ૨. —૨.મ.૨.

(૧) માતા અને બાળક; (૨) આળસ મરોડ: કદયપુરનાં બે ભીંતચિત્રો પરથી

રાષ્ટ્ર-સંમાનિત કલાકારો

ટી. અમુદેાન શર્મા–મણિપુરના 'રાસ-ધારી' કુળના વંશજ અને પેાતાના નામાંકિત કાકા કનહાઈ શર્મા પાસે મણિપુરી નૃત્ય શીખેલા આ ઉસ્તાદે ૧૫ વર્ષની વયે તેા નૃત્ય શીખવવાનું શરૂ કરેલું !

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી સાહિત્ય, કલા અને સંસ્કાર-ક્ષેત્રમાં રાષ્ટ્રીય ચેતના અને નવવિધાનના ઉદ્દેશથી મધ્યસ્થ સરકારે ત્રણ સંસ્થાઓની (સાહિત્ય, લલિતકલા ને સંગીતનાટ્ય અકાદમીઓ)ની સ્થાપના કરી. એના તરફથી વર્ષોવર્ષ નોંધપાત્ર ફાળો આપનાર વ્યક્તિઓનું પારિતોષિક આદિ દ્વારા બહુમાન કરવામાં આવે છે. ચાલુ વર્ષે સંમાનિત એવી સાહિત્યિક પ્રતિભાઓનેા પરિચય એપ્રિલ અંકમાં આપ્યેા હતેા.

સંગીત-નાટ્ય-નૃત્ય-ફિલ્મ-કલાઓના ક્ષેત્રમાં આજ સુધીમાં ૯૦ જેટલા, સંગીતજ્ઞેા નૃત્યવિદેા, નાટ્યકારેા અને ફિલ્મ-કલાકારેાનું સંમાન કરવામાં આવ્યું છે. એમાં વર્ષોવર્ષ કલાકારેાને સંમાનચિહ્ન તરીકે એક શાલ અથવા કિનખાબી અંગવસ્ત્ર, એક સુવર્ણ-કંકણ, સેાનાની માળા કે ઉપસાવેલા કમળના રૂપનેા સુવર્ણપદક ને એક સનદ અપાય છે. ચાલુ વર્ષના એવા ૧૮ સંમાનિત કલાકારેા પૈકી ૧૦નેા સચિત્ર પરિચય અહીં રજૂ કરીએ છીએ. (નાટ્યના ક્ષેત્રની બંને સંમાનિત વ્યક્તિઓ ગુજરાતી છે એ નોંધપાત્ર છે.) બાકીના આઠ કલાકારેા નીચે મુજબ છે :

(૧૧) સંગીતક્ષેત્રે : પંડિત યશવંત સદાશિવ મિરાશીબુવા–હિંદુસ્તાની સંગીત માટે; (૧૨) નૃત્યક્ષેત્રે : ગુરુ રવુન્ની નાયર–કથકલી નૃત્યના ૭૫ વર્ષના ઉસ્તાદ; અને (૧૩) બાપુ ખુડે નારાયણગાંવકર–મરાઠી લેાકનાટ્ય 'તમાશા' માટે; (૧૪) અભિનયક્ષેત્રે : આસામના નટ મિત્રદેવ મહંત અને (૧૫) પંજાબનાં નાટ્યનિર્દેશિકા સુશીલા વત્સ; ફિલ્મક્ષેત્રે : (૧૬) અભિનેત્રી લલિતા પવાર; (૧૭) ગીતલેખક 'પ્રદીપ' અને (૧૮) ચિત્રપટકથાલેખક સુખરામ શર્મા.

નાટ્યક્ષેત્રે : પ્રભુલાલ દયારામ દ્વિવેદી–ગુજરાતી રંગભૂમિના આ અતિ લેાકપ્રિય નાટ્યકારે આજથી ૪૦ વર્ષ પર લખવાનું શરૂ કરીને આજ સુધીમાં પચાસેક નાટકેા લખી અસાધારણ સફળતા મેળવી છે. ફિલ્મકથાઓ પણ લખે છે. આજે આંખેાનું તેજ ન હેાવા છતાં લખાવીને પણ નવાં નાટ્યસર્જન કરે છે.

નાટ્યક્ષેત્રે : કાસમભાઈ મીર–નવ વર્ષની વયે ગુજરાતી રંગભૂમિ પર જીવનની શરૂઆત કરીને ઉત્તમ અભિનેતા તરીકે નામના મેળવનાર આ નટે એકવીસમા વર્ષથી તેા નાટકેાનું નિર્દેશન પણ આરંભી દઈ પચાસેક નાટકેાનું નિર્દેશન કર્યું છે. જાતે અચ્છા ગાયક હેાઈ સેંકડેા લેાકપ્રિય ગાયનેાની રાગબંધી કરી છે.

સંગીત(વાદ્ય)ક્ષેત્રે : શ્રી કંઠે મહારાજ–ભારતના આ ઉસ્તાદ મૃદંગવાદક મૂળ બનારસ ઘરાણાના પંડિત રામસહાય પાસે આ કળા શીખેલા. પેાતે એકલા વગાડતા હેાય કે કેાઈની સંગતમાં–જુગલબંધીમાં હેાય, એમની ઝડપ અને કલાની ઉત્કૃષ્ટતા બધે જ માગ મુકાવે એવી હેાય છે અને લેાકપ્રશસ્તિ જીતી જાય છે.



સંગીતક્ષેત્રે : મુડીકોન્ડમ વ્યંકટરામ અય્યર– કર્ણાટકી સંગીતમાં ચાળીસ વર્ષના અનુભવી આરુઢ ને ઉત્કૃષ્ટ ગાયક, અને મદ્રાસની સંગીત-અકાદમીના આચાર્ય. રાગપ્રસ્તરમાં નિષ્ણાત.

સંગીતક્ષેત્રે : ટી. એન. સ્વામીનાથન પિલ્લૈ– પિસ્તાળીસ વરસની પાકી સાધના અને અનુભવ ધરાવનાર દક્ષિણ ભારતના આ ફ્લુટ-વાદક એમના ઉત્કૃષ્ટ સ્વરપ્રસ્તર માટે જાણીતા છે.

અભિનયક્ષેત્રે : સ્થાનમ્ નરસિંહરાવ–તેલુગુ રંગભૂમિ પર બીનહરીફ લોકપ્રશસ્તિ મેળવનાર આન્ધ્રના ત્રીસ વર્ષના અનુભવી આ અભિનેતા આજે યે એમના ક્ષેત્રમાં અનન્ય છે.

★

અભિનયક્ષેત્રે : એમ. વી. સુબ્બીઆનાયડુ– કન્નડ રંગભૂમિના આ જાણીતા નટ 'કૈરૅક્ટર ઍક્ટિંગ'–લક્ષણ પાત્ર ભજવનાર અભિનેતા તરીકે એમના પ્રાંતમાં ઉજ્જ્વળ કીર્તિ કમાયા છે.

★

નૃત્યક્ષેત્રે : વેદાન્તમ્ સત્યનારાયણ શર્મા– કુચીપુડી નૃત્યના નિષ્ણાત. [શાસ્ત્રીય નૃત્યોમાં ભરતનાટ્ય એ 'તાંડવ' પ્રકારનું (પૌરુષી) નૃત્ય છે; કુચીપુડી એ 'લાસ્ય' પ્રકારનું લલિત નૃત્ય છે.]

★

અભિનયક્ષેત્રે : સૅમ્યુઅલ સાહુ ઊર્ફે 'બાબી'– ઓરિસ્સાના આ અભિનયપટુ નટની ખૂબી એ છે કે તે નાયક ને ખલનાયક બંને પ્રકારનાં પાત્રો એકસરખી ઉત્કૃષ્ટતાથી ભજવી શકે છે.

ઉંડાપટ્ટી

કવયિત્રી–નેત્રી

ભારતની મનને પ્રેરણા અને જીવનદૃષ્ટિ આપનાર અભિજાત કવયિત્રી અને દેશના નૈરાશ્ય ને ઔદાસ્યના કપરા કાળમાં જનતામાં આશા ને ઉલ્લાસનો સંચાર કરનાર નેત્રી ભારતકોકિલા સરોજિની નાયડુનો જન્મ ઈ. ૧૮૭૯ની ૧૩મી ફેબ્રુઆરીએ દક્ષિણ હૈદરાબાદમાં, પૂર્વ બંગાળના સંસ્કૃતપ્રેમી અને શાસ્ત્રજ્ઞ કુટુંબમાંથી ઊતરી આવેલા શ્રી અઘોરનાથ ચટ્ટોપાધ્યાયને ત્યાં થએલો. માતા વરદાસુંદરીએપણ થોડાં સુંદરબંગાળી ગીતો રચેલાં.

બારમે વર્ષે મૅટ્રિક પસાર કરી, રાજ્યની શિષ્યવૃત્તિ મેળવી જ્યારે તેઓ ઇંગ્લંડ અભ્યાસ કરવા ગયાં ત્યારે તો તેમની કવિતાનો સ્રોત વહેવા લાગી ગએલો. તેમાં વિલાયતમાં સર એડમંડ ગૉસ ને મિ. આર્થર સાયમન્સ જેવા વિવેચકોનું માર્ગદર્શન મળતાં એમના એ કાવ્યસ્રોતમાંથી શુદ્ધ ભારતીયતાનો કલરવ સંભળાવા લાગ્યો.ભારતનાં વૈવિધ્યપૂર્ણ જીવન અને પ્રકૃતિનેતથા તેના મહિમામય ભૂતકાળને એમણે પોતાનીકવિતામાં સુંદરરીતેઆલેખ્યો છે. એમની કવિતાની કે એમાં રહેલી આ ભારતીયતાની કદર કરીને લંડનની રૉયલ સોસાએટી ઑવ લિટરેચરે એમને પોતાનાં સભ્ય બનાવ્યાં હતાં.

ઈ. ૧૮૯૭માં સ્વદેશ આવી એમણે હૈદરાબાદના ડૉ. ગોવિન્દ રાજુલુ નાયડુ સાથે આંતરજ્ઞતીય લગ્ન કર્યું. ત્યાર પછીના ત્યાંના નિવાસનાં વર્ષો દરમ્યાન તેઓ એ શહેરનાં એક અગ્રગણ્ય વ્યક્તિ બની રહેલાં. ત્યાર પછી મહર્ષિ ગોખલે દ્વારા રાજકારણમાં પ્રેરિત થયા બાદ દેશની પ્રત્યેક કટોકટી વખતે તેઓ ગાંધીજીની સાથે હમેશાં મોરચા પરની પહેલી હરોળમાં રહેલાં. એ રીતે લાગટ ૩૫ વર્ષ સુધી તેમણે તેમની શક્તિઓને રાષ્ટ્રોદ્ધારના કામે લગાડી. એ દરમ્યાનની એમની રાજકીય, સામાજિક અને સાંસ્કારિક પ્રવૃત્તિઓના તો આપણે સાક્ષી છીએ. હિંદી સ્ત્રીઓની આજની સુધરેલી સ્થિતિ એમના જેવાંને જ આભારી છે. આ દેશમાં સ્ત્રીત્વના લુપ્ત મહિમાને પુનઃસ્થાપિત કરવા માટેના એમનો ઉદ્યમ સુવિદિત છે. એમનું ખુદનું વ્યક્તિત્વ જ, સ્ત્રી પુરુષ કરતાં કોઈ રીતે ઊતરતી નહિ હોવાના પુરાવા સમું હતું. એમનું વકતૃત્વ પણ એવું જ કાવ્યમય, અસ્ખલિત અને મધુર.

દેશ સ્વતંત્ર થયા પછી તેઓ યુક્તપ્રાંતનાં ગવર્નર બનેલાં અને એ ફરજ બજાવતાં બજાવતાં જ લખનૌમાં ૧૯૪૯ની ૨જી માર્ચની રાત્રે તેઓ અવસાન પામ્યાં.

શાન્તાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશં
વિશ્વાધારં ગગનસદૃશં મેઘવર્ણં શુભાંગમ્।
લક્ષ્મીકાન્તં કમલનયનં યોગિભિર્ધ્યાનગમ્યં
વન્દે વિષ્ણું ભવભયહરં સર્વલોકૈકનાથમ્॥



ગળા કે પીઠ ઉપરના ભરતકામ માટે ખુદ્દા તથા આલેખન

શ્રી કુંવરબાઈ વકીલ કૃત 'ભરતકામના આલેખો'માંથી

અજમાવી જોજો

બારડીનાં પાંદડાંને લસોટી માથામાં થએલા ફોલ્લા પર ચોપડવાથી દાહ શાન્ત થશે.

ઘામાં કીડા હોય તો તે પર સીતાફળનાં બી વાટીને બાંધવાં; જરૂર ફાયદો થશે.

અખરોટનું એક તોલો તેલ પાંચતોલા ગરમ પાણીમાં મેળવીને પાંચ પાંચ કલાકને અંતરે પીવા આપવાથી કૂતરાનું ઝેર નષ્ટ થાય છે.

નંબુના સેવનથી મૂત્રાશયમાં રહેલી પથરી ગળી જાય છે. (નીરોગી)

પતિ-પત્નીના નામે બૅંકમાં સંયુક્ત ખાતું બોલવું તેનો અર્થ એ કે પતિ બૅંકમાં નાણું ભરે અને પત્ની ઉપાડે!

(પુરુષોની આ માન્યતા ખોટી પાડવી જોઇએ.)

પેટ, પેડુ અને આસપાસના અંગો માટેના એક સરળ કસરત. સવારે ખાલી પેટે કરવી.

ઍલિબાઈ*

શુ ના શો ધ ન ની વા ર્તા

આ વાર્તાનું વસ્તુ, સ્થળ, પાત્રો, સંસ્થા, ટેલીફોન નંબરો બધું જ કલ્પિત છે. એમાં કોઈ પણ જીવંત યા મૃત માનવી સાથે મળતાપણું જણાય તો તે અકસ્માત ગણવો.

પુષ્કરભાઈ ગોકાણી

વનમાલી કરસનદાસ ગણાત્રાએ રાઉન્ડ બિલ્ડિંગમાં પોતાના નામનું પાટિયું મારી વકીલાતની શરૂઆત કરી ત્યારે એને ખબર નહિ કે એના પહેલા જ કેઇસમાં અસીલ ફી આપવાને બદલે સામા પૈસા માગશે!

'પાંચ હજાર રૂપિયા! મિ. અનિલ, તમે પાગલ તો નથી થઈ ગયા ને? આ શરાફ બજાર નથી. કોઇ મુલતાની પાસે જાઓ; પાંચ હજાર રૂપિયા ત્યાંથી મળશે. હજુ મેં અહીં ઑફિસ ભાડે લીધાને પંદર દિવસ થયા છે. કેઇસ તો હજુ એકે આવ્યો નથી, ને હું પાંચ હજાર કાઢું ક્યાંથી? તમે સૌરાષ્ટ્રના, અને વળી આટકોટના, એટલે તમારી વાત સાંભળી. હવે મારો અને તમારો સમય બગાડ્યા વિના કોઈ બીજું ઘર શોધો.' વકીલ સાહેબનું મોં કટાણું થઇ ગયું. પહેલો કેઈસ ને તે પણ ભૂખડીબારસનો!

'મારી વાત સાંભળો. હું મૂરખ નથી કે વકીલ પાસે એમ ને એમ પૈસા માંગું. બીમા કંપનીમાં ઇન્સ્પેક્ટર તરીકે હું નોકરી કરું છું. અઢીસો રૂપિયા પગાર મળે છે. તમારા પૈસા વ્યાજ સાથે પાઇએ પાઈ ચૂકવી આપીશ. તમે મારા માટે કોઈ પાસેથી પણ આટલી વ્યવસ્થા કરી આપો. જમીન વિના કોઇ ધીરતું યે નથી. તમે વકીલ છો; ઘણા પાસે તમે કામ પાડી શકો છો.' અનિલ કરગરવા માંડ્યો.

'મેં કહ્યું ને, કે મને વખત—'

'મારી વાત પૂરી સાંભળો, વકીલ સાહેબ; આ મારી જિંદગી યા મોતનો સવાલ છે! હમણાં જ મારી સગાઇ 'શેઠ બ્રધર્સ'વાળા શ્રી હસમુખલાલ શેઠની પુત્રી અરુણા સાથે થએલી છે. મહિના માસમાં લગ્ન થશે. આ બધું—લગ્ન, નોકરી, બધું જ બરબાદ થઈ જશે.' અનિલ જરા શ્વાસ ખાવા થોભ્યો: 'આજે સવારે ડાભોલકર વાડીમાં એક કેઈસ તપાસવા જતાં મારા જૂના મિત્ર જગજીવનનો ભેટો થઈ ગયો. તેણે મારી પાસે વીમો ઊતરાવ્યો છે. તેને દસ હજારનું વલણ ચૂકવવું છે. તેણે મારી પાસે પાંચ હજારની સગવડ માટે હાથ લંબાવ્યો છે. મેં પ્રથમ ના પાડી. પણ હવે ચાલે તેમ નથી. પાંચ હજાર નહિ આપું તો તે મારી જિંદગી બગાડી નાખશે!'

'એવું તે શું છે કે તે તમારી જિંદગી...'

'કલકત્તામાં આજથી ચાર વર્ષ પહેલાં તેણે મારા પર એક મોટો ઉપકાર કર્યો છે. તેની વિગત બહાર આવે તેમાં મારું ભલું નથી.'

'એમ ત્યારે; તમે બ્લૅકમેઇલ ચૂકવવા માગો છો. મને જગજીવનનું સરનામું આપો, હમણાં પોલીસને ફોન કરી તેની ખબર લઇ નાખીએ.'

'ના, ના, વકીલ સાહેબ, આમાં પોલીસનું કામ નથી. હું વળી વગર વિચાર્યે ક્યાં તમારી પાસે આ માગણી કરી બેઠો. કે તમે પોલીસને વચ્ચે લાવવા માંડ્યા. તમને નહિ સમજાય પણ રાત્રે દસ વાગ્યા પહેલાં પાંચ હજાર રૂપિયા નહિ મળે તો મારે આપઘાત કરવો પડશે.'

'તેમાં હું શું કરું? મારી પાસે પણ પૈસા નથી. અને હોય તો યે કદી આમ કાયદા વિરુદ્ધ તમને કદી સાથ ન આપું. પણ મુંબાઈની પોલીસ હોશિયાર છે, તમને જરૂર બચાવી લેશે.' વકીલને હમદર્દી થઈ આવી.

'ના, પોલીસ મારફત આ પતે એમ નથી. ખેર; હું મારું ફોડી લઈશ.' કહી અનિલ ઊઠ્યો: 'તમે ઘરના જ એટલે વળી મેં માગ્યા'તા'.

'તમારું કાર્ડ મને આપતા જાઓ અને મારું કાર્ડ રાખો. પૈસા સિવાય હું તમને ઉપયોગી થવા પ્રયત્ન કરીશ.' વકીલ સાહેબે હજુ ધંધો શરૂ કર્યો હતો એટલે થોડી દયા તેનામાં હતી.

શૂન્યમનસ્ક ચિત્તે અનિલે પૉર્ટફોલિયોમાંથી કાર્ડ કાઢી આપ્યું અને ઑફિસ છોડી.

૨

કાર્ડ ઉપર લખ્યું હતું:

'અનિલ ન. પરીખ, એમ. એ.
ઇન્શ્યોરન્સ ઇન્સ્પેક્ટર, એલ.આઈ.સી.
૨૭, જોષી કલબ, વાંદરા, મુંબઈ-૫૦.'

વકીલ ગણાત્રાએ કાર્ડ પાછળ ફેરવ્યું ને જોયું તો પેન્સિલથી પાછળ પણ સરનામું લખેલું હતું:

જગજીવન ઉત્તમચંદ ડોડિયા, શેરદલાલ,
૪૧, વ્રજકાન્ત મૅન્શન, ત્રીજે માળે,
ડાભોલકર વાડી, કાલબાદેવી રોડ, મુંબઇ-૨

થોડી વાર વિચાર કરી વકીલે નીચે ઊતરી પાસેના ફોન-બૂથ ઉપરથી ડિરેક્ટરીમાં 'શેઠ બ્રધર્સ'નો નંબર જોઇ ફોન જોડ્યો.

હલ્લો, 'શેઠ બ્રધર્સ કે?'

'જી.' સામેથી જવાબ આવ્યો.

'હસમુખભાઈ શેઠ છે કે?'

'હા જી, હું પોતે જ. બોલો, આપ?'

'હું વનમાલી કરસનદાસ ગણાત્રા, હું અને અનિલ મિત્રો છીએ. તેમની સાથે આજે વાતચીત થઇ તેમાં તમારા વિષે જાણ્યું. મેં હમણાં જ વકીલાત શરૂ કરી છે, આપ જેવાનો સહકાર મળે તો...'

'આપ ક્યાંથી બોલો છો?'

'રાઉન્ડ બિલ્ડિંગમાંથી. હું અને અનિલ બંને એક જ ગામના.'

'એમ કે? તમે આટકોટના?

'જી, અનિલનાં લગ્ન ક્યારે ગોઠવો છો?'

'તમારે મિત્રોએ જપતાવવું પડશે, ગણાત્રાભાઈ. બિચારાના સગામાં અત્યારે નજીકનું કોઈ જ નથી. એકાદ માસમાં રાખવા વિચાર છે.' હસમુખભાઈના અવાજમાં લાગણી તરી આવી: 'તમે અનિલ સાથે અત્રે આવો તો?'

'જરૂર આવીશ, મારા લાયકકામકાજ હોય તો અહીં રાઉન્ડ બિલ્ડિંગમાં ઑફિસ છે.'

'ઠીક યાદ આવ્યું! આજે સાંજે જ છ વાગ્યે વખત હોય તો દુકાને આવોને! એકાદ કેઈસ છે. અનિલ પણ ત્યારે જ આવે છે.'

'વાહ, ચોક્કસ આવીશ. ઠીક થયો, જય જય!' વકીલ ફોન મૂકી બબડ્યા: 'આખો દિવસ કામ જ ક્યાં છે! પછી ડાયરીમાં ઍપોઈન્ટમેન્ટ નોંધી બૂથની બહાર આવ્યા.

'શ્રી રામ બૅંકમાં ઘોળે દિવસે ધાડ!' એક ફરિયાસમાચારપત્ર લઇને દોડ્યો જતો હતો.

*Alibi (ગુનાને સ્થાને પોતે ગેરહાજર હોવાનો પુરાવો)નો ઉચ્ચાર આપણે 'ઍલિબી' કરીએ છીએ તે ઑક્સફર્ડ ડિક્શનરીમાં ઉપર મુજબ છે.

'લાવ ભાઈ!' વકીલે બૂમ મારી. પેલાએ છાપું આપ્યું. 'પાંચ લાખની ચોરી. પત્તો આપનારને પાંચ હજારનું ઇનામ. ફ્રૅંચમાં થએલી સનસનાટીભરી ચોરી...' ફેરિયો બૂમ મારતો ચાલ્યો ગયો. વકીલ સાહેબે છાપું બગલમાં મૂકી ચાલવા માંડ્યું.

૩

તેઓ ડાભોલકર વાડી પર પહોંચ્યા ત્યારે અગિયાર વાગ્યા હતા. વ્રજકાન્ત મૅન્શન પર ડોડિયા જગજીવનની રૂમ તરત મળી ગઈ. તેણે સાંકળ ખખડાવી. અંદરથી લગભગ ત્રીસ વર્ષનો ભરેલ બાંધાનો યુવાન બહાર આવ્યો.

'જગજીવનભાઈ?'

'જી, આપ?'

'હું ગણાત્રા. વકીલાત કરું છું. રાઉન્ડ બિલ્ડિંગ ઉપર મારી ઑફિસ છે, અનિલ મારો મિત્ર છે. તે રસ્તામાં મળી ગયો. તેની પાસેથી કાર્ડ લીધું તેની પાછળ આપનું સરનામું જોઈ થયું, લાવ મળી આવું. આપ જેવાના સહકારથી વકીલાતની શરૂઆતમાં...'

'આવો, આવો.' જગજીવને ગણાત્રાને અંદર લીધા. 'અનિલના મિત્ર એટલે મારા પણ મિત્ર. કહો, શું લેશો? ચા કે કૉફી.'

'કાંઈ નહિ. જમવાનો વખત થયો ત્યાં..'

'જમવામાં તમને મદદ કરી શકું તેમ નથી. હજુ હૉટેલ જ મારી સ્ત્રી છે.' હસતાંહસતાં જગજીવન બોલ્યો. વકીલે જોયું રૂમ સાદો હતો છતાં પંખો, ટેલીફોન, વગેરે હતા.

'તમે અનિલ સાથે જ કલકત્તામાં હતા?' વકીલે પૂછ્યું.

'તમને બધી ખબર લાગે છે? અમે કલકત્તામાં સાથે ભણતા તેમજ એક પેઈંગ ગેસ્ટ હાઉસમાં સાથે રહેતા પણ ખરા. એ એમ.એ. થઈ ગયો, પણ બંદા બી.એ. પણ ન થઈ શક્યા. અહીં છએક માસથી શેર બજારમાં છું. પણ તેમાં દલાલી નજીવી, એટલે શું મળે?'

'હા, શરૂઆતમાં જરા તકલીફ પડે...'

'અરે, જરા તકલીફ હોય તો તો વાત પણ શું? પણ હમણાં થોડો ધંધો હાથ ઉપર કર્યો, તેમાં કાલે જ દસ હજાર ચૂકવવાના છે. હું તો મૂંઝાઈ ગયો છું, ભાઈસાહેબ! તમારા જેવા મદદ કરે તો જ આમાંથી નીકળી શકાય!'

'અરે, આ તો મને પણ જાળમાં લેવા માગે છે કે શું?' વકીલ મનોમન વિચારવા લાગ્યા. 'હું કેવી રીતે મદદ કરું? મારી સ્થિતિ તો વળી તમારા કરતાં યે બદતર છે. વળી આપણો પરિચય પણ હજુ હમણાં થયો.'

'ગભરાશો નહિ, એમ હું પૈસા નહિ લઈ લઉં; પણ મુશ્કેલીમાં આમ પોટબળ્યા બોલી જવાય છે. અનિલે વચન આપ્યું છે એટલે એના સસરા પાસેથી પાંચનો જોગ તો કરી આવશે. હવે બાકી પાંચની ચિંતા રહી.'

'કદાચ એના સસરા નહિ આપે તો?'

'અરે યાર, તમે યે શું! અનિલ જેવો ભણેલો ગણેલો છોકરો આજે એમ ન્યાતમાં રેઢો નથી પડ્યો. વળી અરુણા પણ વિલ્સનમાં આગળ ભણે છે. વધારે ભણતર, તેમ તો છોકરો શોધવો મુશ્કેલ. પાંચ શું દસ હજાર જોઈશે તો દસ હજાર આપશે. હસમુખલાલ શેઠને કયાં ખોટ છે?'

'પણ શા માટે આપે?'

'કેમ વળી? લગ્નની તૈયારી માટે.' જગજીવન ખંધું હસ્યો.

'કદાચ તાત્કાલિક સગવડ ન હોય, ને બે દિવસ મોડા આપે તો તમને ઉપયોગી ન પણ થાય.' વકીલ સાહેબે સ્થિતિ સ્પષ્ટ કરી.

જગજીવન સહેજ વિચારમાં પડી ગયો:

'આ તો જીવનમરણનો સવાલ છે. અનિલ લાવ્યા વિના હરગીઝ રહેશે નહિ. ચાર વર્ષ પહેલાં મેં તેને બચાવ્યો હતો, તો આ જ એ મારો સમો નહિ ચૂકે.' ત્યાં બારણું ઊઘડ્યું ને એક ભૈયો દાખલ થયો.

'શેઠ, છ મહિનેકા ભાડાતા પૈસા અને મેં હુછીના આપેલા બસો રૂપિયા હમણાં જ જોઇએ છે. તુરત કાઢી આપ, નહિ તો બધા બિસ્ત્રા પોટલા બહાર ફેંકી દઈશ.'

'ભૈયાજી, આમ એકદમ ગરમ શું થઇ જાવ છો? હું ભાડું લઇને થોડો ભાગી જવાનો છું. એમ બીજી રૂમ પણ કયાં મળે છે? આવતી કાલે ચોક્કસ.' જગજીવને મીઠાશથી કહ્યું.

'એવી ઘણી આવતી કાલ આવી ગઈ. મને તો અત્યારે જ પૈસા જોઇએ. બસો રૂપિયા તો અભી કે અભી!' ભૈયો એમ માની જાય તેમ નહોતું. લોકો ભેગા થવા માંડ્યા હતા. સ્થિતિનો લાભ લઇ જગજીવન બોલ્યો: 'તમને કહ્યું તો ખરું ભૈયાજી કે આવતી કાલે આપીશ. પછી માથું શા માટે ખાઓ છો?'

'તારા બિસ્ત્રા પોટલા હમણાં જ બહાર કાઢવા પડશે, શેઠ; ભલો થઇને પૈસા આપી દે.' ભૈયાજી રૂમમાં દાખલ થવા ગયા.

'જુઓ ભૈયાજી, કાયદેસર વાત કરો. અંદર બેઠા છે તે મારા મિત્ર વકીલ છે. બહુ કરશો તો હાથકડી પડશે, સમજ્યા?' ભૈયો અંદર આવતાં અટકી ગયો. જગજીવને આગળ ચલાવ્યું.

'–અને મને તમે કયારે પૈસા આપ્યા છે?'

'કયા બાત કરતા હૈ' ભૈયો ગુસ્સામાં માતૃભાષા પર આવી ગયો: 'મેરે પૈસે નહિ દેગા? બદમાશ!' એણે જગજીવનનું ગળું પકડ્યું:

'મૈં તેરે બાપ સે ભી લૂંગા! જ્યાદા ગરબડ કરેગા તો અભી તેરે દાદાકે પાસ ભેજ દૂંગા.' તેણે ગળું વધારે દબાવ્યું. એક વૃદ્ધ પુરુષ આડા પડ્યા. 'ભૈયાજી શાંત થાઓ. જગજીવન, શો મામલો છે? આપી દેને એના પૈસા!'

ગળું છૂટ્યું એટલે તે હોશમાં આવી ગયો: 'આજે રાત્રે દસ વાગ્યે આવે ને, આપી દઈશ. મારા પૈસા આવવાના છે.' ભૈયાજી તરફ ફરીને તે બોલ્યો: 'બાકી ભૈયાજી, બાંધી મૂઠી લાખની, પચાસના પગારમાં તમે બસો રૂપિયા કયાંથી ભેગા કર્યા? અને મેં ન સાચવ્યા...'

'બદમાશ! ફિર વહી બાત?...' કહી ભૈયાજી ધસ્યા: 'રાતકો મેરા દોસો રૂપિયા નહિ દેગા તો તેરા ખૂન પી લૂંગા.' વળી પેલા વૃદ્ધ આડા પડ્યા, એટલે ભૈયાજીએ ઘૂંવાકૂંવા થતાં ચાલવા માંડ્યું: 'રાત કો દસ બજે તો કમરા તોડ કે ભી આઉંગા.' ટોળું વીખરાયું. ત્યાં ટેલીફોનની ઘંટડી વાગી એટલે જગજીવન તે તરફ ગયો.

'હલ્લો.' જગજીવને ફોન ઉપાડ્યો: 'હા હું જગજીવન, કોણ તમે?...હૅં?! મેં વાત તો કરી હતી પાલવા ઉપર...શું છે તમારો નંબર? ૫૪૩૨૬૧? હા ભલે...પણ આજ ને આજ કેમ બને? મારું સરનામું તને કોણે આપ્યું? ...ઠીક તો, આજે રાત્રે દસ વાગ્યે...ચોક્કસ. પ્રૉમિસ...હું તકલીફમાં છું. મારે કાલે વલણ ચૂકવવા દસ હજાર તો જોઈએ છે, તેમાં તારા આ પાંચ...હરિઈચ્છા. કદાચ થઈ પણ જાય. પ્રયત્ન કરીશ... રાત્રે દસ પહેલાં નહિ.' તેણે ફોન બંધ કર્યો. તેનું મોં પડી ગયું હતું.

'ઠીક ચાલો, વકીલ સાહેબ! બહુ, દુઃખીઆને દુઃખ શું? એક વધારે...' જગજીવન હતાશ થઈ બોલ્યો: 'ચાલો જમવા, બજારનો વખત થયો.' એણે કપડાં પહેરવા માંડ્યાં. ત્યાં કદાચ નસીબ યારી આપી પણ દે.'

વકીલ સાહેબે ૫૪૩૨૬૧ નંબર ગોખવા માંડ્યો. જગજીવન સાથે તે નીચે આવ્યા. કોલભાટલેનમાં થઈ તે ઈરાનીની હોટેલમાં આવ્યા. ગિરગામ ઉપર એ આમિષ-નિરામિષ બન્ને ભોજન આપતી બહુ મોટી નહિ ને બહુ નાની નહિ એવી હોટેલ હતી. આવતાં વેંત તેણે ઑર્ડર આપ્યો: 'ઓસમાન, એક ચા ઔર એક અપના ખાના.. જલદી'

જમણ અને ચા આવ્યાં. 'ચલાવો વકીલ સાહેબ. હું તો જૈન છું; પણ તમને આ ખાણું કદાચ ન ચાલે.' હસતાંહસતાં જગજીવને કહ્યું. વકીલ સાહેબને એ આમિષ ભોજનની સૂગ આવી. જેમતેમ કરી તેણે ચા પીવા માંડી.

'અરે જગજીવન! દીકરા, તું કયાંથી? આજે આટલો મોડો?' વાંસામાં ધબ્બો મારતો એક

પારસી યુવાન બીજા ટેબલ પરથી ત્યાં આવ્યો. મોં કટાણું કરી જગજીવન બોલ્યો: 'આવ કેકી! બસ, બસ. શું લઈશ?'

'ખુદાબખ્શ મળે તો તું જે આપે તે.' વેઇટર તરફ ફરી તે બોલ્યો, 'મારે માટે પણ એક ખારસું મજેનું ખાણું લાવ, ઓસમાન!' પછી વકીલને જોઈ બોલ્યો: 'આ કોણ તારા દોસ્ત છે?'

'હા'. જગજીવન સાવ મૂંગો બની ગયો. વકીલ ગણાત્રાએ હવે ધીમેધીમે ઊઠવાની તૈયારી કરવા માંડી.

'પછી, આજ આપણો વાયદો પૂરો થાય છે જગજીવન! સાંજે તો મારે જોઇએ જ...' કેકીએ ગંભીર થઈ કહ્યું, 'હાં કે?'

'અત્યારે જરા ઉતાવળમાં છું કેકી.' જગજીવન બોલ્યો: 'રાત્રે આઠ વાગ્યે રૂમ ઉપર મળજે. બનશે તો આજ છ વાગ્યે જ મી લઈશ. નહિ તો રૂમ પર મંગાવી લઈશું. રૂમ પર તને મારી બધી વાત સમજાવીશ.'

'બસ વકીલ સાહેબ, ઊઠ્યા?' જગજીવને કેકી સાથે ઓળખાણ ન કરાવી એટલે વકીલ ગણાત્રાને ત્યાં બેસવું ઠીક ન લાગ્યું. તે ઊઠ્યા. 'જય જય'.

'જય જય' કહી તેણે હોટેલ છોડી. હોટેલમાંથી તેની સાથે જ ખાણાના ડબ્બા લઈ એક ઘાટી નીકળ્યો. તેને વકીલે પૂછ્યું:

'અહીંથી ઘરે પણ મોકલાય છે?'

'હા, શેઠ.'

'તારું નામ?'

'લક્ષ્મણ?'

૩

વકીલ સાહેબના મનમાં પેલો ફોન ગુંજતો હતો. એણે તુરત નજીકના ફોન-બૂથ ઉપરથી ૫૪૩૨૬૧ ઉપર ફોન જોડ્યો: 'હલ્લો.'

'જી, તમે કોણ?' સામેથી મીઠો ઘંટડીના રણકાર સમો અવાજ આવ્યો.

'જી, હું ગણાત્રા. જગજીવન તરફે બોલું છું. તેમણે પુછાવ્યું છે કે રાત્રે દસને બદલે સવારે આપે તો?'

'તમે કોણ છો?

'તેની સાથે રૂમમાં રહું છું. તેણે મને તમને આપવા સંદેશો કહ્યો છે. હમણાં સવારે તમે ફોન નહોતો કર્યો?'

'હા, પણ તમે તેને કહેજો કે રાત્રે દસ વાગ્યે જ. તેમાં જરા પણ ફેર નથી. દસના પોણા દસ ખરા, પણ દસથી મોડું બિલકુલ નહિ.'

'પણ તુરત એટલી રકમ બને તેમ નથી?'

'તો હું શું કરું? પાંચ હજારથી ટકો પણ ઓછા નહિ.' વકીલ સાહેબને લાગ્યું સામેથી બોલનાર બાઈ ગુજરાતી નથી લાગતી.

'પણ, પાંચ હજાર તો બને એમ જ નથી!' વકીલ સાહેબને હજુ વાતની કડી મળતી નહોતી તેથી વાત લંબાવી.

'તો, પોલીસને મારે કલકત્તાવાળો પત્ર...'

'પત્ર હજી તો તમારી પાસે છે ને?'

'હા.'

'તમારું સરનામું આપો, હું મહેનત કરું.'

'નિશા બૅનરજી, બમનજીનો માળો, ચોથે મજલે, મિન્ટ રોડ. પણ મને મળવાથી ફેર નહિ પડે. આજે રાત્રે દસ વાગ્યે, અગર તે પહેલાં. પાંચ હજાર પૂરા.' કહી તેણે ફોન મૂકી દીધો. વકીલ સાહેબે ડાયરીમાં સરનામું નોંધી લીધું. વકીલે જોયું કે હજુ એક વાગ્યો હતો. સાંજ પહેલાં કાંઈ કામ નહોતું. થોડી વાર વિચાર કરી તે વિલ્સન કૉલેજ તરફની બસમાં બેસી ગયા. અનિલના મિત્ર થવું હોય તો અરુણાને પણ ઓળખી લેવી જોઇએ!

૪

વિલ્સન કૉલેજની ઑફિસમાં તપાસ કરતાં જાણવા મળ્યું કે મિસ અરુણા શેઠે બી.એ.માં હિસ્ટ્રી-ઇકૉનૉમિક્સ લીધું હતું. તેણે ટાઈમ-ટેબલ તપાસી સીનીઅર બી.એ.ના ક્લાસ તરફ જવા માંડ્યું. ત્યાં તો પીરીઅડ પૂરો થયો, એટલે બીજા પ્રોફેસર આવે તે પહેલાં તે ક્લાસમાં બેસી ગયા. બાજુમાં બેઠેલા કૉલેજીઅનને પૂછી તેણે અરુણા શેઠને ઓળખી લીધી.

નમણી, ચાલાક આંખોવાળી, કરસાદાર અરુણાનું યૌવન વસંતને હૈયે ચડ્યું હતું. બેએક વખત તેણે પાછા ફરીને જોયું એટલી વારમાં વકીલે તેનો કયાસ કાઢી લીધો. અરુણા ખરેખર વાણિયાની દીકરી જ હતી. આંખોમાં મીઠાશ હતી પણ સાથેસાથે કોઈ તેને અવગણી ન શકે તેવી તેમાં ચીમકી પણ હતી.

પીરીઅડ પૂરો થયો. સૌ છૂટ્યા. વકીલે અરુણાની પાછળ થોડું અંતર મૂકી ચાલવા માંડ્યું. ચોપાટીથી તે 'ઇ' રૂટમાં બેઠી. વકીલ સાહેબે પણ તેની બાજુમાં જગ્યા લીધી. કન્ડકટર આવતાં અરુણાએ પર્સ ખોલ્યું: 'રહેવા દો' વકીલ સાહેબ બોલ્યા 'હું અનિલનો મિત્ર છું, મેં તમારો ફોટો અનિલ પાસે જોયો હતો. તમે જ અરુણાબેનને? કઈ તરફ જવું છે?'

'કાલબાદેવી, તમારું નામ?' અરુણાએ આશ્ચર્યમાં પૂછ્યું. વકીલે બે ટીકીટ લીધી.

'વનમાળી કરસનદાસ ગણાત્રા.'

'અનિલે મને તમારી વાત કદી કરી નથી!'

'અમે ઘણે વખતે આજે જ ભેળા થઈ ગયા. હું પણ આટકોટનો.'

'એમ? તો કયારેક ઘર તરફ આવોને.' અરુણાએ વિવેક કર્યો.

'જરૂર આવીશ.'

'અત્યારે જ ચાલો.'

'અનિલ સાથે કોઈ વખત આવીશ.'

'તમે શું કરો છો?'

'વકીલાત, રાઉન્ડ બિલ્ડિંગમાં ઑફિસ છે.'

'અનિલ કયારે મળ્યો!'

'ચાર કલાક પહેલાં મારી ઑફિસ ઉપર આવ્યો હતો. બહુ ઉદાસ જણાતો હતો.'

'કાંઈ ખાસ કારણ હતું?' અરુણા એકદમ વકીલ તરફ ઝુકી. અત્યાર સુધી તેનું ધ્યાન બસની બહાર હતું. જાણે વાત કરવા ખાતર કરતી હોય તેમ બોલતી હતી.

'તમને તો ખબર હશે જ. એ કાંઈક મુસ્કેલીમાં આવી પડ્યો હોય તેમ લાગે છે. આજે રાત્રે દસ વાગ્યા પહેલાં એણે પાંચ હજાર રૂપિયા ચૂકવવાના છે.' વકીલે જાણી જોઇને વાત કરી કે કદાચ અરુણા જ તેના પિતા પાસેથી અત્યાર પૂરતી અનિલને મદદ કરે.

'કોને આપવાના છે?'

'તેનો કલકત્તાનો કોઈ મિત્ર છે. નામ છે જગજીવન ડોડિયા. કાલબાદેવીમાં વ્રજકાન્ત મૅન્શન ઉપર ચોથે માળે રહે છે. અનિલ ડાભોલકર વાડીમાં કેસ તપાસવા ગયો હતો ત્યાં એ તેને મળી ગયો. તમે તો એ જગજીવનને ઓળખતાં હશો?' અરુણા ધ્યાનથી સાંભળતી હતી. તેની આંખોમાં ચિંતાનો ઓછાયો સ્પષ્ટ જણાતો હતો.

'હું ઓળખતી નથી; પણ પાંચ હજાર શા માટે આપવાના છે? અનિલે કાંઈ કહ્યું છે? મને કેમ કોણ જાણે કહ્યું નથી!'

'મને પણ બીજું કાંઈ જ કહ્યું નહિ. એટલું બોલ્યો કે પાંચ હજાર સાંજ પહેલાં નહિ મળે તો તેનાં લગ્ન અટકી પડશે.'

'શું?' અરુણાનું મોં ફિક્કુંકુંથઈ ગયું. પૂનમના ચંદ્ર ઉપર જાણે વાદળી ધસી આવી.

થોડી વાર વકીલે જવાબ ન આપ્યો, એટલે અરુણા બોલી: 'કયે માળે રહે છે?'

'ચોથે માળે, રૂમ નં. ૪૧માં.'

'સાંજે અનિલને પૂછી જોઈશ. એવું બધું હોય તો બાપુજીને કહીને પણ કાંઈક કરી શકાય.' 'અનિલે ઉછીના લીધા હશે કે શું?'

'સાંજે તમારી દુકાન પર હું પણ અનિલને મળવાનો છું.' વકીલે હવે નિકટતા બતાવવી શરૂ કરી: 'હસમુખભાઈ શેઠ મને એક કેઈસ આપવાના છે.'

'તો પછી અનિલ સાથે ઘેર આવજોને.'

'ચોક્કસ.'

'ઠીક, મારે ઊતરવાનું આવ્યું. જય જય.' બૂની હનુમાન ગલી આગળ અરુણા ઊતરી

પડી. વકીલ પ્રિન્સેસ સ્ટ્રીટ ઊતરી ગયા. પણ આજે તેણે વસંત હેલ્થ હોમમાં ખાણું ન લેતાં ઈરાનીની પેલી હોટેલ તરફ જવા માંડયું. અઢી વાગ્યા હતા. સવારે જ્યાં બેઠા હતા ત્યાં જ તે બેઠા. સવારવાળો વેઈટર આવ્યો.

'એક ચા, એક સૅન્ડવિચ,—વેજિટેબલ સૅન્ડવિચ.' વકીલ સાહેબે ઑર્ડર આપ્યો. થોડીવારમાં ડિશ આવી ગઈ. તેણે પૂરું કર્યું. બિલ આવ્યું : આઠ આના. તેણે તેમાં બેની નોટ મૂકી કહ્યું : 'પરચૂરણ તમે જ રાખજો.'

વેઈટરે સલામ કરી.

'તમારું નામ?' વકીલે પૂછ્યું :

'ઓસમાન.'

'અહીં કેટલા વખતથી છો?'

'બે વર્ષથી.'

'જગજીવન અહીં ક્યારે આવે છે?'

'સવારે અગિયાર વાગ્યે અને રાત્રે આઠ વાગ્યે; પણ આજે છ વાગ્યે આવવાનું કહી ગયા છે. આપના જેવા જ ઉદાર છે.'

'કેકી ક્યારનો અહીં આવે છે?'

'એક વર્ષથી.' ઓસમાન હવે વધારે વખત અહીં રહેવાથી બધાંનું ધ્યાન દોરાશે, માની વકીલે બીજી ચાનો ઑર્ડર આપ્યો.

તરત સારી ચા આવી. ઓસમાને એની મેળે જ કહ્યું : 'કેકી શેઠ જ જગજીવનને અહીં લાવ્યા. પણ કેકી શેઠ કાંઈ સારું માણસ નથી. કોઈ બંગાળી છોકરીને સાથે ફેરવે છે.' કહી બિલ આપી ઓસમાન બીજા ટેબલ પર ગયો. વકીલ તેને માટે બીજી યોગ્ય ટિપ મૂકી બહાર આવ્યા. હજુ ત્રણ વાગ્યા હતા.

૫

વકીલ સાહેબે સવારથી અત્યાર સુધીના બનાવો મનમાં ગોઠવવા માંડયા.

અનિલ જગજીવનને બ્લૅકમેઈલના પાંચ હજાર ચૂકવવા પોતા પાસે પૈસા લેવા આવ્યો. જગજીવનને દસ હજાર લગભગ ચૂકવવાના છે એટલે તો તેણે વીમાના સોબસો ખર્ચીને પણ અનિલને બળમાં લીધો. વળી જગજીવન પાસે નિશાએ પાંચ હજાર માગ્યા છે. ચોરમાં મોર પડચા લાગે છે. જગજીવનની પોલ નિશા જાણતી લાગે છે. જગજીવને સાંજ પહેલાં આમ પંદર હજાર એકઠા કરવાના રહ્યા. નિશાને જગજીવનનું સરનામું કેકી શેઠે આપ્યું લાગે છે. અનિલે કલકત્તામાં કાંઇક કર્યું છે તે જગજીવન જાણે છે. જગજીવને પત્રમાં કાંઈક લખ્યું છે તે પત્ર નિશા પાસે છે. શું હશે?

વકીલે 'ટાઇમ્સ'ની ઑફિસ તરફ ચલાવ્યું. ઑફિસમાં પોતાનું કાર્ડ આપી એણે કલકત્તામાંથી પ્રગટ થતી 'ટાઇમ્સ'ની આવૃત્તિની ચાર વર્ષ પહેલાંની પ્રતો માગી.

છાપાંમાં એમ કાંઈ હાથ લાગે તેમ નહોતું. તો પણ ધીરજથી તેણે તપાસ ચાલુ રાખી. આમે ય છ વાગ્યા સુધી તે નવરા જ હતા. બે કલાક પછી એનું ધ્યાન ખેંચાય તેવી કેટલીક વિગતો મળી. ફરી તેણે આગળ જોવા માંડયું. ત્યાર પછી બે માસ સુધી છૂટીછવાઇ ખબરો મળી આવી. તેના ઉપરથી વકીલ સાહેબના મનમાં એક ઊપસી આવ્યું.

'ઝવાનીપુરના એક પેઈંગ ગેસ્ટ હાઉસમાં કેશવ મુખરજી નામના એક કૉલેજિયનનું ખૂન થયું હતું. તે હાઉસમાં જમવા આવનારમાં જગજીવન ડોડિયા, અનિલ પરીખ, મહેન્દ્ર મહેતા, સરદારસિંગ કૃપાલસિંગ વગેરે હતા. લૉજિંગ બૉર્ડિંગ ચલાવનાર આ હાઉસની માલિકણ વિધવા બાઇ દુર્ગાબાઇની એક પુત્રી નિશા પણ કૉલેજમાં તેઓ સાથે ભણતી હતી. ખૂનની રાત્રે બહારનું કોઇ ખાસ ગ્રાહક નહોતું.

પોલીસે તપાસ ચલાવી તો જણાતું હતું કે નિશા તથા દુર્ગાબાઇ સૂવાની તૈયારી કરતાં હતાં. નોકરો ચાલ્યા ગયા હતા. મહેન્દ્ર તથા સરદારસિંગ સિનેમા જોવા ગયા હતા. અનિલ તથા જગજીવન ખૂન પહેલાં કલાકેકથી સાથે પત્તાં રમતા હતા. એટલે લાગતું હતું કે કોઈ બહારનાનું કામ હશે. કેશવની ડાયરીમાં તેને મોટું દેવું હોય તેમ જણાતું હતું. કોઇ લેણદારમાંથી પણ આ ખૂન કરનાર હોય! પોલીસે એ કેસ સમરીમાં આપી દીધો હતો. કેશવ એક જમીનદારનો પુત્ર હતો. તેના પિતા તરફથી ખૂનીને શોધી આપનારને રૂપિયા પાંચ હજાર મળે તેમ હતા. પોલીસની નિષ્ફળતાની આકરી ટીકા પણ કરવામાં આવી હતી.

વકીલ ટાઇમ્સના આ ખબરો વાંચી ચમકી ઊઠચા. શું અનિલે કેશવનું ખૂન કર્યું હશે તે જગજીવન જાણતો હશે, ને તે ખબર પોલીસને ન આપવાના બદલામાં તેણે પાંચ હજાર માગ્યા હશે? કારણ કે ખૂન વખતે અનિલ સાથે તે પત્તાં રમતો હતો એમ તેણે જુબાની આપી હતી. આમ અનિલની ઍલિબી જગજીવને આપી હતી. અનિલ ખૂન વખતે જગજીવન સાથે ન પણ હોય, છતાં અનિલને બચાવવા જગજીવને જૂઠી ઍલિબી આપી હોય તો જ આમ બને. ત્યારે નિશા શું જાણતી હતી? કદાચ અનિલે ખૂન કર્યું છે એ વાત જગજીવને પત્રમાં લખી હોય. તે પત્ર નિશા પાસે હોય ને તે જાહેર કરે તો અનિલ પકડાઈ જવાથી જગજીવનની કાયમની આવક બંધ થઈ જાય, એટલે જ જગજીવને પાંચ હજાર નિશાને આપવા કબૂલ્યું જણાય છે. આ તો પાંચ હજાર અનિલ પાસેથી નિશા લઈ જાય તેમાં વીમાનું પ્રિમિયમ એ જગજીવનને સામી દલાલી આપી કહેવાય? અનિલ પૈસા ક્યાંથી લાવશે? પોતે એટલા માટે જ અરુણાને વાત કરી છે. કદાચ સસરા જ મદદરૂપ થાય. પણ આ વાત બહાર આવે તો અનિલની નોકરી, લગ્ન બધું બરબાદ થઈ જાય! અને પોતે અનિલને મદદ કરવાનું વિચારી રહ્યા હતા! વકીલ વિચારમાં ને વિચારમાં પત્ર સામે તાકીને બેસી રહ્યા. જ્યારે સાડા પાંચે ઑફિસ-બૉયે જગાડ્યા ત્યારે જ તે વિચારતંદ્રામાંથી બહાર આવ્યા. તેણે ઝવેરી બજાર તરફ ચાલતી પકડી.

ઝવેરી બજારમાં 'શેઠ ઝવેરસ'ની દુકાન સૌનું ધ્યાન ખેંચે તેવી હતી. તેનું બાપદાદાના વખતથી ઝવેરીનું કામ ચાલતું હતું, એમ બોર્ડ ઉપર 'સ્થાપના ૧૮૯૪' એવું લખેલું હતું તે ઉપરથી સ્પષ્ટ જણાઈ આવતું હતું.

વકીલ સાહેબને પહેલાં તો એક ગ્રાહક ગણી લેવામાં આવ્યા. પણ વકીલ સાહેબે કાર્ડ મોકલી શેઠને મળવા ઇચ્છા બતાવી, ત્યારે તેમને ઉપર હસમુખલાલ શેઠ પાસે લઇ ગયા. શેઠનું શરીર ભરાવદાર ને ચહેરો પ્રભાવશાળી હતો. મોટાઈની ખુમારી તેમના મોં પર તરતી હતી.

'આવો, ગણાત્રા...આવો, અહીં બેસો.'

'જી, અનિલ આવ્યો નથી?'

'હમણાં આવવા જોઇએ. છ થયા છે. તમે ત્યારે આઠકોઠના ખરું! મને અરુણાએ વાત કરી. તમે એને બસમાં ભેળા થઇ ગયા હશો.'

'હા, બસમાં મુલાકાત થઈ. આમ તો થોડું ઓળખું? પણ અનિલ પાસે ફોટો જોયો એટલે અનુમાન કર્યું....હું તળ આઠકોઠનો રહીશ. અનિલના પિતાશ્રી સાથે અમારે એક જ ઘર જેવો સંબંધ.' વકીલ સાહેબે ગાડું ગબડાવ્યું. અનિલ આવે ત્યારે વળી દેખા જ્યેગા.

'ચા લેશો કે ઠંડું?'

'કાંઇ પણ ચાલશે, પહેલીવાર ના ક્યાં કહું?'

'નીચેથી બે ઑરેંજ લઇ આવો.' શેઠે હુકમ આપ્યો.

'વકીલ સાહેબ, ઠંડું આવે ત્યાં સુધી આપણે કેઇસની વાત કરીએ. કાલે સવારે એક બંગાળી છોકરી અહીંથી પાંચેક હજારનું ઝવેરાત લઈ ગઈ અને ચેક આપી ગઈ. પણ ચેક વટાવવા ગયા તો તેનું ખાતું જ ક્લોઝ થઈ ગયું હતું. ચોખ્ખી ઠગબાજી લાગે છે. ચેક પાછો ફર્યો એટલે અમે તેને ફોન કર્યો. તેણે વાયદો આપ્યો કે આવતી કાલે દુકાન ખૂલતાં જ તે નાણાં આપી જશે. મને લાગે છે કે રાત પહેલાં ક્યાંક અદૃશ્ય ન થઈ જાય! જોકે ટેલીફોન વગેરે

(અનુસંધાન પૃષ્ઠ ૨૬૩મે)

ચન્દ્રવદન મહેતાની

રંગ-ગઠરિયાં - ૮

હાઈલબ્રોનનો હૉલ અને વાઈન્સબર્ગની વહુઓ

'આ રસ્તાઓ અમારી પાસે હિટલરે બંધાવ્યા હતા. એમ બોલીને રોજી આપી, અને પછી એમાંથી સૈન્ય ખડું કર્યું. એના-માં એક જ પ્રકારની ખોટી કે ખરી જાગ્રતિ આણી, એક ભાવના દૃઢ કરી: જર્મની એટલે સર્વોપરિ સત્તા. પણ બે હજાર વર્ષ પહેલાંની એ વિચારશ્રેણી આજના પ્રગતિવાદી અને સ્વાતંત્ર્યપ્રિય જમાના-માં આખરે ખોટી ઠરી. અમે હાર્યા. હવે ફરી કક્કો...'

'ફરીથી જગત-સામ્રાજ્યના સરમુખત્યાર થવું છે?'

'ના ના, મિ. મહેતા, ના. અમે ભૂલ કરી; અમારા નેતાએ ભૂલ કરી. જગત-સામ્રાજ્યનો સરમુખત્યાર હવે કોઈ જ થઈ નહિ શકે. એ જમાના ગયા. પરંતુ અમારી જાતમહેનતથી, કસબ-કારીગરીની આવ-ડતથી, સતત ને સખત કામ કરી અમારે અમારી આર્થિક સ્થિતિ તો સુધારવી જ છે, પગભર તો થવું જ છે, બને તો અમારે...'

'દુનિયાની બજર સર કરવી છે.'

'ધારો કે એમ હોય તો એ આદર્શ તો ખોટો નથી જ ને? જાત-મહેનત, અને એનો બદલો.'

'વખત એવો આવે કે તમે અમને પૈસા પણ ધીરવા તૈયાર થાઓ.'

'બને.'

નાણાંપ્રકરણમાં મને કંઈ ઊંડી સમજણ નહિ; પણ અજ્ઞાન ઢાંકવા એ વાતમાં પણ ચર્ચા કરતાં અમે ખબર ન પડી એમ હાઈલબ્રોન પહોં-ચ્યા. તરત દફ્તરમાં જઈ પાંચ મિનિટમાં અમારું કામ પતાવી દીધું ને મિ. વેંકે મને એક ઉતારે ઉતાર્યો: 'તમને અહીં ગમશે. આ બારી ખોલશો. એટલે અમારી નદીની એક નહેર દેખાશે. કલાક આરામ કરો, પછી આપણે ફરવા નીકળીશું. આ અમારું હાઈલબ્રોન. અહીં એંશી ટકા ઉપર ઘરબાર અને માણસોની તારાજી થઈ હતી. તમને મળવા માટે જ અમે બાકીના વીસ ટકામાં બચી ગયા હોઈશું. ભગવાન જાણે!'

બધું જ નવું, નવેસરથી બાંધેલું ગામ. બ્રેડ ઍન્ડ બ્રેકફાસ્ટનું મારું ઊતરવાનું ઠેકાણું પણ એવું નમ્બકતવાળું અને છતાં નક્કર-કે એક વાર બિડરૂમમાં પગ્યા પછી ત્યાંથી બહાર નીકળવાનું મન ન થાય. સાદું, સ્વચ્છ, સગવડભરેલું અને આંખને ગમે એવી સજાવટવાળું. જેવો એ નાનકડો ખંડ, એવું જ એ આખું મકાન, એવો જ સુંદર મોહોલ્લો, એવો જ રસ્તો, એવું જ નાનકડું, નવી બાંધણીનું, પદ્ધતિસરનું, બુદ્ધિ-પૂર્વક ઘડાએલી યોજનાથી બંધાએલું ગામ. આપણે ત્યાં નવી નવી સોસાયટીઓ બંધાઈ છે: એક ઘરનું ડાચું ઊગમણે તો બીજા ઘરનું ડાચું આથમણે; અને વચગાળાનો રસ્તો કાં તો આડો, ત્રાંસો કે સાપોલિયા જેવો; બાંધણીમાં ઘાટ-શણગાર-કારીગરીમાં બિમાં ન હોય મેળ તો બારમાં તો ક્યાંથી જ હોય? પણ એ પારખવાની કદાચ મારામાં કલાદૃષ્ટિ જ ન હોય એમ પણ બને!

બહાર નીકળ્યા: એલ્કા અને હું. બજાર ન્યાળ્યું, નવું બંધાએલું દેવળ ભાળ્યું, અને ગામના ચોકમાં આવવા પગલું વાળ્યું, કે ત્યાં મજબૂત કાચનું બાંધેલું એક મોટું મકાન નજરે ચડ્યું. આસપાસ મોકળી જગ્યા, ફૂલછોડથી શણગારાએલી લીલોતરીવાળી પગથાર, અને મકાન પાસે પહોંચતાં બહારની કમાનમાં એક લાંબી પાંચપાંચ બારીની હાર-બંધ ત્રણસો કતાર, એટલે કુલ્લે પંદરસો બારીની વ્યવસ્થા. શિયાળામાં રાતે ઓવરકોટ-ટોપી ભેરવવાં હોય તો ત્યાં ભેરવી દેવાનાં; બારીટી ઉપર દૂરથી દેખાય એવો નંબર—માનો કે એકસો પંદર; તો એકસો પંદર નંબરની બીજી ટિકડી બારીટીમાં લટકતી હાજર છે. તે તમારો કોટ ભેરવી લઈ લેવાની ને બિસ્સામાં મૂકી દેવાની. પછી અંદરના હૉલ-માંથી બહાર આવતાં એ ટીકડી પાછી ત્યાં લટકાવી ડગલો-ટોપી-લાકડી છત્તર જે ભેરવ્યાં હોય તે લઈને ઘર ભણી. ત્યાં એ લેવા-સાચવવા કે ટિપ-મહેનતાણું માગવા જેવો છડીદાર જ નહિ.

'એલ્કા! અહીં આ વસ્તુઓમાંથી કાંઈ ચોરાય તો નહિ જ એ તો હું સમજું છું, પણ કોઇ બિકારને અહીં વ્યવસ્થા માટે જોગો રાખ-વામાં આવે તો બિચારાને રોજી તો મળે.'

'નહિ. એનો રોજનો કેટલો વખત બગડે? અને એ કામમાંથી ઊપજે શું ઠીકરાં? એને બદલે એ કંઈ એવું કામ કરે કે જેમાંથી એને, બીજાને, અને દેશને ફાયદો થાય—'

અર્થશાસ્ત્રનો એ સવાલ થતાં, એમાં મને રજ સમજ ન પડે, એટલે આપણે તરત વાત બદલી નાંખી.

'તે એલ્કા! તમે અંગ્રેજી બોલતાં ક્યાંથી શીખ્યાં?'

'અમે બધાં જ બોલીએ છીએ—બાબાપ ભાઇબહેન મિત્રો સૌ. અમે ફ્રેન્ચ અને અંગ્રેજી બંને નિશાળમાં જ શીખીએ છીએ.'

'પણ એ તો તમારા દુશ્મન હતા.'

'અને ભવિષ્યમાં પાછા થાય પણ ખરા; પણ એમાં ભાષાએ શું બગાડ્યું? અમે ભાષા જાણીએ તો એમને પહોંચી પણ વળીએ ને?'

રાજકારણનો આ વિષય થઈ જાય એટલે એ વાત પણ વાળી દેવા વિચાર કરું છું, ત્યાં તો અમે એ હૉલમાં દાખલ થવાના દરવાજા આગળ પહોંચ્યાં અને એક સદ્‌ગૃહસ્થે અમને આવકાર્યા.

આ પણ વેન્ક સાહેબની કરામત! ટાઉનહૉલના વ્યવસ્થાપકને સૂચના આપી દીધી હતી, પરવાનગી મેળવી લીધી હતી. સત્કાર કરી એણે મારાં વખાણ કરી, તરત હૉલ બતાવવાનું અને એમાંની ખૂબી-ઓ સમજાવવાનું કામ શરૂ કર્યું.

'આ હૉલ છે?' મેં પૂછ્યું.

'હા જી, ટાઉનહૉલ.' એણે અંગ્રેજીમાં જવાબ આપ્યો. અમે પ્રેક્ષક-સ્થાન જોઈ, રંગભૂમિ ઉપર ગયા. ત્યાંથી પાછળના ચાળીસેક ખંડ જોઈ, જમણે ખૂણે ઉપરના ભાગમાં આવેલી પ્રેાડ્યુસરની કૅબિનમાં જઈ બેઠા. કાચની તો ત્યાં ભીંત છે, સામે પડેલી ટેબલપેટીમાં જાતજાતની તો ચાવી છે, એ સ્વિચબોર્ડ ઉપર કિસમકિસમનાં બટનની હાર છે. એક દબાવો તો પેલા ચાળીસ ખંડમાં ખુરશી પર બેસી પોતાનો પાઠ વિચારતા નટને સૂચના આપી શકાય. એવા ચાળીસ ખંડનાં ચાળીસ બટન. અહીં બોલો તો ત્યાં સંભળાય, એની તપ્તા ઉપર આવવાની ક્રિયા વિષે, તથા એ ક્રિયામાં ભૂલ દેખાય તો તે વિષે, એ પાછા જતાં એને સૂચના આપી શકાય, ભજવાતા નાટકમાંનું ગીત કે ત્યાં રજૂ થતું સંગીત રેડિયો સ્ટેશનમાં રેકોર્ડ કરાવવું હોય તો ત્યાં બેઠેબેઠે થઈ શકે! ત્યાં બેઠેબેઠે એ પેટીમાંની કળ-કળા મારફત શું ન થઈ શકે? આ બધું એ મને બતાવે છે, અને હું ફરી પૂછું છું કે આ ટાઉનહૉલ છે?

બરાબર બાજુ પર બીજું બટનિયા ટેબલ, જ્યાંથી બટન દબાવતાં

ધારો ત્યાં, ધારો તેવી (સામી ભીંત ઉપર તેના નકશા દોર્યા છે) લાઇટ થઈ શકે—એક જ ખુરશી ઉપર બેઠેબેઠે. ઊઠવાની કડાકૂટ જ નહિ.

'તમે કેમ વારંવાર પૂછ્યા કરો છો કે આ ટાઉનહૉલ જ છે?' બતાવનારે મને પૂછ્યું, પણ હું શો જવાબ આપું? અમારે ત્યાંની સારામાં સારી નાટકશાળા પણ આ ટાઉનહૉલને તોલે ન આવી શકે એ તો હું એને કેમ જ કહું? એટલે મેં કહ્યું 'નહિ, અમસ્થો જ; અહીં નાટક-જલસા પણ કરો છો?'

'મૂળ તો ટાઉનહૉલ, પણ નાટક કરીએ ત્યારે એ રીતે પણ ઉપયોગમાં લેવાય એ માટે આ બધી જ વ્યવસ્થા રાખી છે. એટલે જ સ્ટેજ પ્રમાણમાં જરા નાનું છે; પણ પરદા રાખવાની, ઉતારચઢની, ફેરવવાની બધી જ સગવડ ઠમેરી છે. પણ મોટે ભાગે અમારા નાના ગામમાં તો ટાઉનહૉલ તરીકે જ વપરાશ. જતે દિવસે બીજી મોટી સરસ નાટકશાળા બાંધીશું. એ માટે પણે સામે અમે વિશાળ જગ્યા રાખી મૂકી છે.'

'એ તો બાગ જેવું લાગે છે.'

'બાગ તો ખરો, એ તો હજી થેખીલશે; પણ એમાં જ નાટકશાળા બાંધવા માટે, ગાડીઓ રાખવા માટે અને લોકને હરવાફરવા માટે જગ્યા અલાયદી રાખી છે. નાટકશાળા થશે ત્યારે આપોઆપ ત્યાં બાગ પણ ખીલી નીકળ્યો હશે. એમ તો ત્યાં અમે બે કુવારા પણ બાંધ્યા છે અને મૉડર્ન કલાનાં પૂતળાં પણ મૂકવાના છીએ.'

અમે બહાર નીકળ્યાં ત્યારે મિ. વેન્ક આવી રહ્યા હતા. એલ્કા નમસ્કાર કરી ત્યાંથી ગાડીમાં ઘેર ગઈ. અમે ટાઉનહૉલમાંના રેસ્ટોરાંમાં ચા પીવા બેઠા. ત્યાં વેન્કે મને હજી એ ભાગમાં જતજાતની ચા વિષે કેટલું અજ્ઞાન છે એ સંબંધી વાતો કરી. અને પછી તરત જ એલ્કાના વર્તન વિષે પૂછ્યું. 'એણે તમને નમસ્કાર કર્યા તે બરાબર હતા?'

'હા, પણ કંઈ જરૂર નહોતી. તમારું 'ડાંકે શેર' અને ગુટ્સ—'

'ના, હું તો નમસ્કાર નહિ કરું, પણ અમે બાળકોને બરાબર—બને તો બધી રીતે કેળવણી આપવા માગીએ છીએ. મેં એને તમારે વિષે વાત કરી રાખી હતી અને કેમ વર્તવું તેની પણ સૂચનાઓ આપી હતી. હવે ખુલ્લા દિલે એની ખામીઓ હોય તે કહો; અને કહેશો તો તમે અમારા ઉપર એક મોટો ઉપકાર કરશો.'

ગામમાં ફરતાં, ટાઉનહૉલમાં જતાં, બધે જ જે રીતે એ વર્તી હતી, ધીમે સાદે જે રીતે કશા ક્ષોભ વિના એ કહેતી તેમજ ભારત વિષે સવાલો પૂછતી, એ એટલી સ્વસ્થતાથી અને સ્વાભાવિક રીતે પૂછતી હતી કે એની સરખામણીમાં આવે એવી ઉમરની મારા ભારતમાંના સંબંધીની તો કોઈ છોકરી યાદ આવી નહિ. પણ એવી આપણી આબરૂ ત્યાં પરદેશમાં કેમ ઉઘાડી પડાય? એટલે મેં એની તારીફ કરી કહ્યું કે મારે કશું વિરોધમાં કહેવાનું છે જ નહિ. એની રીતભાતથી મને તો આનંદ થયો; અને વાત બદલવા પૂછ્યું, 'એને મોકલી કેમ દીધી?'

'રાતે તમે અમારે ત્યાં જમવાના છો. એકબે બીજા મિત્રોને પણ બોલાવ્યા છે. એણે એની માને રસોઈમાં મદદ તો કરવી જોઇએને?'

ચા પીધા બાદ બહાર નીકળ્યા. ગામ બહાર જતાં જ મોટા પટની ઝડપભેર વહેતી નદી નેકર નજીક આવ્યા. અહીં નદી ઘોધમાં ૫૦ ૬૦ ફીટ નીચે દદડતી હતી. એથી એનાં પાણી ફીણમાં ઊપસી નીચે ઝપાટાબંધ વહેતાં હતાં. અને તરત મારી નજર સામા કાંઠા તરફ જતાં, ત્યાં એક સારા બાંધાની લાંબી આગબોટને પાણીમાં ઉપલે વહેણે મજલ કરતી જોઇ. મારા મનમાં ગૂંચ તો ઊભી થઈ, પણ વેન્ક કંઈ બોલ્યા નહિ. એણે તરત ગાડીને દૂર દેખાતા પુલ તરફ દોડાવી, પુલ ઉપર જઈ અધવચ્ચે ઊભી રાખી. પછી મને નીચે ઉતારી કઠેરા આગળ લઈ જઈ સમજાવવા માંડ્યું: 'આ ઘોધ બહુ ઊંચો તો નથી જ; પણ જુઓ, નદીના બાકીના ભાગને અમે આ સીધો કોટ ચણી બાંધી લીધો છે; અને ત્રીજા ભાગમાંના ઘોધનું સરળ વહેતું વહેણ બનાવી દીધું છે, એટલે કે પચાસ ફૂટની સીધી સડસડાટ ઊંચાઇને ભાંગી નાંખી એ ઊંચાઇને અમે બે હજાર ઉપર ફીટના ઢોળાવમાં ઢાળી નાંખી છે, પાથરી દીધી છે. એમાં અમુક પ્રમાણમાં પાણી ઊંડું રહે જ એવી આ અંદર ચણેલા બંધની વ્યવસ્થા છે. આ આગબોટ જશે કે સામેથી બીજી આવશે. આ જરા મોટી છે, નહિ તો બે નાની બોટો તો બાજુ-આજુ કરે જ છે. આમ ઘોધને ઢાળી નાખીએ તો જ નદીનાં પાણી કામમાં આવે; નહિ તો આ ત્રણ ભાગમાંનાં હવામાં ઊડતાં ફક્ત ફીણ જ જોવાનાં! આ જુઓ પુલ નીચેથી બીજી આગબોટ નીકળી. એ પણ સામે વહેણે નદી ચડી જશે. ગતિ જરા ધીમી, પણ એ તો ધીમી તો પડે જ છે ને? આ બતાવવા હું તમને અહીં લઈ આવ્યો.'

'આવા જુગતિવાળા બંધ અને ઢોળાવ અહીં જ છે?'

'અરે હોય? શક્ય હોય ત્યાં અમારા ઇજનેરોએ નાના નાના ઘોધ તો આખા ને આખા સપાટ કરી નાખ્યા છે: સપાટ એટલે ઢળતાં સપાટ; કયાંક એકાદ ખૂણે ઘોધ પડતો રાખે, ત્યાં ઘોધનું જોર પણ વધે એટલે એમાંથી થોડીઘણી વીજળી પણ પેદા કરી લઇએ, તે નાનાં નાનાં હજાર કામમાં ખપ લાગે.'

વેન્કે ગાડી પુલની બહાર કાઢી ગામથી દૂર સુન્દર વનરાજિવાળા રસ્તેથી લઈ નજીકમાં દેખાતી એક ટેકરી ઉપર જવાને રસ્તે હંકારી. ત્યાં એક તોતિંગ દેખાતો કિલ્લો હતો: જૂનો પણ નક્કર.

'આ દૂર દેખાતા ડુંગરે ડુંગરે એકેક નાનો મોટો કિલ્લો છે, ને એમાંના મોટા ભાગના કિલ્લા સાથે એકેક રોમાંચક, દિલચસ્પ, કથા સંકળાએલી છે. તમે તો નાટકકાર છો, એટલે બે વાત તમને કહીશ. તમને ગમે તો નાટક લખજો. આપણે એ તરફ જ હંકારીએ છીએ.

એણે ગાડી દોડાવી: દસ વર્ષ પહેલાં મેસર્સ સ્મિથ બર્નથી થૂન સુધી અમારા મિત્ર સદ્‌ગત ધીરુભાઈ દેસાઈની આલ્ફા રોમિયો ગાડી હંકારી હતી અને સ્વિત્ઝરલૅન્ડના વાંકવળામણાંવાળા, સાપોલિયા જેવા રસ્તા સીધા દોર થઈ જતા હતા એમ, અહીં જર્મન રસ્તાઓ મોટર હાંકનારની સિફ્ત આગળ સીધા સોટા જેવા વર્તવા મંડી પડ્યા!

'વૂઝબર્ગથી દક્ષિણમાં બૅવેરિયા જવાના બાંધેલા રસ્તાને અમે "રોમાન્ટિક રસ્તો" કહીએ છીએ,—રોમાન્ટિક અસલી અર્થમાં. બે હજાર વર્ષનો ઇતિહાસ એ રસ્તે ગૂંથાયો છે. રોમન લોકો એ રસ્તે વેપાર ખેડતા. પણ મારે એ હકીકતો નથી ખેડવી. હું તો આ જૂનામાં જૂના ગામ રૉથનબર્ગ વિષે કંઈક કહેવા માંગુ છું' નગર ફરતો કિલ્લો, અડીખમ દરવાજા, જાણે રજપૂતાનામાં ફરતા હોઈએ એવું લાગે.

'દર સાલ અહીં જબરદસ્ત મેળો ભરાય છે. ઈ. ૧૬૩૧માં માર્શલ ટીલીએ આ કબજે કર્યું અને ગામના વહીવટદારોનાં માથાં ઉડાડી મૂકવાનો હુકમ આપ્યો. લશ્કરે ગામ લૂંટવાનું શરૂ પણ કરી દીધું. પણ નગરશેઠ ન્યૂશ્ચે માર્શલ ટીલીનું સારું સ્વાગત કર્યું, અને અહીંની વખણાતી દરાખોમાંથી બનાવેલો સરસ દારૂ ભેટ ધર્યો. નગરશેઠ પાસે બાદશાહી ઠાઠમાઠ અને રાચરચીલામાં એક ભારે, છ પાઈન્ટ મવાહી માય એવડો મોટો, નકશીદાર ગૉબલેટ (જામ) હતો. એ જોતાં જ ટીલી કહે કે જો રૉથનબર્ગમાં એવો કોઇ કાળા માથાનો માનવી જીવતો હોય કે જે આ છ પૈ પાઇન્ટ વાઇન એકે તડાકે મોં માંડી પી જાય, તો જાઓ શહેરને હું બરબાદ નહિ કરું, અને નગરપાલકોને જીવતદાન આપીશ. ન્યૂશ્ચે પોતે જ એ ગંજાવર જામ ભર્યો, ઉપાડ્યો, મોઢે માંડ્યો, અને જોતજોતામાં એકશ્વાસે અંદરનો વાઇન ગટગટાવી ગયો! અને માર્શલ ટીલીએ પોતાનું વચન પાળ્યું. એ આખા કિસ્સાનું દર

સાલ અહીં હવે નાટક થાય છે, અને દેશમાંથી એકીધારે છ પાઇન્ટ વાઈન પી જનારો એકાદ ગોઠિયો શોધી લાવવો પડે છે!'

અને એથી પણ સરસ એણે એક બીજી વાત કહી,તે વફાદાર વાઈન્સબર્ગની વહુઓ સંબંધી.

'વાઈન્સબર્ગ પણ અહીંનો એક કિલ્લો. આસપાસના ઠાકોરો સાથેની લડાઈમાં એક વાર કિલ્લો દુશ્મનને કબજે ગયો. હવે કિલ્લામાં તો ગામ આખું ઘેરાએલું પડેલું. કેદ થએલા કિલ્લેદારે એને બચાવવા આજીજીઓ કરી, ત્યારે જીતી જનારો કિલ્લેદાર કહે કે ઘેરાએલા કિલ્લામાંથી માત્રસ્ત્રીઓને મારી નાખવામાં નહિ આવે;ને એમણેનાસી જવું હશે તો અહીંથી જવા દેવામાં આવશે. પણ પોતાની સાથે પોતે જાતે જેટલું ઊંચકી લઈ જઈ શકે એનાથી કશું વધારે લઈ જવા દેવામાં નહિ આવે. પણ આ હુકમનો ઢંઢેરો પિટાયો કે તરત ત્યાંની વહુ-જોધાણીઓએ પોતપોતાના ધણીઓને ખભે ભેરવાડી દીધા, અને લંબ-ટટાર ખાસ્સી કિલ્લાના દરવાજામાંથી બધી બહાર નીકળી પડી; અને એમ એકેએક નર અને નારી બચી ગયાં! કહો મિ. મહેતા, આટલી વફાદાર ઓરત, અને તે એકેએક, તમને બીજે કયાંય મળે ખરી?'

અંધારા પછી પાછા ફરતાં કુંગરી ઉપરથી નીચે મેદાનમાં તદ્દન નવા બંધાએલા આ ગામની એક જ પ્રકારની, વ્યવસ્થિત, ઘટિત આકારમાં ગોઠવાએલી દીવાબત્તીઓ અત્યંત આહ્લાદક લાગતી હતી. એ જોતાં જોતાં ઊતરીને, શિલર સ્ટ્રાસે (શિલર શેરી)ના ૫૭ નંબરના ઘરમાં આવી, નાનકડા દીવાનખાનામાં આરામથી ગોઠવાતાં, એકબે જોડે અનેક ઇધરઉધરની વાતે ચડતાં, એમાં એની માની મમતા કમેરાતાં, વાતવાતમાં બપોરે મેં 'મોસલ'નું નામ દીધું હશે એ યાદ રાખી પીરસેલો હાઈનવેંન્ડનો એ પ્રખ્યાત વાઇન પીતાં, અને પછી સાથે સ્વાદિષ્ટ ભોજન જમતાં જે મજા આવી છે એમાં, સવારના પહોરમાં ડયુસેલડોર્ફથી અહીં આવતાં ને આટલું ફરતાં-જોતાં-રખડતાં-ચર્ચા કરતાં જો કંઇ થાક લાગ્યો હોય તો તેની જરા સરખી પણ ખબર પડી નહિ. અને પછી મારે ઉતારે જઈ ઊંઘવા પડયો તે રાત કયાં ગઈ એની પણ જાણ રહી નહિ.

સવારે દસ વાગ્યે ટ્રેન પકડી મારે વૂઝબર્ગ થઈ ફ્રૅંકફુર્ટ જઇને ત્યાં એક જણને મળીને પછી ડયુસેલડોર્ફ પહોંચવું હતું. ડીટર વેન્ક સાથે નાસ્તો કરી અમે ગામમાં આંટો મારી સ્ટેશન ઉપર આવ્યા. ત્યાં છૂટા પડતાં અમને બંનેને ભારે વિષાદ થયો. આ એક વખતનો નાઝી, સ્વસ્થ, બિનઝનૅિલ, નક્કર, મહેનતુ, સામાન્ય કક્ષાનો માણસ, મારે અને એને કોઈ સંબંધ નહિ, એ એક જૂના મિત્રની જેમ આદરપૂર્વક અને સ્નેહભરી વિદાય આપતાં જે શબ્દો બોલ્યો છે, અને ગાડી ઊપડતાં જે રીતે વર્ત્યો છે, તેની યાદ આવતાં હજી હૈયું ભરાઇ આવે છે.

પાછા ફરતાં વૂઝબર્ગનું એરલાંઝનનું નાનું થીએટર અને ફ્રૅંકફુર્ટના સ્ટેશનની બરાબર સામે અડીખમ ઊભેલા શુમાન થીએટર ઉપરાંત ત્યાનાં બીજાં પણ થીએટરો જોઇ, ફ્રૅંકફુર્ટના બાગમાં ફરી, રાતે ત્યાં જ એક હોટેલમાં રહી સવારની ગાડી પકડી ડયુસેલડોર્ફ આવ્યો.

મારે ૨૮મી મેને દિવસે એક વાગ્યે એક જ દિવસ માટે પારી(સ)-માં યુનેસ્કોના દફ્તરમાં શ્રી હંસાબહેન મહેતાને મળવાનું, ત્યાં જમવાનું, અને જમતાં જમતાં યુનેસ્કોના એક બે અધિકારીઓ સાથે થોડી અગત્યની વાત કરવાની હતી. એ માટે પેલી ટી.ઈ.ઈ. ગાડી પકડીને હું ગયો. એ ઝડપી ટ્રેઇનની વાત તો આપણે કરી ગયા છીએ. આ લખું છું ત્યારે એની ઝડપમાં અને બીજી સગવડોમાં વળી ઓર વધારો જ (અહીં જેમ થાય છે તેમ ઘટાડો નહિ) થયો હશે, પણ જતાં આવતાં લીગ, નાસુર અને આંટવર્પનાં (ઈ. ૧૯૧૮માં સાંભળેલા—કૈસરે જીતેલા) કિલ્લાઓનાં ગામો પસાર થતાં ત્યારે એક વિચિત્ર રોમાંચ અનુભવ્યો હતો. પારી(સ)ની તો પાછા આવીશું ત્યારે વાત. 'વળી સફર ગઠરિયાં'માં એ શહેરને ઘણું બહલાવ્યું છે, એટલે અત્યારે બહુ નહિ લખીએ. પરંતુ યુનેસ્કોનું મકાન જોવા જેવું છે: બાંધણી અને વ્યવસ્થા બંને રીતે. ચારસો પાંચસો કમરાની ઑફિસ; પણ કમરા બહાર રટ્ટલ ઉપર વિચિત્ર કપડાં પહેરી, કાં તો મોંમાં બીડી, યા બાજુમાં ચાનો 'કપ' રાખી, આસપાસ નહિ વાળેલા કચરામાં બિરાજમાન ત્રણચાર ગોઠિયા ભેગા મળી 'ઇધરઉધરકી બાતાં' કરે એવા, જોને કશાની પડી નથી એવા સિપાઇ-ચપરાશી-ફરાશી-પટાવાળા જે ખાસ કરીને આપણે ત્યાં દિલ્હીમાં અને હાલનાં નાનાંનાનાં પાટનગરોમાં જોવા મળે છે, એવો એક પણ પટાવાળો અહીં જોવામાં ન આવ્યો. પટાવાળા વિના, આવડા મોટા દફ્તરમાં કાગળોની આવન-જાવન શી રીતે થતી હશે?-અને થાય તો છે જ,-એ વિચારવાનું રહે છે. યુનેસ્કોનું રેસ્ટોરાં સરસ છે અને પારી(સ)ના પ્રમાણમાં સસ્તું પણ છે. ત્યાં અચ્છી તરેહથી જમ્યા; અને કામ પતાવી, સાંજે મુંબઈની આઈ.એન.ટી.ની ટુકડી પારી(સ)માં નાટક કરવા આવવાની હતી એની આગળથી તૈયારી કરવા આવેલા ચન્દ્રકાન્ત દલાલ સાથે એક ખૂણામાં આવેલી નાટકશાળામાં શેક્સપીઅરનું હેનરી ધ ફોર્થનું નાટક જોવા ગયા. સ્ટૉકહોમ-લંડન-મૅડ્રિડની ભૂગર્ભ રેલવે મને મોટે. એની મુસાફરીમાં ટિકિટ લેતાં કે ટ્યૂબટ્રેનનું કનેકશન શોધતાં મને જરી મુસીબત ન પડે; પણ આ પારી(સ)નો ભોંયરાનો વ્યવહાર હજી મારા મગજમાં નથી ઊતર્યો. ચન્દ્રકાન્ત દલાલને તો ત્યાં વધારે રહેવું, અને આગળનો મહાવરો, તેથી પારી(સ)-મેટ્રોના એ નિષ્ણાત માહિતીગાર, એટલે આવનજાવનમાં કંઇ તકલીફ પડી નહિ.

નાટક કરે દક્ષિણ ફ્રિાંસના ગામડિયા. બિચારાઓનો શરૂમાં કોઈ ભાવ પણ ન પૂછે. આ માલેતુજાર, રંગીલું રસીલું શોખીન શહેર, એને વળી આસપાસના ફ્રાન્સની પડેલી કચાંથી હોય? પેલાઓએ તો હિમ્મત કરી નાટક કર્યું; બે ત્રણ વાર બજવાતાં છાપાંવાળાઓની નજરે ચડયું. તે દરમ્યાન લોકોએ ટિકિટો માટે દરોડો પાડયો. વાત ફેલાઈ, વસ્તુ જામી, લોકોની ઠઠ વધવા માંડી.

પછી તો પારી(સ)ના 'ટીચકું' પ્રોડયુસરો એમને મનાવવા ગયા, શાંસાલીનાં થીએટરોમાં આવો. નાટક પારી(સ)ના એ ભભકભર્યા મહોલ્લામાં આવ્યું. મૂળ અંગ્રેજી, અહીં ફ્રિાંસી. એ જોઈ ઇંગ્લંડના થીએટરવાળાઓની દાઢ સળકી, ને ત્યાં લઇ જવા ચક્રો ગતિમાન થયાં.

તખ્તો સાદો; સજાવટ કંઈ નહિ; પોણા તખ્તાને ઢાંકી દે એવડો મોટો એક બાજઠ બનાવેલો; એટલા ઉપર જ એ નાટક! ગામડી લોક, ગામડી રીત-ઢબનાં લૂગડાં, ભાષા જોશીલી, સોંસરવી ઊતરી જાય એવી. સમજે કે ન સમજે પણ ક્રિયામાં સમજણ પડે. નાટકના હાર્દને વેગ મળે અને સમજાય. બધાં જ પાત્રો સશક્ત; બે-અઢી કલાકમાં કંઇક નવુંજૂનું કરી નાખવાની તમન્નાવાળા. હેનરી,એનો દીકરો, એનો વિદૂષક ધરતી ધમધમાવી મૂકે એવા. લડાઈ પણ એટલા બાજઠ ઉપર જ! શૂરાતનનો કોઈ પાર નહિ. પ્રેક્ષકોનો જીવ તાળવે ચોંટેલો જ રહે એવી ક્રિયાની રમઝટ. નાટક જોઈ બહાર નીકળ્યા ત્યારે અમારા ટાંટિયામાં પણ એવું જ જોર ઝમકી ગયું. મારી વાત ન માનતા હો તો ચન્દ્રકાન્ત દલાલને પૂછજો: એ શેરબજારના જીવડાનીયે એ જોઇ રસવૃત્તિ સંતોષાઈ, ચિત્ત પ્રફુલ્લ થયું, કંઈક ઝબઝબનું જોયું એવો સંતોષ થયો. અમારી સાથે સરોજ સેતલવડ પણ હતાં. એ પણ કહેશે કે નાટક તે આ.

બીજે દિવસે સવારે વહેલા ઊઠી, મોડી રાત્રે થાકીને સૂતેલા પારી(સ)ને ઊંઘતું છોડી, સ્ટેશને જઈ 'પર્સિફલ' ટી.ઈ.ઈ. પકડી.

એ રસ્તે ડચુસેલડોર્ફ જતાં વચ્ચે આખન અને કોલોન આવે. આખનમાં સારા પ્રમાણમાં ભારતના વિદ્યાર્થીઓ ભણવા રહે છે, ગુજરાતના પણ ઠીક પ્રમાણમાં છે. એમાંના બે-ત્રણ ઓળખીતા મળ્યા, ટ્રેનમાં સાથે પણ થયા. એમણે પોતા પર પડતી હાડમારીઓની કથની સંભળાવી : જર્મની તરફથી નહિ, આપણી એડ્યુકેશન મિનિસ્ટ્રી તરફથી પડતી હાડમારી. પણ એ ગૂંચ ઉકેલવા માટે ઝંપલાવવાનું મારું કામ નથી. એમનું સાંભળતાં બધી વાત ખરી લાગે, પણ બીજી બાજુની હકીકતો ન મળે ત્યાં સુધી ખરુંખોટું કેમ નક્કી થાય? પણ ભણતરની બાબતમાં એમાંના કેટલાકની તો ખરેખર કફોડી જ સ્થિતિ હતી.

ત્યાંથી બીજે જ દિવસે ૬૦મીએ સવારે બૅગ પકડી ઉઠાંતરી કરી. ઓર ધન્ડિયાના ભલા ભાઈ દુબારો વાહનની વ્યવસ્થા કરી એરોડ્રોમ પહોંચાડ્યો, અને અમારી સવારી હેલસિન્કી તરફ જવા ઊપડી. સૂત્ર એવું કે નવે ગામ જવા નીકળવું તો સવારનાં પ્લેન લેવાં : અજવાળામાં પહોંચી જવાય અને વહેલા ઠરીઠામ થવાય. ડચુસેલડોર્ફથી કૉપનહેગન અને ત્યાંથી હેલસિન્કી. વચ્ચે પ્લેન બદલવાનું. અહીંથી લુફ્ટ હંસા(જર્મન બનાવટનું), અને ત્યાંથી એસ. એ. એસ. કૉપનહેગનમાં કલાકેક કાઢવાનો હતો. ત્યાં એનું નાનકડું, જાપાનીઝ પંખા જેવું, ખૂબ જ સગવડવાળું એરોડ્રોમ જોઈ છક થઈ ગયા. ગમે ત્યાં હો, ખાતાં, ટિકિટ તપાસાવતાં, વજન કરાવતાં જતી-આવતી ઍર સર્વિસ, તેમજ ત્યાં હાજર હોય એ બધા પર સહેલાઇથી નજર પડે.

કૉપનહેગનની જાણીતી ચૉકલેટ ખાવા સ્ટૉલ પાસે જતાં ત્યાં એક સોહામણો, કદાવર, હસમુખો પુરુષ જોયો. એને હિંમત કરી અંગ્રેજીમાં પૂછ્યું કે એ હેલસિન્કી જવાના છે? તો તરત એણે હા કહી. નામ પૂછ્યું તો કહે, વૉલ્થેર ઊનરો.

'પ્રો. ઊનરો?' હું પૂછું છું એ કહે છે 'હા!'

અરે! જેને મળવું હતું તે રસ્તે જ મળી ગયા! સાથ થઈ ગયો! જર્મનીના મશહૂર થીએટરો બાંધનારા એ તો! એ પણ અમારી કૉન્ફરન્સમાં આવતા હતા એ જાણી ભારે ખુશાલી થઈ. અને પછી તો અમે છૂટા પડીએ જ શાના? જર્મનીનાં થીએટરો વિષે મેં વાત કાઢી તો એ કહે 'અમે હર હાયકામાં બસો નવાં થીએટરો બાંધવાનું નક્કી કર્યું છે.' એની એ વાત સાંભળી, ઉપર હવામાં પ્લેનમાં તો ઠંડક થાય ખરી, પણ નીચે ધરતી ઉપર ઊભોઊભો પણ હું તો ઠરી જ ગયો. (ચાલુ)

હિતચર્યા ..... ૯] ભોજનવિધિ

કોલભોજનને ચરકે આરોગ્યજનક વસ્તુઓમાં સર્વોપરિ કહ્યું છે; પણ સાથેસાથે આરોગ્યની રક્ષા ઇચ્છનારે ભોજનવિધિનું પાલન પણ કરવું જોઇએ. 'વિમાનસ્થાન'ના પ્રથમ અધ્યાયમાં ચરકે ભોજનવિધિ વિષે ઘણું ઉપયોગી અને માર્મિક નિરૂપણ કર્યું છે :

(૧) સૌ પ્રથમ ઉષ્ણ ભોજનની પ્રશંસા કરી છે; કેમકે ગરમ અને તાજું ભોજન અગ્નિદીપક, સુપાચ્ય અને વાયુનું અનુલોમન કરનાર છે. વળી ઉષ્ણ ભોજનથી શરીરમાં ચોંટી રહેલો કફ ઊખડી જાય છે ને નાશ પામે છે.

(૨) ખોરાક સ્નિગ્ધ હોવો જોઇએ. સ્નિગ્ધ એટલે ઘી-તેલથી યુક્ત. તે અન્નપાનને સ્વાદુ (રોચક) બનાવે છે, અગ્નિને દીપ્ત કરે છે અને વાયુનું અનુલોમન કરે છે. વળી તે બલવર્ધક, વર્ણપ્રદ ને ઇન્દ્રિયોને દૃઢ કરનાર છે. ઘી તેલથી મૃદુ થએલો આહાર સહેલાઇથી પચી શકે છે.

(૩) માપસર જમવું જોઇએ. માત્રાથી અધિક કરેલો આહાર સર્વ દોષોનો અતિશય પ્રકોપ કરનાર છે; તેમ હીન માત્રામાં લીધેલો આહાર પણ નુકસાન કરે છે. તે બલપુષ્ટિનો ક્ષય કરનાર ને તેથી આયુષને અહિતકારી છે.

(૪) બહુ ઉતાવળથી જમવાનો પણ નિષેધ છે. ઉતાવળે લીધેલો ખોરાક અવળા માર્ગે જાય છે, શિથિલતા કરે છે ને કોઠામાં બરાબર ગોઠવાતો ને પચતો નથી. માટે શાંતિથી ચાવીચાવીને જમવું જોઇએ.

(૫) અતિશય મોડા જમવાનો પણ નિષેધ છે, કેમકે વિલંબથી જમવાને કારણે તૃપ્તિ થતી નથી ને ભોજન પણ વિષમતાથી પચે છે.

(૬) ભોજનક્રિયામાં તન્મય થઇને જમવાની આજ્ઞા કરતાં ચરક કહે છે : "કોઈની સાથે વાતચીત કર્યા વગર અને હાસ્ય કર્યા વગર કેવળ ભોજનક્રિયામાં જ મન રાખીને જમવું જોઇએ; કારણ કે જે માણસ વાતચીત કરતો, હાસ્ય કરતો અને (ભોજનક્રિયા સિવાય) બીજામાં મન રાખતો રહીને ભોજન કરે છે તેને અતિશય ઉતાવળે જમનાર જેવા દોષો થાય છે. માટે 'તન્મના' જમવું જોઇએ."

(૭) ચિત્તની પરમ શાંતિ (પ્રશમ:) ને ચરકે સર્વશ્રેષ્ઠ પથ્ય કહી છે. મનની અશાંતિ વિઘાતક છે. પથ્ય અને માપસર ભોજન પણ ચિન્તા, શોક, ભય, ક્રોધ વગેરે આવેશોને કારણે પચી શકતું નથી એમ ચરકે સ્પષ્ટ લખ્યું છે. ભાવાવેશની પાચનતંત્ર પર થતી અનિષ્ટ અસરનો સર્વસ્વીકૃત છે. પાવલૉવે, બિલાડીને જોઈને કૂતરાની હાજરીમાં આમાશય રસનું પ્રમાણ અત્યંત ઓછું થઈ ગયાનું નોંધ્યું છે.

ભોજન કરતી વખતે મનને ક્ષોભ પમાડે એવું એક પણ કારણ હાજર હોવું જોઇએ નહિ, અને એથી તો અન્નપાનનો વર્ણ, ગન્ધ, રસ તથા સ્પર્શ ઇષ્ટ (મનને પ્રિય અને હિતકર) હોવાં જોઈએ. ભોજનનું સ્થાન ને ભોજનનાં ઉપકરણો પણ રમ્ય હોવાં જોઇએ એવો આયુર્વેદનો આગ્રહ છે. અન્ન પ્રાણીઓના પ્રાણ છે પણ ભોજનવિધિનું પાલન કરવામાં ન આવે તો એ જ અન્ન પ્રાણપોષક બનવાને બદલે પ્રાણઘાતક બને છે. **લાભશંકર ઠાકર**

અવતરણ

રોજ ૩ ગ્રાડા થાય એટલી હરડે લેવાથી અનિદ્રાનો રોગ મટે છે. એ જ રીતે રાત્રે દૂધમાં ૧ા તોલો શંખાવળીનું ચૂર્ણ નાખી, દૂધ ગરમ કરી, પછી ઠરવા દઇને પીવાથી પણ રાત્રે ઊંઘ આવે છે. પીપરીમૂળના ગંઠોડાનું ચૂર્ણ આશરે બેઆની ભાર ગોળ કે મધ સાથે લેવાથી રાત્રે ઊંઘ આવે છે. દૂધમાં ઉકાળીને ગંઠોડા પીવાથી પણ રાત્રે ઊંઘ આવે છે.

કેરી ભૂખ્યા પેટે ચૂસીને ખાવાથી વધારે ફાયદો થાય છે, પણ લંબુ ભૂખ્યા પેટે ખાવાથી નુકસાન થાય છે. લંબુ કે લંબુની બનાવટ જમ્યા પછી ખાવાથી વધારે ફાયદો થાય છે.

વાદળાંથી હવે આકાશ ભરેલા જેવું રહે છે. આ ઋતુ વાયુના રોગી માટે વધારે ખરાબ ગણાય. જેને સાપ કે પરડું કરડ્યું હોય, કોઈ પણ પ્રકારનું ઝેર કોઈ વાર પેટમાં ગયું હોય અને તેની જૂનું અસર રહી હોય તેને આકારા વાદળથી ઘેરાએલું હોય તેવી ઋતુમાં માથું ચડે છે.

કેવળ ચક્કર જ આવતાં હોય પણ બ્લડપ્રેશર ન હોય તો ૧ા તોલો શંખાવળી સવારસાંજ લેવાથી ચક્કર આવતા બંધ થઈ જાય છે.

ભારતના દરિયા-કિનારાના વિભાગમાં રક્તાપત્તના રોગીઓનું પ્રમાણ મોટું છે. તેની પાછળ માછલીના ખોરાક સાથે દૂધ લેવાનું કારણ તો નહિ હોય? ચરક મહારાજે દૂધ-માછલી સાથે ખાવાની મનાઈ કરી છે; અને આજે ડૉકટરો કૉડ-લીવર જેવાં પ્રાણિજન્ય તેલો સાથે દૂધ છૂટથી આપે છે!

લીલા નાળિયેરની અંદરનું પાણી ને કોપરું રક્તપિત્ત, અમ્લપિત્ત આદિ પિત્તના રોગો ઉપર ઘણો ફાયદો કરે છે; પણ જો સૂકું કોપરું લેવાય તો તે પિત્ત કરે છે; માટે લીલું નાળિયેર જ લેવું. (જનસત્તા)

લેખક · સુરેશ મોદી

[પૂર્વે 'ચતુરંગ' નામે એક બહુ જ મઝાની રમત પોતાને શીખવવા બદલ એક રાજાએ એક પંડિતને મનમાન્યું ઇનામ માગી લેવા કહ્યું. પોતાને જોઇતો પુરસ્કાર કદાચ રાજા ન આપી શકે એમ જણાવી પંડિતે કંઈ પણ માગવા ના પાડી. છતાં રાજાનો આગ્રહ જરી જ રહેતાં પહેલા ખાનામાં એક, બીજામાં બે, ત્રીજામાં ચાર, ચોથામાં આઠ,એમ દર ખાને બેવડાતી જઈ 'ચતુરંગ'-નાં ચોસઠે ખાનાં ભરીને સોનાગહોરો પંડિતે માગી. પ્રથમ દૃષ્ટિએ બહુ મામૂલી લાગતી આ માગણી પૂરી કરવા જતાં અરધે પહોંચતાં સુધીમાં તો રાજાને પોતાની સ્થિતિ સમજાઈ ગઈ. (તમે પણ આ હિસાબ કરી તો જોજો.)ને આખરે રાજાએ પોતાની હાર કબૂલી લીધી.

કહે છે કે આ 'ચતુરંગ'ની રમત, રામે જ્યારે લંકા પર ચડાઈ કરી ત્યારે રાવણની વ્યગ્રતા ટાળવા તેની પત્ની મંદોદરીએ શોધેલી. અહિંસામાં માનનારા બૌદ્ધોએ યુદ્ધનો કેફ ઉતારવા આ રમત શોધ્યાનું પણ મનાય છે. અને એમ તો, ગ્રીક, રોમન, યહૂદીઓ, ચીનાઓ, સાર્વોમન રાજા, રાણી સેમિરામિસ, તત્ત્વજ્ઞ ઍરિસ્ટોટલ વગેરે અનેકને નામે એની શોધનો યશ ચડાવાયો છે. પણ હવે તો એ સ્વીકૃત હકીકત બની ગઈ છે કે 'ચતુરંગ'નું જન્મસ્થાન ભારત જ છે.

યુદ્ધના વ્યૂહ પેઠે આમાં પણ વ્યૂહો ગોઠવીને રમવાનું હોઇને, તથા ગજદળ, હયદળ, રથદળ અને પાયદળ એમ સેનાના ચાર મુખ્ય અંગો-ચતુરંગ-નાં મ્હોરાંનો આમાં સમાવેશ થતો હોઇને એનું નામ 'ચતુરંગ' પડ્યું. અહીંથી આ રમત ઈરાન ગઈ. ત્યાં ઉચ્ચારભેદે 'ચતુરંગ'નું 'ચતરંગ' થયું. ઈરાનીઓ પર અરબોની સત્તા બેઠા પછી શબ્દોચ્ચારના ભેદથી 'ચતરંગ'નું 'શતરંજ' થઈ ગયું. મુસલમાનોના હિંદમાં આવવા સાથે ચતુરંગ પણ શતરંજ રૂપે ફરી હિંદમાં આવી. સમૃદ્ધિની ટોચે પહોંચેલા મુઘલ બાદશાહો તો, ઝરૂખે બેસી, નીચે શતરંજનાં ખાનાં રૂપે બેસાડેલા આરસના ચોકમાં મ્હોરાંની જગ્યાએ દાસદાસીઓને ઊભાં રાખી ચાલ ચલાવતા.

મધ્ય પૂર્વમાંથી જેમ પૂર્વ તરફ, તેમ પશ્ચિમ તરફનાં યુરોપનાં રાજદ્વારોમાં પણ આ રમત પહોંચીને ઘણી લોકપ્રિય થઈ પડી. એનું આજનું સ્વરૂપ પણ ફ્રાંસમાં ઘડાયું. ત્યાંથી સ્પેન અને ધીરેધીરે ૧૫મી સદી સુધીમાં તો સમગ્ર યુરોપખંડને તેણે આવરી લીધો એટલું જ નહિ, એથી આગળ વધી એણે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી લીધી. આજે તો દેશવિદેશના તેના ઉસ્તાદ ખેલાડીઓ વચ્ચે હરીફાઇઓ પણ યોજાય છે. આમાં બધે એકવિધતા લાવવા એને માટેના આંતરરાષ્ટ્રીય નિયમો ઘડાયા છે. આ અંકથી શરૂ થતી આ લેખમાળામાં પણ એ આંતરરાષ્ટ્રીય નિયમો અને તદનુસાર રમાતી રમતનો પરિચય આપવા ધાર્યો છે. **સંપાદક**]

શતરંજ બે ખેલાડી વચ્ચે રમાય છે. રમતની સામગ્રી છે એક બૉર્ડ ને ૧૬ સફેદ (અથવા કોઈ પણ આછા રંગનાં) ને ૧૬ કાળા (અથવા કોઈ પણ ઘેરા રંગનાં) મ્હોરાં. આછા રંગનાં મ્હોરાં પણ રમતમાં સફેદ જ કહેવાય છે ને ઘેરાંને કાળાં કહે છે.

શતરંજના બૉર્ડમાં ૬૪ ચોરસ ખાનાં હોય છે. તે પણ એકએકને આંતરે આછા ને ઘેરા બે રંગનાં જ હોય છે—એક સફેદ ને એક કાળું, એ રીતે. રમતમાં હમેશાં બન્ને ખેલાડીને પોતાના તરફનું જમણી બાજુનું ખૂણાનું ખાનું સફેદ (આછા રંગનું) જ આવે એ રીતે બૉર્ડ ગોઠવાય છે.

હવે આપણે મ્હોરાંની ઓળખ કરીએ. આ નીચે દરેક મ્હોરાનું પ્રચલિત ગુજરાતી નામ, અંગ્રેજી નામ, તેનું વપરાતું ટૂંકું રૂપ ને ચિત્રોમાં વપરાતું ચિહ્ન આપેલું છે:

= K = King = રાજા

= Q = Queen = વજીર

= B = Bishop = ઊંટ

= N(Kt) = Knight = ઘોડો

= R = Rook = હાથી

 = P = Pawn = પ્યાદું

હવે મ્હોરાંને બૉર્ડ ઉપરગોઠવતાં શીખીએ.

તમારા તરફની પહેલી હરોળ ફપર છેડાનાં બે ખાનાં પર બે હાથી ત્યાંથી, વચ્ચે તરફ આવતાં બે ખાનાં પર બે ઘોડા, અને પછીનાં બે ખાનાં ઉપર બે ઊંટ ગોઠવો. હવે રહ્યાં બે ખાનાં તેનાં ઉપર રાજા અને વજીર આવે છે. કયા ખાના ઉપર રાજા અને કયા ખાના ઉપર વજીર મૂકવો તે માટે નિયમ છે કે સફેદ વજીર સફેદ ખાના ઉપર ને કાળો વજીર કાળા ખાના ઉપર જ આવે. આથી સફેદ ખેલાડીનો રાજા જમણી તરફ અને વજીર ડાબી તરફ,તથા કાળા ખેલાડીનો રાજા ડાબી તરફ અને વજીર જમણી તરફ આવે છે. એટલેકે રાજા ને વજીર સામા પક્ષના રાજા અને વજીરની સામે જ આવે. (જૂની પદ્ધતિમાં રાજા સામે સામા પક્ષનો વજીર અને વજીર સામે રાજા એમ મુકાતા.) પછી બીજી હરોળમાં આઠ ખાનાં ઉપર આઠ

પાયદળ–પ્યાદાં મૂકો, એટલે નીચે પ્રમાણે થશે.



હવે અમુક સામાન્ય નિયમો જોઇએ. કોઈ મ્હોરું પોતાના રંગના મ્હોરાએ રોકેલા ખાના પર જઇ ન શકે, પણ વિરુદ્ધ રંગના (સામા પક્ષના) મ્હોરાની જગ્યાએ જઈ શકે ને તેમ કરીને વિરુદ્ધ રંગના મ્હોરાને મારી શકે. મરેલું મ્હોરું રમતમાંથી દૂર થાય એ તો સ્વાભાવિક છે. હવે દરેક મ્હોરાની ચાલ જોઇએ.

રાજા : નીચેની આકૃતિપ્રમાણે આઠ દિશામાં, પણ માત્ર એકએક ડગલું (એકએક ખાનું) જ ચાલી શકે છે.



વજીર : શતરંજમાં આ સૌથી વધુ શક્તિશાળી મ્હોરું છે. તે રાજાની જેમ આઠે દિશામાં અને ગમે તેટલાં ડગલાં ચાલી શકે છે. પોતાના રંગનું મ્હોરું આવતાં તેની ચાલ અટકી જાય છે ને વિપક્ષીય મ્હોરું આવતાં તેને મારીને તેની જગ્યા લઈ શકે છે. તે સ્વપક્ષીય કે વિપક્ષીય કોઈ પણ મ્હોરા પરથી કૂદીને ચાલી શકે નહિ.



હાથી : વજીર પછીનું શક્તિશાળી મ્હોરું હાથી ચાર દિશામાં ગમે તેટલાં ડગલાં ચાલી શકે છે. તેની ચાર દિશા છે ઉપર-નીચે તથા ડાબા જમણી. તેની ગતિ પણ વજીરની જેમ જ અટકે. તે પણ વજીરની માફક કોઈ પણ મ્હોરાને કૂદીને જઈ શકે નહિ.



ઊંટ : તેને પણ હાથીની જેમ ચાર દિશાની, પણ ત્રાંસી ચાલ છે. તે ગમે તેટલાં ડગલાં ભરી શકે. સ્વપક્ષી મ્હોરાથી તેની ચાલ અટકે. વિપક્ષીય મ્હોરાને મારે. કોઈ પણ મ્હોરા ઉપરથી તે કૂદીને જઈ શકે નહિ.



આ ઉપરથી જોઈ શકાશે કે ઊંટ શરૂઆતમાં જે રંગના ખાના ઉપર હોય તે જ રંગના ખાના ઉપર રમતના અંત સુધી રહે છે.

ઘોડા : તેની ચાલ જરા જુદી છે. આપણે ત્યાં તેને અઢી પગલાંની ચાલ કહે છે. તેની ચાલનાં બે ડગલાં હાથીની જેમ ચાર દિશામાં અને ત્યાંથી એક ડગલું કાટખૂણે ચાલે છે.* આથી ઘોડાને જવા માટે આઠ જગ્યા રહે છે.



આકૃતિ પરથી જોઈ શકાશે કે ઘોડો દર ચાલે વિરુદ્ધ રંગના ખાનામાં જાય છે. વળી તે કોઈ પણ મ્હોરાને કૂદીને પણ જઈ શકે છે. તેની ગતિ તો જ રુંધાય જો તેને જવું હોય તે જ ખાના ઉપર સ્વપક્ષી મ્હોરું હોય. વિપક્ષી મ્હોરું હોય તો તેને મારી શકે.

પ્યાદાં : પ્યાદાં સાધારણ રીતે જે પંક્તિમાં હોય તેમાં એક ડગલું આગળ વધી શકે છે. આમાં અપવાદ એ છે કે જ્યારે કોઈ પણ પ્યાદું તેની મૂળ જગ્યા ઉપર હોય ત્યારે તે એક અથવા બે પગલાં પણ ચાલી શકે, પરંતુ એક વખત પોતાનું મૂળ સ્થાન છોડ્યા પછી તો તે એક એક ડગલું જ આગળ વધી શકે.

પ્યાદાની બીજી એક ખાસિયત એ છે કે તેની ચાલવાની રીત ને વિરુદ્ધપક્ષના મ્હોરાને મારવાની રીત જુદી છે. તે ચાલે એક સીધી દિશામાં જ, પણ મારતી વખતે ત્રાંસું ચાલે છે; એટલે એ રીતે તેને બે દિશા મળે છે.



ડાબી તરફના ચિત્રમાં બતાવેલી સ્થિતિમાં બન્ને પ્યાદાં એકબીજાનો રસ્તો રોકે છે તેથી બંનેમાંથી એકે પ્યાદું આગળ જઈ શકે તેમ નથી. જ્યારે જમણી તરફના ચિત્રમાં સફેદની ચાલ હોય તો તે સીધું આગળ ચાલી ન શકે પણ આજુબાજુની પંક્તિમાંના કાળાં પ્યાદાંમાંથી ગમે તે એકને ત્રાંસું ચાલીને મારી શકે અને એ રીતે આગળ વધે. તેમજ કાળાંની ચાલ હોય તો તેનું વચ્ચેનું પ્યાદું ન ચાલી શકે પણ બાકીના બેમાંથી ગમે તે એક કાળું પ્યાદું પેલા સફેદ પ્યાદાને મારી શકે.

પ્યાદાની એક બીજી ખાસ ચાલ છે, જેને એન પેસન્ટ–આં પાસાં (En passant) કહે છે. જ્યારે કોઈ પ્યાદું પાંચમી હરોળ (સામા પક્ષની ચોથી) પર હોય ને સામા પક્ષનું તેની



આજુબાજુવાળી પંક્તિમાંનું પ્યાદું પોતાની મૂળ જગ્યાએથી બે ડગલાં આગળ વધે,



*ઘોડાની આ અઢી પગલાંની ચાલ પરથી પણ શતરંજનો એક કોયડો રચાયો છે. એમાં ઘોડાને એક છેડેથી શરૂ કરી તેની ચાલ પ્રમાણે અઢીઅઢી પગલાં ચાલતાં જઈ એવી રીતે ચલાવવો કે શતરંજનાં ચોસઠે ખાનાં પર તે ફરી વળે અને તે પણ એ રીતે કે દરેક ખાના પર તે માત્ર એક જ વાર આવે. –સં.

તો તે પછીની ચાલમાં પાંચમી હરોળ-વાળું પ્યાદું વિરુદ્ધ પક્ષના તે પ્યાદાને મારી શકે, ને તેની નવી સ્થિતિ જો વિરુદ્ધ પક્ષનું પ્યાદું એક ડગલું ચાલ્યું હોત તો જ્યાં આવત તે જગ્યાએ રહે. એક વખત એ તક ગુમાવ્યા પછી બીજી ચાલમાં તે મળતી નથી.



આ ઉપરાંત પણ પ્યાદાની વધુ એક વિશિષ્ટતા છે. તે એ કે જ્યારે આઠમી (સામા પક્ષની પહેલી) હરોળ ઉપર તે પહોંચે ત્યારે તેને પ્યાદાના બદલામાં રાજા સિવાયનું ગમે તે મ્હોરું બનાવી શકાય. આ ચાલ વિષે આપણી તરફ ઘણા ખોટા ખયાલો પ્રચલિત છે. એટલે આ નિયમ તરફ ખાસ ધ્યાન દોર્યું છે. કોઈ પણ પ્યાદું આઠમી હરોળ ઉપરના ગમે તે ખાલી ખાના ઉપર પહોંચે ત્યારે તેના બદલામાં વજીર, ઊંટ, હાથી કે ઘોડો, એ ચારમાંથી ગમે તે મ્હોરું એ બની શકે છે. અન્ય એક વજીર કે બંને હાથી, ઘોડા કે ઊંટ જીવતા હોય તો પણ. આ રીતે તમારી પાસે એકીસાથે બે કે તેથી વધુ વજીર પણ થઈ શકે છે.

વજીર સૌથી વધુ શક્તિશાળી મ્હોરું હોવાથી મોટે ભાગે તો આવા પ્યાદાને વજીર જ બનાવાય છે; પણ કયારેક ઘોડો બનાવવો વધુ ફાયદાકારક હોય છે. હાથી કે ઊંટ તો ભાગ્યે જ બનાવાય છે.

હવે આપણે એક જ ચાલ શીખવાની રહી છે. તે છે રાજાને બચાવવા માટે તેની આજુ-બાજુ કિલ્લેબંધી કરવાની ખાસ ચાલ. શતરંજની આખી રમતમાં આ એક જ એવી ચાલ છે જેમાં એકીસાથે બે મ્હોરાં (રાજા ને હાથી) ચાલે છે. આ ચાલમાં રાજા હાથીની દિશામાં બે ડગલાં ચાલે છે અને હાથી રાજા જે ખાના ઉપરથી પસાર થયો હોય તે ખાના ઉપર આવે છે. આ ચાલ રાજા તરફ તેમજ વજીર તરફ (એટલે કે ડાબી જમણી બંને તરફ) થઈ શકે છે આને 'કાસ્ટિંગ' કહે છે.

પણ એની કેટલીક શરતો છે. એક તો આ ચાલ આખી રમતમાં માત્ર એક જ વખત

મૂળ સ્થિતિ



રાજા તરફની કિલ્લેબંધી – 'કાસ્ટિંગ' પછી

વજીર તરફના 'કાસ્ટિંગ' પછી

ચાલી શકાય, અને તે પણ (૧) રાજા અને જે હાથી ખસેડવાનો હોય તે–એમ બંને મ્હોરાં પોતાની મૂળ જગ્યાએથી ખસ્યાં ન હોવાં જોઇએ. (એક વખત ચાલીને ફરી પોતાની મૂળ જગ્યાએ આવી ગયાં હોય તો પણ ન ચાલે); (૨) રાજા અને હાથી વચ્ચેનાં બધાં ખાનાં ખાલી હોવાં જોઇએ; (૩) રાજા શેહમાં ન હોવો જોઈએ. એ જ રીતે ચાલ ચાલ્યા પછી યે શેહમાં આવતો ન હોવો જોઇએ; એટલું જ નહિ, જે ખાના ઉપરથી રાજા પસાર થઈ આગળ જાય તે ખાના ઉપર પણ શેહ ન હોવી જોઇએ. આ શેહ એટલે શું એ હવે જોઇશું.

શતરંજની રમતમાં રાજાને મરાતો નથી પણ પછીની બીજી ચાલમાં રાજા મરે તેમ હોય તેને શેહ (check) કહે છે. જ્યારે રાજા શેહમાં હોય ત્યારે તેને બચાવવો જ પડે છે, અને જો તેનો બચાવનો કોઇ માર્ગ ન હોય તો તે મહાત (checkmate) થયો કહેવાય. રાજા મહાત થાય એટલે રમત પણ પૂરી થાય. આ રીતે સામસામા પડેલા રાજાને મ્હાત કરવા એ જ આ રમતનું (બંને પક્ષનું) ધ્યેય છે અને બત્રીસે મ્હોરાં જીવતાં હોય તો પણ રમતનો અંત આવી શકે છે.

શેહમાંથી બચવાની ત્રણ રીત હોઈ શકે: (૧) રાજાને ખસેડીને જ્યાં શેહ ન હોય ત્યાં મૂકવો. (રાજા સામા પક્ષના રાજાની બાજુમાં ન જઈ શકે એ એક નિયમ ખયાલમાં રાખવો.) (૨) જે મ્હોરાએ શેહ આપી હોય તે જ મ્હોરાને મારવું. (૩) શેહ આપનાર મ્હોરા અને રાજાની વચ્ચે એક મ્હોરું મૂકવું. (જ્યારે શેહ ઘોડાની હોય ત્યારે આમ થઈ ન શકે.)

જ્યારે શેહમાંથી બચવાનો ઉપર્યુક્ત ત્રણમાંથી એકે માર્ગ ન હોય ત્યારે રાજાને મ્હાત થવા સિવાય કોઈ ઉપાય રહેતો નથી. ને જેનો રાજા મ્હાત થાય તે રમત હાર્યો ગણાય.

[આવતા અંકમાં ટૂંકી રમતો અને શતરંજની ચાલ લખવાવાંચવાની રીત જોઈશું.]

હું ઇંગ્લંડમાં જન્મું, તો સૌથી પ્રથમ પુરુષ થવાનું પસંદ કરું; પછી ઘોડો થવાનું, પછી કૂતરો થવાનું અને છેવટે સ્ત્રી થવાનું. અમેરિકામાં જન્મું તો, સૌથી પ્રથમ સ્ત્રી થવાનું પસંદ કરું; પછી કૂતરો થવાનું, પછી ઘોડો થવાનું, અને છેક છેવટે પુરુષ થવાનું! —થૂસ ગાઉલ્ડ

નવાં પ્રકાશનો

આકાશનાં પુષ્પો

ગગનવિહારી મહેતા

હાસ્યરસિક લેખો અને હળવા નિબંધોનો સંગ્રહ

કિં. રૂા. ૩-૫૦

પીતાંબર વાર્તાવૈભવ

પીતાંબર પટેલ

પ્રસ્તાવના

હીરાબેન પાઠક

પીતાંબર પટેલની ચૂંટી કાઢેલી સોળ સુંદર વાર્તાઓનો સંગ્રહ

કિં. રૂા. ૩-૫૦

મહામાત્ય ચાણુક્ય

[સંક્ષિપ્ત]

ધૂમકેતુ

શ્રી ધૂમકેતુની પ્રસિદ્ધ નવલકથા મહામાત્ય ચાણુક્યની સંક્ષિપ્ત આવૃત્તિ

કિં. રૂા. બે

પહાડનાં પુષ્પો

[સંક્ષિપ્ત]

રમણલાલ વ. દેસાઇ

રાજસ્થાનની એક પ્રસિદ્ધ ઐતિહાસિક નવલકથાની સંક્ષિપ્ત આવૃત્તિ

કિં. રૂા. બે

વોરા એન્ડ કંપની,

પબ્લિશર્સ પ્રાઇવેટ લિમિટેડ,

૩, રાઉન્ડ બિલ્ડિંગ · મુંબઈ નં. ૨.

રવીન્દ્રનાથનું કુટુંબજીવન
ડાબી બાજુ: નવવધૂ સાથે–ઈ. ૧૮૮૩-૮૪; મથાળે: પત્ની મૃણાલિની દેવી મોટી ઉમરે; નીચે–ડાબી બાજુ: પ્રથમ બાળક (માધુરીલતા) સાથે પતિપત્ની–ઈ. ૧૮૮૬; જમણી બાજુ: પુત્રી માધુરીલતા અને પુત્ર રથીન્દ્ર સાથે ઈ. ૧૮૮૯-૯૦માં.

બાલ્યાવસ્થાનું ૨ રવીન્દ્રનાથનું ઘડતર

રવીન્દ્રનાથની પ્રતિભાને બાળપણમાં ખીલવામાં જે વિઘ્નો આવ્યાં તેમજ જે ઉત્તેજન મળ્યાં તેનું રસભર્યું વર્ણન તેમણે પોતાની યુવાન વય સુધીની 'જીવનસ્મૃતિ'માં કર્યું છે. નિશાળનું શિક્ષણ તેમને કદી રુચ્યું ન હતું; અને ઘેર શિક્ષકો એક પછી એક જે વિવિધ વિષયો ભણાવવા આવતા તે શુષ્ક કાર્યક્રમ પણ બંધન રૂપ લાગતો.

ઓરીએન્ટલ સેમિનારી અને નૉર્મલ સ્કૂલમાં બંગાળી શિક્ષણ પૂરું કર્યા પછી એમને ક્રિશ્ચિયન છોકરાઓ માટેની બેંગાલ એકેડેમીમાં મૂકવામાં આવ્યા. રવીન્દ્રનાથ લખે છે કે 'અહીં જે કાંઈ શિખવાતું તેનો છાંટો પણ અમે સમજતા નહિ. અહીંના છોકરાઓ તોફાની તો હતા, પણ તિરસ્કાર ઊપજે એટલી હદે નહિ. પોતાની હથેળીમાં Ass (ગધેડો) શાહીથી લખીને પાસે આવી, વહાલથી 'હલ્લો' કહી પીઠ થાબડતા, ને એ અવગણનાપાત્ર ચતુષ્પાદનું નામ પીઠ પર અંકિત થઈ જતું! પણ આ બધાં તોફાન માત્ર શરીરને અસર કરતાં, મનને મલિન કરતાં નહિ. એટલે મને થયું કે પંકમાંથી નીકળી પથ્થર પર મેં પગ દીધો છે—પગને ભલે નુકસાન થવાનું, પણ મલિનતામાંથી બચી તો ગયો.'

'પણ ગમે તેવી તો યે નિશાળ તે નિશાળ જ'–રવિબાબુ લખે છે–'તેના ઓરડા અંધારા હતા, તેની ચોતરફની ભીંતો પહેરો ભરતા પોલીસ જેવી હતી...તેના સાંકડા દરવાજામાં થઈને ચોગાનમાં પેસતાં જ હૃદય ઉદાસ થઈ જતું.'

છતાં ભણવું તો પડતું જ. તે કેવું ને કેવી રીતે? 'માઈ બૉયહૂડ ડેઈઝ'માં કવિ લખે છે: 'સવારથી રાત સુધી ભણતરની ચક્કી ચાલુ જ રહેતી. અને એ કિચૂડાટ બોલાવતા યંત્રને ચાવી આપવાનું કામ શોજ દાદા (એમના ત્રીજા નંબરના મોટા ભાઈ હેમેન્દ્રનાથ)કરતા. એ બહુ કડક કામ લેનારા હતા. ભાતભાતના ભણતરનો જાણે ઢગલો અમારા પર લાદી દેવામાં આવતો. ...ઘડિયાળમાં દસના ટકોરા પડે છે, ને ખડખડપાંચમ ગાડીને ખેંચતો બુઢ્ઢો ઘોડો મને મારા આંદામાન ટાપુએ (નિશાળે) લઈ જાય છે, જ્યાં દસથી ચાર વાગ્યા સુધીની કાળાપાણીની સજા મારે કપાળે લખાએલી હોય છે. સાડા ચારે ઘેર આવું ત્યાં વ્યાયામ શિક્ષક આવીને બેઠેલા જ હોય, એટલે કલાકેક મારે 'પૅરેલલ બાર્સ' જોડે બાથોડિયાં ભરવાનાં આવે. એ હજી ગયા ન હોય ત્યાં ચિત્ર-શિક્ષક આવીને ઊભા જ છે...આમ એકધારી ચક્કી ચાલ્યા જ કરતી ને એ નીરસતાથી ભરેલા ધૂંધળા દિવસોમાં મારો જીવ કરમાયા કરતો.'

એવામાં એક સામાન્ય પ્રસંગ બન્યો, જેણે એમના જીવનમાં અસામાન્ય પરિવર્તન કરી નાખ્યું. એ વાત જરા વિગતે જોઇએ. રવીન્દ્રનાથ 'જીવનસ્મૃતિ'માં લખે છે:

'મારા જન્મ પછી મારા પિતા મોટે ભાગે મુસાફરીમાં જ રહેતા એટલે મારી બાલ્યાવસ્થામાં હું મારા પિતાથી તદ્દન અપરિચિત રહ્યો હતો. તેઓ ઓચિંતા ક્યાંથી આવી પહોંચતા અને સાથે એમના ચાકરો પણ નવાનવા આવતા. તે બધાંની સાથે ઓળખાણ કરવાનું મને ઘણું મન થતું. એક વાર તેમની સાથે લેતુ કરીને એક પંજાબી જુવાન નોકર આવેલો. અમે બાળકો તેને રણજિતસિંહને છાજે એવું માન આપતા. અમને મહાભારતના અર્જુન અને ભીમ ઉપર જેટલી શ્રદ્ધા હતી તેટલી જ શ્રદ્ધા બધા જ પંજાબીઓના બળને માટે હતી. પંજાબીઓ તો લડાયક જ હોય છે; અને જો કોઈ પણ લડાઈમાં તેઓ હારે તો બધો દોષ એમના દુશ્મનોનો જ હોય એવું અમે માનતા!

'સાંજ પડયે મારા પિતા બાગ તરફ મુખ કરીને ખુરશી પર બેસતા, અને મને ગાવા બોલાવતા. ચન્દ્ર ઊગ્યો હોય, તેનાં કિરણો ઝાડમાં થઇને ઓટલા પર પડી રહ્યાં હોય અને હું બિહાગ રાગ ગાતો હોઉં...' (ચિત્ર : ગગનેન્દ્રનાથ ઠાકુર

મારા પિતા ઘેર આવતા કે તરત આખા ઘરમાં તેમની હાજરીની અસર વર્તાઈ આવતી. અમારા બધા વડીલો અમુક નિશ્ચિત સમયે જ ગંભીર ચાલે ચાલતા, મોંમાંથી પાનસોપારી કાઢી નાખી, છોગા પહેરીને તેમના ઓરડામાં જતા. બધા માણસો પોતપોતાના કામમાં સાવધ રહેતા. રસોઈ બરાબર થાય એટલા માટે મારી મા જાતે તેમાં ધ્યાન આપતી. બપોરે જ્યારે મારા પિતા આરામ લેતા હોય ત્યારે તેમના ઓરડાને બારણે હાથમાં છડી લઈ છોગાવાળી પાઘડી પહેરીને ઘરડો દીવાન કિનુ ઊભો રહેતો અને અમને સામેના ઓટલા પર અવાજ કરવાની મના કરતો. તેમના ઓરડા પાસેથી અમારે ચૂપકીદીથી ચાલવું પડતું અને એકબીજાના કાનમાં વાતો કરવી પડતી. ઓરડાની અંદર તો અમે ડોકિયું સુદ્ધાં કરવાની હિંમત કરતા નહિ.

એક વખત મારા પિતાએ આવીને અમારા ત્રણેના કપવીતસંસ્કાર-ની તૈયારી કરી. બિસારામ બાબુની સાથે પ્રાર્થનામંદિરના ઓરડામાં બેસીને અમારે દિવસોના દિવસો સુધી ઉપનિષદ્‌નાં સૂત્રોના શુદ્ધ ને સ્પષ્ટ ઉચ્ચાર શીખી સ્વર સાથે વાંચવું પડયું. છેવટે માથાનું મુંડન કરાવી, કાને સોનાની કડીઓ પહેરી, અમે ત્રણે દ્વિજો ત્રીજા માળના એક ભાગમાં ત્રણ દિવસ ધ્યાન કરવા માટે ગયા. ત્યાં અમને બહુ

બાળપણની એવી ઘણી બાબતો મને યાદ છે કે જેનો અર્થ સમજ્યા વગર પણ તે મને ઘણો ઉશ્કેરી મૂકતી. એક વખત નદી ઉપર આવેલા અમારા બંગલાની અગાસી ઉપર હું અને મારા સૌથી મોટા ભાઈ ઊભા હતા. એવામાં વાદળાં ઘેરાઈ આવ્યાં કે તરત મોટા ભાઇએ લાગણી સાથે કાલિદાસનું 'મેઘદૂત' ગાવા માંડ્યું. એ વયે મને સંસ્કૃત તો શાનું સમજાય? પણ તે સમજવાની જરૂરે ન હતી; શબ્દોનો પ્રવાહ અને શબ્દરચના જ મારે માટે બસ હતાં. એ જ રીતે, હું અંગ્રેજી પૂરેપૂરું સમજતો થયો તે પહેલાં જ, ડિકન્સની નવલકથા 'ઓલ્ડ ક્યૂરીઑસિટી શૉપ' મારા હાથમાં આવી ગઈ. તેમાં વાર્તાની સમજૂતીને માટે ઠામઠામ ચિત્રો પણ આપેલાં હતાં. હું એ આખી વાંચી ગયો અને તેમાંના નવ દશાંશ શબ્દો જોકે મને આવડે તેવા ન હતા, છતાં મારી અટકળથી તે વાર્તાનું એકાદું મેં બનાવી કાઢ્યું અને અંદરનાં ચિત્રો હું તેને આધારે સમજવા લાગ્યો.

એક વખત હું મારા પિતા સાથે બોટમાં બેસીને ગંગા ઉપર લટાર મારવા ગયો હતો ત્યારે તેમની પાસે જયદેવનું 'ગીતગોવિંદ' હતું: બંગાળી લિપિમાં છાપેલું. મને સંસ્કૃત આવડતું ન હતું, પણ બંગાળીના જ્ઞાનને લીધે કેટલાક શબ્દો પરિચિત હતા. તેને આધારે એ 'ગીતગોવિંદ' આખું મેં કેટલી યે વાર વાંચી નાખ્યું! જયદેવ શું કહે છે તેની મને ખબર ન હતી, પણ છંદ અને શબ્દો મળીને સુંદર ચિત્રો મનમાં ઊભાં થતાં:

'નિભૃત નિકુંજ ગૃહં ગત યા નિશિ રહસિ નિલીય વસંતમ્'

આ લીટી મનમાં કોઈ અદ્‌ભુત સુંદરતાનો ઉદ્રેક કરી મૂકતી.

મઝા પડી. કાને પહેરેલી કડીઓ એકબીજાનો કાન ખેંચવા માટે ઉત્તમ સાધનરૂપ નીવડી! ત્યાં એક ઓરડામાં નરઘું પડેલું હતું. અમે તે બારી આગળ લઇ જઈ ઊભા રહેતા, ને નીચે કોઈ ચાકર જતો જણાય એવી જ નરઘા પર થાપી મારતા. એના અવાજથી ચાકર ઊંચે જોતો અને તરત જ ઝડપથી નીચું જોઇ પાછો ચાલવા માંડતો, કારણ કે શૂદ્રે દ્વિજને એ સમયે જોવા ન જોઇએ, આમ, ખરું પૂછો તો, અમારા આ ત્રણ દિવસો અમે ધ્યાનમાં ગાળ્યા એમ તો અમારાથી ન કહી શકાય!

અમને જનોઇ દીધા પછી ગાયત્રીનો જપ કરવામાં હું ઘણો જ નિયમિત રહેતો અને એકાગ્રતાથી તેના પર ધ્યાન ધરતો. મારી તે વખતની વયે ગાયત્રીનો સંપૂર્ણ અર્થ મને ન સમજાય એ તો સ્વાભાવિક છે, છતાં ૐ ભૂઃ ભુવઃ સ્વઃ નો ઉચ્ચાર કરતી વખતે હું મારા ચૈતન્યનો વિકાસ કરવા માટે પ્રયત્ન કરતો.

મારી જનોઇ પછી મારું માથું ભોંકું હોવાને લીધે મને ઘણી ચિંતા થતી કે હવે નિશાળે કેવી રીતે જવું! એટલામાં મારા પિતાએ મને એમના ઓરડામાં બોલાવીને પૂછ્યું કે, 'મારી જોડે તને હિમાલય આવવું ગમે ખરું?' હિમાલય? કયાં બેંગાલ ઍકેડેમી ને કયાં હિમાલય! ત્યાં જવાનું મને ગમશે કે નહિ? અરે! એ વાત મને કેટલી ગમે છે તેનો ઉત્તર તો મેં આકાશ ભેદી નાખે એવી ઘોષણાથી આપ્યો હોત!

ᔓ

અમે ઊપડવાના હતા તે દિવસે હર વખતના નિયમ પ્રમાણે પિતાશ્રીએ આખા કુટુંબને એકઠું કરી પ્રાર્થના કરી. વડીલોને નમસ્કાર કરી, તેમનાં ચરણની રજ લઈને હું પિતા જોડે ગાડીમાં બેઠો. મારે માટે પૂરેપૂરો પોશાક પહેલવહેલો આ પ્રસંગે જ કરાવ્યો હતો.

હિમાલય જતાં રસ્તે થોડા દિવસ અમે બોલપુરમાં રોકાવાના હતા. (ત્યારે ત્યાં આજનું શાંતિનિકેતન ન હતું; માત્ર દેવેન્દ્રનાથે ખરીદી રાખેલી થોડી જમીન અને બેત્રણ મકાનો હતાં.) સત્યો તાજેતરમાં જ એનાં માબાપ જોડે ત્યાં જઈ આવ્યો હતો. તેણે પાછા આવીને એ મુસાફરીનું જે વર્ણન મારી પાસે કર્યું તેના ઉપર આ જમાનાનો કોઈ બાળક તો જરાપણ ભરોસો ન મૂકે. પણ અમારી વાત જુદી હતી. સત્યાએ તો મને કહ્યું હતું કે આગગાડીના ડબ્બામાં બેસવા માટે જો કોઈ માણસ ખાસ હોશિયાર ન હોય તો એ કામ ઘણું જ જોખમ-ભરેલું હોય છે! જરાક જો ભૂલ થાય તો પતી જ ગયું! વળી દરેક માણસને પોતાની બેઠક ઉપર બેસી રહેવા માટે પોતાનું સઘળું બળ અજમાવવાની જરૂર પડે છે, કારણ કે જ્યારે ગાડી ઊપડે ત્યારે એવો તો સખ્ત આંચકો આવે છે કે માણસ કયાંનો કયાં ઊડી પડે અને તેનો પત્તો પણ લાગે નહિ. એટલે જ્યારે હું સ્ટેશન પર ગયો ત્યારે તદ્દન ઉશ્કેરાએલી સ્થિતિમાં હતો. પણ અમે અમારા ડબ્બામાં એવી તો સહેલાઇથી બેઠા કે મને તો એમ જ લાગ્યું કે ખરો આંચકો તો હજી હવે આવવાનો હશે. જ્યારે ગાડી તદ્દન શાંતિથી ને ધીમેથી ચાલવા માંડી ત્યારે કૈં પણ સાહસ જેવું ન બન્યું તેથી હું નિરાશ થયો!

ગાડી ઝપાટાબંધ ચાલી. લાંબાં ખેતરો, તેમની કોરે આવી રહેલાં ભૂરાં અને લીલાં વૃક્ષો અને તેમની છાયામાં આવેલાં ગાડાં પણ બંને બાજુએ ઝરાની પેઠે વહેવા લાગ્યાં અને મૃગજળની પેઠે પાછાં ઓગળી જઇ દેખાતાં બંધ થઇ ગયાં! અમે બોલપુર પહોંચ્યા ત્યારે સાંજ પડી હતી. અમે પાલખીમાં બેઠા એટલે મેં મારી આંખો બંધ કરી દીધી કેમકે ત્યાંનો બધો અદ્‌ભુત દેખાવ સવારના પહોરમાં ઊઠીને તાજો જ જોવાની મારી મનીષા હતી.

સવારે ઊઠીને હું બહાર નીકળ્યો ત્યારે મારું હૃદય જોરથી ધબકારા મારતું હતું. મને સત્યાએ કહ્યું હતું કે બોલપુરમાં એક ચીજ એવી હતી કે જેનો નમૂનો આખી દુનિયામાં બીજે કયાંય ન મળે. તે ચીજ બંગલાથી ચાકરની ઓરડીઓ તરફ જવાનો રસ્તો. તેના ઉપર કાંઈ પણ ઢાંકણ કે છાપરું નહોતું, ને છતાં સૂર્યનું એક પણ કિરણ કે વરસાદનો એક પણ છાંટો તે રસ્તે જનારને માલૂમ પડે જ નહિ! એટલે હું તરત આ નવીન રસ્તાની શોધમાં નીકળી પડ્યો. પણ આજ દિન સુધી એ રસ્તો મને જડ્યો નથી."

ᔓ

ઘર અને શાળાના બંધિયાર વાતાવરણમાંથી છૂટી ગ્રામપ્રદેશના વિશાળ ને મુક્ત વાતાવરણમાં (અને તે પણ જ્ઞાનવૃદ્ધ પ્રેમાળ પિતાની વાત્સલ્યભરી છાયા નીચે) આવતાં જ રવીન્દ્રનાથનો આત્મા કૉળી ઊઠ્યો. તે આજુબાજુના પ્રદેશમાં યથેચ્છ ફરતા અને નિસર્ગનાં અદ્‌ભુત દૃશ્યો નિહાળતા. પિતા પણ તેમને મુક્ત વિહારની છૂટ આપતા, તેમની ચેષ્ટાઓમાં રસ લેતા ને તેમને જવાબદારીવાળાં કામ સોંપી તેમના સ્વત્વને પ્રેરતા અને પ્રચ્છન્ન ઘડતર પણ કરતા.

રવિબાબુ લખે છે: "મને કાળજીપૂર્વક કામ કરવાની ટેવ પાડવા માટે મારા પિતા મને થોડું પરચૂરણ આપી તેનો હિસાબ રાખવાનું કહેતા. વળી તેમણે મને તેમની પોતાની કીમતી સોનાની ઘડિયાળને ચાવી આપવાનું કામ પણ સોંપ્યું. મારામાં જવાબદારીની બુદ્ધિ ઉત્પન્ન થાય તેટલા માટે તેઓ નુકસાનની પણ પરવા કરતા નહિ. અમે સવારે ફરવા જતા ત્યારે રસ્તામાં ભિખારીઓને દાન મારે જ હાથે કરાવતા. પણ છેવટે તેનો હિસાબ હું મેળવી શકતો નહિ! એક દિવસ તો હિસાબ ગણતાં સિલિક જોઈએ તે કરતાં વધારે આવી! મારા પિતાએ કહ્યું: ખરેખર! મારે તને મારો કૅશીઅર બનાવવો જોઈએ. તારા હાથમાં આવીને તો પૈસા વધતા હોય એમ લાગે છે!

પેલી ઘડિયાળને હું નિયમિત ચાવી આપતો, પણ તે પ્રયત્ન જરા વેગથી ને જોરથી થતો હતો. એ ઉત્સાહને પરિણામે તેને કલકત્તામાં ઘડિયાળીને ત્યાં સમરાવવા મોકલવી પડી!

મારા પિતાએ એમની ભગવદ્ગીતાની ચોપડીમાં પોતાને પ્રિય લાગતા શ્લોકોને નિશાની કરી હતી. એ બધાના તરજૂમા સાથે ઉતારા કરવાનું એમણે મને સોંપ્યું. અત્યાર સુધી હું જે તદ્દન નકામો છોકરો ગણાતો તેને આવાં અગત્યનાં કામ સોંપાયાં ત્યારે મને મારી સ્થિતિ માટે માન ઉત્પન્ન થયું.

કવિતા લખવાની મારી પેલી વાદળી નોટ તો ખોવાઈ ગઈ હતી, પણ તેને બદલે અહીં મઝાની 'લેટ્સ ડાયરી' મારે હાથ ચડી. બોલપુરમાં હું કવિતા લખતો ત્યારે એક નાનાસરખા નાળિયેરીના ઝાડ નીચે બેસતો. કઠણ ને ઘાસ વગરની એ પથરાળ જમીનમાં પડથાં પડચાં મેં 'પૃથ્વીરાજનો પરાજય' કાવ્ય લખ્યું. એ વીરરસ-પ્રચુર હોવા છતાં પણ અકાળ મૃત્યુના હાથમાં પડતું બચી શક્યું નહિ! લેટ્સ ડાયરી પણ એની મોટી બહેન વાદળી નોટબુક જ્યાં છે ત્યાં જ ગઈ છે અને પાછળ કાંઈ પણ સરનામું કે પત્તો મૂકી ગઈ નથી!

શાહબાજગંજ, દીનાપુર અને અલ્લાહાબાદ થોડોથોડો વખત થોભીને કાનપુર થઈને અમે છેવટે અમૃતસર આવ્યા.

રસ્તે ગાડીમાં બનેલો એક બનાવ મારા સ્મરણમાં હજી તાજો છે. ગાડી કોઈ મોટે સ્ટેશને ઊભી હતી એવામાં એક ટિકિટ તપાસનાર આવ્યો. તેણે મારી ટિકિટ તપાસી મારા તરફ કુતૂહલથી જોયા કર્યું. પછી તે જતો રહ્યો અને થોડી વારે એક બીજા ટિકિટ તપાસનારને લઈને આવ્યો. તે બન્ને માંહોમાંહે કાંઈ વાત કરી પાછા જતા રહ્યા. છેવટે સ્ટેશન માસ્તર પોતે આવ્યો. તેણે મારી અરધી ટિકિટ જોઈને પૂછ્યું: 'આ છોકરાને બાર વર્ષ પૂરાં થયાં નથી?' મારા પિતાએ કહ્યું: 'ના.' તે વખતે હું અગિયાર વર્ષનો જ હતો, પણ મારી વય કરતાં મોટો દેખાતો હતો. સ્ટેશન માસ્તરે કહ્યું: 'તમારે એનું આખું ભાડું ભરવું પડશે.' મારા પિતાની આંખો ક્રોધથી ચમકી ઊઠી અને તેમણે ખોટમાંથી એક નોટ કાઢીને સ્ટેશન માસ્તરને આપી. જ્યારે તેણે પર-ચૂરણ લાવીને મારા પિતાને પાછું આપ્યું ત્યારે મારા પિતાએ તે લઈને સ્ટેશનના પ્લૅટફૉર્મ પર ફેંકી દીધું અને ત્યાંના પથરાઓ પર ખણણણ અવાજ થઈ ઊઠ્યો. સ્ટેશન માસ્તર પોતે દર્શાવેલી શંકા કેટલી હલકી હતી તે જોઈ શરમિંદો થઈ નીચું ઘાલી ચાલ્યો ગયો!

અમૃતસરનું સુવર્ણમંદિર મને હજી યે એક સ્વપ્ન જેવું યાદ છે! ત્યાં તળાવ વચ્ચે આવેલા ગુરુ દરબારમાં હું ઘણી વાર પિતા સાથે જતો.

સાંજ પડયે મારા પિતા બાગ તરફ મુખ કરીને ખુરશી પર બેસતા અને મને ગાવા બોલાવતા. ચંદ્ર ઊગ્યો હોય, તેનાં કિરણો ઝાડમાં થઈને ઓટલા પર પડી રહ્યાં હોય ને હું બિહાગ રાગમાં ગાતો હોઉં કે

'તુમિ વિના પ્રભુ! કે સંકટનિવારે, કે સહાય ભવ અંધકારે!'

ત્યારે મારા પિતા મસ્તક નમાવીને હાથની અંજલિ કરી એકચિત્તે ધ્યાનમાં સાંભળી રહ્યા હોય, એ દૃશ્ય આજે પણ ખડું થાય છે!

અમૃતસરમાં અમે માસેક રહ્યા, પણ એ એક મહિનો કેમે કર્યો ખૂટે નહિ; કેમકે હિમાલય જવાની ઉત્સુકતાએ મને અસ્થિર કરી મૂક્યો હતો. અંતે એ પરમ આનંદનો દિવસ આવ્યો. એપ્રિલ અધ-વારતાં અમે ત્યાંથી ડેલહાઉસી જવા નીકળ્યા.

અમે ઝંપાનમાં બેસીને જતાંજતાં ચડતી-ઊતરતી ટેકરીઓ જોતા. સર્વત્ર વસંતનાં પુષ્પોનો બહાર ખીલી નીકળ્યો હતો. રોજ સવારના પહોરમાં અમે રોટલી અને દૂધ ખાઈને ચાલવા માંડતા અને રાત્રે

> બાળપણમાં મારાં કાવ્યોનો જે એક ભાવુક શ્રોતા મને મળ્યો હતો એવો બીજો કદી મળ્યો નથી. એનું નામ શ્રીકંઠ બાબુ. એ ડોસો મારા પિતાનો, મોટા ભાઈનો અને અમારો બધાંનો મિત્ર હતો. તેની ઉમર અમારા કુટુંબના દરેકના જેવડી હતી! એક વાર મેં એવી કવિતા રચી કે જેમાં જગતનાં દુઃખ ને શોકનું વર્ણન કરવાનું બાકી રાખ્યું ન હતું. અતુલ ઉત્સાહથી તેમણે એ કવિતા મારા પિતાને અને ગાઈ સંભળાવી. એ વખતે હું ત્યાં હાજર ન હતો, પણ પાછળથી મેં સાંભળ્યું કે મારા પિતાને, પોતાના નાનામાં નાના છોકરાને સંસારનાં દુઃખો આટલાં જલદી સ્પર્શી ગયાં અને તે પણ કવિતા કરવા સુધીની હદે, એ જાણીને ઘણો આનંદ થયો હતો. એ આનંદનો બદલો મને પછીથી મળેલો, તેનો ઉલ્લેખ કરવાનું અહીં મન થાય છે.
>
> એક વખતે માઘ ઉત્સવમાં મેં કેટલાંક ગાન તૈયાર કર્યાં હતાં. તેમાં એક ગાનની શરૂઆત નીચે પ્રમાણે હતી:
>
> 'નયન તોમાર પાય ના દેખીતે રયેછ નયને નયને'
> (નેત્રો જુવે શી રીતે પ્રભુ! વ્યાપી રહ્યો પ્રતિનેત્રમાં.)
>
> મારા પિતા એ સમયે ચિન્સુરામાં પધારીવશ હતા. તેમણે મને અને મારા ભાઈ જ્યોતિરીન્દ્રને બન્નેને બોલાવ્યા અને જ્યોતિદાદાને હારમોનિયમ પર બેસાડી એકપછી એક મારાં ભજનો મારી પાસે ગવડાવ્યાં. તેમાંનાં કેટલાંક તો મારે બે વખત ગાવાં પડચાં હતાં. જ્યારે બધાં ભજનો પૂરાં થયાં ત્યારે એમણે કહ્યું: 'દેશના રાજાને જો આપણી ભાષાનું જ્ઞાન હોત અને તેના સાહિત્યની કદર બૂઝી શકે તેમ હોત તો જરૂર તે કવિને ઉત્તેજન આપત; પણ દુર્ભાગ્યે તેમ નથી. માટે હું ધારું છું કે મારે જ કવિની કદર કરવી જોઈએ.' એમ કહી તેમણે પાંચસો રૂપિયાનો ચેક મારા હાથમાં મૂક્યો.

બીજા વિસામાના બંગલામાં ઉતારો કરતા. મારાં નેત્રોને તો બિલકુલ વિશ્રામ મળતો જ નહિ; રખેને જરા પણ જોવાનું રહી જાય! જ્યારે રસ્તો ખીણમાં થઈને જતો, વૃક્ષોની એકાદ ઘટા આવતી, અને કોઈ ધ્યાનસ્થ ઋષિના પગ આગળ કાલુંકાલું બોલી રમતી મુનિકન્યાની પેઠે એકાદ ઝરો તે વૃક્ષોની શીતળ છાયામાંથી કાળી લીલથી છવાએલા ખડકો પર થઈને વહેતો હોય એવું સ્થાન આવતું ત્યારે ઝંપાનવાળાઓ ત્યાં વિસામો લેતા. મારું તૃષાતુર હૃદય તો બોલી ઊઠતું: આવાં આવાં સુંદર સ્થળો પાછળ મૂકીને આપણે શા માટે જવું પડે છે?

દરેક વિસામે મારા પિતા અને હું બંગલાની બહાર ખુરશીઓ મુકાવી બેસતા. જેમજેમ સાયંકાળ થતો જાય તેમતેમ તારાઓ પર્વતની ચોખ્ખી હવામાં આકાશમાં જાણે જડેલા હોય તેમ દેખાવા માંડતા ને મારા પિતા મને ગ્રહમંડળો દેખાડતા ને ખગોળની સમજ આપતા.

સખ્ત ઠંડી હોવા છતાં મારા પિતા અહીં પણ મને છૂટથી હરવા-ફરવા દેતાં જરા યે અચકાતા નહિ. મુકામથી થોડે નીચે દેવદાર વૃક્ષોથી છવાએલો એક લીલોછમ પ્રદેશ આવેલો હતો. એ જંગલમાં હું મારા હાથમાં લોઢાની અણીવાળી ડાંગ લઈને એકલો ફરવા નીકળી પડતો.

મારો ઓરડો ઘરને એક છેડે આવેલો હતો. પથારીમાં સૂતોસૂતો પણ હું દૂરનાં હિમાચ્છાદિત ગિરિશિખરો તારાના પ્રકાશમાં ઝાંખા-ઝાંખાં ચળકતાં મારી ઉઘાડી બારીમાંથી જોઈ રહેતો. રાતમાં કોઈ વાર

અર્ધનગ્ન અવસ્થામાં હું મારા પિતાને હાથમાં દીવો લઇ, શરીરે રાતી શાલ ઓઢી ઓટલા પર માર્થના કરવા જતા જોતો.

કોઈ વાર મારા પિતા મને રમૂજી વાતો પણ કહેતા. એમના બાળપણના ઘણા ટુચકા એમને યાદ હતા. એમાં એક વાત એવા કેટલાક નાજુક માણસોની આવતી કે જેમને ઢાકાની મલમલની કિનાર પણ ખૂંચતી, એટલે તેઓ કિનાર ફાડીને એ મલમલની ધોતી પહેરતા! એક દૂધવાળીની વાત પણ એમણે કહેલી. એ પોતાના દૂધમાં પાણી ભેળવે છે એવો વહેમ પડવાથી તેના એક ઘરાકે તેના દૂધની તપાસ માટે માણસ રાખ્યો. છતાં કાંઈ ફેર પડ્યો નહિ, અને જેમજેમ તપાસ રાખવા માટે તે વધારે માણસ રાખતો ગયો તેમતેમ દૂધ વધારે ને વધારે ફિક્કું થતું ચાલ્યું! છેવટે તે માણસે જાતે દૂધવાળીને જ પૂછ્યું કે 'આમ કેમ થાય છે?' ત્યારે તેણે જવાબ આપ્યો: 'તપાસ રાખનાર માણસો વધતા જશે તો દૂધમાં છેવટે માછલીઓ પણ દેખાશે!'

આમ થોડા મહિના મારા પિતા સાથે વીત્યા પછી એમના ચાકર કિશોરી જોડે એમણે મને પાછો ઘેર મોકલી દીધો. હું ઘર બહાર નીકળ્યો ત્યારથી મારા બંધનની બેડી તો હમેશને માટે તૂટી જ ગઇ હતી, અને હું ઘેર પાછો ફર્યો ત્યારે મને કેટલાક વધારે હક્કો મળ્યા.

હવેથી બાના ઓરડામાં ઘરનાં બૈરાં ભેગાં થાય ત્યારે મને પણ ત્યાં માનભરી જગ્યા મળવા લાગી અને અમારા કુટુંબની સૌથી નાની વહુએ-ભાભીએ તો પોતાનો સઘળો પ્રેમ ને માન મારા પર વર્ષાવ્યાં.

પહેલાં જ્યારે અંતઃપુર મારાથી વેગળું હતું ત્યારે તો મારી કલ્પનાને તે સ્વર્ગ સમાન લાગતું. ત્યાં નિશાળ કે પંડિત કોઇ મળે જ નહિ. ત્યાં આગળ પથરાઈ રહેલી એકાંત નવરાશમાં કેવું ગૂઢ રહસ્ય લાગતું. પોતાને ફાવે તેમ રમવાનું કે મરજીમાં આવે તેમ કરવાનું હતું.

અને તેમાંયે જ્યારે નવી ભાભી પોતાનો સોનાનો હાર પહેરીને ઘરમાં આવી ત્યારે તો એ અંતઃપુરની ગહનતા વધારે ગાઢ થઈ ગઈ. એ પરાયી અને અજાણી છતાં અમારામાંની જ એક બની રહી તેથી હું ઘણો જ આકર્ષાયો અને તેની સાથે ઓળખાણ કરવાને તલપાપડ થઈ ગયો.

પણ જેવો હું કોઈ યુક્તિ કરીને તેની પાસે જવા કૃતેહમંદ થતો ત્યાં તો મારી નાની બહેન અમને કાઢી મૂકતી ને કહેતી કે 'તમે છોકરાઓ અહીં શા માટે આવો છો? જાઓ બહાર!' એ વખતે નિરાશા અને અપમાન બંનેનો ઘા મને છેક હૃદય સુધી લાગી જતો.

આમ ત્યાંની બાહ્ય તેમજ આંતર સૃષ્ટિ મારે માટે અપ્રાપ્ય બની રહી હતી, એટલે મારા મનમાં અંતઃપુરના જે જે સંસ્કારો પડતા તે બધા કોઈ જાંખાં ચિત્રોના જેવા જ લાગતા." એવાં બે ચિત્રો જોઇએ.

"રાત્રે નવ વાગે અઘોરબાબુની પાસે લેસન કરીને હું સૂવા જવાની તૈયારીમાં છું. એક ઝાંખો ફરકતો દીવો, અંતઃપુરમાં જવાના રસ્તા પર સળગી રહ્યો છે. આ રસ્તો જ્યાં પૂરો થાય છે ત્યાં આગળ જ એક દાદર છે, જેને ચાર પાંચ પગથિયાં છે. પણ ત્યાં સુધી ફાનસનો પ્રકાશ પહોંચતો નથી. એ દાદર પર થઈ હું અંતઃપુરના પહેલા ચોગાનમાં ઊતરી જતો. ત્યાં ઓટલા પર પશ્ચિમ ખૂણે ચંદ્રના પ્રકાશનો એક પટો પૂર્વ આકાશમાંથી આવી રહ્યો છે અને બીજે બધે અંધારું ઘોર થઈ રહ્યું છે. આટલા અજવાળામાં ઘરની દાસીઓ ભેગી થઇ રૂની દિવેટ બનાવતી ધીમે અવાજે પોતાના ગામડાના ઘરસંસારની વાતો કરે છે.

રાત્રિનું વાળું થઈ રહ્યા પછી સૂઈ જતાં પહેલાં ઓટલા ઉપર હાથપગ ધોવામાં આવતા અને એકાદ દાસી (તિકારી કે શંકરી) અમારા ઓશીકા આગળ આવીને બેસતી અને અમને ધીમે અવાજે રાજાના કુંવરની વાત કહેવા માંડતી. એ રાજાનો કુંવર મુસાફરીમાં જતો અને અજાણ્યા પર્વતો તથા ખેતરોમાં ફરતો. એટલામાં ઓરડા પર શાંતિનો પડદો પડી જતો! ભીંત તરફ મારું મોં રાખીને, તે ભીંતની ઊખડી ગએલા ચૂનાવાળી જગોએ ચંદ્રના પ્રકાશની રેખાઓ પડી હોય તેમાંથી હું આંખો મીંચીને નવી સૃષ્ટિ પેદા કરી લેતો. કોઈ વાર અર્ધનિદ્રિત અવસ્થામાં મધ્ય રાત્રે, સ્વરૂપ નામના ઘરડા ચોકીદારને એક પછી એક વરંડા પર હાંક મારતો જતો હું જોતો.

આવા મારા સ્વપ્નપ્રદેશમાંના અંતપુરમાં જ્યારે મને ઇચ્છિત સ્થાન મળ્યું ત્યારે તો હું ગાડો જ થઈ ગયો!

પણ અંતઃપુરમાં પ્રવેશ કરવાનો હક્ક મળ્યો એટલે ભણવાનું કામ વધારે ને વધારે મુશ્કેલ થવા માંડ્યું. બેંગાલ એકેડેમીમાં ન જવા માટે મેં બને તેટલાં બહાનાં કાઢવા માંડ્યા. એટલે મને સેંટ ઝેવિયર્સમાં મૂકવામાં આવ્યો. પણ ત્યાં યે પરિણામ કાંઈ સારું આવ્યું નહિ. મારા મોટા ભાઇઓએ કેટલાક કષ્ટસાધ્ય નિષ્ફળ પ્રયત્નો કરીને મારી સઘળી આશા મૂકી દીધી. હવે તો બધાએ મને ઠપકો દેવાનું સુદ્ધાં છોડી દીધું. એક દિવસ મારી મોટી બેને કહ્યું કે 'અમે તો ધારતાં હતાં કે રવિ ભણીગણીને મોટો માણસ થશે. પણ અમારી આશા ફોક ગઈ છે.' મને પણ લાગ્યું કે ઘરમાં મારી કિંમત ઓછી થતી હતી. તો યે નિશાળની ઘંટીને પથરે બંધાવા તો મારું મન હરગીજ કબૂલ થયું નહિ.'

(શ્રી અંબાલાલ પુરાણી કૃત ગુજરાતી અનુવાદમાંથી તારવીને)

'નૈવેદ્ય'

એક વાર રવીન્દ્રનાથ પોતાના જોડાસાંકોવાળા પૈત્રિક મકાનમાં માઘોત્સવની તૈયારીમાં પડ્યા હતા, ત્યાં દરવાને આવીને કહ્યું કે આપને કોઈ મળવા ઇચ્છે છે.

રવિબાબુએ કહ્યું, 'એમને કહે કે હાલ મને જરા પણ ફુરસદ નથી. ઉપાસનાનો વખત પણ થઈ ગયો છે.'

દરવાને ફરી આવીને કહ્યું, 'એ કહે છે કે વધુ વખત નહિ લઉં; માત્ર પ્રણામ કરીને પાછો ચાલ્યો જઈશ.'

કવિએ હા કહી. થોડી વારે એક માણસ એક અંધ પુરુષને દોરીને ઉપર આવ્યો. કવિશ્રીની સામે ઊભા રહીને અંધ પુરુષે કહ્યું, 'શું હું કવિશ્રી રવીન્દ્રનાથ ઠાકુર સામે ઊભો છું?'

કવિએ કહ્યું, 'હા, હું પોતે જ રવીન્દ્રનાથ.' તરત જ વૃદ્ધ અંધ પુરુષે ભૂમિ પર માથું નમાવીને પ્રણામ કરતાં કહ્યું, 'હું અંધ વ્યક્તિ છું. થોડા દિવસ થયાં મારી પુત્રી વિધવા થઈ ગઈ છે. પહેલાં તો તેણે રડીરડીને કલ્પાંત કરી મૂક્યું; પણ પછી એકાએક ચૂપ થઈ ગઈ. મને આશ્ચર્ય લાગ્યું. મેં એને પૂછ્યું, દીકરી શી વાત છે? તેણે કહ્યું કે મેં રવીન્દ્રનાથ ઠાકુરની 'નૈવેદ્ય' ચોપડીનાં કાવ્યો વાંચ્યાં છે, તેથી મને ઘણી સાંત્વના મળી છે.

મેં એને કહ્યું, આટલા ભયંકર વિષાદમાં જે પુસ્તકે તને ધૈર્ય આપ્યું છે તે મને પણ સંભળાવ. તે દિવસથી એ ચોપડી મારા ઘરની ગીતા બની ગઈ છે. અને આ વાત આપને કહેવા માટે જ હું કલકત્તા સુધી આવ્યો છું.' આટલું કહીને તે વૃદ્ધ પુરુષ ફરીથી પ્રણામ કરીને ચાલ્યો ગયો. (શંકરદેવ વિદ્યાલંકાર)

કેળાં

સ્વાદિષ્ટ, મિષ્ટ અને પોષણદ્રવ્યોથી ભરપૂર છતાં ગરીબને પણ ખાવાં પરવડે એવાં સસ્તાં અને આરોગ્ય તેમજ માંદગીમાં સરખાં હિતકર



બારે માસ મળતું લોકસમસ્તનું પ્રિય ફળ

[લોકપ્રિય લેખમાળા 'આહાર અને આરોગ્ય': હપતો ૨૦]

લેખક ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આગાઉ જોઇ ગયા તેમ ૨૦ ટકા કરતાં વધારે ઘન દ્રવ્યો હોય તેવાં ફળોને 'ખાદ્ય ફળો' ગણ્યાં છે. આ વિભાગમાં કેળાં, કેરી, પેપૈયું, જામફળ, સફરજન, તડબૂચ, ખજૂર વગેરેનો સમાવેશ થાય છે.

આપણે ત્યાં શહેર અને ગામડાં, ગરીબ અને તવંગર, નાનાં ને મોટાં સૌ કોઈને એકસરખાં પ્રિય, અને ખરીદવાં પરવડે એવાં, વ્યાપકપણે ખવાતાં બે ફળ છે: કેરી અને કેળાં. કેરી આપણું 'રાષ્ટ્રીય ફળ' છે, તો લગભગ બારે માસ મળતાં અને ગરીબો પણ જેનો યથેચ્છ લાભ લઈ શકે એવાં સસ્તાં કેળાં 'ગરીબોનું ફળ' છે.

આપણાં પુરાણોમાં ભગવાનના પ્રસાદ માટે અને ઉપવાસમાં ફળાહાર તરીકે કેળાંની પ્રતિષ્ઠા છે; તો એથી ઊલટું ખ્રિસ્તી ધર્મગ્રંથે બાઇબલમાં કથેલું નિષિદ્ધ ફળ કેળું હોવાની એક માન્યતા છે! ઇંગ્લંડના અંધ કવિ મિલ્ટને હવે આદમને પહેલવહેલો કેળના ઝાડ નીચે જોયાનું વર્ણવેલું છે. મધ્ય યુગના પ્રવાસીઓએ કેળાંને સ્વર્ગનાં અગર તો હિંદનાં અંજીર તરીકે ઓળખાવ્યાં છે, તો કેળાંના વનસ્પતિશાસ્ત્રીય નામ 'મુસા પેરેડીસિકા'માં તેને સ્વર્ગીય ગણ્યાનો રણકો વાગે છે.

કેળાંનું મૂળ વતન હિંદુસ્તાન ને દક્ષિણ એશિયા, પણ હવે તો ફ્લૉરિડા, કૅનેરી ટાપુઓ, ઇજિપ્ત, દક્ષિણ જપાન, દક્ષિણ બ્રાઝિલ ને જમાઈકામાં તેનું પુષ્કળ વાવેતર થાય છે. કેળાંની લગભગ ૪૦ જાતો થાય છે. મુંબાઇમાં સમકલા કેળાં વખણાય છે. ભુસાવળી કેળાં ઘણાં મીઠાં હોય છે. લાલ, કોંકણી, પીળાં, એલચી, ત્રણધારી, રાજુલા વગેરે કેળાંની જાણીતી જાતો છે. સામાન્ય રીતે લીલી છાલનાં પણ પાકતાં છીંકણી રંગની છાંટ સહિત પીળાં થતાં કેળાં શ્રેષ્ઠ છે.

આખા કેળામાં ૬૦ થી ૬૨ ટકા જેટલો ખાવા લાયક ગરભ હોય છે. વળી કેળાંનું આહારમૂલ્ય પણ શ્રેષ્ઠ છે. આ વિશિષ્ટતા તેની કાર્બોહાઇડ્રેટના સમૃદ્ધિ અને એસ્કૉર્બિક ઍસિડના મિત પ્રમાણની છે. કેળાંમાં ૨૨ થી ૨૫ ટકા કાર્બોહાઇડ્રેટ છે, જે લગભગ બટાટાના જેટલું જ છે. પણ બંને વચ્ચે મહત્ત્વનો ફેર એ છે કે બટાટાનું કાર્બોહાઇડ્રેટ સ્ટાર્ચના રૂપમાં છે, જ્યારે પાકાં કેળાંમાં શર્કરાઓના રૂપમાં છે.

છોડવાઓનું અનામત કાર્બોહાઇડ્રેટ ફળમાં સ્ટાર્ચના રૂપમાં સંધરાય છે. કાચાં કેળામાં કાર્બોહાઇડ્રેટ મુખ્યત્વે સ્ટાર્ચરૂપે હોય છે, માટે કાચાં કેળાં સ્વાદમાં કઠોર લાગે છે; વળી તેમાં ટૅનિન હોવાથી તે તૂરાં લાગે છે. સ્ટાર્ચ દુષ્પચનીય છે, તેથી કાચાં કેળાં રાંધ્યા વગર ખાવાથી પેટની પીડા થઈ આવે છે. કેળાં પાકતાં જાય તેમ તેના સ્ટાર્ચનું ઈક્ષુશર્કરા, ફ્રુક્ટ-શર્કરા અને દ્રાક્ષ-શર્કરામાં રૂપાંતર થાય છે. નાનાં બાળકોને પણ સહેલાઈથી પચે એવી આ શર્કરાઓ છે. પાકતાં કેળાંના ટૅનિન દ્રવ્યોમાં ખૂબ ફેરફાર થાય છે. સાથે એમાઇલ એસિટેટ નામનું દ્રવ્ય પેદા થાય છે. કેળાંની વિશિષ્ટ સોડમ એને આભારી છે. કેળાં બરાબર પાકે ત્યારે તેમાં બિલકુલ સ્ટાર્ચ હોતું નથી.

સો ગ્રામ (૩૩ ઔંસ) કેળાંમાંથી ૨૦૪ ઉષ્ણાંક ગરમી મળે છે. ખજૂર પછી આટલા બધા ઉષ્ણાંક ગરમી આપનાર ફળ કેળાં છે. આ કારણે શિયાળા ધાન્ય સાથે પૂરક ખોરાક તરીકે કેળાંનું આહારમૂલ્ય છે. બીજાં ફળોની સરખામણીમાં કેળાં પોષક દૃષ્ટિએ સર્વશ્રેષ્ઠ છે. આથી તેમને ફળોનો રાજા કહેવામાં અતિશયોક્તિ નથી.

અતીવ ઉપયોગી ખનિજ તત્ત્વોથી પણ કેળાં સમૃદ્ધ છે. તેમાં પૉટૅશ્યમ, મૅગ્નેશ્યમ ને ફૉસ્ફરસ છે; લોહ, તાંબું ને મૅન્ગેનીઝ છે. તાંબા સાથે લોહ એવા રાસાયનિક રૂપમાં છે કે તે શરીરમાં જલદીથી લોહીના તત્ત્વ હિમોગ્લોબિનની બનાવટમાં વપરાય છે. આ કારણે રક્તક્ષયના રોગીને કેળાંનું ઔષધીય મહત્ત્વ છે. કેળાંમાં આલ્બ્યુમિનનું પ્રમાણ ઓછું છે: ૧૦૦ ગ્રામમાં માત્ર ૧.૫ ગ્રામ. આથી તે મધુમેહના રોગી માટે પથ્ય આહાર નીવડે છે. કેળાંનો વિપાક મધુર છે એટલે લોહીમાં તે અલ્કગુણધર્મી બની રહે છે.

પાકાં કેળાંમાં નાનાં બાળકોને પણ સહેલાઈથી પચે એવી, વજનના બે ભાગની શર્કરા અને ગુણની દૃષ્ટિએ ખનિજ દ્રવ્યોનું પ્રમાણ સારું છે. પ્રોટીનનું પ્રમાણ અલ્પ હોવા છતાં તે ઉચ્ચ કક્ષાનું છે. વળી 'એ' અને 'બી' વિટામિનો ઉપરાંત વિટામિન 'સી'ની સમૃદ્ધિ છે. વિટામિન 'એ'માં ચેપી રોગો સામે રક્ષણ આપવાનો ગુણ છે તો વિટામિન 'સી' આરોગ્યદાતા છે. વિટામિન 'ડી' નજીવા પ્રમાણમાં છે, પણ વિટામિન 'ઇ' સારા પ્રમાણમાં છે. વળી તેમાં વિટામિન 'એચ' (બાયોટિન) પણ છે, જેના અભાવ કે ઊણપથી માથે તાલ, ખરજવા જેવા ચામડીના રોગો, આળસ, થાક ને શરીરમાં દુખાવો થાય છે. ઉપરાંત કેળાંમાં ગરમી અને બળ આપવાની શક્તિ ઘણી છે. આવાં શ્રેષ્ઠ આહારમૂલ્યો ધરાવતાં કેળાં સાચે જ પૃથ્વી પરનું અમૃતફળ છે.

આચાર્ય સુશ્રુત કેળાંને 'રુચિકારક, વીર્ય વધારનાર ને ભારે' ગણાવે છે; તો વાગ્ભટ્ટ કેળાં માટે આવું લખે છે: 'પાકું કેળું મધુર, ઠંડું, પુષ્ટિ આપનાર, માંસ વધારનાર, ભૂખ તરસ અને નેત્રના રોગ મટાડનાર છે.' યોગરત્નાકરમાં કેળાંને જલ્દી વીર્ય વધારનાર (સદ્યઃ શુક્રવિવર્ધન) અને કાન્તિમદ વર્ણવ્યાં છે.

કેળાં આંતરડાંના અમુક જાતના જીવાણુઓને પુષ્ટિ આપે છે, જે બીજા નુકસાનકર્તા જીવાણુઓનો નાશ કરે છે તથા આંતરડાંમાં કહોવાટ (ડિકૉમ્પોઝીશન) થતો અટકાવે છે. આમ, કેળાં ખાવાથી આંતરડાંના અમુક રોગો થતા નથી. સંગ્રહણી ને અતિસારમાં ખોરાક આપવાનો પ્રતિબંધ હોય ત્યારે કેળાં ખોરાક તરીકે અત્યુત્તમ છે. આંતરડાંના સોજા ને ચાંદાના રોગોમાં બધી જાતનાં ફળોમાંથી માત્ર કેળાંનો આહાર પથ્ય નીવડે છે. કેળાંના આહારથી લોહીમાં યૂરિક ઍસિડ ઘટે છે, એટલે સાંધાઓના સોજાના રોગ (આર્થ્રાઇટિસ)માં માત્ર કેળાંનો આહાર ઔષધરૂપ છે.

પાકાં કેળાં, આમલી ને મીઠાનો બનેલો મારો મરડામાં ઘણો અસરકારક છે. બાળકોના પાણી જેવા ઝાડાના રોગમાં કેળાં પથ્ય છે. પાકાં કેળાંને છૂંદી, કપડામાં છણી મારો બનાવીને દૂધ કે પાણીમાં

ભેળવી રોગી બાળકને આપવો. કેળાં વજન વધારવા અને ઘટાડવા બન્નેમાં સરખાં ઉપયોગી છે. એકલાં કેળાં (રોજનાં ૧૨થી ૧૮ નંગ) ખાઈને રહેવાથી વજન ઘટે છે, કારણ તેમાં ભૂખ સંતોષે અને પોષણ આપે એવાં તત્ત્વો હોવા ઉપરાંત ચરબીનું પ્રમાણ ખૂબ ઓછું છે. વળી તેમાં પોટાસ્યમ વધારે છે અને સોડિયમ ઓછું છે. સોડિયમ વધુ હોય એવો ખોરાક લેવાથી પાણી વધારે પીવું પડે છે, શરીરના કોષો પાણીથી તર રહે છે અને ચરબીની બરાબર ઑકસવણી નહિ થવાથી વજન બરાબર ઘટતું નથી. બીજી બાજુ વજન વધારવા માટે કેળાં ને દૂધનો આહાર ગુણદાયી નીવડે છે. બે ટંક ખોરાક ઉપરાંત સવારે ને બપોરના અરધાથી એક શેર દૂધ અને ત્રણચાર કેળાં લેવાથી શરીરમાં ચરબી પુરાય છે. કેળાં માફક ન આવે તો દહીં લઈ શકાય. સાથે કેરી કે ખજૂર લેવાથી જલદી ફાયદો થાય છે. બીજાં ફળો કરતાં કેળાંમાં ગરમી આપવાની શક્તિ વધારે હોવા સાથે પ્રોટીન-દ્રવ્ય ઓછું હોવાથી તે મૂત્રપિંડના રોગોમાં ખોરાક તરીકે ઉપયોગી છે.

કેળાં એટલાં સુપાચ્ય છે કે પરદેશોમાં તો ત્રણ માસના બાળકને પણ તે પૂરક ખોરાક તરીકે આપવામાં આવે છે. નાનાં બાળકોને ધાવણ છોડાવતી વખતે સૌ પ્રથમ ધન ખોરાકમાં પાકું કેળું છૂંદીને નિરાંતે આપી શકાય. તેમને બહારનું દૂધ આપવાનું હોય ત્યારે એમાં છૂંદી નાંખેલાં પાકાં કેળાંની ભેળવણી આહારની દૃષ્ટિએ ઉત્તમ છે. જો આ ન ફાવે તો કેળાંનો સૂકો ભૂકો દૂધમાં ભેળવી આપવો. ૭ દિવસની વયના બાળકને પણ તે વિના બીકે આપી શકાય. આવો ખોરાક આપવાથી બાળકની ભૂખ સંતોષાવા સાથે તે લાલચોળ અને સુદૃઢ બાંધાનું બને છે. દાંત ઊગે તે યે મજબૂત ને દૂધ જેવા ઊજળા. ડૉ. વૉર્નર કહે છે કે 'કેળાંની જલદી પચી જતી સાકર, વિટામિનો ને ખનિજ દ્રવ્યો બાળકના ખોરાક માટે શ્રેષ્ઠ છે'. પૂરતા ખોરાક અને પોષણના અભાવે માયકાંગલાં અને બાળશોષ (રિકેટ્સ) રોગના ભોગ બનેલાં બાળકોના પૂરક ખોરાક તરીકે અને ઉપચારની દૃષ્ટિએ કેળાં મહત્ત્વનું સાધન છે. મીઠાશ, મૃદુતા અને સોડમને લીધે કેળાં બાળકોને બહુ ભાવે છે. ભણતાં બાળકોને પણ બપોરના નાસ્તામાં કેળાં આપવાં સારાં છે. ઊછરતાં બાળકોની જેમ ફિક્કાએલી ને રક્તક્ષયથી પીડાતી સગર્ભા અને ધાવણ આપતી સ્ત્રીઓ માટે પણ કેળાં હવારૂપ છે. કેળાંમાં તાંબા સાથે રહેલા લોહથી શરીરમાં લોહી પુરાય છે. શ્રી બાપાલાલ વૈદ્ય લખે છે 'કેળાં ને ઘી ખાવાથી સ્ત્રીઓનો પ્રદર ને લોહીવા મટે છે.'

બળતરા પીણાં કે અપથ્ય ખોરાકની ટેવને લીધે ગળામાં જીવાણુઓના ચેપથી ચોળિયાનો સોજો આવ્યો હોય તે કેળાં ખાવાથી મટે છે. વધુપડતી ખટાશથી બગડેલી હોજરીવાળા–અમ્લપિત્તથી પીડાતા રોગીઓને કેળાં ઘણાં માફક આવે છે. કેળાં મૃદુ સારક પણ છે. તેના આહારથી મળશુદ્ધિ થાય છે.

કેળાંમાં પ્રોટીન અને ચરબી ઓછાં છે. આ ખોટ પૂરવા દૂધ અને કેળાં ખાવાં ઇષ્ટ છે. એ બંને એકબીજાના પૂરક ખોરાક છે. દૂધની કાર્બોહાઇડ્રેટની ખામી, અને તેને ગરમ કરવાથી નાશ પામેલા વિટામિન 'સી'ની ઊણપ કેળાંથી પુરાય છે; તો દૂધની ચરબી તથા પ્રોટીનો વડે કેળાંની એ ઊણપ ભરપાઈ થાય છે. દૂધમાં કેળાં છૂંદીને એકરૂપ બનાવેલું પેય સુપ્રમાણ ખોરાક બને છે. તે પુષ્ટિદાતા ને સ્વાસ્થ્યપ્રદ છે. જોકે આયુર્વેદમાં દૂધ-કેળાંના આહારને અપથ્ય ગણ્યો છે. વાગ્ભટ્ટ (સૂત્રસ્થાન ૭ : ૩૧માં) વિરુદ્ધાન્નમ્લં પયસા સહ સર્વં ફલં તથા (દૂધની સાથે બધાં ફળો વિરુદ્ધ) ગણાવે છે, ને મહર્ષિ ચરક પણ (સૂત્રસ્થાન ૨૬ : ૧૧૨માં) દૂધ અને કેળાં સાથે ખાવાની મના કરે છે. આયુર્વેદના આહારશાસ્ત્રીઓએ આવો આદેશ કેમ આપ્યો હશે? હા, બાળકોને તાવ, સસણી, કફ ને વરાધ વખતે કેળાં આપવાની મના છે.

બટાટા ને કેળાંમાં કાર્બોહાઇડ્રેટો અને ખનિજો સરખાં છે. પણ બટાટા રાંધ્યા વિના ખાઈ શકાતા નથી. રાંધવાથી તેમાં રહેલા વિટામિન 'સી'નો નાશ થાય છે. પાકાં કેળાં રાંધ્યા વિના ખાઈ શકાય છે. કેળના છોડે સંધરેલાં કાર્બોનિક ઍસિડ ગૅસ ને પાણી પર સૂર્યકિરણોની પ્રકાશસંશ્લેષણ-ક્રિયાથી કેળનાં પાંદડાંમાં પેદા થએલો સાકરનો રસ છેવટે ફળમાં ગરમ રૂપે જમે છે. પાકાં કેળાંમાં આ સાકર ¾ ભાગની હોય છે. દૂધની જેમ કેળાંનો આ ગરમ ધૂળ કે જીવાણુઓથી દૂષિત થઈ જતો નથી, કેમકે કુદરતે તેના ઉપર કવચ જેવી છાલ બક્ષી છે. સંપૂર્ણ છાલવાળાં કેળાં જંતુઓથી બગડ્યાં વગરનાં હોય છે. લોઢાના ચપ્પુથી કેળાં કાપવાથી કાળાં પડે છે. આ અટકાવવા કાપેલાં કેળાં ઉપર લીંબુનો રસ છાંટવાની અજમાયશ કરી જોજો.

કેળાં જમ્યા પછી કે બપોરે ખાવાનો એક લોકમત છે; પણ સવારે નાસ્તા તરીકે કે બપોરે રોટલી સાથે તે ખવાય છે. કેળાં ધી ખાંડ ને રોટલીનું જમણ મિષ્ટાન્ન તરીકે ગણાય છે. કેળાં ન પચે તો તેના મારણ તરીકે આદુના રસમાં મીઠું નાખી પીવું કે એલચી ખાવી.

બનાના જાતનાં કેળાં કાચાં ખવાય છે. તેનું ઉષ્ણાંક મૂલ્ય પણ ઊંચું (૧૦૦ ગ્રામમાંથી ૧૫૩ ઉષ્ણાંક ગરમી) છે. બાકી કાચાં કેળાંનો અપક્વ સ્ટાર્ચ હોજરીમાં ભાર ને પેટમાં દબદબો ઊભો કરે છે. પણ ખાસડિયાં કેળાંને તળીને બનાવેલાં ખરખરિયાં એ જૈન જમણની અનોખી વિશિષ્ટતા છે. કાચાં કેળાંનું શાક પણ રુચિકર ને સ્વાદિષ્ટ બને છે, એટલું જ નહિ પણ કેળાંની છાલનું શાક પણ ખવાય છે. ભાદરવા ને આસો મહિનામાં કેળાંનો આહાર ઇષ્ટ લેખાયો છે.

કેળાંનો આહાર ભારે ગણી કેટલાક એને અવગણે છે. હા, કેટલાક લોકોને અપવાદરૂપે કેળાં માફક નથી આવતાં. બાકી જાણવા જેવું છે કે કૉંગો, પાસિફિક ટાપુઓ અને પૂર્વ આફ્રિકાના સમુદ્રકાંઠાના પ્રદેશના વતનીઓ વર્ષાઋતુના ૭ મહિના સુધી કેળાં ઉપર જ નભે છે. અંધારા આફ્રિકાનો સાહસિક પ્રવાસી સ્ટૅનલી એ દેશના લોકોને વર્ષભર કેળાં ઉપર નભતા જોયાનું લખે છે. એનું કથન એવું છે કે 'લોકો લાકડાનાં થડિયાં ઉપર કેળાં સૂકવે છે, ભૂકો બનાવે છે અને તેની કાંજી ખાય છે. એ કાંજી હલકી, પચે એવી અને ગંધમિષ્ટ હોય છે. અમે બે વર્ષ સુધી મોટા ભાગે કેળાંની કાંજી પર જ જીવન ટકાવ્યું.'

કાચાં કેળાંનો મહત્ત્વનો ઉપયોગ કેળાંનો લોટ (બનાના ફ્લોર) બનાવવામાં થાય છે. વાંસની ચીપ વતી કાચાં કેળાંના ટુકડા કરી તડકામાં સૂકવ્યા બાદ ઘંટીમાં દળીને લોટ બનાવવામાં આવે છે. આ સુપાચ્ય અને પુષ્ટિકારક લોટ નાનાં બાળકોને દૂધમાં ભેળવીને આપવાથી માંડી, એની બનાવેલી દૂધની કાંજી પેટના દર્દીઓ માટેના ખોરાક તરીકે ઉપયોગી છે. ખોરાક લેતાં અસહ્ય વેદનાથી પીડાતા અને ભૂખથી રિબાતા, હોજરીના સોજા, હોજરીની ચાંદી, સંગ્રહણી, અતિસાર, અલ્સરેટિવ કોલાઇટિસ, અજીર્ણ અને અપચાના રોગીઓને પોષણ તથા ખોરાક તરીકે એ કાંજી નિર્ભયરીતે આપી શકાય છે. કેળાંનો એ લોટ ઘઉં અગર જવના લોટમાં ઉમેરી બનાવેલી ભાખરી-રોટલી સ્વાદિષ્ટ તેમજ પોષણ ને પુષ્ટિદાતા બને છે.

બીજાં ફળોની સરખામણીમાં વર્ષભર મળતાં, સ્વાદિષ્ટ મિષ્ટ અને પોષક દ્રવ્યોથી સમૃદ્ધ, છતાં ગરીબને પણ ખાવાં પરવડે એવાં સસ્તાં, અને આરોગ્ય તથા માંદગીમાં સરખાં હિતકર કેળાં સાચે જ લોક સમસ્તનું પ્રિય ફળ છે. (હવે પછી કેરી, પેપૈયાં, ખજૂર વગેરે)

પચ્ચીસ વર્ષ પહેલાં

શ્રાવણ
૧૯૯૨
અંક
૧૫૨

આ વખતે લેખોના બહુ ઉતારા નહિ, પણ પચ્ચીસ વર્ષ પહેલાંના અંકના લેખો અંગે આવી ગએલાં થોડાં ચિત્રો જ, તેનાં અનુષંગી લખાણો સાથે, વાનગીરૂપે ઉતારીએ. એ ઉપરથી પણ એના રસમય વૈવિધ્યનો ખયાલ આવશે.

એક કરોડ ને પંદર હજાર ચોરસમાઈલના વિસ્તાર વાળો આ ખંડ પંદર કરોડની માનવ વસતિ ધરાવે છે. એની વધુમાં વધુ લંબાઇ તથા વધુમાં વધુ પહોળાઇ એકસરખી—૫૦૦૦ માઈલની છે કિલિમાંજરો, રૂવેન્ઝોરી અને કીનિયા જેવાં એનાં ત્રણ ગિરિશિખરો દુનિયાના ગિરિરાજોની હોડમાં ઊભાં રહે એવાંછે. એની નીલ નદી જગતની સરિતારાણીઓની હરોળમાં વિરાજે છે. એની ઝામ્બેઝી નદી તથા તેના વિક્ટોરિયા ધોધની, એનાં ટાંગાન્યીકા, વિક્ટોરિયા ન્યાન્ઝા ને ચાડ જેવાં સરોવરની જગતભરમાં નામના છે. આવડા મોટા આ ખંડનો ત્રીજો ભાગ જોકે સહરા જેવા વિશાળ ને વિકટ રણે રોકયો છે, છતાં એનો વિપુલ વનસ્પતિવૈભવ ને ઊભૂલ ખનિજસમૃદ્ધિ દુનિયામાં અનન્ય છે. જગતભરની સોનાની નીપજનો ચોથો ભાગ ને હીરાની ઉત્પન્નનો તો ચારપંચમાંશ ભાગ એકલું આફ્રિકા પોતાના ઉદરમાંથી આપે છે. તેજનાઓથી લચી રહેલાં વનોનાં વનો ઉપરાંત રબર, સાગ, કૉફી, શેરડી અને ઉત્તમ રૂ વડે આફ્રિકાની ભૂ-લક્ષ્મી જગતને રેલી રહી છે. વિકરાળ સિંહો, જંગી હાથીઓ ને શાહ-મૃગોથી એનાં જંગલો ઊભરાય છે અને વ્હેલ માછલીઓની વિવિધ જાતોથી ભરેલો સાગરરાજ ચોમેરથી એનાં ચરણ પખાળે છે.



પ્રાચીન કાળથી કલાકારોએ મનુષ્યદેહની એક કાલ્પનીક મૂર્તિ સર્જી છે જેના આધારે શિલ્પી પ્રતિમાઓ ઘડી શકે. આ આદર્શમૂર્તિમાં પ્રધાન માપ મનુષ્યના માથાને (ખોપરીના ઊંચામાં ઊંચા ભાગ અને દાઢીના છેડા વચ્ચેના અંતરને) ગણ્યું છે. આ હિસાબે સ્ત્રી કે પુરુષની ઊંચાઈ ૭॥ માથાં હોવી જોઇએ.

- મનુષ્ય ટટ્ટાર ઊભો હોય ત્યારે હાથનાં ટેરવાં સાથળની વચ્ચોવચ્ચ અડકવાં જોઇએ. એનું પગલું ૧ માથાથી સહેજ મોટું હોય.
- શરીરની મધ્યરેખા: બે પગથી બનતા ત્રિકોણના શિરોબિન્દુ (સીવની) ઉપર જ પુરુષદેહની... અને એથી સહજ ઉપર સ્ત્રી શરીરની.
- સ્તનાગ્ર અને દાઢી વચ્ચેનું અંતર = ૧ માથું
- સ્તનાગ્ર અને ડૂંટી વચ્ચેનું અંતર = ૧ માથું
- સ્ત્રીશરીરમાં પહોળાગાં પહોળો ભાગ: શ્રોણિનાં હાડકાંની (એટલે કે બે માથાં)ની પહોળાઇ જેટલો. બે ખભા વચ્ચેનું અંતર = ૧॥ માથું
- ઢીંચણની ઢાંકણીથી મધ્યરેખા વચ્ચેનું અંતર = ઢીંચણની ઢાંકણીથી પગના તળિયા સુધીનું અંતર = મનુષ્યની ૦॥ ઊંચાઈ.
- માથાની મધ્યરેખા = આંખની સમાન્તર રેખા.
- નાકની અધોરેખા = આંખથી દાઢી સુધીના અરધા માથાની મધ્યરેખા.
- ભ્રમરથી દાઢી = નાસાગ્રથી કર્ણવિવર = ચહેરાની પહોળાઈ.
- આંખ વચ્ચેથી આડી રેખા દોરતાં, એ રેખા પર આખા ચહેરાના પાંચ ભાગ = પાંચ આંખો. નાકની કમાન = ૧ આંખ
- આંખના છેડાથી વાળ સુધી, બે બાજુનો દરેક ભાગ = ૧ આંખ
- બંને નસકોરાં જોગાં = ૧ આંખ મોં-ઓઠની લંબાઇ = ૧॥ આંખ
- નાકની કમાનથી નાસાગ્ર વચ્ચેની લંબાઈ તથા કાનની લંબાઇ = ૦॥ માથું
- ખભાથી આંગળાંના મૂળ સુધીના ભાગનું મધ્યબિન્દુ = કોણીનો છેડો
- પંજો—આંગળાંનાં ટેરવાંથી કાંડા વચ્ચેનો ભાગ = ૧ માથું —હ. આચાર્ય

ચાતક

ચાતકનું અંગ્રેજી નામ Pied Crested Cuckoo. સંસ્કૃતમાં એને સારંગ પણ કહે છે. ભાવનગર તરફ એ 'મોતીડો' નામે ઓળખાય છે. એકાદ ફૂટ જેવડો દેહ, પૂછડી આઠ આંગળ લાંબી. કાગડાથી નાની, પણ પોપટથી મોટી પાતળી કાયા. રૂપે એ દેખાવડ જેવું લાગે. ઉપરનો રંગ કાળો ચળકતો, પાંખમાંદેખાવ પેઠે પહોળો સફેદપટ્ટો, પૂછડીનાં પીછાંનાછેડાઘોળા. બાકીનું શરીર–દાઢી, ગળું, છાતી, પેટ વગેરે શ્વેતરંગી. ચાતકની વિશેષતા : એના માથા પરની ત્રિકોણાકાર કાળી શિખા. પગે ચાર આંગળાં : બે આગળ, બે પાછળ. પાંખ કાળી, આંખ લાલ બદામી, પગ સીસાના જેવા, મેલા આછા આસમાની રંગના.

ચાતક યાયાવર પંખી છે. ભારતવર્ષમાં જ રહે, છતાં ઋતુભેદે આંતરમાન્તીય યાત્રાઓ કરે છે. આપણે ત્યાં એ ચોમાસાના આરંભમાં આવે છે. સમગ્ર વર્ષાકાળ અહીં વ્યતીત કરીને શરદ અને હેમંતના વચલા ગાળામાં પાછી વિદાય લે છે.

વર્ષાઋતુ એનો ગર્ભાધાનકાળ. આ પ્રસંગની એની વિહ્વળતા અને ઉન્માદજન્ય થનગનાટ અત્યંત મનોરમ હોય છે. વર્ષા આવે, નભોમંડળ નવીન જળભર મેઘથી આચ્છાદિત બને એવે વખતે, વૃક્ષની ઊંચી ઝૂલતી ડાળે બેસી ગૌન સ્વરે ચાતક વર્ષાનું સ્વાગત કરતો હોય—એ અત્યંત રમણીય દૃશ્ય છે. એના કંઠસ્વરનો પરિચય કરવો હોય તો એને ઊડતો જોવો જોઇએ. આ ડાળેથી પેલી ડાળે, એક ઝાડથી બીજે ઝાડ, એમ ભમતો એ અનવરત ગાનથી આખું વાતાવરણ ગજાવી મૂકે છે. બપૈયો અને કોયલ બેઠાં હોય તોપણ બોલે છે, જ્યારે ચાતક માત્ર ઊડતાં જ બોલે છે, બેઠો હોય ત્યારે નહિ. જલાશયની સમીપે ગીચ ઝાડીમાં ભરાઇ રહેવું એને ખૂબ ગમે છે. સાંજ વખતે ક્વચિત રેલવેના તાર પર પણ ઝૂલતું જોવામાં આવે.

કોયલનું પીતરાઈ, એટલે કુલરીતિને અનુસરી એ જાતે માળો બાંધતું નથી. એના સંતાનના પાલન ને ભરણપોષણનો ભાર બીજાં પંખીને ઉપાડવો પડે છે: ખાસ કરીને લેલાંને.

વર્ષા સાથેના એના ગાઢ સંબંધને લીધે તે સાહિત્યકારોની કલ્પનાનો વિષય બન્યો છે. એક એને મેઘ પાસે જળ યાચતો ચીતર્યો; બીજાએ એને સ્વાતિનું જ વારિ પીતો આલેખ્યો. આમ આ મનોહર પંખીની આસપાસ અદ્‌ભુત કથાનાં જળાં ગૂંથાતાં જ ચાલ્યાં. વર્ષાકાળ એની સંતાનોત્પત્તિનો સમય, એટલે સ્વાભાવિકરીતે જ એ મેઘદર્શને ઉન્મત્ત બને, અને ઊડતાં ઊડતાં વિહ્વળ હોય એમ ઉચ્ચ સ્વરે ગાય. આ નૈસર્ગિક સત્યો જ કવિકલ્પનાઓનાં આધારભૂત છે. બાકી વૈજ્ઞાનિક દૃષ્ટિએ તો એ અસત્ય અને અનુભવથી વેગળું છે. —'વનેચર'

ઑલિમ્પિક નૃત્ય વિભાગમાં પંદર દેશના પ્રતિનિધિઓ વચ્ચેથી ત્રણ પારિતોષિકો મેળવી આવનાર જગનામી ભારતીય નર્તકી સ્વ. મેનકા

એમની સુવર્ણજયંતી એ કાળે ઊજવાએલી તે, આપણા ભારતખ્યાત કવિ મૈથિલીશરણગુપ્ત આજે ૭૫ વર્ષના છે. (સ્કેચ : ૨. મ. રાવળ)

શ્રી રવિશંકર રાવળે જપાનયાત્રા વેળા જાપાની જંગી વર્તમાનપત્ર ઓસાકા માઈનીચી (ફેલાવો ૨૨ લાખ)ના તંત્રીનો કરેલો સ્કેચ



ઉત્તરધ્રુવનાં અફાટ મેદાનોમાં એ ધોળો રીંછ અમર્યાદ ઘૂમતો. તેના શરીરની લંબાઈ સહેજે નવ ફૂટ થવા જાય. અને તના સુફના પણ બરફથી કમ ન હતી. ફક્ત તેનાં નસકોરાં સહેજ કાળાં હતાં. પગની ગાદી નીચે દાતરડાં જેવા વળાંકભર્યા તીણા નહોર સંતાએલા રહેતા, છતાં કશા યે અવાજ વગર શાંતિના ઝડપી ઓળા જેવો તે બધે ફરી વળતો. દક્ષિણાયન ચાલતું હોવાથી સૂર્યનાં તો ત્યાં હવે છ મહિના સુધી દર્શન પણ નહોતાં થવાનાં. ભળભાંખળા જેવા અજવાળાંમાં એક વાર તે શિકારે નીકળ્યો. દક્ષિણનાં જંગલોમાં સિંહ શિકારે નીકળે ને લોંકડી પાછળ પડે તેમ ધ્રુવપ્રદેશનો પહોળા ગોળ ચહેરાવાળો એક શિયાળ, તેના શરીરના જેવડી જ સફેદ ફુલેલી પૂછડી પટપટાવતો તેની પાછળ પડ્યો. (વાર્તાચિત્ર)

ઉષ્ણતામાન : બરફ ઉપર થર્મોમીટર મૂકતાં પારો શૂન્ય ઉપર જ આવે એ માન્યતા ખરી નથી. બરફનું ઉષ્ણતામાન શૂન્યથી ઘણું નીચે જઈ શકે છે. પરંતુ ઓગળી જતા બરફનું ઉષ્ણતામાન શૂન્ય રહે છે અને તે તમામ બરફ ઓગળી જાય ત્યાં સુધી શૂન્ય જ રહે છે. બરફ ઓગળી ગયા પછી તેનું ઉષ્ણતામાન વધવા લાગે છે. આ જ પ્રમાણે ઊકળતાં પાણીની વરાળ થતાં ઉષ્ણતામાન સો અંશ ઉપર આવે છે તે પાણીનાં ટીપાંની વરાળ થઈ જાય ત્યાં સુધી એટલું જ રહે છે. વરાળને વધુ ગરમ કરીએ તેમતેમ તેનું ઉષ્ણતામાન વધતું જાય છે. (સૃષ્ટિજ્ઞાન)

અનુસંધાન] **ઑલિબાઈ** [પૃ. ૨૭૫થી

છે એટલે એકદમ બધું સમેટીને જતાં વખત લાગશે. તો યે આપણે સાવચેત રહેવું જોઇએ ને? કાલે સવારે પૈસા ન આવે તો આપણે તુરત જ તેના ઉપર દાવો માંડવો છે. ફોજદારી થઇ શકેને?'

'હા; ફોજદારી આજે કરી હોત તો પણ થાત. હવે કાલે હું અહીં આવી બધા કાગળો લઈ જઈશ. ઊધડતી કૉર્ટે દાવો દાખલ કરી દઇશું. છોકરીનું નામ-સરનામું શું છે?'

'અરે, મહેતાજી, વકીલ સાહેબને કહોને, પેલો ચેક પાછો ફર્યો તે છોકરીનું નામ શું?'

'જી, નિશા બૅનરજી! ફોન નં. ૫૪૩૨૬૧. ૫૦૩૨નો આંકડો થાય છે. માથેના પૈસા રોકડા આપ્યા છે, બાકીનો ચેક હતો. મિન્ટ રોડ ઉપર બમનજીને માળે રહે છે. ડિરેક્ટરીમાં સરનામું છે.'

વકીલ સાહેબ ચમક્યા. નિશાને પૈસા જોઇએ છે. તેણે જગજીવન પાસે માગ્યા. જગજીવને તો પહેલેથી અનિલ પાસે પરમાણું નાખ્યું છે. અનિલ હસમુખલાલ શેઠ પાસેથી કદાચ લે. હસમુખલાલ નિશા પાસે માંગે છે. આ તો પૃથ્વી ગોળ છે! 'ચોક્કસ કાલે હું આવી પહોંચીશ. જો પૈસા ન આવે તો અગિયાર વાગ્યે દાવો દાખલ કરી દઈશું. સવારે વકીલપત્ર તથા દાવાઅરજી ઘડી લાવીશ.' વકીલ સાહેબની વકીલાતના શ્રી ગણેશ મંડાવા લાગ્યા. પંદર દિવસે ઈશ્વરે સામું જોયું ખરું!

એટલામાં ઑરેંજ આવી. બંનેએ મૂગામૂગા તેને ન્યાય આપ્યો. ત્યાં વળી કોઈ ગ્રાહક આવ્યા. શેઠ તેમાં પડી ગયા. વકીલ સાહેબ આ બધું રસથી નિહાળતા હતા. શેઠ વચ્ચે વચ્ચે સોનું,ઝવેરાત ને વેપારની બે વાતો તેની સાથે કરી લેતા હતા. ઘડિયાળમાં આઠ થયા.

'હજુ અનિલ કેમ ન આવ્યો?' વકીલ સાહેબે પૂછ્યું.

'રોજ તો વખતસર આવે છે. કદાચ અરુણા સાથે પિક્ચરમાં ગયા હશે.' તે જરા હસીને બોલ્યા: 'લાવો, ઘરે તપાસ કરી દઉં!'

શેઠે ફોન ઉપાડ્યો. થોડી વાર વાત કરી કહ્યું: 'અરુણા તો ઘેર જ છે. આજે રાત્રે એ અને અનિલ ચિત્ર જોવા જશે એટલે અનિલ અત્યારે આવ્યા નથી લાગતા!' વકીલ સાહેબ સમજી ગયા કે અનિલ કેમ નથી આવ્યો. તેણે કહ્યું: 'ઠીક છે શેઠજી, હવે હું કાલે સવારે આવીશ.' વકીલ સાહેબ રાઉન્ડ બિલ્ડિંગ તરફ ચાલ્યા. હમણાં તો ઑફિસ અને ઘર એ બંને એક જ હતાં. વસંત હેલ્થ હોમમાં જમી વકીલ ઑફિસમાં આવ્યા. કપડાં બદલી તેણે લંબાવ્યું. આખો દિવસ રખડ્યા હોઇ થાક પણ લાગ્યો હતો. પથારીમાં પડતાં જ નાકની બંસી બોલવા લાગી.

૭

અચાનક વકીલ સાહેબ જાગી ગયા. કોઇક બારણું ખટખટાવતું હતું. વકીલ વિચારમાં પડી ગયા. અત્યારે વળી કોણ? વળી હું ઑફિસમાં રહું છું એ પણ કોઇને ખબર નથી. રિસ્ટવૉચમાં જોયું તો સવા દસ થયા હતા. તેણે લાઈટ કરી બારણું ઉઘાડ્યું, તો ઉંબરામાં અનિલ ઊભો હતો! તેના આખા મોં ઉપર પરસેવો વળી ગયો હતો.

ગાભરો ગાભરો તે અંદર આવ્યો. વકીલ સાહેબે બારણું બંધ કર્યું: 'કેમ અત્યારે? ચિત્ર જોવા જવાના હતા ને? હું અહીં રહું છું એ તમને કયાંથી ખબર?'

થોડી વાર શ્વાસ ખાઈ અનિલ બોલ્યો: 'સવારે જ તમે કહેલું, આ પાર્ટિશન બતાવીને કેતમે અહીં જ રહો છો.પણ વકીલસાહેબ... અરે ભગવાન! મારું હવે શું થશે? લગ્ન અટકી પડવાનાં...'

'કેમ શું થયું?'

'ખૂન!'

'હેં? કોનું?!'

'જગજીવનનું.'

'કોણે, તમે કર્યું?' વકીલ ચમકી ગયા.

'ના ના;' અનિલ સાવ નંખાઈ ગયો હતો: 'હું દસ વાગ્યે તેને મળવા ગયો તો બારણું અધઉઘાડું હતું. મેં ખોલીને જોયું તો તે નીચે મોઢે પડ્યો હતો, સોફાની બાજુમાં. તેના વાંસામાં કોઇએ ચપ્પુ માર્યું હશે એમ લાગે છે. હું તો ચીસ પાડી ઊઠત, પણ માંડ રોકી.'

'પોલીસને ખબર આપી?'

'ના, મને બીક લાગે છે, કદાચ પોલીસ મને પકડે તો...?'

'તમને શા માટે પકડે? તમે થોડું જ ખૂન કર્યું છે?'

'પણ...પણ તમને એ નહિ સમજાય... વકીલ સાહેબ મને બચાવી લો, મને બચાવી લો! મારાં લગ્ન રખડી પડ્યાં, હું આટકોટ ચાલ્યો જઉં, સવારની ટ્રેનમાં?'

'ના, તેનાથી તમારા ઉપર શક વધે. તમે પોલીસને જાણ ન કરી તે બહુ ખોટું કર્યું છે. આ શું છે તમારા હાથમાં?'

'આ? હા, એ તો પર્સ છે. અરુણાનું લાગે છે! પણ અરુણા ત્યાં કયાંથી આવે? એને જગજીવનના સરનામાની ખબર કયાંથી હોય? મેં એ ઉપાડી લીધું. જુઓ.' વકીલસાહેબે પર્સ ખોલી.તેમાં સોસોની નોટો હતી. વકીલે બરોબર ગણી જોઈ તો પૂરી પચાસ હતી.

'પાંચ હન્નર પૂરા.' અનિલ ચમક્યો. 'મને સમજાતું નથી, અરુણા ત્યાં કેમ આવી હશે!'

'મેં અરુણાને તમારી વાત કરી હતી.' વકીલે જવાબ આપ્યો: 'આજે જ અમે બસમાં અચાનક ભેગાં થઈ ગયાં હતાં.'

'વકીલ સાહેબ...' તે ચીસ પાડી ઊઠ્યો. 'શું અરુણા? ન બને. અરે રે, હવે શું થશે!'

'અનિલ, હવે આમ ગભરાઈ જવાથી કંઈ ફાયદો થશે નહિ.મને કહો, ત્યાં તમે શું જોયું?' અનિલ કંઈ બોલ્યો નહિ. 'ચાલો ત્યાં જઈ આવીએ.' અનિલ થોડી વારે બોલ્યો.

'ના,હવે ત્યાં જવામાં જોખમ છે.દસ વાગ્યે તેને ઘણા મળવા આવવાના છે એટલે તમે જશો તો પણ નકામું છે.વધારે તકલીફ પડશે!'

'તો શું કરીશું?'

'ચાલો નીચે.' વકીલે કપડાં પહેરવા માંડ્યાં. નીચે આવી તેણે બાજુમાંથી ફોન જોડ્યો.

'હલ્લો, હસમુખલાલ શેઠ.'

'જી, તમે...!'

'હું ગણાત્રા વકીલ. દેશમાંથી તાર આવ્યો છે.અનિલનું કોઈ માંદું છે માટે અનિલને મળવું છે. તે અને અરુણા કયા ચિત્રમાં ગયાં છે?'

'લિબર્ટીમાં ગયાં છે! ખાસ ગંભીર છે?'

'ના, ના; તમે ચિંતા ન કરશો, જયજય.' કહી વકીલે ફોન નીચે મૂકી દીધો.

'ચાલો અનિલ, લિબર્ટી ઉપર.'

રસ્તે બન્ને મૂગા રહ્યા. વકીલે ગેટકીપરને સમજાવી અંદર પ્રવેશ મેળવ્યો.તુરત ઈન્ટરવલ પડ્યો. ઉપર જ અરુણા તેને મળી આવી.

'અનિલ તું? અરે, વકીલસાહેબ!નમસ્તે.'

'નમસ્તે' કહી વકીલ મીઠું હસ્યા.

'અનિલ, ચાલો અંદર. ઈન્ટરવલ હમણાં પૂરો થશે. મારી પાસે તમારી ટિકિટ છે. હું તમારી રાહ જ જોતી હતી. તમે આટલા મોડા થશો એ મને ખબર નહિ!'

'પણ આપણે સિનેમાનું કચારે...'

'અંદર ચાલો.' અનિલને છંમરડો વાળતો અટકાવી અરુણાએ તેને અંદર દોરવા માંડ્યો.

'અનિલભાઈ,તમે અંદરજાવ.'વકીલસમજી ગયા. 'તમે તો નવ વાગ્યાના અરુણાબહેન સાથે ચિત્ર જુવો છો તે કેમ ભૂલી જાઓ છો? જુઓને, તમારા કાકા દેશમાં બીમાર છે તે ખબર તમને આપવા હું અહીં આવ્યો હતો તે ભૂલતા નહિ! નમસ્તે અરુણાબહેન.'

૮

વકીલસાહેબ પોતાની ઓરડી પર આવ્યા પર્સને પોતાની ટ્રંકમાં રાખી સૂઈ ગયા. સવારે નિત્યકર્મથી પરવારી તેમણે નિશાને ફોન કર્યો.

'હલ્લો' સામેથી થાકભર્યો અવાજ આવ્યો.

'હું ગણાત્રા વકીલ. હસમુખલાલ શેઠ તરફથી બોલું છું. આપે અત્યારે પૈસા આપવા કહ્યું હતું તે યાદ કરાવી આપું છું. દસ વાગ્યે નહિ મળે તો અમારે ફોજદારી કરવી પડશે. કાગળિયાં મારી પાસે આવી ગયાં છે...'

'પણ, પણ, તમે ઉતાવળ શા માટે કરો છો? એકાદ બે દિવસ મુદત આપવા શેઠને સમજાવોને, પ્લીઝ. હું અત્યારે મુશ્કેલીમાં છું. ઝવેરાત પણ મેં એક જણને ભેટ આપ્યું છે એટલે તે યે પાછું મળે તેમ નથી. પણ વિશ્વાસ રાખો, મહાશય! તુરત સગવડ કરી આપીશ.'

'શેઠ માને એમ હું ધારતો નથી; છતાં પ્રયત્ન કરીશ.' કહી વકીલે ફોન બંધ કર્યો.

'નિશાને પૈસા મળ્યા નથી. જગજીવનની લાશ પાસેથી પાંચ હજારનું પર્સ મળી આવ્યું છે. તો પછી શા કારણે જગજીવનનું ખૂન થયું હશે? પૈસા એ કારણ લાગતું નથી.' વકીલ સાહેબ વિચાર કરવા લાગ્યા.

વકીલસાહેબદાભોલકરવાડી તરફ આવ્યા. પોલીસકાર તથા ઍમ્બ્યુલન્સ બહાર પડ્યાં હતાં. લોકોનું ટોળું એકઠું થયું હતું. પોલીસ કોઇને ઉપર જવા દેતી નહોતી.ત્યાં એકપત્રકાર નીચે આવ્યો. વનમાળીભાઈ સીધા તેની પાસે પહોંચી ગયા. તે ઉતાવળે ફોનબૂથ તરફ જતો હતો. વકીલે પ્રશ્નોની ઝડી વરસાવવા માંડી. વાતચીત દરમ્યાન જાણવા મળ્યું, પણ થોડું:

'હા, ખૂન થયું છે. જગજીવન ડોડિયા નામે શેરદલાલનું ખૂન થયું છે. ખૂનની જાણ છેક સવારે ધાટી ભાણાનો ડબ્બો લેવા આવ્યો ત્યારે થઈ. ખૂન રાત્રે થયું હશે એમ લાગે છે. લોહી જામી ગયું છે. લોહીમાં કોઈ સ્ત્રીના સેન્ડલની છાપ મળી આવી છે. જગજીવન ફોન કરતો હતો ને કોઇએ પાછળથી ચાકુ ભોંકી દીધું છે. પોલીસે ભૈયાને તથા ધાટીને પૂછપરછ માટે સાથે ઉપાડ્યા છે. ભૈયાને જગજીવન સાથે ગઈકાલે ઝગડો થયો હતો. હજુ ફિંગરપ્રિન્ટ માટે ફોટા લેવાય છે. હમણાં ઍમ્બ્યુલન્સમાં પોસ્ટમોર્ટમ માટે લાશને મોકલશે. કોઈ સગું વહાલું જણાતું નથી, વગેરે.'

ગણાત્રાને પેલી સૅન્ડલની છાપની વાત રુચી નહિ. તેણે ખાતરી કરવાનો વિચાર કર્યો.

૯

ઑફિસ જઈ તેણે અરુણા અને અનિલને તાકીદે છોડવાની અરજી ઘડી કાઢી. મુંબઈની પોલીસ સાવ ભોટ નહોતી. અરુણા તથા અનિલ તરત પકડાશે એમ લાગતું હતું. અગિયાર થવા આવ્યા હતા. વકીલે ટૅકસી કરી વિલ્સન કૉલેજ તરફ ચલાવ્યું. બસના સ્ટૅન્ડ પાસે તે ઊતરી ગયા. સામે જ પાછળની ઈંટમાંથી અરુણા ઊતરી.

'અરુણાબહેન!' વકીલે તેને બોલાવી.

'ઓહો, વકીલ સાહેબ! નમસ્તે.'

'આવોને, જરા. મારે વાત કરવાની છે. આ વકીલપત્ર ઉપર સહી કરી આપશો?'

'પણ શા માટે?' તે ગૂંચવાઈ.

'પોલીસ તમને હમણાં જ પકડશે.' વકીલ તથા અરુણા સામે બાંકડે બેઠાં.

'મને શા માટે? હું ત્યાં ગઈ જ નથી.'

'ત્યાં એટલે કયાં?... હું કયાં કહું છું તમે ત્યાં ગયાં છો?' વકીલે હસતાં હસતાં કહ્યું: 'પણ તમારાં સૅન્ડલ કહે છે તમે ત્યાં ગયાં છો.'

અરુણાએ તરત નીચે જોયું. તેના મોં ઉપરથી નૂર ઊડી ગયું. તેણે સૅન્ડલ ઉતારવા માંડ્યાં.ત્યાં પોલીસકાર વિલ્સન કૉલેજ પાસે આવી. વકીલે કહ્યું: 'હવે સૅન્ડલ ઉતારવાં રહેવા દો. ખૂબ મોડું થયું છે. તમને પકડે ત્યારે ઉઘાડા પગ તમારી ઉપર વધારે શક લાવશે. પાંચ મિનિટમાં તેઓ આ તરફ આવશે જ. વખત નથી, તમે આમાં સહી કરો.'

'પણ મેં ખૂન નથી કર્યું, નથી કર્યું, ગણાત્રાભાઈ, શા માટે?...' તે ગૂંચવાઈ.

'તમે ત્યાં કચારે ગયાં હતાં?'

'સાડા નવ વાગ્યે.'

'ચોક્કસ?'

'હા, હું લિબર્ટીમાં પહોંચી ત્યારે ન્યૂઝ પૂરા થયા હતા ને ચિત્ર શરૂ થયું હતું.'

'તમે ત્યાં શું જોયું?'

'હું અંદર ગઈ તો અંધારું હતું. સ્વિચ ઉપર હાથ મૂકયો ત્યાં મારી ડૅસમાં કાંઈ આવ્યું. લાઈટ થતાં, જોયું કે તે બંધો પડ્યો હતો.બીકની મારી, મારી ચીસ ગળામાં જ રોકી રાખીને હું ત્યાંથી નાસી આવી.'

'જુઓ, પોલીસને કાંઈ જવાબ આપશો નહિ. કહેજો કે વકીલની હાજરી સિવાય હું જવાબ આપીશ નહિ. આ લ્યો મારું કાર્ડ. મારે માટે તપાસ કરાવજો.'

'પણ વકીલ સાહેબ, હું કાંઈ જાણતી નથી. તમે સરનામું આપ્યું તે ઉપરથી હું ત્યાં ગઈ. મેં ખૂન નથી કર્યું, મને...મને બચાવી લો. બાપુજી જાણશે તો? ગણાત્રાભાઈ, શું થશે?' તે આકંદ કરવા લાગી.

'થાય શું? તમે ખૂન ન કર્યું હોય તો બીક શાની? જાઓ, જાણે કાંઈ નથી બન્યું તેમ કૉલેજમાં જાઓ. પણ ત્યાં કૈં જવાબ ન આપશો. પણ હા, તમે ત્યાં પર્સ ભૂલી આવ્યાં હતાં!'

'પર્સ?'

'હા.'

'ના; મારું પર્સ તો આ રહ્યું.' વકીલે જોયું તો તેનું જ પર્સ અરુણાના હાથમાં હતું. અરુણા ચબરાક તો છે. પર્સ નવું ખરીદી લીધું. વકીલ સાહેબ વિચારમાં પડ્યા. પૂછ્યું,'નવું પર્સ ખરીદ્યું ત્યારે સૅન્ડલ કેમ નવાં ન લીધાં?'

'શી વાત કરો છો?'

'કેમ આ પર્સ! આવું જ પર્સ ત્યાંથી મળી આવ્યું છે.'

'મને ખબર નથી. રાત્રે સિનેમામાં તમે પૂછ્યું હોત તો મારું પર્સ બતાવત. ત્યાં મારું પર્સ હોય જ નહિ.'

'ઠીક, હવે જાવ. ત્યાં દરવાજે જ તમારું સ્વાગત થશે. હું પછી મળીશ. દરમ્યાન વિચાર કરી રાખજો. મારી પાસે બહુ બોલવામાં સાર નથી.' તે વધારે જવાબ આપે તે પહેલાં વકીલે ચાલતી પકડી.

૧૦

તેણે રાઇન્ડબિલ્ડિંગમાં આવી હસમુખલાલ શેઠને ફોન કર્યો, પણ શેઠ ઘેર નહોતા. દુકાને પણ નહોતા. ઓત્તારી...શું હસમુખલાલ શેઠને પણ પોલીસ પકડી ગઈ! તે પોલીસ ચોકી તરફ ચાલ્યા. ઈન્સ્પેક્ટર પાસે કાર્ડ મોકલ્યું. અંદર ગયા તો ત્યાં તેણે ધાટી, ભૈયો, કેકી, હસમુખલાલ શેઠ, અરુણા, અનિલ; તથા કોઈ અજાણી છોકરીને બેઠેલાં જોયાં. પહેરવેશ બંગાળી હતો. લાગ્યું કદાચ આ જ નિશા બૅનરજી હશે.પોલીસે ખાસ્સી ઝડપ કરી હતી. સાત જણને પકડ્યાં હતાં.

ઈન્સ્પેક્ટરે ધાટી તરફ કાગળ આપી કહ્યું: 'આમાં અંગૂઠો કરો' અને એણે પૅડ આપ્યું, જેનાથી લક્ષ્મણે અંગૂઠો પાડી આપ્યો. ધાટી

ડબ્બા લઈ ચાલવા લાગ્યો. ઈન્સ્પેક્ટરે કહ્યું: 'ડબ્બા અહીં રહેવા દે.' જમાદાર તેને ખાલી ડબ્બાની પહોંચ આપે.'

પછી વકીલ તરફ ફરીને બોલ્યો: 'બોલો.'

'જી, હું ગણાત્રા વકીલ. હું આ ત્રણે અનિલ, અરુણા તથા હસમુખલાલ શેઠનો વકીલ છું. એટલે મારી વિનંતી છે કે તેઓને તુરત છોડી દેવા. શેઠ, અનિલ, અહીં સહી કરો.' શેઠ તો એવા ગભરાઈ ગયા હતા કે વકીલ આવ્યા તો પણ તેમનું ધ્યાન ત્યાં નહોતું ગયું. તે એકદમ ઝબકી ઊઠ્યા: 'અરે ગણાત્રા! આવી પહોંચ્યા? અહીં તો અમારી ઉપર ન વીતવાની વીતી છે...' તેણે સહી કરી. અનિલે સહી કરી.

ઈન્સ્પેક્ટર આ બધું જોઈ શક્યા નહિ. 'વકીલ, શામાં સહી કરાવો છો? આ શું છે?'

'કાંઈ નહિ, લો!'

'શું?'

'અરજી છે. આ લોકો ઉપર કાંઈ ચાર્જ ન હોય તો તેમને તુરત છોડી મૂકો.'

'તે કોર્ટમાં રન્નૂ કરજો. મારે તેમને પ્રશ્નો પૂછવા છે. તે એમ જઈ શકશે નહિ.' ઇન્સ્પેક્ટરે ગુસ્સામાં કહ્યું.

'પણ તે તમારા પ્રશ્નોના જવાબ મારી હાજરી સિવાય આપશે નહિ.'

'શટ અપ! હવાલદાર, આ વકીલને બહારનો રસ્તો બતાવો.'

'હું શેઠ, અનિલ ને અરુણાને કાંઈ પણ સહી કરવાની કે બોલવાની ના...' વકીલ સાહેબનું કહેવું અધુરું રહ્યું. મોં ઉપર હાથ મૂકી હવાલદાર તેમને બહાર મૂકી આવ્યો.

વકીલે હવે જમીનઅરજી તથા હેબિયસ કોર્પસની રિટ કોર્ટમાં રન્નૂ કરવાની તૈયારી આદરી.

૧૧

બાર વાગ્યે હસમુખલાલ શેઠ છૂટી આવ્યા. અરુણા તથા અનિલ ઉપર જગજીવનનું ખૂન કરવાનો આરોપ મુકાયો હતો અને પોલીસ બીજે દિવસે તેમને કોર્ટમાં રન્નૂ કરવાની હતી.

'તમને ક્યારે પકડી ગયા? શા માટે પકડી ગયા.' વકીલે હસમુખલાલને પૂછ્યું.

'કોણ જાણે! હું તો મરનારને ઓળખતો પણ નથી. મેં તેને કદી જોયો નથી. પણ પોલીસ કહેતી હતી કે મારા નામ ઉપર કોઇએ કરેલા રજિસ્ટરનું ખાલી કવર ત્યાંથી મળી આવ્યું છે એટલે તેઓ મને પકડી ગયા. હું ત્યાં ગયો ત્યારે અનિલને ત્યાં લાવ્યા હતા. અનિલને તેઓએ પૂછ્યું. એના એણે જે જવાબ આપ્યા તે તેઓએ લખી લીધા, ને તે બધું ટાઈપ થઇને આવ્યું ત્યાં તમે આવ્યા; એટલે પછી અનિલે એમાં સહી ન કરી.'

'હવે મને નિશાનાં કાગળિયાં આપો તો હાવો કરી દઇએ.'

'જહન્નમમાં જાય એ બધું, વકીલ. હવે તો તમે કોઈ રીતે આ લોકોને છોડાવો. મને ખાતરી છે કે આમાં મોટી ગેરસમજ છે. તે બંનેમાંથી કોઈ એવું કરે જ નહિ. વળી તેઓ તો રાત્રે સિનેમા જોવા ગયાં હતાં. તમે જ તેના તારના સમાચાર આપવા નહોતા ગયા?'

'એ બધું રહેવા દઇએ. જોઇએ પોલીસ શી રીતે કામ ચલાવે છે.'

'તમે કહો તો કોઈ મોટા વકીલને,..... કાંટાવાલા કે ચારીને...'

'જરૂર; પણ તેમને તો કેસ સેશન્સમાં જાય ત્યાર પછી રોકીશું. હમણાં તો જોવા દો, શું થાય છે.'

'પણ મારી દીકરી...! અરુણાની મા તો બીચારી રોઇ રોઇને મરી જશે.'

'તેને સમજાવજો, કાંઈ થશે નહિ. ખૂન ન કર્યું હોય તો પછી બીક શાની? હું તજવીજ કરું છું. બધાં સારાં વાનાં થશે.'

સાંજના પત્ર 'ભારત'માં અરુણા, અનિલ ને ઇન્સ્પેક્ટરના ફોટા સાથે મોટા અક્ષરે સમાચાર છપાયા હતા.

તા. ૬ મે– અમારા ખબરપત્રી તરફથી.

'જાણીતા ઝવેરીની પુત્રી ખૂનના શક માટે ગિરફતાર. દાભોલકરવાડીમાં મળી આવેલી લાશ. એક શેરદલાલનું કરપીણ ખૂન.'

'ખૂનની વિગત એવી છે કે દાભોલકરવાડી, વ્રજકાન્ત મૅન્શન ઉપર ૪૧ નંબરની રૂમમાંથી ટિફીનનો ડબ્બો લેવા જતાં ધાટીએ લાશ પડેલી જોઇ બૂમાબૂમ કરતાં કોઇએ પોલીસને ફોન કર્યો. તુરત પોલીસ ત્યાં પહોંચી ગઈ. ઇન્સ્પેક્ટર રાઠોડે કેસને હાથમાં લઈ પ્રાથમિક તપાસ આદરી. પ્રથમ દૃષ્ટિએ જ જણાતું હતું કે મરનારના શરીરમાં જીવ નહોતો. તેની પીઠમાં કોઇએ ચપ્પુ મારી જીવ લીધો હતો. તેનું લોહી ત્યાં જમી ગયું હતું. લાગતું હતું, કોઇએ રાત્રે ખૂન કર્યું હશે. લોહીમાં સૅન્ડલની છાપ પડેલી હતી. કોઈ સ્ત્રીનું કામ પણ હોય તેમ અનુમાન થતું હતું. પોલીસના બોલાવવા પરથી આંગળાંની છાપ લેવાવાળા મિ. જોષી તુરત ત્યાં જઈ પહોંચ્યા હતા. લાગતું હતું કે મરનાર ફોન કરતો હશે એ વખતે જ કોઈએ પીઠમાં ચાકુ ભોંકી દીધું હતું. ફોન નીચે લટકતો હતો. કહે છે કે ધાટી રાત્રે કેકીશેઠના ઑર્ડરથી ભાણું લાવ્યો હતો. કેકીશેઠ મરનારના મિત્ર હતા. તેના જન્મદિવસને કારણે તેઓ સાથે જમ્યા હતા. કેકીશેઠને મરનારના ખૂનથી બહુ જ અફસોસ થતો હતો. જન્મદિવસે જ આમ થાય તે એક ઘણો કરુણ અકસ્માત હતો. મરનારનું નામ જગજીવન ઉત્તમચંદ ડોડિયા હતું. લાગતું હતું તેનું કોઈ સગું વહાલું હતું નહિ. લાશ તુરત પોસ્ટમોર્ટમ માટે સોંપાઇ છે.

શેરદલાલની ડાયરીમાં અનિલ પરીખની ગઈ રાત્રે દસ વાગ્યે મુલાકાત નોંધેલી હતી. તુરત પોલીસે અનિલને પકડી આણ્યો હતો. વળી પોલીસને ત્યાંથી એક રજિસ્ટર લિફાફો હાથ લાગ્યો હતો. તેના ઉપરથી તેણે શેઠ અધર્સવાળા ઝવેરી હસમુખલાલ શેઠને પકડ્યા હતા. અનિલની જુબાની ઉપરથી પોલીસે અરુણાને પણ તુરત પકડી લીધી છે. ફોન લટકતો હતો તે વસ્તુ લક્ષમાં લઇ બાહોશ ઈન્સ્પેક્ટરે નિશા બૅનરજી નામની બાઇને અટકમાં લીધી હતી. ત્યાંના ભૈયાને પણ પોલીસે પકડ્યો હતો. સૌની જુબાની લઈ પોલીસે તેમને છોડી મૂક્યા હતા. બાહોશ નવયુવાન ઈન્સ્પેક્ટરે તુરત જ ખૂન માટેના શકદારને પકડી લઈ પોતાની કારકિર્દીમાં યશનું પીછું ખોસ્યું છે. કોઈ વનમાળી ગણાત્રા નામના વકીલે પ્રયત્નપૂર્વક કેસની યોગ્ય તપાસમાં તકલીફ ઊભી કરવા પ્રયત્ન કર્યો હતો. પણ જનતાના રક્ષણ માટે સજાગ ઈન્સ્પેક્ટર રાઠોડે તેને કાયદો સમજાવી દરવાજે બતાવ્યો હતો. ભારતની પ્રગતિમાં આવા જાગ્રત ઇન્સ્પેક્ટરો હોય તો હવે દુર્દશાના દિવસો ચાલી જવાના તેમ લાગે છે. પોલીસ કેસ બહુ સજ્જડ છે. કેસ ચાલશે ત્યારે ચોંકાવનારી વિગતો બહાર આવવા સંભવ છે.'

વકીલને લાગ્યું કે 'ભારત'ના રીપોર્ટરે 'બાહોશ નવયુવાન ઈન્સ્પેક્ટર'ને હુલાવી ઝીણી ઝીણી વિગતો મેળવી લીધી હતી.

તુરત વકીલ હવે પોલીસ ચોકી ઉપર ગયા, અને અનિલ તથા અરુણાને મળવાની રજા માગી. (આવતા અંકે પૂરી)

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્મયસમીક્ષા

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી કરવામાં આવતી વર્ષોવર્ષનાં લલિત તેમજ લલિતેતર વાઙ્મયોનાં પ્રકાશનોની સમીક્ષાનું કામ ૧૯૬૧ માટે પ્રો. હસિત બૂચ (૯૪, સમસ્ત બ્રહ્મક્ષત્રિય સોસાયટી, આનંદનગર, અમદાવાદ-૭)ને સોંપવામાં આવ્યું છે. સૌ લેખકો-પ્રકાશકોને સાહિત્યસભાની વિનતિ છે કે પોતાના તરફથી પ્રકટ થતાં પ્રકાશનો પ્રસિદ્ધ થતાં ઉપરને સરનામે મોકલીને આભારી કરશે.

આપણી કથની

રાત્રે અંધારની સાથે કરી હાસ્ય-વિસર્જન
પ્રાતઃસ્નાત સ્તુષા જેવી શોભે ભારતસુંદરી.
દૈન્યના ખુરખામાંહી છુપાવ્યાં અંગ મોહક,
આજે સૌન્દર્ય રાશિ શી શોભી ઊઠેલ મોહિની.
ફૂલો શી તું મૃદુ અર્ચે, વજ્ર જેવી કઠોર તું,
તારા તપોવને જન્મે ફૂલો ને તપ ઋષિ યે. -ઉશનસ્

અર્નેસ્ટ હેમિંગ્વે

વીસમી સદીના વાર્તાકારોમાં કથનકલાની એક અનોખી-આગવી પ્રતિભા દર્શાવી જનાર સર્જક તરીકે અર્નેસ્ટ મિલર હેમિંગ્વેનું સ્થાન મોખરે છે. અગાઉ 'કુમાર'માં (અંક ૩૭૧ અને ૪૩૮માં) એનો પરિચય આવી ગયો છે. ગયા જુલાઈની બીજી તારીખે અમેરિકાના ઈડાહો પરગણામાં કેચમ ગામે પોતાના નિવાસસ્થાને, બે-નાળી બંદૂકની નાળ મોંમાં ઘાલી ઘોડો દબાવી એણે આપઘાત કર્યો. એના પિતા ડૉ. ક્લૅરન્સ એડમન્ડસ હેમિંગ્વેએ પણ આ માર્ગે જ જીવનની યાત્રા પૂરી કરી હતી.

એની ચોથી પત્ની મેરી વેલ્શે (જેને એ હમેશાં 'મિસ મેરી' તરીકે જ ઓળખાવતો!) તેના આ મૃત્યુને અકસ્માત ઠરાવવા પ્રયત્ન કર્યો, પણ ખરી હકીકત પ્રકટ થઈ જ. હેમિંગ્વેનો અંત આ રીતે જ આવે એવી એની માનસિક હાલત છેલ્લે છેલ્લે તો થઈ ગઇ હતી. લોહીના ઊંચા દબાણ તથા મધુમેહની તેને લાંબી બીમારી હતી. એનાં સર્જેલાં પાત્રો પેઠે એ પોતે પણ જાણે નસીબ સામે ઝૂઝી રહ્યો હતો. પોતાની વર્તમાન સર્જનશક્તિમાંથી તેની શ્રદ્ધા ડગી ગઈ હતી એટલું જ નહિ, પણ એણે જે કંઈ લખ્યું છે તેની સાર્થકતામાંથી પણ તેનો વિશ્વાસ ઊઠવા લાગ્યો જણાતો હતો. એની આવી હતાશામાં છેલ્લે તેના મિત્ર અને પ્રસિદ્ધ અભિનેતા ગૅરી કૂપરના અવસાનના સમાચારે એને ગહરી ચોટ મારી. પોતાની જીવનકથાનો અંત આત્મહત્યા દ્વારા આણવાનો ખયાલ એના મનમાં ઘણી વાર રમતો રહેતો. ધીમા પીડાભર્યા મોત કરતાં આપઘાત બહોરી લેવામાં એને કશી કાયરતા નહોતી જણાતી.

એનું જીવન સાહસોથી ભરપૂર હતું. કંઈક કરી બતાવવાની ધગશથી પ્રેરાઈ એણે ઉચ્ચ શિક્ષણ મેળવવાની પરવા કર્યા વિના શાળા છોડી દીધી ને જીવનના અવનવા અનુભવો લેવા માંડ્યા. બચપણમાં 'તખીલ અને તેની પત્ની' નામે એની વાર્તાને ઘેર અને શાળામાં સારું પ્રોત્સાહન મળેલું ત્યારથી તે લેખન પર ઘણી વાર હાથ અજમાવતો. અભ્યાસ છોડ્યા પછીની રખડપટ્ટી, ખેલાડી તરીકેની કારકિર્દી, 'સ્ટાર' પત્રના રીપોર્ટર તરીકેની કામગીરી, પહેલા મહાયુદ્ધમાં જોડાઈ ઇટાલીમાં ગંભીરપણે ઘવાયા સુધીના કપરા અનુભવો વગેરે પછી પોતે લેખક થવા માટે જ નિર્માયો છે એવી ખાતરી થતાં એણે પારી(સ)માં એક નાનકડી ઓરડી રાખી ને માત્ર બટાટા પર નિર્વાહ કરી ગંભીરતાપૂર્વક લખવાના પ્રયત્નો આદર્યા.

એ એના સર્જનનો ખરો કાળ હતો. હેમિંગ્વેને આપણે જેવો જાણીએ છીએ એવો એ અહીં જ ઘડાયો. 'ઈન અવર ટાઇમ' અને ધૂમ વેચાએલી એની નવલ 'ધ સન ઑલ્સો રાઇઝીઝ' (૧૯૨૬) અહીં જ સર્જાઈ હતી. જગતમાં એનું નામ અહીંથી જ ગાજતું થયું હતું. ત્યારે એ સુંદર, દેખાવડો અને ઊગીને ઊભો થતો યુવાન હતો. એને હતું પડછંદ શરીર, સુંદર દંતાવલિ, બ્રિટિશ અમલદાર જેવી મૂછો, ગજબનાક હિંમત અને એ બધા સાથે એ કાળના કોઈ લેખક પાસે નહોતી એવી, અનેક અવનવા અનુભવોથી સભર આગવી જ લખાવટવાળી કલમ. જેમ્સ જૉઈસ જેવા સાહિત્ય-સ્વામી અને ગર્ટ્રુડ સ્ટાઈન જેવી કલમબાજના પરિચયમાં એ હોઈ એની ભાષા અને કલમમાં પણ ચમક હતી, ગર્ટ્રુડે એને રીપોર્ટરમાંથી લેખક બનાવ્યો અને એણે પોતાનું અનોખું વ્યક્તિત્વ અને અવનવા અનુભવોનું સારત્વ તેમાં ઉમેર્યું.

આપણાં પ્રાણી-૪૨ : વનવાગોળ

જે સ્ત્રી ધણીની અગાઉ જમી લે તે બીજે ભવ વાગોળ થાય એવી એક માન્યતા છે. આ વાગોળ તે ચામાચીડિયાંના વંશનું વનવાગોળ જ. લોંકડી જેવા તેના મોંને કારણે અંગ્રેજીમાં એને 'ફ્લાઇંગ ફૉક્સ' કહે છે.

મનુષ્યના સહવાસની નિકટમાં જ ખુલ્લી હવા, પુષ્કળ સૂર્યપ્રકાશ ને આમલી પીપળા જેવા વૃક્ષની વિસ્તૃત ઘટામાં મોટાં જૂથ બાંધીને વર્ષો સુધી એક જ જગ્યાએ રહે.

તદ્દન વનસ્પતિભક્ષક. શરીર રચના તદ્દન સાદી. પીઠે પૂછડી નહિ. કાન સીધા, છેડેથી અણિદાર. બે પગની વચ્ચેની પાનીને સાંધનારી ચામડીનો નહિ જેવો પડદો. પગ ચપટા સપાટ. હાથનો અંગૂઠો ટૂંકો લાંબો ને છેડે તીક્ષ્ણ વાંકડિયા નહોરવાળો. પહેલી આંગળિયે પણ નહોર હોય. વાન ઘેરો તપખીરી.

આહાર ફળના રસનો જ. એ માટે દિવસ આથમે બબ્બે ત્રણત્રણની(જ)સંખ્યામાં નીકળી પડે ને જરૂર પડે પંદર વીસ ગાઉ જેટલે દૂર પહોંચી જાય. ઝાડની ડાળે ઊંધું લટકી મોટાં ગલોફાં ભરવા માંડે. મોં ભરાઈ જાય એટલે પછી નિરાંતે તેમાંથી રસ ચૂસી લે ને ફોચા ઠળિયા ફેંકી દે. પાણીના પણ રસિયાં. સવાર થતાં તો નિવાસસ્થાને પાછાં આવી જાય. ઊંઘે ત્યારે એક જ પગે ડાળ પકડી ઊંધા લટકે ને બીજા પગે ને હાથે પાંખની ચામડી ઢાંકી આખું શરીર લપેટી દે ને આખો દિવસ ઘોરે.

એ રહેતાં હોય ત્યાં બધું દુર્ગંધમય કરી મૂકે. બાકી હોય તેમ નરના(ક્વચિત માદાના) શરીરમાંની રસગ્રંથિ પણ ઉત્કટ દુર્ગંધ ફેલાવે.

માર્ચ એપ્રિલમાં પ્રજનન કરે. પાળી પણ શકાય.

—'વનેચર'પરથી

મથાળે ડાબી બાજુ: ફ્રાંકડો ને પૌરુષભર્યો જવાન અર્નેસ્ટ હેમિંગ્વે ઈ. ૧૯૨૦ની આખર લગભગ–એની કીર્તિદા કૃતિ 'ફેરવેલ ટુ આર્મ્સ'ના સર્જનકાળમાં; જમણી બાજુ: હેમિંગ્વે ઉત્તરાવસ્થામાં; નીચે: આઠ વર્ષનો હેમિંગ્વે (તદ્દન જમણી બાજુ) માતા, પિતા, બે બહેનો તથા ભાઈ સાથે; જમણી બાજુના ફોલમમાં તેનો નિકટતમ મિત્ર સ્વ. ગૅરી કૂપર.

પોતાની ઊંચી કાયા, ને લાંબા ચહેરામાં રમી જતા ફિક્કા હાસ્યથી એટલો જ 'અભિનય' વિનાના નર્યા સ્વાભાવિક અભિનયથી લાક્ષણિક બનેલો, લાખોનો માનીતો સિનેમા એક્ટર ગૅરી કૂપર બીજી એક રીતે લાક્ષણિક હતો: હૉલીવૂડની આખી સિનેમા આલમમાં એ એક જ વ્યક્તિ એવી હતી જેણે ૨૭ વર્ષનું લાંબું ને એકધારું લગ્નજીવન નિષ્ઠાપૂર્વક જાળવી રાખ્યું હતું. અને એટલે જ, 'કિંગ'ને નામે લાડીલા બનેલા એક્ટર ક્લાર્ક ગૅબલ કરતાં યે બે માસમાં થયેલું આ 'કૂપ'નું અવસાન સ્વસ્થ-પીઢ જનતાને પણ મોટો આંચકો આપી ગયું.

'ફૉર હુમ ધ બેલ ટોલ્સ', 'ફેરવેલ ટુ આર્મ્સ', 'સાર્જન્ટ યૉર્ક', 'અન્કોન્કર્ડ', 'હાઇ નૂન', 'વેરાક્રુઝ', 'ફ્રેન્ડલી પર્સ્યુએશન' ને 'લવ ઇન ધ આફ્ટરનૂન' વગેરે જેવાં નોંધપાત્ર ચિત્રોના એ નાયકે ફિલ્મક્ષેત્રે માત્ર પચ્ચીસ ડૉલરના મામૂલી વેતનથી શરૂઆત કરી સૌપ્રથમ ઘોડેસવાર એક્સ્ટ્રા તરીકે સિને-જગતમાં પ્રવેશ કરેલો. એ પહેલાં એણે કાર્ટૂનિસ્ટ થવાનો નિષ્ફળ પ્રયત્ન કરેલો.

મનુષ્યમાં રહેલી લડાયક વૃત્તિ, ઉદાત્ત અનુકંપા, પ્રેમ અને શૌર્યનાં સંવેદનોની ઊંડી સમજ તથા યુદ્ધની ભયાનકતામાં પ્રકટ થતી માનવીની જંગાલિયતનું ચિત્ર, એ એનાં લખાણોમાંથી તરી આવતી વિશિષ્ટતા છે. અને એ રીતે આ યુગની કઠોર છબિની સાચી રેખાઓને પ્રગલ્ભતાથી એણે તાદૃશ ઉતારી આપી છે.

એનાં સર્જનોમાં નિરૂપેલા અનુભવો માત્ર રોમાંચક અને સમૃદ્ધ જ નહિ, પણ એની શૈલીની પેઠે અસામાન્ય પણ છે. કોઇ પણ લાગણીથી રંગાયા વિના ઠંડે કલેજે નરી હકીકતને જ એ જુએ છે અને એવી કાતિલ ઢબે જ એને રજૂ કરે છે. એનાં પાત્રો પર ધાર્મિક, સામાજિક કે રાજકીયતાનો કોઈ થર લાગતો નથી. એમના આવેગો એમની અંદર પડેલી જાતીય અને લડાયક વૃત્તિમાં પડેલા છે. યુદ્ધ અને પ્રેમ એ એમનું કાર્યક્ષેત્ર છે. બાહ્ય સંજોગોથી કે કોઈ લાભથી પ્રેરાઇને નહિ પણ માત્ર પોતાની વૃત્તિઓના સંતોષ ખાતર જ તેઓ કાર્ય કરે છે. હતાશાના અનુભવો, એમનામાં રહેલી હીનતા, કટુતા ને પાશવતાને પ્રબળ બનાવે છે. નૈરાશ્યભરી વેદનામાંથી ભાગી છૂટવા એ શરાબ, વિષય કે હિંસાનો આશરો લે છે.

આફ્રિકાનાં ભયાનક જંગલો, સ્પેનની આખલા-સાઠમારીઓ, ઈટાલીની યુદ્ધભૂમિ તથા ક્યૂબા અને યુરોપની ધર્ષણભૂમિ પર, યુદ્ધની ભયંકરતા અને નિરર્થકતાની કરુણ પ્રતીતિમાંથી ઉદ્ભવેલી નિઃસહાયતા અને અસહ્ય કંટાળાની માનસિક પરિસ્થિતિ વચ્ચે એનાં પાત્રો જીવે છે. આ પરિસ્થિતિને નિવારવા વચ્ચેવચ્ચે કંઈક હિંસક કાર્ય કરી તેઓ ખુમારીભર્યાં સંવેદનો જગાડવા મથે છે. ઘનઘેર્યા અંધકાર વચ્ચે વીજળીના કડાકા પેઠે એકાદ બંદૂકનો કાન ફાડી નાખતો અવાજ સંભળાય છે, એકસૂત્રે માનવની લોથ પડે છે અને ફરી પાછા એ જ અકળાવી

મૂકતો ભયંકર સન્નાટો છાઈ રહે છે.

નિરાશા, કટુતા અને વિષાદની આ મનોદશા એ નિષ્ફળતાની લાગણીનું જ ફળ છે. હેમિંગ્વેની સૃષ્ટિમાં તાદશ થતી હિંસા, નશાબાજી, લંપટતા બધું જ આ નૈરાશ્યભર્યા વિષાદ ને ત્રાસદાયક કંટાળામાંથી ભાગી છૂટવા માટે આદરેલી પ્રવૃત્તિ છે. યુદ્ધો અને યુદ્ધોત્તર વિટંબણાઓએ પશ્ચિમના લોકમાનસમાં નૈરાશ્યનો જે વિષાદ પાથરી દીધો તેનું જ પ્રતિબિંબ હેમિંગ્વેની કૃતિઓમાં પૌરુષસભર, બરછટ શૈલીમાં જોવા મળતું હોઈ એની ફિલસૂફીમાં વાચક તણાતો જાય છે.

કાળાનુક્રમે એનું સર્જન આજનું મહત્ત્વ ધરાવતું રહેશે કે નહિ એ એક પ્રશ્ન છે. 'એ ફેરવેલ ટુ આર્મ્સ',(પહેલા મહાયુદ્ધની નવલ) 'ફૉર હુમ ધ બેલ ટૉલ્સ'(સ્પેનના આંતરવિગ્રહની કથા) 'ધ સન ઑલ્સો રાઇઝીઝ', 'ધી ઓલ્ડ મૅન ઍન્ડ ધ સી' વગેરેમાં એની ઉસ્તાદ હથોટીનો વણાટ છે. જે રીતે એ લખાઈ છે એથી અન્ય રીતે ભાગ્યે જ કોઈ કલ્પી શકે. એનું પોત સર્વવ્યાપી છે. જગતની અગમ્યતા સામેની પ્રાકૃત માણસની લાચારી તેમાંથી જોવા મળે છે. યુદ્ધો વિષે, સ્પેનના આંતરવિગ્રહ વિષે, આખલાની સંઠમારી વિષે—બધાં વિષે આપણે હેમિંગ્વેને વાંચ્યા સિવાય પણ જાણી શકીએ; પરંતુ એક વાર હેમિંગ્વે વાંચ્યો એટલે પછી એ બધું જ અમુક દૃષ્ટિબિંદુથી કે એણે રજૂ કરેલી દૃષ્ટિથી જ જોતા થઈ જઇએ. એની સર્વોત્તમ કૃતિઓ એક એવી સપાટી પર રચાએલી છે કે જ્યાં એ સાહિત્યકૃતિ એક અનુભવ બની રહે છે. એના આ અનુભવો હમેશાં નસીબના રૂપે નિરૂપાયા છે. મૃત્યુની ભયંકર શૂન્યતા અને તેની સામેના પ્રબળ પુરુષાર્થની નિષ્ફળતાનું જ તેમાં દર્શન થાય છે. વાસનાઓ અને આનંદની માત્ર યાદ જ તેમાં જોવા મળે છે. મરણ પથારીએ પડેલો માણસ દરેક વસ્તુને જે રીતે જુએ એ રીતે એણે જાણે રજૂ કરી છે.

પણ છેલ્લાં આઠેક વર્ષથી તો તેનું લેખનકાર્ય બંદ પડી ગયું હતું. અમેરિકન સામયિકોમાંનાં એના કેટલાક લેખો સિવાય ખાસ કંઈ લખાયું નથી : સિવાય કે બે હરીફ 'બુલ ફાઈટર્સ' વચ્ચેની ચડસાચડસીની કથા 'ધ ડેન્જરસ સમર'. આ કૃતિ હવે કદાચ પ્રકટ થાય.

વિચારક તરીકે તેની ગુણવત્તા ગમે તે હોય, પણ જૉઈસને બાદ કરતાં અંગ્રેજી ભાષા પર હેમિંગ્વે જેટલું પ્રભુત્વ વર્તમાન કોઈ લેખકમાં નથી જોવા મળ્યું. ઉચ્ચતર અભ્યાસથી વંચિત રહ્યા છતાં એનું ગદ્ય ઘણી જ ઉચ્ચ કક્ષાનું છે. સાદા, અર્થસભર અને પુનરુક્તિ પામતા જતા એના શબ્દોની તાલબદ્ધતા વાચકના મન પર આપોઆપ પ્રસંગની છાપ ઉપસાવતા જાય છે.

એનું જીવન જેટલું સાહસપૂર્ણ એટલું રંગીન પણ હતું. ૧૯૧૯માં એ પોતાના ગામની જ હેડલી રિચાર્ડસન સાથે પરણ્યો; ૧૯૨૬માં પૉલીન પીફર સાથે; '૪૦માં સ્પેનમાં ભેટી ગએલી લેખિકા માર્થા ગૅલહૉર્ન સાથે; ને છેલ્લે '૪૬માં રીપોર્ટર ને લેખિકા મેરી વેલ્શ સાથે. એને ત્રણ બાળકો પણ છે. ઉપરાંત એના ક્યૂબાના રહેઠાણ પર ત્રણ ગાય, સોળ કૂતરા, બાવન બિલાડીઓ ને હજારો પારેવાંને પણ એ પોષતો. મિત્રમંડળ પણ પચરંગી. એમાં સીને-અભિનેત્રી મરલીન ડીટ્રિશથી માંડી ડ્યૂક ઑવ વિંડસર, ને રીઢા અપરાધીઓથી માંડી ઉતરેલ સ્ત્રીઓ સુધીના વિસ્તારનો સમાવેશ થઈ જાય છે. આ બધા એને 'પાપા'ના લાડભર્યા નામે જ ઓળખતા.

એના અવસાન બાદ ક્યૂબાની સરકારે એના રહેઠાણને સંગ્રહસ્થાન તરીકે સાચવવાનું નક્કી કર્યું છે. બિનજરૂરી ગણેલા એવા એના લખાણના હજારો કાગળો તેની પત્નીએ તેની ઇચ્છાનુસાર બાળી નાખ્યા છે. સાચવી રખાએલા એના લખાણમાં 'ધ ડેન્જરસ સમર', સ્પૅનિશ આખલા-યુદ્ધ વિષેનું કેટલુંક લખાણ, ૧૯૨૦ની આસપાસના પારી(સ)નાં સાહિત્યિક સંસ્મરણો, અને જેને એ 'ભૂમિ સાગર અને હવાના પટ ઉપર વિસ્તરેલી મહાન કૃતિ' ગણતો તેની હસ્તપ્રત છે.

લૂણીની ભાજી

આપણા જીવનમાં જે કેટલાક ઉપેક્ષિત ખોરાક બન્યા છે, તેમાં લૂણીની ભાજી ગણી શકાય. આજે તો લૂણી જેવી કોઈ ભાજીની જાત છે તેનો પણ ભાગ્યે જ ખયાલ હશે. પરંતુ એક દિવસ એનો ભારે વપરાશ હતો. ગરીબ માણસો વાડીઓમાંથી ચૂંટી લાવી એનું શાક બનાવીને કે બીજાં શાકમાં નાખીને એનો ઉપયોગ કરતા.

આયુર્વેદમાં લૂણીની ભાજીને ચાંગેરી કહી છે અને એના ઉપયોગની વિશિષ્ટ નોંધ એના પ્રાચીન ગ્રંથોમાં મળે છે. લૂણીની ભાજીનાં પાન ખૂબ જ ઝીણાં, ઠીક ગોળ, રતાશપડતાં લીલાં અને ઉપર એક વિશિષ્ટ પ્રકારની હળવી સફેદ રુંવાંટીવાળાં હોય છે. એની ડાખળીઓ એટલી બધી કુમળી હોય છે કે એનાં પાન જુદાં પાડવાને બદલે ડાંખળી સાથે જ એનો શાક તરીકે ઉપયોગ થાય છે.

લૂણીની ભાજી કાચેકાચી જ ખાઈ શકાય એવી, પ્રિય લાગે તેવા ખટાશપડતા સ્વાદવાળી હોય છે. આ ભાજીને પોતાના વિશિષ્ટ ગુણદોષ છે. તે રુચિકર, ખારી, પિત્તલ, ખાટી, સારક, કફકર તથા ઉષ્ણ છે અને વાયુ, ત્વચાદોષ, ગોળો, ચાંદાં, શ્વાસકાસ, નેત્રરોગ, મેહ તથા શોથજન્ય રોગોમાં તે હિતકર બને છે. એનો વિશેષ ઉપયોગ અતિસાર, મંદાગ્નિ, હરસ, સંગ્રહણી જેવા રોગોમાં પથ્ય ખોરાક તરીકે કરવામાં આવે છે, કારણ કે એમાં રહેલો ખાટો રસ દીપનપાચન વધારે છે અને એમાં એક ગ્રાહી ગુણશક્તિને કારણે પચનતંત્રના આંતર-અવયવોની સંકોચનશક્તિ વધે છે; પરિણામે હરસ, રક્તસ્રાવ, ગુદભ્રંશ અને અતિસાર-ઝાડા જેવા રોગોમાં આંતરડાંની દીવાલો મળને પકડી રાખે છે અને પરિણામે મળને બાંધવાનું અને એની અનુલોમન ક્રિયા વધારવાનું કાર્ય વ્યવસ્થિત નિયમિત કરે છે.

સાચી ભૂખ ન લાગતી હોય, સહેજ પણ ખોરાક લેતાં પેટ ભરાઈ જતું હોય કે ખોરાક લીધા પછી તુરત જ ગૅસ થતો હોય તેવા મંદાગ્નિના દરદમાં લૂણીનો શાક તરીકે ઉપયોગ કરવાથી રુચિ જાગ્રત થઇ મંદાગ્નિ દૂર થાય છે. હરસની તકલીફ હોય, સૂકા કે દુઃખતા હરસને કારણે પેડુમાં સતત વાયુ ભરાઈ રહેતો હોય, મળ સુકાતો હોય, અને સહેજ પણ બળ કરીને મળવિસર્જન કરતાં રક્તસ્રાવ થતો હોય તેવા સંયોગોમાં લૂણીની ભાજી લેવાથી મળવિસર્જનની શક્તિ વધે છે. મળમાં સારકતા આવે છે અને આંતરડાની આંતરત્વચા તથા કેશવાહિનીઓનું સંકોચન થઇને ગુદામાર્ગના સમગ્ર સ્નાયુઓની શક્તિ વધે છે.

પેશાબ અટકતો હોય, વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય, પેશાબમાં બળતરા થતી હોય ત્યારે લૂણીની ભાજીનો રસ કાઢી એમાં થોડી સાકર નાખીને પીવાથી પેશાબની છૂટ થાય છે અને એમાંની દાહ-બળતરા પણ શાંત થાય છે. મંદાગ્નિ, અજીર્ણ, આમ કે મૂત્રજન્ય વ્યાધિઓમાં કેટલીક વખતે શરીરે સોજા આવે છે. આવા શોથજન્ય રોગોના એક પથ્ય ખોરાક તરીકે પણ લૂણી લેવાનો નિર્દેશ છે.

છતાં એક હકીકત તરફ ધ્યાન રાખવું જોઇએ કે એનો અતિયોગ ધાતુઓનો ક્ષય કરે છે. કેટલીક વખત એના વિશેષ સેવનથી વીર્યદોષ પેદા થતો પણ દેખાય છે એટલે તેનો વિવેકપૂર્વકનો ઉપયોગ કરવો.

(પ્રવાસી) —'ચિકિત્સક'

હવા જોખતું ત્રાજવું!

ગયા જૂનમાં જર્મનીમાં 'ઍકેમા ૧૯૬૧–Achema 1961' નામે રાસાયણિક ઉદ્યોગો અને તેને લગતી સાધન-સામગ્રીઓનું એક મહદ્‌શૅન યોજાએલું. એમાં 'અલ્ટ્રા-માઇક્રો-સ્કેલ' નામક એક અતિ નાજુક

ત્રાજવું રન્દૂ થએલું. કોઈ પણ પ્રકારનો થડકારો ન પહોંચે એવી ખાસ ગે ઠવણો દ્વારા મુક્ત રાખેલા અને ત્રેવડા કાચની પેટીમાં મૂકેલા એ ત્રાજવાની નજાકત એટલી તો તીવ્ર છે કે તેને જોવા તેને માથે ઝૂકતા માણસના ઉચ્છ્વાસનું પણ તે વજન દર્શાવે! એક ગ્રામના દસ લાખમા ભાગ જેટલો તફાવત પણ દર્શાવી શકે તેટલું એ શક્તિશાળી છે.

વનમહોત્સવ

વૃક્ષો એ એક મોટી રાષ્ટ્રીય સંપત્તિ ગણાય છે, જેની આપણા દેશમાં મોટી તંગી છે. આથી એ સમૃદ્ધિ વધારવા માટે દર વર્ષે વનમહોત્સવનું એક સપ્તાહ યોજી તેમાં વૃક્ષારોપણ કરવાની રાષ્ટ્રીય નીતિ સ્વીકારવામાં આવી છે. છતાં આ બાબતમાં સફળતા મળી નથી. એનાં કારણોમાં આપણો નિરુત્સાહ અને બેદરકારી મુખ્યત્વે જવાબદાર છે. આ નીચેના લેખમાં વૃક્ષારોપણ, તેની માવજત તથા વૃક્ષોના ગુણધર્મ અને ઉપયોગ નિરૂપતાં રચનાત્મક સૂચનોનો એક જરૂરનો લેખ ઉતારીએ છીએ.

આપણે વૃક્ષો શા માટે રોપવાં તે અંગેનાં મુખ્ય કારણો આટલાં છે: (૧) વૃક્ષો આપણને ઇમારતી લાકડું, બળતણ, કોલસો, પાન, ફૂલ, ગુંદર, મધ વગેરે આપે છે; (૨) આપણી જમીનને તે સુરક્ષિત રાખે છે અને જમીનના ઉપલા ફળદ્રુપ થરને ધોવાણથી બચાવે છે; (૩) પશુ-પક્ષીઓને છાંયો તથા આશ્રય આપે છે અને રહેઠાણના વાતાવરણને શીતળતા અને સૌંદર્ય બક્ષે છે; (૪) વર્ષાને આકર્ષે છે.

ગુજરાત રાજ્યમાં આપણી ઓછામાં ઓછી જરૂરિયાતો પૂરતી યે વનસંપત્તિ નથી. આ કારણે પ્રતિવર્ષ ઇમારતી લાકડું, બળતણ અને કોલસા અન્ય રાજ્યોમાંથી આયાત કરવાં પડે છે. રાષ્ટ્રીય વનસંપત્તિની નીતિ અનુસાર ૩૩½ ટકા જંગલ હોવું જરૂરી છે, જ્યારે ગુજરાતમાં ફક્ત આઠ ટકા જ જંગલવિસ્તાર છે. જંગલો વધારવા માટે જોઇતી જમીન મળવી મુશ્કેલ હોઈ બની શકે ત્યાં વધુ વૃક્ષો ઉગાડવાની ફરજ ઊભી થાય છે. પરંતુ એકલું વૃક્ષારોપણ કરવું બસ નથી, વૃક્ષારોપણ કર્યા બાદ રોપાઓની આજીવન કાળજી પણ રાખવાની છે.

ચોમાસાની શરૂઆતમાં વૃક્ષારોપણ કરવું સર્વોત્તમ છે. પણ ચોમાસા દરમ્યાન વરસાદ લંબાય ત્યારે નાના રોપાઓ સુકાઈ ન જતાં તેનાં મૂળિયાં બરાબર ચોંટી જાય એ ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ.

ઝાડની ઉપયોગિતાના પ્રમાણમાં તેને માટે જરૂરી જમીન ગમે ત્યાં મળી રહે છે. ગામતળ, ગૌચર, ખેતરના પાળા, રસ્તાની આજુબાજુ, નદીનાળાંના કાંઠા, ખરાબાની અને પડતર જમીન, દરિયાકાંઠાની રેતાળ જમીન, શાળાનાં પટાંગણો અને ક્રીડાંગણો, દેવળો અને ધરો, એવાં બધાં જ સ્થળો વૃક્ષો રોપવા માટે કામ લાગે.

ઝાડની પસંદગીનો આધાર આબોહવા, જમીન, સ્થાનિક વનસ્પતિ તેમજ તેની ઉપયોગિતા ઉપર છે. આ નીચે બહુ જ ઉપયોગી અને સુંદર વૃક્ષોની યાદી આપવામાં આવી છે: જે અનુકૂળ લાગે તે રોપી શકાય.

સ્થાનિક નામ	ઝાડની ઉપયોગિતા	અનુકૂળ જગા
આકાશ-લીમડો	સસ્તા બળતણ અને શોભાનું ઝાડ	પટાંગણો અને રસ્તાની આજુબાજુ
ગરમાળો	બળતણ, શોભા તથા દવા માટે	પટાંગણો અને રસ્તાની આજુબાજુ
આમલી	બળતણ, ફળ અને છાંયડો	ગામતળ, ખરાબાની જમીન અને રસ્તાની આજુબાજુ
અંજન	નાનું ઇમારતી લાકડું, બળતણ, રેસા અને ચારો	ગૌચર અને ગામતળ
આસોપાલવ	ઇમારતી લાકડું, બળતણ અને શોભાનું ઝાડ	પટાંગણો અને રસ્તાને પડખે
બાવળ	ઇમારતી લાકડું, બળતણ, ગુંદર અને ચારો	ગામતળ, ખેતરના પાળા ને નદીકાંઠા
વાંસ	વિવિધ ઉપયોગિતા	ગામતળ, નદીકાંઠા ને પડતર જમીન
ગુલમહોર	હલકા જાતનું બળતણ અને શોભાનું ઝાડ	પટાંગણો અને રસ્તાની આજુબાજુ
જેકરેન્ડા	હલકા જાતનું બળતણ અને શોભાનું ઝાડ	પટાંગણો અને રસ્તાની આજુબાજુ
જાંબુડો	ઇમારતી લાકડું, ફળ અને બળતણ	પટાંગણો, રસ્તાની આજુબાજુ ગામતળ
કાજુ	ફળ, તેલ અને બળતણ	ગામતળ ને પટાંગણ
કરંજ	હલકા જાતનું લાકડું, લીલો ચારો, શોભા	નદીકાંઠા, નહેરો અને રસ્તાની આજુબાજુ
કાસીદ	બળતણ, શોભાનું ઝાડ અને ચારો	રસ્તાની આજુબાજુ ને ક્યારવાળી જમીન
આંબો	ઇમારતી લાકડું, બળતણ, ફળ અને છાંયાનું ઝાડ	બધે જ ઠેકાણે
મહુડો	ઇમારતી લાકડું, બળતણ, ફૂલ અને ફળ	ગામતળ અને પડતર જમીન
લીમડો	ઇમારતી લાકડું, બળતણ દવા અને ચારો	બધે જ ઠેકાણે
પરદેશી બાવળ	બળતણ	સૂકો પ્રદેશ ને ખારી જમીન
રેઈન ટ્રી	સસ્તું બળતણ અને શોભાનું ઝાડ	પટાંગણો અને રસ્તાની આજુબાજુ
સીસમ	લાકડું ને બળતણ	ખરાબાની જમીન ને ક્યારા
સરૂ	સારું બળતણ, કોલસા અને શોભાનું ઝાડ	દરિયાકાંઠાની જમીન અને પટાંગણો

ઝાડ કેમ વાવવું



૧૨ ઇંચ સમચોરસ અને ૧૮ ઇંચ ઊંડા ખાડા ખોદો અને અંદરની ખોદેલી માટીનો ઢગલો એક મહિનો રાખી મૂકો. પછી એ માટીમાં થોડું છાણિયું ખાતર ભેળવી ૮ ઇંચ ઊંડાઈ સુધી ખાડા પૂરી દો.

રોપાને એવી રીતે જમીનમાં રોપવા કે જેથી તેનાં મૂળ વાંકાં વળ્યા સિવાય જમીનમાં રહે અને તેના ગળા(કૉલર)-નો ભાગ જમીનની સપાટી પર રહે. મૂળિયાંની આજુબાજુ માટી બરાબર દબાવીને ખાડા એવી રીતે પૂરી દેવા કે જેથી ખાડાનો આકાર રકાબી જેવો છીછરો રહે.

ઝાડ રોપ્યા પછી એનું રક્ષણ કરવામાં ન આવે તો રોપવા પાછળ કરેલી મહેનત અને સમય વ્યર્થ જશે. રોપાના બે મોટામાં મોટા દુશ્મન તે પાણીની અછત અને ઢોર. પાણીની અછત દૂર કરવા માટે નિયમિત પાણી પાવું જોઇએ અને ઢોરથી રક્ષણ કરવા માટે રોપાની આજુબાજુ જીવતા થોરની અથવા ખરસાણીની વાડ કરવી જરૂરી છે. વખતોવખત રોપાને નીંદવા અને ગોડવા પણ બહુ જ જરૂરી છે.

આ માસ (ઑગસ્ટ) ઇતિહાસમાં

દિનવિશેષ

તા. ૧ લોકમાન્ય ટિળકનું નિધન ને અહિંસાથી આઝાદી મેળવવાની ગાંધીજીની હાકલ, ૧૯૨૦.
તા. ૩ હિંદુસ્તાન પહોંચવાના દરિયાઈ માર્ગની શોધ અર્થે કોલંબસે વહાણ હંકાર્યું, ૧૪૯૨.
તા. ૪ મુંબાઈના સિંહ સમા રાજકીય નેતા સર ફિરોઝશાહ મહેતાનો જન્મ થયો, ૧૮૪૫.
તા. ૧૦ ઉત્તર ભારતીય સંગીતને લિપિબદ્ધ કરનાર સંગીતજ્ઞ પ્રો. ભાતખંડેનો જન્મ, ૧૮૬૦.
તા. ૧૨ ઓરછાના રાજા નરસિંહદેવને હાથે સલીમે અબુલ ફઝલનું ખૂન કરાવ્યું, ૧૬૦૨.
તા. ૧૪ જૂના ઇટ્રિયુસ્ત તરફ હિંદુસ્તાનમાં બંડ કરી કમાલ પાશા તેનો પ્રથમ પ્રમુખ થયો, ૧૯૨૩.
તા. ૧૬ હિંદીઓને મૅજિસ્ટ્રેટ ને જ્યૂરર તરીકે નીમવાનો ધારો પસાર કરવામાં આવ્યો, ૧૮૬૨.
તા. ૨૪ વિસુવીઅસ જ્વાળામુખીના ફાટવાથી પૉમ્પીઆઇ નગરનો મડાવિનાશ થયો, ૭૯.
તા. ૨૫ સિંગાપુરમાં નેતાજી સુભાષચન્દ્ર બોઝે આઝાદ હિંદ ફોજનું નેતૃત્વ સ્વીકાર્યું, ૧૯૪૩.
તા. ૩૦ રાજકુટુંબના કાવાદાવાને પરિણામે નારાયણરાવ પેશ્વાનું ખૂન કરવામાં આવ્યું, ૧૭૭૩.

વ્યક્તિવિશેષ : એડવર્ડ કાર્પેન્ટર

આ મહાન ચિંતકે એકકાળે ઇંગ્લંડના સમાજને હચમચાવી મૂકેલો. જૂની માન્યતાઓ ને મૂલ્યાંકનોને એમણે ધક્કે હડસેલી કાઢવામાં એણે જેટલાં સામર્થ્ય ને નિર્ભીકતા દાખવ્યાં એટલાં જ રચનાત્મકતા અને માનવપ્રેમનો ધોરી માર્ગ આંકી આપવામાં એણે દર્શાવ્યાં.

રૂઢાતંત્ર્યબીરુ વિક્ટોરિયન યુગમાં, ઈ.૧૮૪૪ના ઑગસ્ટની ૨૯મીએ, ચાર્લ્સ કાર્પેન્ટર નામના બૅરિસ્ટરને ત્યાં, બ્રાઇટન મુકામે જન્મી ગણિત અને વિજ્ઞાનના વિષયોમાં ઉજ્જ્વળ કારકિર્દી સાથે ઈ. ૧૮૬૬માં તે કૅમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાંથી રંગલર થયો અને ત્યાં જ ફેલો તથા વ્યાખ્યાતા નિમાયો. સાથેસાથે સાંપ્રદાયિક દીક્ષા લઇ એક દેવળમાં ક્યુરેટ તરીકે પણ કામ કરવા માંડ્યું. બીજી બાજુ કવિત્વ પણ અંતરમાં ઉછાળા મારી રહેલું, જે પ્રથમ 'નાર્સિસસ' નામક સંગ્રહમાં અને પછી વૉલ્ટવ્હિટમૅનના 'લીવ્ઝ ઑવ ગ્રાસ'ની શૈલીએ 'ટૉવર્ડ્ઝ ડેમૉક્રસી'માં વ્યક્ત થયું છે.

પરંતુ થોડા જ વખતમાં સંપ્રદાયના જડ ચોકઠાથી ગૂંગળાપણ અનુભવી એ દેવળ અને કૉલેજ બંને છોડી ચાલી નીકળ્યો, અને નૈસર્ગિક જીવન જીવવા માટે શેફીલ્ડ નજીક ઓડવે મુકામે થોડી જમીન લઈ ત્યાં શાકભાજી તથા ફળફૂલ ઉગાડી તે વેચીને, તથા ચપલ વગેરે બનાવીને ગુજરો કરતો. આમ ગાળેલાં જિંદગીનાં ૩૦વર્ષ દરમ્યાન જેલમાંથી છૂટેલા રીઢા અપરાધીઓથી માંડી પાર્લમેન્ટના સભ્યો સુદ્ધાં એને મળવા તથા એનું માર્ગદર્શન લેવા આવતા.

વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનો આપતાં તે સમાજવાદીઓના સંસર્ગમાં આવ્યો. ૧૮૮૪માં અમેરિકાનો પ્રવાસ કરી વૉલ્ટવ્હિટમૅન, એમર્સન, હાવેલ વગેરે વિચારકોને મળ્યો; અને પછી હિંદની મુલાકાત લઈ ગીતા તથા ઉપનિષદોનો અભ્યાસ પણ એણે કરેલો. હેવલોક એલિસની પણ એના પર ઘણી અસર પડી. પ્રવાસમાંથી પાછા ફરી એણે સમાજવાદી વિચારસરણી પ્રસારવા માંડી, જોકે એનો સમાજવાદ રાજકીય નહિ પણ વિલિયમ મૉરિસના જેવો સાંસ્કૃતિક હતો.

ઈ. ૧૯૨૯ની ૨૮મી જૂને તેનું અવસાન થયું.

પ્રસંગવિશેષ : કલકત્તા શહેરની સ્થાપના, ૨૪મી ઑગસ્ટ, ઇ. સ. ૧૬૯૦

ઈસ્ટ ઇંડિયા કંપની અને એ વખતના બંગાળના સૂબા નવાબ શાહિસ્તખાન વચ્ચે ત્યારે યુદ્ધ ચાલતું હતું. એ વેળા હુગલીમાં, બંગાળના ઉપસાગરના ગવર્નર તરીકે જૉબ ચાર્નોકનો વહીવટ હતો. યુદ્ધને કારણે એ 'સુતાનુતી'માં ભરાએલો અને ત્યાંથી પણ તેને બબ્બે વાર નાસવું પડેલું. આખરે ઔરંગઝેબના સૂબા નવાબ ઇબ્રાહીમના આમંત્રણ અને મદ્રાસના ફૉર્ટ સેંટ જ્યૉર્જના અંગ્રેજ હાકેમોના ફરમાનથી એ સુતાનુતી પાછો ફર્યો. ઈ. ૧૬૯૦ની ૨૪મી ઑગસ્ટ અને રવિવારે મૂશળધાર વરસાદમાં કાદવ ખૂંદતો એ અહીં આવ્યો. અહીં જ હવે એનું રહેઠાણ હતું. રોજ સાંજે એ ખમીસ-પાયજામો પહેરી, ફળિયામાં બાંધેલો પાથરી હુક્કો ગગડાવતો બેસતો અને નજીકના લોકોને એકઠા કરતો. દૂર દેશના માલમો અને નજીકના શાહુકારો પણ અહીં આવતા જતા. ધીરેધીરે લોકો વધતા ગયા અને પરિણામે અહીં જે વસવાટ થવા લાગ્યો તેમાંથી આજના વિખ્યાત શહેર કલકત્તાની વસવાટની શરૂઆત થઈ.

અથાણું

'એણે મને કહ્યું કે એને નહિ કહેવાની જે વાત મેં તને કરી હતી, તે તેં એને કહી દીધી.'

'કેવી હલકટ! મેં એને કહેલું કે તને ન કહે કે મેં એને કહી હતી.'

'વાંધો, હવે એને ન કહેતી કે એણે મને કહી દીધું એ મેં તને કહી દીધું છે.'

પત્ની : ખરેખર, આ દુનિયા ગુચ્ચાઓ ને હરામખોરોથી ભરેલી છે. આજ સવારે દૂધવાળાએ મને મોટી પાવલી વળગાડી દીધી!

પતિ : જોઉં, ક્યાં છે એ?

પત્ની : એતો મેં પધરાવી દીધી શાકવાળાને.

છનુ : બાપુ, કોઈએ કાંઇ ન કર્યું હોય તો તેને માર ન પડે ને?

પિતા : નહિ જ તો વળી; કેમ?

છનુ : મેં આજે લેસન નથી કર્યું.

વરસતા વરસાદમાં ટૅક્સી મુકામ પર પહોંચવા આવી ત્યારે બલદેવ ભુઠ્ઠાને ખયાલ આવ્યો કે પાકીટમાં ટૅક્સીવાળાને આપવા પૂરતા પૈસા તો છે નહિ.

'સબૂર' તેણે ટૅક્સીનું બારણું ઉઘાડીને ઘૂમ પાડી, 'સામે રેસ્ટોરાંમાંથી હુંડીવાસળીની પેટી લઈ આવું. મારી દસ રૂપિયાની નોટ ટૅક્સીમાં ક્યાંક પડી ગઈ છે, ને ક્યારનો મથું છું પણ જડતી નથી'—એમ કહી તે લાગલો જ વરસતા વરસાદમાં રેસ્ટોરાં તરફ ઊપડ્યો.

અને, તેણે ધાર્યું હતું તેમ જ, ટૅક્સી તેને મૂકીને ઊપડી ગઈ!

દાક્તરે ગંભીર ચહેરે નવા આવેલા દર્દી સામે જોઈ કહ્યું, 'તમને થોડીક કસરતની જરૂર છે. દરરોજ સાંજે તમે થોડેક ફરવા જવાની ટેવ રાખો, નહિતર તમારો રોગ અસાધ્ય બનશે.'

દર્દી : પણ સાહેબ હું ટપાલી છું, એ આપને કહેતાં રહી ગયું.

'મારે કેટલું બધું કામ કરવાનું છે, તે જાણતા નથી, તેથી જ આમ કહો છો.'

સાહિત્યસંપર્ક

રાખની હૂંફ અને કાળનાં ચક્ર : (વર્તમાન યુગનાં બે નાટકો) લે. પરમસુખ પંડ્યા, પ્રકાશક એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. મુંબઈ-૨. બેઘડક પ્રશંસા માગી લે એવાં આ બે નાટકો વાંચતાં તૃપ્તિ અનુભવાય છે. 'રાખની હૂંફ'ના સર્જન પાછળ 'કોઈ માર્ગ ભૂલેલીને જીવનનો સાચો રાહ બતાવે' એવો ઉદાત્ત આશય લેખકે રાખ્યો છે. એ આશય ઘણે અંશે સફળ થયો છે. 'કાળનાં ચક્ર' નાટક લખવા પાછળ પણ 'ઉચ્ચ જીવનને માર્ગે લઈ જવાનો યત્ન' છે. બન્ને નાટકોનાં બીજ અંગ્રેજી કૃતિઓમાં સમાયાં હોવાનું લેખક જણાવે છે. એમાંના પ્રશ્નો ખાસ નવા નથી, રજૂઆતમાં પણ પ્રથમ દૃષ્ટિએ આકર્ષક લાગે એવી કોઈ વિશેષતા નથી છતાં નાટ્ય કલાના ઘણા અંશો બહુ જતનથી અને ખૂબીપૂર્વક ગૂંથી લેવામાં આવ્યા છે. પાત્રો આપણી સૃષ્ટિનાં જ હોય એટલાં જીવંત ને સાચુકલાં બન્યાં છે. લેખકના મનમાં પાત્રો પૂરેપૂરાં ઘૂંટાયાં છે અને તેથી જ આ કલાકૃતિઓની ગૂંથણીમાં એકમધુરતમભાત વણાઈ ગઈ છે. હેતુલક્ષી ને આદર્શવાદી નાટકોની સભાન રચનામાં ઘણી વાર જે ફિસ્સાપણું ને પ્રચારના તત્ત્વને કારણે મોળાશ અનુભવાય છે તેનાથી આ નાટકો (વિશેષતઃ 'રાખની હૂંફ') મુક્ત રહ્યાં છે અને ત્યાં જ લેખકની કલા-સૂઝ ને ખૂબી વરતાય છે. નવા લેખકોથી કંઈક અંશે ઉપેક્ષા પામી રહેલા આ સાહિત્ય-પ્રકારમાં તાજગીસભર કૃતિ ધરાવતાં આ બંને નાટકો ખૂબ નોંધપાત્ર ઉમેરો કરે છે. (૩. ૩)

મેં જોયું જાપાન : લેખક-પ્રકાશક શ્રી વસંત હિરેચા. સારાં પ્રવાસ-પુસ્તકોના દુષ્કાળમાં ગુજરાતી સાહિત્યને આવું એકાદ પુસ્તક સાંપડે એ આવકારપાત્ર લેખાય. ૧૨૦ પાનાંના આ નાના સચિત્ર પુસ્તકમાં 'ચેરીના દેશ' જાપાન વિષે ઘણી માહિતી રજૂ થઈ છે : જાપાનના પ્રાકૃતિક સૌન્દર્ય, વનશ્રી, પ્રાણી-સમૃદ્ધિ, પ્રજાની ખાસિયતો ને વિચક્ષણતાઓ, પ્રગતિનો ઇતિહાસ, ચિત્રકળા, ને છેલ્લે ગેઇશા-ગૃહો (જેના વગર જાપાનનું ચિત્ર અધૂરું રહે) વિષે રસપ્રદ વાતો આમાં કહી છે.

કંચુકીબંધ : લે. શ્રી શિવકુમાર જોષી; પ્રકા. સ્વાતિ પ્રકાશન : સુપ્રસિદ્ધ નાટ્યકાર-નવલકાર શ્રી શિવકુમાર જોષીની આ પહેલી નવલકથાની ચાર વર્ષ બાદ બીજી આવૃત્તિ પ્રગટ થઈ છે એ એની લોકપ્રિયતાની સૂચક છે,–ને લેખક કહે છે તેમ જમાનાની પલટાતી તાસીરની પણ! (૩. ૮)

પ્રીત કરી તેં કેવી : લે. શ્રી જિતુભાઈ મ. મહેતા, પ્રકા૦ નવભારત સાહિત્ય મંદિર; હૉંગકૉંગના વાતાવરણમાં વણાએલી ૨૫૦ પાનાંની શ્રી જિતુભાઇની કસબભરી શૈલીની એક મનરંજક નવલકથા.

પ્રૂફ-વાચન : લે. રતિલાલ સાં. નાયક, પ્રકા૦ અનડા બુક ડીપો. શુદ્ધ ને સુંદર મુદ્રણમાં અગત્યના અંગ એવા પ્રૂફ-વાચન અંગેની આ પુસ્તિકાની બીજી આવૃત્તિ પ્રગટ થઇ એ આવી પુસ્તિકાની ઉપયોગિતા પુરવાર કરે છે. પ્રૂફ-વાચન કરનારાઓને તેમજ લેખકોને પ્રકાશકોને આ પુસ્તિકા ઘણી અગત્યની માહિતી તેમજ સૂચનાઓ પૂરી પાડે છે.

સંક્ષિપ્ત આયુર્વેદીય પદાર્થવિજ્ઞાન : લેખકો શ્રી લાભશંકર ઠાકર અને ગોવિંદ દવે, પ્રકાશક આયુર્વેદ સ્વાધ્યાય વર્તુલ : આયુર્વેદ-પ્રવીણ (A.S.A.C.) તથા મિશ્ર અભ્યાસક્રમને આવરી લેતું આ પ્રકારનું વિદ્યાર્થીઓને મદદકર્તા થઇ પડે એ આશયથી આયુર્વેદના બે અભ્યાસી લેખકો પાસે તૈયાર કરાવી આયુર્વેદ સ્વાધ્યાય વર્તુલે બહાર પાડ્યું છે. (૩. ૨)

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં

ઉછીનો વર અને બીજાં નાટકો : સુપેરે ભજવી શકાય એવાં નાટકોની માગ હમેશાં હોય છે. આપણા સાહિત્યમાં મૌલિક નાટકોનો પરિપાક ક્રમભાગ્યે નિરાશાજનક છે ત્યારે આચાર્ય શ્રી ભાઈલાલ કોઠારીએ અંગ્રેજીમાંથી વેશાંતર કરેલાં, ભજવી શકાય એવાં આ ત્રણ નાટકો દ્વારા નાટ્ય-સાહિત્યમાં ગણનાપાત્ર ઉમેરો કર્યો છે. ગુજરાતી અવતાર પામેલાં પાત્રોની ભાષા સુવાચ્ય ને સ્વાભાવિક છે. (૩. ૩)

નાટ્યકુસુમો : મુખ્યત્વે શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ ભજવી શકે એવી સોળ લઘુ-નાટિકાઓ પ્રા. મધુસૂદન પારેખે આ સંગ્રહમાં સુલભ કરી છે. વિષયના વૈવિધ્યવાળી આ હળવી નાટિકાઓના સંવાદો સ્વાભાવિક ને ક્યાંક ચબરાક બને છે. લેખકના જણાવ્યા મુજબ આમાંની નાટિકાઓ સંગ્રહ બહાર પડ્યા પહેલાં પણ (કેટલીક તો અનેક વાર) ભજવાઈ ચૂકી છે. (૩. ૩)

પ્રેમાનંદકૃત 'ચંદ્રહાસાખ્યાન' : આખ્યાન એ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો લોકપ્રિય કાવ્યપ્રકાર છે. પ્રેમાનંદની લેખનકારકિર્દીના પૂર્વાર્ધની એવી એક રસપ્રદ કૃતિ 'ચંદ્રહાસાખ્યાન', વિસ્તૃત પ્રવેશક અને માર્ગદર્શક ટિપ્પણ સાથે આપણા સાહિત્યના બે રસજ્ઞ વિવેચકો શ્રી અનંતરાય રાવળ ને ધીરુભાઇ ઠાકરે અભ્યાસીઓ માટે પ્રસિદ્ધ કરી છે. પચાસેક પાનાંના અભ્યાસી-પ્રવેશક દ્વારા આ કૃતિ શાથી આસ્વાદ્ય ને અભ્યાસક્ષમ છે એ વિશદ રીતે સંપાદકોએ બતાવ્યું છે. (૩. ૨)

ભૂત રડે ભંકાર : વાચકોને કથાપ્રવાહમાં સાવંત જકડી રાખવાની કલમકુનેહવાળા શ્રી ગુણવંતરાય આચાર્ય સૌરાષ્ટ્રના સ્વપ્નશૈલા અમરજી દીવાનના જીવનનો આરંભ કેવા ભયંકર વાતાવરણમાં થયો એ આ કથામાં કહ્યું છે. એમની અનેક લોકપ્રિય નવલકથાઓમાં આ કથા એવો ઉમેરો કરે છે. (૩. ૫)

શબ્દકથા : અંગૂઠી

'અંગૂઠી' આંગળીએ પહેરવાની બોળીને કહે છે, પગને અંગૂઠે પહેરવાના સ્ત્રીના ઘરેણાને કહે છે, તેમ વીંટીને માટે પણ એ શબ્દ વપરાય છે. 'વીંટી', 'મુદ્રિકા', 'અંગૂઠી' પર્યાયવાચી છે. પ્રશ્ન એ થાય કે 'અંગૂઠી' શબ્દ આમ તો દેખીતો 'અંગૂઠો' ઉપરથી થયો દેખાય છે, પણ વીંટી તો આંગળીમાં પહેરાય, નહિ કે અંગૂઠામાં. આનો શો ખુલાસો? સંસ્કૃતમાં 'અંગુલીયક' શબ્દ વીંટી માટે છે જ. આંગળીમાં પહેરવાનું ઘરેણું તે અંગુલીયક. તો પછી વીંટી 'અંગૂઠી' કેમ કહેવાઇ?

કેટલાક શબ્દોનું રૂપ બદલવામાં લોકમાનસનો ફાળો પણ નાનોસૂનો નથી હોતો. 'અંગૂઠી' આનું એક સારું ઉદાહરણ છે. મૂળે એ ફારસી શબ્દ 'અંગુશ્તરી' ઉપરથી થયો છે. પ્રાકૃતમાં એ શબ્દ 'અંગુત્થલ' રૂપે લેવાયો. સ્ત્રીલિંગમાં 'અંગુત્થલિયા'. પણ પ્રાકૃતમાં કેટલાક શબ્દો એવા હતા જેમાં છેડે 'લ' પ્રત્યય ઉમેરાએલો હતો—લઘુતા સૂચવવા કે અમસ્તો જ. 'અંધ' તેમ જ 'અંધલ' (=આંધળો), 'વિજ્જુ' તેમ જ 'વિજ્જુલા' (=વીજળી) વગેરે. આવા શબ્દો ઉપરથી 'અંગુત્થલ'માં પણ 'અંગુત્થ' મૂળ શબ્દ ને લકાર પ્રત્યય ગણાઈ ગયો! અને 'અંગુત્થ', 'અંગુત્થિયા'નો સંબંધ 'અંગુઠું' સાથે લોકમાનસે જોડી દીધો. એટલે આપણને 'અંગૂઠણી' કે 'અંગૂથી' એવા શબ્દને બદલે 'અંગૂઠી' શબ્દ મળ્યો.

'અંગૂઠી' ફારસી પરથી આવ્યો, 'વીંટી' નવો બનાવ્યો. પણ સૌથી નૂનો શબ્દ 'મુદ્રિકા'. એ 'મુદ્રિકા'ની રસિક કથા આવતે અંકે.

—હરિવલ્લભ ભાયાણી

પ્રશ્ન

સ્મશાનમાંથી બાપ પાછો ફર્યો.

ત્યારે સાત વરસનો તેનો દીકરો ખુલ્લે ડીલે, ગળામાં સોનાનું આદળિયું પહેરીને એકલો રસ્તા પરની બારીમાં બેઠો છે.

પોતે શું વિચારી રહ્યો છે તેની પોતાને જ કૈં ખબર નથી.

સામેના ઘરના લીમડા પર થઈને સવારનો તડકો આવે છે. કાચી કેરીવાળો શેરીમાં ઘૂમ નાખીને પાછો ચાલ્યો ગયો છે.

બાપે આવી છોકરાને ખોળામાં લીધો. છોકરે પૂછ્યું, 'મા ક્યાં?'

બાપે માથું ઊંચું કરી કહ્યું, 'સ્વર્ગે.'

એ રાતે બાપ દુઃખભારથી ઊંઘમાં વારેવારે ઊંકારા ભરતો હતો.

બારણામાં ફાનસ ટમટમતું હતું. દીવાલ પર બે ગરોળીઓ દોડાદોડ કરતી હતી. સામે ખુલ્લી અગાશી હતી. કોણ જાણે ક્યારનો છોકરો ત્યાં આવી ઊભો હતો.

ચારે બાજુ બત્તી-વિહોણાં મકાનો, જાણે દૈત્યપુરીના પહેરેગીરો હોય તેમ, ઊભાંગભાં ઊંઘતાં હતાં.

ખુલ્લે ડીલે છોકરો આકાશ તરફ તાકી રહ્યો હતો. તેનું ભૂલું પડતું મન કોકને પૂછતું હતું, 'સ્વર્ગનો રસ્તો કઇ બાજુ?'

આકાશમાં તેનો કોઈ ઉત્તર નથી. માત્ર અંધકારની આંખો જેવા તારા આંસુભર્યા દેખાતા હતા.

આરોગ્ય ગ્રંથમાળા

પહેલાં 'મુંબઈ સમાચાર'માં અને હાલ 'મન્તંત્ર'ના આરોગ્ય વિભાગમાં આવતાં લખાણોથી જાણીતા ડૉ. હરકિશનદાસ ડી. ગાંધી આરોગ્ય વિષયક લેખોના નૂતા લેખક ને અનુભવી વૈદ્ય છે. એમણે આમજનતાને સુલભ થાય એવી નાની ને સસ્તી(અને કેટલીક સચિત્ર) પુસ્તિકાઓ દ્વારા આરોગ્ય વિષયક સામાન્ય જ્ઞાન આપવાના ઉદ્દેશથી વાર્ષિક છ રૂપિયાના લવાજમથી ઉપર્યુક્ત માળા શરૂ કરી છે, જેની સાત પુસ્તિકાઓ બહાર પડી છે: (૧) કબજિયાતની સારવાર (૨) શરદી-સળેખમ (૩) લોહીનું દબાણ (૪) મીઠી પેશાબ (૫) ક્ષય અને દમ (૬) માથાનો દુખાવો (૭) ચરબી ઓછી કરો. દરેક કિમત દરેકની (કદ પ્રમાણે) ૫૦થી ૭૫ નયા પૈસા છે. આરોગ્યના નિયમોનું અને ઉપર્યુક્ત દરદોના જ્ઞાન સાથે તેના વ્યવહારૂ ઉપચારો પણ એમાં આપ્યા છે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં

ઐતરેય ઉપનિષદ: ઋગ્વેદના ઐતરેય આરણ્યકમાંના બીજા આરણ્યકનો ચોથો, પાંચમો અને છઠ્ઠો અધ્યાય એજ ઐતરેય ઉપનિષદ. એમાં મુખ્યત્વે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ છે અને તેના ઉપરનું શંકરાચાર્યનું ભાષ્ય ઘણું મહત્વનું છે. એ ભાષ્ય સાથે અન્વય તેમજ ભાષાંતર સહિતનું ઉપયોગી પ્રકાશન. ભાષાંતરકાર: શ્રી વાસુદેવમહાશંકરજોષી (૦ ૭૫)**અર્થતંત્રની આંટીઘૂંટી:** દેશના અર્થતંત્રને સ્પર્શતા, શ્રી મનુ સુબેદારના ૧૬ લેખો, (૧-૦૦).

સરખા દેખાતા શબ્દો

કેટલાક સરખા દેખાતા શબ્દોના અર્થ જુદા હોય છે, છતાં છાપાંમાં, માસિકોમાં, વ્યાખ્યાનોમાં, પુસ્તકોમાં–સારા પ્રતિષ્ઠિત લેખકોનાં લખાણોમાં પણ એ શબ્દો જાણે એક જ અર્થના હોય એમ વપરાતા જોવામાં આવે છે. દા.ત. 'લક્ષ' અને 'લક્ષ્ય'. 'લક્ષ' એટલે 'ધ્યાન' અને 'લક્ષ્ય' એટલે 'ધ્યેય'. ઉદાહરણ: 'તમે બારણું ઉઘાડ્યું તે તરફ મારું લક્ષ ગયું નહોતું.' 'સ્વરાજ્ય મળ્યા પછી હવે એ સુરાજ્ય બને એ આપણું લક્ષ્ય હોવું જોઈએ.'

એ રીતે 'ઉદ્દેશ' ને 'ઉદ્દેશ્ય' એ શબ્દો પણ સરખા અર્થના હોય એમ ઘણાં લખાણોમાં વપરાએલા જોવામાં આવે છે. 'ઉદ્દેશ'નો અર્થ 'હેતુ' છે.દા.ત.'આ સંસ્થાનો ઉદ્દેશ વિદ્યાર્થીઓની શારીરિક સ્થિતિ સુધારવાનો છે.' પણ 'ઉદ્દેશ્ય' એટલે 'વિચારવા યોગ્ય', 'જેને ઉદ્દેશીને કાંઈ કહેવાયું હોય તે.' દા.ત.'આખા વ્યાખ્યાનમાં વ્યાખ્યાનકારનો ઉદ્દેશ્ય તો સંપ અને સહકારના ફાયદા સમજાવવાનો હતો.'

એ જ પ્રમાણે 'સિવાય' અને 'ઉપરાંત' પણ એક જ અર્થના સમજીને તેનો ગમે તેમ ઉપયોગ કરવામાં આવે છે. 'સિવાય'નો અર્થ 'પ્રસ્તુત બાબતબાદ કરીનેબાકીરહેલાબીજા'; અને 'ઉપરાંત' એટલે 'પ્રસ્તુત બાબતનો પણ સમાવેશ કરીને.' દા.ત. 'મારા સિવાય ઘરમાં કોઇ હમણાં સાજું નથી.' પણ વરસાદ ઉપરાંત નદીની રેલથી પણ શહેરને નુકસાન થયું.' (જ્યોતિર્ધર) —ત્ર.

સ્થાપત્યના કેટલાક શબ્દો

સ્થાપત્યને લગતા જુદાજુદા મુખ્ય અધિકારીઓમાં સ્થપતિ, સૂત્રધાર કે તક્ષક, અને વર્ધકી એ પ્રમાણે શાસ્ત્રોમાં ગણાવ્યા છે. સ્થપતિને 'ચીફ એન્જિનીઅર' કહી શકાય. સ્થપતિની બધી યોજનાઓને બરાબર પાર પાડી શકે તે સૂત્રધાર. તે ઉપરથી પ્રાકૃત 'સુત્તકાર' થઇને ગુજરાતી 'સુથાર' શબ્દ આવેલો છે. કેટલાક શિલ્પીઓ પરસ્પરને માનાર્થ 'ઠાર' કહીને સંબોધતા, તે આ ઉપરથી હશે. તક્ષક એટલે નકશીકામ અને મૂર્તિઓ કરનાર; અને 'વર્ધકી' એટલેલાકડકામ કરનાર.'વર્ધકી' ઉપરથી હિંદીમાં 'બઢઈ' શબ્દ આવેલો છે અને ગુજરાતીમાં 'વાડિયો' શબ્દ આવ્યો છે, જેનો અર્થ 'વહાણ' વગેરેનું સુથારીકામ કરનાર કારીગર એવો થાય છે; અને એક જમાનામાં અમુક પારસીઓએ તે ધંધો ખીલવેલો તેથી તેમની એક અટક તરીકે આજે તે વપરાય છે. આ ઉપરાંત શિલ્પી અને સ્થપતિ માટે નૂતા શિલા લેખોમાં 'ગજધર' અર્થાત્ 'ગજ ધારણ કરનાર' એ શબ્દ પણ વપરાયો છે. સોમપુરા શિલ્પીઓને હાલ પણ કચ્છમાં 'ગઈધર' કહે છે. દક્ષિણ ગુજરાતના સુથારોની 'ગજ્જર' અટક આ 'ગજધર' શબ્દ ઉપરથી વ્યુત્પન્ન થએલી છે. વળી 'શીલાપટ' ઉપરથી થએલો 'શીલાવટ'—'સલાટ' શબ્દ તેને ઘડનાર કારીગરો માટે જ વપરાતો થયો.

['મધ્યકાલીન ગુજરાતના સ્થપતિઓ' નામે શ્રી ભોગીલાલસાંડેસરાના વાયુપ્રવચનમાંથી]

જીવે જે પારકી આશે, સ્વમાની થઇ નથી શકતા,
નિરંતર એને 'મુકબિલ', માગવાની યાદ આવે છે.

'મુકબિલ' કુરૈશી

રાષ્ટ્રીય લડતમાં પડેલા ડૉ. અન્સારીનો એક નોકર તેમની નોકરી છોડી છુપી પોલીસમાં રહેલો તે એમની હીલચાલની બધી બાતમી સરકારને આપ્યા કરતો. થોડા દિવસ બાદ એ નોકરની સ્ત્રીએ ડૉક્ટર પાસે આવી કાકલૂદી કરી કે મારો પતિ આખર બીમારીમાં છે ને સૌ ડૉક્ટરોએ હાથ ધોઇ નાખ્યા છે. છેલ્લા ઈલાજ માટે અહીં આવી છું.

ક્ષણના પણ વિલંબ વિના ડૉ. અન્સારીએ તેને ઘેર જઇ નોકરને તપાસ્યો અને ઑપરેશનની જરૂર લાગતાં સફળ ઑપરેશનથી તેને ઉગારી લીધો. થોડા દિવસ બાદ એ નોકરે આવીને ઉપકારનાં આંસુથી ભરેલી આંખે ડૉક્ટરને કહ્યું કે 'મેં સરકારની નોકરી છોડી દીધી છે.'

કહેવતોના અર્થ: 'રળ્યે મળ્યે રોટલો, પણ ડાબે હાથે પોટલો.'–સન્માર્ગે ચાલીને પ્રામાણિકપણે મહેનત કે ધંધો કરનાર માણસ જીવનગુજરાન પૂરતું મેળવી શકે છે: શ્રીમંત તો એ જ થાય (ધનનો પોટલો તો તેને જ બંધાય) કે જે ડાબે હાથે-એટલે કે ધંધાચોરી ભેળસેળ, દગોફટકો, લાંચરુશ્વત વગેરે અનીતિ આચરીને પૈસા મેળવવાના માર્ગ ગ્રહણ કરે;–આવી એ કહેવતની પ્રતીતિ આ કલિયુગમાં શોધવા જવી પડે એમ નથી.

ગણિતગમ્મત

૦, ૧, ૨, ૩ ને ૭: આ અંકોને કોઈ પણ ક્રમમાં ગોઠવતાં બનેલી રકમને ૯ વડે ભાગતાં હમેશાં ૪ શેષ રહે છે. –ગિરધર ર. પટેલ

કુદરતની અજબ સૂરત: સારંગી જેવો આ તીતીઘોડો મલાયા નિવાસી છે.

અવકાશમાં ઊંચામાં ઊંચે સફળ ને લાંબા સમયનું સૌ પ્રથમ ભ્રમણ કરી આવનાર રશિયાના અવકાશયાત્રી મેજર ગાગારિન પછી ત્યાંના જ બીજા અવકાશયાત્રી આ મેજર તિતોવે એથી યે ચડિયાતો વિક્રમ નોંધાવ્યો છે. ગઈ તા. ૬ઠ્ઠી ઑગસ્ટે, સાડાચાર ટન વજનના વિમાન 'વૉસ્ટૉક દ્વિતીય'માં ૧૧૦ થી ૧૬૦ માઈલની ઊંચાઇએ પૃથ્વીની ૧૭ વાર પ્રદક્ષિણા કરીને, સતત ૨૫ કલાક અવકાશમાં ગાળી એ ૭મી તારીખે અવકાશ વિષેની અનેક માહિતીઓની વૈજ્ઞાનિક નોંધો સાથે સલામત પાછો ઊતરી આવ્યો છે. (નીચે તસવીર)

અનેકાર્થી શબ્દ: ગંધ–વાસ, શિવ કે શંકર; ગર્વ કે મિથ્યાભિમાન; પાડોશી; શોભાંજન, સરગવાનું ઝાડ; સંબંધ કે નિસ્બત, હર્ષ કે આનંદ; તિલક કે ચાંદલો; લવલેશ સહેજપણ અસ્તિત્વ; ચંદન, સુગંધી પદાર્થ.

ફર્નિચર પર પડેલા ઘસરકામાં આછા રૂના પૂમડા વડે આયોડાઇનનો હાથ મારી પછી ચમક લાવજો.



દૃષ્ટિભ્રમનો આ દૃષ્ટાંત તો સૌથી સાદો છે. મોર પગલાં જેવી આકૃતિ વચ્ચેની અને તીરનાં ફળાં જેવી આકૃતિ વચ્ચેની રેખાઓ માપમાં એકસરખી જ હોવા છતાં લાંબા ટૂંકી લાગે છે.

પ્રવાસીને પાંચ કલાક ઊંઘ જોઇએ, અભ્યાસીને સાત કલાક, ધંધાદારીને આઠ ને એદીને અગિયાર કલાક!

ઉત્તર ભારતીય સંગીતને શાસ્ત્રશુદ્ધ કરી જનાર મહારાષ્ટ્રના પ્રખર સંગીતજ્ઞ સ્વ. વિષ્ણુ નારાયણ ભાતખંડેના માનમાં આવતી સપ્ટેમ્બરની પહેલી તારીખે બહાર પડનારી ટપાલ-ટિકિટ. એમનું ચરિત્ર ૧૫૩મા અંકમાં આવી ગયું.

પોતાના રાજાઓ ને મહાન માણસોનાં શબને અનંતકાળ સુધી સંઘરી રાખવા માટે તેમના મૃતદેહોમાં ઔષધો ભરી ખૂબ જતનની સાથે એટલા જ સુશોભનપૂર્વક પિરામિડોમાં સાચવી રાખનારા મિસરવાસીઓનાં આવાં 'મમી'થી તો કોણ અજાણ્યું હશે? એને તો 'કલાકણિકા' નહિ પણ 'કલારત્ન' કહી શકાય.

OUR FRIENDS ABROAD
જગત્‌સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

જર્મન પત્રમિત્રો

ભાઈ ગિરીશ જે. મોદી (૧૧૭૧ ધનાસુતારની પોળ, અમદાવાદ-૧) નીચેના જર્મન પત્રમિત્રોનાં સરનામાં મોકલે છે. દરેક સરનામા નીચે અંગ્રેજમાં 'જર્મની' એટલું ઢમેરી લેવું.

(40) Sylvia Kaiser, Pforzheim-Dillst., Airsauerstr. 184 15 (f.), Swimming, Reading, Dancing; (41) Ute Heidrich, Kaufbeuern/Allg., Mauerstettner Str. 8—18 (f.), Swimming, Photography, Dancing, Music; (42) Ruth Singer, Niederwalluf/Rhgau, Bahnhofstr. 14—14 (f.), View-cards, Stamps, Reading; (43) Gabriele Brukhardt, Bruchsal/Baden, Salinenstr. 13—15 (f.), Stamps, Literature, Music; (44) Traudi Roszyval, Oberreitnau 16, Krs. Lindau/Bodensee—19 (f.), Reading, Music, Swimming, Films.

હિંદી પત્રમિત્રો

(191) Bharat K. Bhatt—18, C/o Mukhyaji—Gordhandas Jadavji Thakar, Harkor Nivas, In front of Harkor Talkies, Station Rd., Porbandar (Saur.), Swimming, Cycling, VolleyBall; (192) Ravilal Hirji Karani—17, 1 A Bahri Bldg., Room No. 13, Shivri, Jakaria Bandar Road, Cotton Green, Bombay-15, Stamps, Cricket, Cycling; (193) Rajnikant N. Vora—20, 553, Adenwala Road, Matunga, Bombay-19, History, Photography; (194) Kishore Mehta—16, 113-G Netaji Subhash Road, 1st Floor, Room No. 16, Calcutta-1, Foreign Penfriendship, Stamps, Literature; (195) Kishor Nayak—22, Swaraj Ashram, P. O. Ahwa, Via Bilimora (Dist. Dang), Photography, Swimming, View Cards; (196) Parimal G. Vaidya—18, Plot No. 1227 K, Krishnanagar, Bhavnagar (Saur.), Cricket, Football, Cycling, Photography; (197) Jitendra C. Patel—18, Congo House, Room No. 15, Vallabhvidyanagar, Via Anand (Dist. Kaira), Stamps, Coins, Photographs; (198) Navin C. Dhroove—26, Bhayani Delo, Bhavnagar (Saur.), Stamps, Photography; (199) Arvind G. Bhatt—19, 648/3 Navi Pole, Gomtipur, Ahmedabad-10, Acting, Singing, Touring; (200) Solomen H. A.—20, C/o Haji Ayub Laddha, P. Box 42, Dhoraji (Saur.), Penfriendship; (201) Harjivan B. Prajapati—20, Bapupura, Po. Mansa (Ta. Vijapur, Dist. Mehsana), Reading, Touring; (2 2) Akbarali A. Chunia—20, Near Madresa, Taheriya, Jamnagar (Saur.), Reading, Writing, Stamps, Sports; (203) Rahemtulla Usman Girachi—19, Kalavad Gate Road, Behind Floor Mill, Jamnagar (Saur.), Reading, General Knowledge; (204) Dhiraj B. Thakkar—20, Mehta Sheri, Harij Via Mehsana, Photography, Reading, Writing.

(ચાલુ)

એક ઉમદા પ્રવાસવર્ણન

જ્યાં દેવ વિરાજે

લેખક · દિલહર ભચેચ

પુરોવચન

શ્રી કનૈયાલાલ મા. મુનશી

કિંમત રૂ. ૬-૭૫ (પોસ્ટેજ-૧-૦૦) આફ્રિકા માટે શિ. ૧૪

ગુજરાતી ભાષાનાં અલ્પસંખ્ય પ્રવાસ-પુસ્તકોમાં આ પુસ્તકનું સ્થાન મોખરામાં મૂકી શકાય તેવું છે. માત્ર બે જ પાત્રો દ્વારા, વાર્તાકથનની પેઠે તેમાં રજૂ કરાએલું હિમાલયની યાત્રાનું ઉપીકતનિષ્ઠ અને સંયમિત છતાં મધુર પ્રવાસવર્ણન તેની આગવી લખાવટથી વાચકના મન પર ધાર્મિકતાની એક સુંદર ઊંડી છાપ ઉપસાવે છે.

પ્રાપ્તિસ્થાન

એન. એમ. ઠક્કર ઍન્ડ કંપની

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

ધી

વલકન ઈન્સ્યુરન્સ કંપની લિ૦

સ્થાપના : ૧૯૧૯

• આગ • મોટર • અકસ્માત
• ઘરિયાઈ • વર્કમૅન્સ કૉમ્પેન્સેશન
• એમ્પ્લૉયર્સ લાયેબિલિટી
વગેરે વીમાનું
કામકાજ લખવામાં આવે છે.

જનરલ મૅનેજર **શ્રી વી. સી. સેતલવડ**

અંડર રાઈટર **શ્રી કે. સી. દેસાઈ**

શાખા તથા એજન્સી ઑફિસો હિંદભરમાં છે;
ઉપરાંત
બ્રિટિશ ઈસ્ટ આફ્રિકામાં પણ છે.

હેડ ઑફિસ: ૭૩, ચર્ચગેટ સ્ટેશનની સામે, ઈન્ડસ્ટ્રિયલ ઍશ્યોરન્સ બિલ્ડિંગ, ફોર્ટ, મુંબઈ નં. ૧

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૨૯૩થી

સને ૧૯૪૫માં કરિયાણાની દુકાનમાં માસિક રૂા. ૧૫માં નોકરી કરતો ત્યારે, ૧ આને શેરના ભાવે ચોપડીઓમાં એક ગ્રાહક 'કુમાર' પણ આપી ગએલા. પડીકાં વાળવા સારુ 'કુમાર' ફાડતાં મારું મન ન માન્યું. બધા જ અંકો ગુપ્ત રીતે પણ ઝડપથી વાંચી નાખ્યા. પગારના દિવસે 'કુમાર' કાંટે જોખ્યા. સવા ત્રણ શેરનાં સત્તર નંગ થયાં! શેઠે સાડા ત્રણ આના લીધા. પણ શેઠે તે સમયે મને મૂર્ખામાં ને ધૂનીમાં ગણ્યો હતો. ત્યાર પછી પાંચ જ વર્ષમાં, ૧૯૫૦માં સ્વમાનના પ્રશ્ન પર દુકાન છોડી. ત્યારે પગાર રૂ. ૧૨૦ હતો. 'કુમાર'માં આવતાં જીવનચરિત્રો ઉત્તમ હોય છે. મારા જીવનમાં 'કુમાર'ના વાચને ઘણું પરિવર્તન કર્યું છે. ટૂંકમાં આજે લાખો રૂપિયાની મિલકત ધરાવતા ચૅરીટેબલ ટ્રસ્ટના માનદ ટ્રસ્ટી(મંત્રી) તરીકે ફરજ બજાવું છું. અભ્યાસ ગુજરાતી પાંચ ચોપડીનો છે પણ 'કુમાર'ના વાચનથી મારી પ્રગતિમાં ઓછા અભ્યાસ આડે આવ્યો નથી.

કરકસરની રીતો અત્યારના સંજોગોમાં આપો તો સારું. સ્વામી આનંદ, કેદારનાથજી ને વાડીલાલ ડગલીનાં જીવનચરિત્રો આપો.

'પૃથ્વીવલ્લભ', 'રામરાજ્ય' વગેરે પિકચરો જેવાં ધ્યેયલક્ષી પિકચરોની જાહેરાત સ્વીકારો તો?

શેઠ કરતૂરભાઈ, અંબાલાલ સારાભાઈ અને જયકૃષ્ણ હરિવલ્લભદાસ જેવા કલાપ્રેમી શ્રીમંતોનાં ગ્રૂપની મિલોની જાહેરાત મેળવવા પ્રયાસ કરો તો? ('કુમાર'ના વાચકના હકની રૂએ આ બાબત તેઓને પત્ર લખીશ.)*

વિમાની પ્રવાસ તેમજ શક્તિદાયક દવાઓ, પીણાંઓ (દા.ત. વૉટરબરીઝ કંપાઉન્ડ, એસ્પ્રો, એનેસીન, બોર્નવિટા, ઓવલટાઈન વિગેરે)ની જાહેરાતો મેળવો ને છાપો.

'સોનાં સરી જાય રે, જેની રૂપાં સરી જાય. ટીલડી વિના જાય તો માનાં કાળનાં કપઈ જાય.'

આ ગીત મારી બાના મોઢે સાંભળ્યું છે. કોણે રચેલું છે? તેની જાણ કરવા કૃપા કરશો.

(અમદાવાદ) —ના. મ. રાણા.

[*ઘણો આભાર. અમે તો નિષ્ફળ પ્રયત્ન કરી ચૂકયા છીએ.]

લોકશાહીની કેટલીક 'ક્ષતિઓ' તરફ એક ભાઈએ આપણું ધ્યાન દોર્યું છે. જ્યારે કોઈ વસ્તુ આપણી પાસે હોય ત્યારે એની ખરી કિમત સમજતી નથી. લોકશાહી છિનવાઈ ગયા પછી હવે અમને એના ખરા મહત્ત્વનું ભાન થયું છે. એક પાડોશી દેશના નાગરિક તરીકે હું લોકશાહીની કેટલીક ખૂબીઓ તરફ આપ લોકોનું ધ્યાન ખેંચવાનું જરૂરી સમજું છું.

(૧) લોકશાહીતંત્રમાં દરેક નાગરિક વધુથી વધુ સ્વતંત્રતા ભોગવી શકે છે. લોકો રાજ્યકર્તાઓને પોતાની મરજીથી ચૂંટે છે. તેમજ દેશની 'પૉલિસી' નક્કી કરવામાં અને તેને વ્યવસ્થિતપણે આગળ ધપાવવામાં 'લોકો' બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે.

(૨) લોકશાહીનો એક બીજો મહત્ત્વનો ગુણ એ છે કે એમાં 'બધા નાગરિકો'ના હકોનું સમાનતાપૂર્વક રક્ષણ કરવામાં આવે છે. એવું નથી થતું કે એક પક્ષના હકોનું રક્ષણ તો કાળજીપૂર્વક કરવામાં આવે, અને બીજા પક્ષના હકો પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવે. બીજા કોઈ પણ તંત્રમાં લોકોના હકોનું રક્ષણ કરવા માટે એટલી સુંદર વ્યવસ્થા કરવામાં નથી આવતી જેટલી લોકશાહી તંત્રમાં કરવામાં આવે છે.

(૩) લોકશાહીતંત્રમાં દેશના બધાની બુદ્ધિ, જ્ઞાન ને લાયકાતનો ફાયદો ઉઠાવવામાં આવે છે. એટલે સરકારની બધી ઊણપો કાઢીને તેને દરેક રીતે 'સંપૂર્ણ' બનાવી શકાય છે.

(૪) લોકશાહીતંત્રમાં જો પ્રધાનમંડળના સભ્યો લાયકાત વિનાના હોય અને લોકોને તેમની કાર્યશક્તિમાં શ્રદ્ધા ન હોય તો એમને બદલીને રાજ્યના લગામ વધુ પ્રામાણિક માણસોના હાથમાં આપી શકાય છે.

(૫) લોકશાહીતંત્ર લોકોને રાજકીય કેળવણી આપવાનો શ્રેષ્ઠ માર્ગ છે. લોકશાહીતંત્રમાં લોકોને રાજ્યના પ્રશ્નો ઉપર વિચાર કરવાનો, કોઇ પણ પ્રશ્ન ઉપર મત સ્થાપિત કરવાનો અને નિર્ણય આપવાનો લાભ મળે છે. દરેક નાગરિક પોતાને સરકારનું એક ચક્ર સમજવા માંડે છે, જેના લીધે એનામાં આત્મવિશ્વાસ જાગ્રત થાય છે; અને આ રીતે એ રાજ્યના પ્રશ્નોમાં રસ લેતો થાય છે.

(૬) લોકશાહી સરકારો પોતાના લોકોનાં જીવનધોરણને ઊંચે લાવવા માટે જેટલા ઉત્સાહ અને ખંતપૂર્વક પ્રયત્નો કરે છે, તે રીતે બીજી કોઈ પણ સરકાર નથી કરતી. એ જ રીતે શાંતિ જાળવવામાં, દેશનું રક્ષણ કરવામાં અને દરેક કાર્યને સુવ્યવસ્થાપૂર્વક પાર પાડવામાં તે સૌથી વધુ સફળ રહે છે.

(કરાંચી) —મુહમ્મદહનીફ રંગુનવાલા

જુલાઈ અંકના વિચારવિશેષમાં પૂ. કાકાસાહેબનો પત્ર આપ્યો છે તે ખૂબ ગમ્યો.

પત્રમાં અમુક અક્ષર બાળબોધ લિપિમાં લખ્યા છે તેનું શું કારણ? ઘણી વાર ખાસ શબ્દનું વજન દર્શાવવા માટે તે આખા શબ્દને બાળબોધ લિપિમાં લખવામાં આવે છે. પરંતુ 'અખંડ જીવનયાત્રા'માં તો અમુક અક્ષરો જ બાળબોધ લિપિમાં લખ્યા છે. વાંચતી વખતે તે અક્ષરો મને તો નડતરરૂપ લાગ્યા. લેખક શું કહેવા માગે છે તેનો વિચાર છોડીને 'કુમાર'માં શું છાપ્યું છે તેનો વિચાર કરવો પડતો હતો. પત્ર ફક્ત વાચન કરવા કરતાં મનન કરવા યોગ્ય છે. આની પાછળ તમારો હેતુ શો છે?

(અમદાવાદ) —જનક શાહ

[*આપ કદાચ નવા વાચક હશો તેથી આ પ્રશ્ન ઉદ્ભવ્યો લાગે છે. ભારતની બીજી આઠેક લિપિઓ પેઠે દેવનાગરીમાથી વિકસેલી ગુજરાતી લિપિ, બીજી લિપિઓને મુકાબલે દેવનાગરીની નજીકમાં નજીક હોવાથી તેના માત્ર નવ અક્ષરો ફેરવી નાખવાથી તે શિરોરેખાવિહીન દેવનાગરી જેવી જ બની રહે છે (અને અમારું માનવું છે કે રાષ્ટ્રલિપિ બનવાની શક્યતા ધરાવે છે). આ મુદ્દા ઉપર કાકાસાહેબે એ નવ અક્ષરોનું નાગરીકરણ કરાવીને આ 'નાગરી ગુજરાતી' લિપિનું નિર્માણ કર્યું હતું, જે સૌ ભારતીઓ વાંચી શકે. એમના લેખો છાપવામાં તે જ વપરાય છે.]

એપ્રિલ અંકમાં શવાસનની રીત આપેલી છે. શબ એટલે મર્યા પછીનું શરીર તો અક્કડ થઈ જાય છે, અને જો તેવી રીતે શરીરને કરી સૂઈ જાય તો આરામ કેવી રીતે મળી શકે? શરીરના સ્નાયુઓ કેવી રીતે 'રીલૅક્સ' થઈ શકે? પગ જો સાથે રાખો અને અંગૂઠા ભેગા રાખો તો પગના સ્નાયુઓ પર જોર પડે. પગનું કુદરતી વલણ (જો રીલૅક્સ થાય તો) એવું છે કે અંગૂઠા બહાર પડશે. એડીઓની વચ્ચે અંતર થઈ જશે. જાંઘો પણ બહારની બાજુ ઢળી પડશે.

ખરું જોતાં તો કરનારે ફક્ત ચત્તા સૂઈ જવાનું. શરીરને એકદમ ઢીલું છોડી દેવાનું. હાથ પગ માથું કુદરતી રીતે જેમ પડી રહે તેમ પડી રહેવા દેવા. પછી સહેજ અનુકૂળ આવે તેમ શરીરને ગોઠવી લેવું. બેઉ એડીની વચ્ચે છ ઇંચથી નવ ઇંચનું અંતર; અંગૂઠા ને જાંઘ બહાર પડે; હાથ સહેજ શરીરથી દૂર અને હાથની આંગળીઓ કુદરતી રીતે રહે છે તેમ વળેલી. માથાને આરામથી ગોઠવો.

પછીથી મનમાં રીલૅક્સ રીલૅક્સ એમ પગના અંગૂઠાથી સજેશન્સ નાખવાની શરૂઆત કરો. પછી અંગૂઠાથી વધીને પગના સ્નાયુઓ પર, પછીથી જાંઘના સ્નાયુઓ પર ને તેવી રીતે ધીરેધીરે મન પર આવતા જાઓ. આથી મન પણ બીજા વિચારો કરતું બંધ થઈ જશે.

(પૉંડીચેરી) —અંબુ

રસરંગ પ્રસારક પ્રસિદ્ધ લેખક શ્રી ચંદ્રવદન મહેતા, અત્યારે મહાન સ્પૅનિશ સાહિત્યકાર સર્વેન્ટિસ કૃત 'ડૉન ક્વિક્ઝોટ'નો એક નવો ગુજરાતી અનુવાદ કરી રહ્યા છે એ ખુશ થવા જેવી ખબર છે. એમનો એ અનુવાદ એમની રમતિયાળ શૈલીમાં સવિશેષ રસપ્રદ અને વાંચવાયોગ્ય નીવડશે એ નિઃશંક છે.

હું જ્યારે દસ વર્ષનો નિશાળિયો હતો ત્યારે ડૉન ક્વિક્ઝોટનો સૌથી પહેલો ગુજરાતી અનુવાદ મારા વાંચવામાં આવેલો. પારસી સમાજને લાગુ પાડીને એ લખાએલો. વાર્તાનું નામ રખાએલું: 'મહેરજીભાઈ ચકરમજી ઓલપાડનંગ'. સિત્તેર સાલ પહેલાંની વાત, એટલે મને આ એક ઝાંખી યાદ રહી ગએલી છે કે એ વાર્તા 'મધુર વચન' નામે એક પારસી માસિકમાં મેં વાંચેલી.

ગયે સાલ જ્યારે હું મુંબાઈ આવેલો ત્યારે ડૉન ક્વિક્ઝોટના ગુજરાતી અનુવાદો વિષે વધુ તહેકીક કરતાં, મારા જાણવામાં આવ્યું કે એના ગુજરાતી અનુવાદો હિન્દુ લેખકોએ પણ કર્યા છે. 'કુમાર'ના વાચકોમાંથી આ વિષે ચોક્કસ માહિતી મેળવવાને હું રાજી થઈશ.

'કુમાર'ના ઘણા મોટા ભાગના વાચકોને ખબર હશે કે મુંબાઇ મધ્યે સને ૧૮૮૬માં મિ. સોરાબજી કાવસજી ખંબાતા નામે એક પારસી લેખકે 'મધુર વચન' નામનું એક માસિક પ્રકટાવ્યું, ને ૧૮૮૭ના ફેબ્રુઆરી માસથી, ચાલુ વાર્તા લેખે 'મહેરજીભાઈ ચકરમજી ઓલપાડનંગ'ના શિર્ષક હેઠળ 'ડૉન ક્વિક્ઝોટ'નો પારસી સંસારને લાગુ પાડતો ગુજરાતી અનુવાદ શરૂ કર્યો. આ વાર્તાના નાયક, ડૉન ક્વિક્ઝોટનો પારસી અવતાર, મહેરજીભાઈ પોતાને 'મહેર મસ્ત'ના ઠઠારાબંધ નામે ઓળખાવતા, ને સર્વે એમને એ જ 'લાયક' નામથી બોલાવે એવો આગ્રહ ધરાવતા!

ડૉન ક્વિક્ઝોટનો આ સૌ પહેલો ગુજરાતી અનુવાદ મિ. ખંબાતા પછીથી બીજા બે ગૃહસ્થો નામે મિ. નસરવાનજી મહેરવાનજી ખાનસાહેબ ને મિ. અરદેશર આદરજી ખાનસાહેબથી પૂરો થવા પામેલો. આ ખુલાસો, તાજેતરમાં મારા મુંબાઈ આવ્યા બાદ શ્રી ધનજીશા ચીચગરે ને શ્રી અદી મુનશીએ સુપ્રસિદ્ધ સાપ્તાહિક 'કયસરે હિન્દ'દ્વારા સેવકને પૂરો પાડેલો, જે સારુ હું એમનો ઉપકૃત છું.
(કરાચી) —ફિરોઝશાહ રુસ્તમજી મહેતા

[* શ્રી ચન્દ્રવદન મહેતાને પુછાવતાં આ વિષયમાં તે લખે છે: 'ડૉનનો અસલ તરજુમો પારસીનો: બાઈ હેમાબાઈ પિટિટે કોઈ પાસે કરાવેલો. પહેલો ભાગ કર્યા પછી તે બાઈ ગુજરી જતાં બીજે ભાગ બીજા ભાઇએ કર્યો, એવું પુસ્તકને છેડે લખાણ છે. જૂનું પુસ્તક (એની એક નકલ પિટિટ લાયબ્રેરીમાં છે) મેં જોયું છે. મારી પ્રસ્તાવનામાં (જો પુસ્તક પ્રસિદ્ધ થાય તો) એનો ઉલ્લેખ છે જ. ઘણાખરા પહેલા તરજુમા પારસીઓના જ કરેલા છે. ફિરદોસી, ઉમરખય્યામ, હાફેઝક, અલીબાબા, શેરીડનનાં સંખ્યાબંધ નાટકો રુસ્તમજી રાણીનાએ કર્યા એ જગજાહેરી બીના છે.]

જૂન-અંકમાં શ્રી એમ. એન. ખત્રીની ગણિત ગમ્મતમાં માત્ર ૧૬૭૨ની જ વિચિત્રતા છે એવું કંઇ નથી. એ જ રીતે ૧૧૯૪, ૧૪૩૩, ૧૬૧૧, ૨૧૫૦ વગેરે એક ઉમેરવાથી ૨૩૯ વડે નિઃશેષ વિભાજ્ય એવી ચાર-અંકી સંખ્યાઓ પણ લઈ શકાય. પાંચ અંકી સંખ્યાઓ લઇએ તો ૧૦૦૦૯ બદલે ૧૦૦ના (છ-અંકી લઇએ તો ૧૦ના) ભાગ પાડવાના, ને ત્રણ-અંકી સંખ્યાઓ લઇએ તો ૧૦,૦૦૦ના ભાગ પાડવાના. દા.ત. ૧૦૭૫૪ને ૧૦૦ના ભાગ; ૯૫૫ ને ૧૦,૦૦૦ના ભાગ.

વળી, ૨૩૯ને બદલે જેને અંતે ૧, ૩, ૭ કે ૯ હોય એવી સંખ્યાઓ (૧, ૭, ૧૯, ૨૪૩ વગેરે)લઇને બીજી અનેક ગણિત-ગમ્મતો રચી શકાય. પણ ભાગ કેટલાના પાડવા તે પકડતાં આવડવું જોઇએ. દા.ત. ૭ લઇએ તો ૧૪૯૭ અને ૧૦૦ના ભાગ, ૧૫૦૦૦ને ૧૦ના ભાગ. (૧૪૯૭ને ૧૫૦૦૦માં એક એક ઉમેરવાથી બંને ૭ વડે નિઃશેષ વિભાજ્ય બને છે.)

૨૩૯ અવિભાજ્ય છે એ આ ગણિત-ગમ્મતના સંદર્ભમાં નોંધપાત્ર ના ગણી શકાય.
(ચાણસ્મા) —નારાયણ દેસાઈ

'ફાઇલિંગ કેઇસ' બાંધવાની બહારની પીઠ ઉપર ઊભા દોરા ન લાવવા હોય તો પરોવવાની શરૂઆત કેઇસની અંદરની બાજુથી બીજા કાણામાંથી કરી, તે છેડો બહાર નીકળે ત્યારે સાથેના જ પહેલા કાણાંમાંથી અંદર પરોવવો અને 'કુમાર'ની વચ્ચેથી સામે લઈ જઈ ત્યાં પહેલા કાણાંમાંથી અંદરથી બહાર કાઢવો. ત્યાંથી બીજા કાણાંમાં પરોવવો અને 'કુમાર'ના વચલા ભાગમાં પાછો લાવવો. આમ પછીનાં ખાનાંમાં સળંગ દોરી પરોવવી.
(પૉંડીચેરી) —કૃષ્ણલાલ ભટ્ટ

મે માસના કુમારના માધુકરીમાં 'મોતના મોંમાંથી' લેખમાં 'સાઇકલ ૪૦ માઈલની ઝડપે ચલાવી' એમ છે. અજગરની ધાકને લીધે અતિ ઝડપે સાઈકલ દોડાવી હશે, પણ ૪૦ માઈલની ગતિ ન જ સંભવે. એક તો વળાંક ભરપૂર પહાડી રસ્તો, વરસાદથી ધોવાઈ ગએલો, તેમાં મોટર પણ ૪૦ માઈલ ન ચાલે.

સામાન્ય રીતે સાઈકલ ૨૫ માઈલની ગતિથી વધુ પકડી શકે નહિ, પેડલ જ ફરી જાય. મેં પોતે પાછળનું ફ્રી-વ્હીલ બદલી ૧૯ ને બદલે ૧૬ દાંતાવાળું કરેલું અને ડબલ બાર વાળી વજનદાર સાઈકલ 'એબી ઑસ્ટિન' ગાડીસાથે કલકત્તાના સપાટ ડામરના સ્વચ્છ રસ્તા પર ચલાવેલી તો પણ તે ૩૬ માઈલથી વધુ ચાલી શકી જ ન હતી, ગમે તેટલું જોર કરવા છતાં પેડલ ઝડપ પકડી જ ન શકયા. એ પરથી આ વિધાન પ્રત્યે શંકા થતાં આ પત્ર લખું છું.
(અંજાર) —રણજીતસિંહ પમાણી

'એક્સ્પેરિમેન્ટ ઇનર્ડન્ટરનૅશનલ લિવિંગ'-ની યોજના નીચે ભાવનગર આવેલાં અમેરિકન ભાઈ-બહેનોના મંડળમાં એક બહેને કાઠિયાવાડી ભરતમાં આવતી શિકલ અથવા ખાંપ વિષે વિગતો જાણવા માગી છે. કયાં બને છે, કોણ બનાવે છે અથવા કયાંથી આવે છે અને ઐતિહાસિક સામગ્રી એની મળી શકે એમ છે કે નહિ? એ બહેનનાં બહેનપણી અમેરિકાની વિદ્યાપીઠમાં આ વિષયમાં વધુ જાણકારી મેળવી તેને મળતી દુનિયામાંની સમાનતાઓ સાથે સરખાવીને અભ્યાસમાં લેવા માંગે છે. જાણકારો જણાવશે?
(ભાવનગર) —ધીરજલાલ અ. વોરા

'કુમાર'માં કાકાસાહેબનો પત્ર વાંચ્યો ત્યારે ખબર પડી કે તમારા પુત્રને ઈશ્વરઆજ્ઞા થઈ. 'કુમાર'ના અનેક વાચકો જેમ આ ઘટનાની કરુણતામાં હું પણ સાથીદાર બનું છું-તમારા દુઃખમાં ભાગીદાર થાઉં છું. તમે ધડેલા ગુજરાતના અનેક કુમારોના વિશાળ સમુદાયનો આધાર લેઇ આ દુઃખ હળવું બનશે, એવી આશા રાખું છું.
(મુંબાઇ) —નાનુભાઈ હવે

[* વાચકોની લાગણીઓનો પડઘો પાડતા આ પત્ર જેવા અનેક પત્રોનો વ્યક્તિગત ઉત્તર આપવાનું મુશ્કેલ થવાથી ક્ષમા માર્ગીને અહીં જાહેર આભાર વ્યક્ત કરું છું. —બ. રા.]

[પ્રત્યેક અક્ષરથી શરૂ થતા એક એક સદ્‌ગુણદર્શક શબ્દવાળા અંગ્રેજી શબ્દોની શોધ હવે એટલી પ્રચલિત થઈ છે કે અમારા પર એવા સંખ્યાબંધ શબ્દો આવી પડ્યા છે. નવીનતાની વાનગી તરીકે તે અપાઈ ગયા હોઈ હવે એ બંધ કરાય તે ઇષ્ટ લાગે છે]